સ્વાધ્યાય

જન્માષ્ટમી

વિ. સં. ૨૦૨૭

પુસ્તક ૮

અંક ૪



માતૃકા મૂર્તિ (?), તનેશ્વર, રાજસ્થાન
(સમય : ઈ. સ. ૫૦૦ આસપાસ)
ક્લીવલેન્ડ મ્યૂઝિયમના સૌજન્યથી

સ્વાધ્યાય
અને
સંશોધનનું
ત્રૈમાસિક

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર,
મહારાજા સયાજીરાવ
વિશ્વવિદ્યાલય
વડોદરા

સ્વા ધ્યા ય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં ૧.૧૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિએન્ટલ ઈન્સ્ટીટ્યુટ વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
લોકમાન્ય ટિળક રોડ,
વડોદરા.

સંપાદક

મુદ્રક: શ્રી રમણુલાલ જીવણુલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, સપ્ટેમ્બર, ૧૯૭૧.

સ્વાધ્યાય

જન્માષ્ટમી, વિ. સં. ૨૦૨૭ — પુસ્તક ૮

ઑગસ્ટ, ૧૯૭૧ — અંક ૪

ધર્મ અને તત્ત્વજ્ઞાન

જિતેન્દ્ર જેટલી

આપણા દેશમાં ધર્મ અને તત્ત્વજ્ઞાનનો પારસ્પરિક સંબંધ વિચારતા પૂર્વે તત્ત્વજ્ઞાનનો અર્થ આપણા દેશમાં અને પાશ્ચાત્ય દેશોમાં શું થાય છે એ સમજવાની ખાસ જરૂર છે. આપણે જોઈશું તો જણાશે કે પાશ્ચાત્ય દેશોમાં તત્ત્વજ્ઞાન વિશેના ખ્યાલમાં તત્ત્વજ્ઞાન કિંવા આપણે જેને દર્શન કહીએ છીએ એને ધર્મ કરતાં જુદું જ ગણવામાં આવ્યું છે. આ કારણે આધ્યાત્મિક વિષયોની તર્કશુદ્ધ ચર્ચામાં તર્કના પરિણામરૂપે ફલિત થતા તત્ત્વજ્ઞાનનું કોઈ ખાસ લક્ષ્ય કે પ્રયોજન પાશ્ચાત્ય દેષોના તર્કપૂત તત્ત્વજ્ઞાનમાં નથી. એ જ્ઞાન ખાતર મેળવેલું જ્ઞાન છે એટલે એ કેવળ સૈદ્ધાંતિક જ્ઞાન છે. આ કારણે પાશ્ચાત્ય દેશના ફિલસૂફોએ તત્ત્વજ્ઞાનના લક્ષ્ય કિંવા ધ્યેય તરીકે મોક્ષની ચર્ચા કરી નથી. આમ એમની આધ્યાત્મિક તત્ત્વોની ચર્ચામાં તર્કને—શુદ્ધ તર્કને પ્રાધાન્ય મળ્યું છે. આ બાબત આપણા દેશમાં તત્ત્વજ્ઞાનની ચર્ચાને સંપૂર્ણપણે લાગુ પડતી નથી. આપણી પરિસ્થિતિ ભિન્ન છે. આપણે ત્યાં જ્ઞાન કરતાં દર્શનને પ્રાધાન્ય આપ્યું હોઈ તર્કનું પ્રાધાન્ય ઓછું છે.

ભારતીય તત્ત્વજ્ઞાનની બધીયે પદ્ધતિઓમાં તત્ત્વજ્ઞાન એટલે કેવળ સૈદ્ધાન્તિક રીતે તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરવું એમ નથી; પરંતુ આ તત્ત્વોનું દર્શન—અનુભૂતિરૂપ જ્ઞાન છે (Intuitional experience). આ કારણે આપણે ત્યાં તત્ત્વજ્ઞાનની ચર્ચા કરનાર શાસ્ત્રને દર્શનશાસ્ત્ર કહેવામાં આવે છે. પાશ્ચાત્ય દેશોમાં જે અર્થમાં Philosophy શબ્દનો પ્રયોગ થાય છે એ અર્થ દર્શન શબ્દનો નથી. એટલે આપણે ત્યાં દર્શનનો સંબંધ કેવળ તે તે તત્ત્વજ્ઞાનના સિદ્ધાન્તોની તાર્કિક ચર્ચા પૂરતો મર્યાદિત નથી, પરંતુ એનો સંબંધ મનુષ્યના જીવન સાથે પણ એટલો જ ગાઢ છે. આ કારણે ભારતીય તત્ત્વજ્ઞાનની પ્રત્યેક પદ્ધતિ એક યા બીજી રીતે કોઈ ને કોઈ ધર્મ સાથે સંકળાયેલી હોય છે અને પરિણામે તે તે પદ્ધતિના અનુયાયીઓના દૈનંદિન જીવનમાં આ પદ્ધતિ ઓતપ્રોત થઈ જાય છે. આથી આપણા દેશના ભિન્ન ભિન્ન ધાર્મિક સંપ્રદાયોના અનુયાયીઓના દૈનંદિન જીવનની અમુક નિશ્ચિત પ્રકારની જીવનપદ્ધતિ માટે થોડાઘણા અંશે પણ ધર્મ અને તત્ત્વજ્ઞાનની પારસ્પરિક ઓતપ્રોતતા કારણભૂત છે. આ ઓતપ્રોતતાને કારણે કચારેક લોકોમાં "ધર્મનો સાચો માર્ગ કયો?" કિંવા "આ બધા ધર્મોમાં સાચો ધર્મ કયો?" એવા પ્રકારની

એક મૂંઝવણ પણ ઊભી થાય છે. આવા પ્રકારની મૂંઝવણનો એક રસપ્રદ દાખલો આપણા પ્રાચીન ગ્રન્થ મહાભારતમાં[૧] નીચે પ્રમાણે ટાંકવામાં આવ્યો છેઃ

किंस्विदेवेह धर्माणामनुष्ठेयतमं स्मृतम् ।
व्याहतामिव पश्यामो धर्मस्य विविधां गतिम् ॥ १४ ॥

ऊर्ध्वं देहाद् वदन्त्येके नैतदस्तीति चापरे ।
केचित्संशयिनं सर्वं निःसंशयमथापरे ॥ १५ ॥

अनित्यं नित्यमित्येके नास्त्यस्तीत्यपि चापरे ।
एकरूपं द्विधेत्येके व्यामिश्रमिति चापरे ।
एकमेके पृथक् चान्ये बहुत्वमिति चापरे ॥ १६ ॥

मन्यन्ते ब्राह्मणा एवं प्राज्ञास्तत्त्वार्थदर्शिनः ।
जटाजिनधराश्चान्ये मुण्डाः केचिदसंवृताः ॥ १७ ॥

अस्नानं केचिदिच्छन्ति स्नानमित्यपि चापरे ।
आहारं केचिदिच्छन्ति केचिच्चानशने रताः ॥ १८ ॥

कर्म केचित्प्रशंसन्ति प्रशान्तिमपि चापरे ।
देशकालादुभौ केचिन्नैतदस्तीति चापरे ।
केचित्मोक्षंप्र शंन्ति केचिद् भोगान् पृथग्विधान् ॥ १९ ॥

धनानि केचिदिच्छन्ति निर्धनत्वं तथापरे ।
उपास्यसाधनं त्वेके नैतदस्तीति चापरे ॥ २० ॥

अहिंसानिरताश्चान्ये केचिद्धिंसापरायणाः ।
पुण्येन यशसेत्येके नैतदस्तीति चापरे ॥ २१ ॥

सद्भावनिरताश्चान्ये केचित्संशयिते स्थिताः ।
दुःखादन्ये सुखादन्ये ध्यानमित्यपरे स्थिताः ॥ २२ ॥

यज्ञमित्यपरे धीराः प्रदानमिति चापरे ।
सर्वमेके प्रशंसन्ति न सर्वमिति चापरे ॥ २३ ॥

तपस्त्वन्ये प्रशंसन्ति स्वाध्यायमपरे जनाः ।
ज्ञानं संन्यासमित्येके स्वभावं भूतचिन्तकाः ॥ २४ ॥

ઉપરની વિચારસરણીઓમાં આપણા દર્શનશાસ્ત્રમાં પ્રસિદ્ધ એવી ભૌતિકવાદી ચાર્વાકની વિચારસરણીનો સમાવેશ પણ થઈ જાય છે.

---

૧. મહાભારત, આશ્વમેધિકપર્વ, અધ્યાય ૪૮, શ્લોક ૧૪ થી ૨૪ (ભાંડારકર ઓરિયેન્ટલ ઇન્સ્ટીટ્યુટની સમીક્ષાત્મક આવૃત્તિ).

ભારતીય તત્ત્વજ્ઞાનની વિચારધારાઓનો ધર્મ સાથે કેવો સંબંધ છે એ તપાસવામાં આપણે સૌ પ્રથમ ભૌતિકવાદી ગણાતા ચાર્વાકનો વિચાર કરીએ. સામાન્ય રીતે ચાર્વાકની વિચારધારા વિશે દાર્શનિક ક્ષેત્રમાં તથા એ કારણે લોકોમાં પણ એવો ખ્યાલ છે કે આ વિચાર-ધારાને ધર્મ સાથે કશો પણ સંબંધ નથી. આપણે જરા ઊંડા ઊતરી જોઈશું તો જણાશે કે નાસ્તિક ગણાતી આ ચાર્વાકની વિચારધારાનો પણ મૂળ આધાર ભૂતદયા છે. સામાન્ય રીતે લોકોમાં એવો ભ્રાંત ખ્યાલ ઘૂસી ગયો છે કે ચાર્વાકની વિચારધારામાં માત્ર ખાવું, પીવું અને આનંદ કરવો એનો જ સમાવેશ થાય છે. વસ્તુતઃ એમ નથી. ચાર્વાક શરીરથી ભિન્ન એવું કોઈ ચૈતન્યતત્ત્વ સ્વીકારતા નથી. એમના મતે પાંચ કે ચાર ભૂતોના અમુક પ્રકારના વિશિષ્ટ સંયોગથી બનેલો દેહ એ જ આત્મા છે. મોક્ષ જેવા અંતિમ ધ્યેયનો તેઓ સ્વીકાર કરતા નથી. વળી પુનર્જન્મ પણ તેઓ સ્વીકારતા નથી. પરંતુ આપણને સામાન્ય રીતે અસ્વીકાર્ય જણાતા ચાર્વાકના આવા સિદ્ધાંતોની પશ્ચાદ્‌ભૂમિકા તપાસવામાં આવે તો આપણને જણાઈ આવશે કે આવા સિદ્ધાંતોના પ્રતિપાદન અને સ્વીકાર માટે પણ એમની ભૂતદયા—પ્રાણીઓ પ્રત્યેની–નિર્દોષ પ્રાણીઓ પ્રત્યેની—અનુકંપા જ કારણભૂત છે.

જ્યારે આર્યો ભારતમાં આવ્યા ત્યારે પોતાની સાથે યજ્ઞને પણ લેતા આવ્યા. આ યજ્ઞમાં તેઓ બકરાં જેવાં અનેક નિર્દોષ પ્રાણીઓને હોમતા. ચાર્વાક ધર્મને નામે થતી નિર્દોષ પ્રાણીઓની આ સામૂહિક હત્યા સહન ન કરી શકયાં. એમણે નિર્દોષ પ્રાણીઓનો હોમ કરતા વૈદિક ક્રિયાકાંડનો અભ્યાસ કર્યો અને એમને જણાયું કે આવા યજ્ઞો આ જન્મમાં કે પછીના જન્મમાં સ્વર્ગ કે એવું બીજું સારું ફળ પ્રાપ્ત કરવા કરવામાં આવતા હતા. આવું કાલ્પનિક સ્વર્ગ કોઈએ પ્રત્યક્ષ જોયું ન હતું. વળી ભવિષ્યમાં થનાર જન્મ-પુનર્જન્મ પણ કોઈએ પ્રત્યક્ષ જોયો ન હતો. એટલે સામાન્ય બુદ્ધિમાં ઊતરે એવું કોઈ પણ પ્રમાણ સ્વર્ગ કે પુનર્જન્મ માટે ન જોતાં એમણે સંભવ છે કે પ્રત્યક્ષ એવા એક જ પ્રમાણને સ્વીકાર્યું. **प्रत्यक्षमेव प्रमाणमिति चार्वाकाः** એમ સૌ દાર્શનિકોએ પણ કહ્યું. આ જ આધારે શરીરથી ભિન્ન એવા આત્મતત્ત્વનો પણ એમણે સ્વીકાર ન કર્યો. આમ સ્વર્ગ, પુનર્જન્મ તથા ભિન્ન ચૈતન્ય ત્રણેય બાહ્યેન્દ્રિયોથી પ્રત્યક્ષ ન હોવાને કારણે ન સ્વીકારાયાં''.

પુનર્જન્મના અસ્વીકાર સાથે સારો જન્મ પ્રાપ્ત કરવા પુણ્ય અને ધર્મના નામે યજ્ઞમાં હોમાતા નિર્દોષ પ્રાણીઓની હિંસાનો એમણે સખ્ત વિરોધ કર્યો. આમ એમના મતે સારા કે ખરાબ જન્મના સાધન તરીકે પુણ્ય કે પાપ ન રહ્યાં. આમ નિર્દોષ પ્રાણીઓ પ્રત્યેનો દયાભાવ એમને આ સિદ્ધાંત તરફ ખેંચી ગયો. યજ્ઞમાં નિર્દોષ પ્રાણીઓની હિંસાનો ઉપદેશ આપનાર વૈદિક શ્રુતિઓ અને **वैदिकी हिंसा हिंसा न भवति** એવી બ્રાહ્મણોની વાતોનું પ્રામાણ્ય એમણે ભૂતદયાને કારણે ન સ્વીકાર્યું. હિંસાથી પ્રાપ્ત થતા સ્વર્ગ કે સારા પરલોકને પુષ્ટિ આપનાર અનુમાન પ્રમાણનો પણ અસ્વીકાર કર્યો. તેઓ સ્પષ્ટ જોઈ શકયા કે દ્વિજો શ્રુતિ અને ખોટા અનુમાનના બળ ઉપર જ સ્વર્ગ, પુનર્જન્મ વગેરેનું અસ્તિત્વ સિદ્ધ કરતા હતા. આથી એ બન્ને સાધનોનો અસ્વીકાર કરી યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવાના સાધન તરીકે એક માત્ર પ્રત્યક્ષ—બાહ્યેન્દ્રિયપ્રત્યક્ષ—નો જ પ્રમાણ તરીકે સ્વીકાર કર્યો. અનુમાનમાં વ્યાપ્તિજ્ઞાન ખોટું પડી શકે એવો પૂર્ણ સંભવ દર્શાવી એને માત્ર સંભાવના ગણાવી પ્રમાણ તરીકે એનો અસ્વીકાર કર્યો.

એ જ રીતે અન્ય પ્રમાણો યથાર્થ કરતાં અયથાર્થ જ્ઞાનનાં સાધનો છે એમ પોતાની તર્કબદ્ધ દલીલોથી સિદ્ધ કર્યું. પરંતુ આ બધાની પશ્ચાદ્‌ભૂમિકા ઉપર જણાવ્યું તેમ ભૂતદયા હતી.

ચાર્વાકનું અંતિમ ધ્યેય સમાજમાં બેદરકાર રીતે વર્તવાનું કદી પણ ન હતું. એમના મતે સારી રાજ્યવ્યવસ્થા અને સાચા ન્યાયથી આ લોકમાં જ બધાં સુખ પ્રાપ્ત કરી શકે છે. સારી રાજ્યવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા એ સુખનું કારણ બની શકે છે માટે જ ન્યાય-મંજરીના કર્તા જયંત ભટ્ટ લખે છે કે—

सुशिक्षितचार्वाकास्तु राजानमीश्वरं मन्यन्ते ।

તે સમર્થ રાજાશાહી હતી એટલે ચાર્વાક આમ માનતા, બાકી રાજનીતિની પરિભાષામાં સારી સમાજવ્યવસ્થા અને સારી રાજ્યવ્યવસ્થા એજ સારા દૈનંદિન જીવન માટે જરૂરી છે. આમ ચાર્વાક કદી પણ અનૈતિક અને બેજવાબદાર રહેણીકરણીના પક્ષપાતી નથી. એમના મતે સારી અને સાચી સમાજવ્યવસ્થા એવી હોવી જોઈએ કે જેમાં નાનામાં નાના પ્રાણીથી માંડી મોટામાં મોટા મનુષ્ય પ્રત્યે પણ સારી ન્યાયયુક્ત વર્તણૂક હોવી જોઈએ.

પૂર્વજન્મમાં કરેલા પુણ્યના બળે કોઈ પણ વ્યક્તિ ઇતર વ્યક્તિનું શોષણ કરે તથા પૂર્વ-જન્મના પાપને કારણે એક યા અનેક વ્યક્તિઓનું શોષણ થાય એવી સમાજવ્યવસ્થા ચાર્વાકને મંજૂર ન હતી. પુણ્યના બહાને અન્યના પરિશ્રમને તુચ્છ ગણી શોષણ કરવાનો કોઈ પણ વ્યક્તિનો હક ચાર્વાક નથી સ્વીકારતા. આમ આપણે અર્વાચીન રાજ્યશાસ્ત્રની પરિભાષામાં વિચારીએ તો ચાર્વાક એ રાજ્યસત્તાની મદદથી ન્યાયપૂર્ણ સમાજવ્યવસ્થા ઊભી કરવામાં માનનાર પહેલો સમાજવાદી ગણાય. સમાજવાદનું દર્શન આ રીતે સૌ પહેલાં ચાર્વાકને થયું એમ ગણાય અને એટલે જ પુણ્ય કે પાપને નામે નિર્દોષ પ્રાણીઓની હિંસા કે નિર્દોષ વ્યક્તિઓનું શોષણ એ બન્નેનો વિરોધ એણે કર્યો. બાકી મહાભારતમાં સામાન્ય ધર્મનું જે લક્ષણ છે તે ચાર્વાકને માન્ય જ છે. મહાભારતકાર ધર્મનું સારભૂત લક્ષણ આપતાં જણાવે છે કે—

श्रूयतां धर्मसर्वस्वं श्रुत्वा चैवावधार्यताम् ।
आत्मनः प्रतिकूलानि परेषां न समारेत् ॥

અલબત્ત મહાભારતના આ શ્લોકમાં परेषांનો અર્થ માત્ર ઇતર મનુષ્યો ન કરતાં परेषां जन्तूनाम् કિંવા प्राणिनाम् એમ લેવાનો છે. આ જાતના ધર્મ પ્રત્યે ચાર્વાકને કદી પણ વાંધો ન હતો. આ શ્લોકમાં દર્શાવેલ ધર્મનું યથાર્થ પાલન કરવામાં આવે તો સમાજ આપોઆપ પૂર્ણ અહિંસા અને શોષણવિહીનતા તરફ જાય. એટલે આવો ધર્મ આચરવામાં ચાર્વાકને કશો પણ વાંધો ન હતો. કોઈ પણ વ્યક્તિને પોતાના સ્વાર્થી હેતુઓ સિદ્ધ કરવા અન્ય કોઈ પણ પ્રાણીને પ્રતિકૂળ હોય એવું વર્તન કરવાનો હક નથી, અને એમ કરે તો એ અધર્મ છે. આમ છતાં એ ચાર્વાકના અનુયાયીઓ એમને નામે ચઢાવવામાં આવેલો નીચે પ્રમાણેનો ઉપદેશ આપે તો એ પણ એમનો ભ્રમ છેઃ

यावज्जीवेत् सुखं जीवेत् ऋणं कृत्वा घृतं पिबेत् ।
भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः ॥

આ ઉપદેશ એ એમના નામે પૂર્વપક્ષીઓએ ચઢાવેલો ઉપદેશ જણાય છે. બાકી નિર્દોષ પ્રાણીઓની હિંસાનો વિરોધ કરનાર અને ભૂતદયામાં માનનાર ચાર્વાક અનૈતિક અને બેજવાબદાર વર્તણૂક દૈનંદિન જીવનમાં કદી પણ સ્વીકારી નથી એટલે એનો પણ ધર્મ સાથે દૈનંદિન જીવનમાં શુદ્ધ વ્યવહાર સાથે ગાઢ સંબંધ છે. દૈનંદિન જીવનમાં સમાજને ઉપયોગી અને અહિંસક શુદ્ધ આચરણ એ જ એનો પણ ધર્મ છે.

ચાર્વાક પછી બીજું દર્શન જૈન દર્શન આવે છે. આ ધર્મના અનુયાયીઓ મુખ્યત્વે બે સંપ્રદાયોમાં વહેંચાયેલા છેઃ દિગમ્બર અને શ્વેતામ્બર. બંને સંપ્રદાયના અનુયાયીઓ ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરતા નથી તેમ જ વેદના પ્રામાણ્યનો પણ સ્વીકાર કરતા નથી. આ ધર્મના અનુયાયીઓ ચુસ્તપણે અહિંસામાં માને છે. એથી કરીને વેદના પ્રામાણ્યના આધારે યજ્ઞમાં થતી નિર્દોષ પશુઓની હિંસાનો તેઓ પણ વિરોધ કરે છે. આમ વેદના વિરોધનું કારણ ચાર્વાકનું અને એમનું સરખું છે. ચુસ્ત અહિંસક હોઈ એમના તત્ત્વજ્ઞાનનો મુખ્ય સિદ્ધાન્ત અનેકાંતવાદ છે. આ અનેકાંતવાદ કિંવા સ્યાદ્વાદ કેવી રીતે ઉત્પન્ન થયો એ સમજવા આપણે ભારતીય તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં નજર નાખવી પડશે.

શ્વેતામ્બર સંપ્રદાયે પ્રમાણભૂત ગણેલ આગમો અનુસાર ભગવાન મહાવીરના સમયમાં લગભગ ૩૬૩ વાદો અર્થાત્ તત્ત્વજ્ઞાનવિષયક ભિન્ન ભિન્ન વિચારધારાઓ પ્રચલિત હતી. આ ભિન્ન ભિન્ન વિચારધારાઓના અનુયાયીઓ પોતપોતાના તત્ત્વજ્ઞાનના સિદ્ધાન્તોનું પ્રામાણ્ય કિંવા સાચાપણું ચર્ચવામાં રોકાયેલા હતા. તત્ત્વજ્ઞાનની ચર્ચા કરનારા આ ભિન્ન ભિન્ન મતવાદીઓ પોતાનો ઉપયોગી અને કીમતી સમય નિરર્થક અને નિશ્ચિત પરિણામ વિનાની અર્થહીન ચર્ચાઓમાં વિતાવતા હતા. એ સમયે ભગવાન મહાવીરે જોયું કે આવી નિરર્થક ચર્ચાઓનું કારણ ભિન્ન ભિન્ન વિચારધારાવાળા વિચારકો પરસ્પરના દૃષ્ટિબિંદુ સમજવા તૈયાર ન હતા. પ્રત્યેક પોતપોતાના દૃષ્ટિબિંદુથી ચર્ચા કર્યે જતા હતા. અલબત્ત પ્રત્યેક મતવાદી પોતાના દૃષ્ટિબિંદુથી સાચા હતા, પણ સાથે જ વિરોધી દૃષ્ટિબિંદુથી તેઓ એટલા જ ખોટા પણ હતા. જુદા જુદા વિચારકોનું આ અજ્ઞાન જોઈને ભગવાન મહાવીરે ઉપદેશ આપ્યો કે તમે સૌ પોતપોતાના દૃષ્ટિબિંદુથી ભલે સાચા હો પણ એ જ અન્તિમ સત્ય છે એમ માનવાને બદલે સામા પક્ષના દૃષ્ટિબિંદુનો પણ વિચાર કરો અને તમારા સિદ્ધાંતને તમારા પોતાના જ દૃષ્ટિબિંદુથી જોવા કે વિચારવાને બદલે સામા પક્ષના દૃષ્ટિબિંદુથી પણ વિચારો. પરસ્પરના દૃષ્ટિબિંદુ સમજ્યા વિના નિરર્થક ચર્ચાઓમાં સમય ન ગુમાવો. આ જ સ્યાદ્વાદ કિંવા અનેકાંતવાદની ઐતિહાસિક પશ્ચાદ્ભૂમિકા છે. આને કારણે પ્રત્યેક પદાર્થ બાબતની વિચારણામાં જૈન તત્ત્વજ્ઞાન સપ્તભંગી ન્યાયનો આશ્રય લે છે. પરસ્પરના દૃષ્ટિબિંદુ સમજ્યા વિના થતી નિરર્થક ચર્ચાઓમાંથી ઊભી થતી બીનજરૂરી તકરારો દૂર કરવાનો અને શક્ય એટલાં બધાં જ દૃષ્ટિબિંદુઓથી શું તત્ત્વજ્ઞાનના ક્ષેત્રના કે શું વ્યવહારના ક્ષેત્રના બધા પદાર્થોને કે મુદ્દાઓને તપાસી એ વિશે સાચી સમજણ કેળવવાનો હેતુ ભગવાન મહાવીર સ્વામીનો હતો. આ દૃષ્ટિએ જ જૈન તત્ત્વજ્ઞાનના એક ગ્રન્થ સન્મતિતર્કપ્રકરણમાં એના લેખકે એટલે સુધી આગળ વધી કહ્યું છે કે अनेकान्तोऽप्यनेकान्तः આમ અનેકાંતવાદને પણ અનેકાન્ત દૃષ્ટિથી જોવો અને વિચારવો. એમ કર્યા વિના એને પણ અંતિમ સત્ય તરીકે ન સ્વીકારવો.

આ તત્ત્વજ્ઞાન જૈન ધર્મના સાચા અનુયાયીઓમાં પ્રતિબિંબિત થયેલ છે. દૈનિક જીવનમાં કોઈ પણ સાચો જૈન અન્ય ધર્મના તત્ત્વજ્ઞાનના સિદ્ધાન્તોમાં ભૂલ શોધવાનો પ્રયત્ન નહિ કરે અને નિરર્થક તકરારો કે ચર્ચાઓમાં પોતાનો સમય નહિ ગુમાવે. તે પોતે અહિંસામાં ચુસ્તપણે માનતો હોઈ એટલું અવશ્ય જોશે કે પોતાના વર્તનથી તે કોઈ પણ પ્રાણીની લાગણી દુભવતો તો નથી ને? પોતાના દૈનંદિન જીવનમાં નાનામાં નાના જંતુને ઈજા કરવામાંથી અટકવાનો સતત પ્રયત્ન કરતો રહે છે. જૈન ધર્મના સાચા અનુયાયીઓ પાસે એમના દૈનંદિન જીવનમાં આ બધું ખરેખર અપેક્ષિત છે. સાચા જૈનને પણ મહાભારતમાં વર્ણવેલી અને ઉપર જણાવેલી

आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् એ ધર્મની વ્યાખ્યા સ્વીકાર્ય છે.

અહીં સંભવ છે કે કોઈ દલીલ કરે કે આ બાબત હકીકતમાં સત્ય નથી. ઘણા જૈન સંપ્રદાયના અનુયાયીઓ ઇતર ધર્મનો તિરસ્કાર કરે છે અને પોતાનો જ સમુદાય સાચો છે એવો આગ્રહ પણ રાખે છે. વળી તેઓ એમના દૈનંદિન જીવનમાં ભૌતિક રીતે નાના નાના જીવોની હિંસા કરતા નથી પરંતુ સંપત્તિ પ્રાપ્ત કરવા માટે કેટલાક ગરીબ માણસોની મજૂરીનું શોષણ કરે છે તથા સારાં કે નરસાં બધાં જ સાધનોનો ઉપયોગ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા કરે છે. તેઓ પોતાના મિત્રો કે સગાંસંબંધીઓને છેતરતાં જરા પણ અચકાતા નથી. અહીં એ જ સમજવાનું પ્રાપ્ત થાય છે કે આ બાબત જેટલી કેટલાક જૈન ધર્મના અનુયાયીઓને લાગુ પડે છે એટલી જ અન્ય ધર્મના અનુયાયીઓને પણ લાગુ પડે છે. કેટલાક જૈનધર્મના કે અન્ય ધર્મના અનુયાયીઓના અયોગ્ય કે અધાર્મિક વર્તન માટે ધર્મનું તત્ત્વજ્ઞાન કે ધર્મ કોઈ પણ રીતે જવાબદાર નથી, પછી ભલે એ વર્તન ધર્મના નામે કરવામાં આવ્યું હોય. આ ખામી એ અનુયાયીઓની પોતાની ખામી છે, ધર્મની નહિ. નિરુક્તમાં યાસ્ક મુનિએ સાચું જ કહ્યું છે કે:—

नैष स्थाणोरपराधो यदेनमन्धो न पश्यति, पुरुषापराध एष भवति ।

આમ આંધળો માણસ ઝાડના ઠૂંઠાને ન જુએ અને ભટકાઈ જાય તો એ અપરાધ ઝાડના ઠૂંઠાનો નથી પણ અન્ધ વ્યક્તિનો છે. એ જ રીતે ધર્મને સમજ્યા વિના કોઈ પણ ધર્મનો અનુયાયી જે ધર્મને નામે અધાર્મિક આચરણ કરે તો એ દોષ પોતાને ધાર્મિક કહેવડાવનાર વ્યક્તિનો છે, ધર્મનો નહિ.

વસ્તુતઃ આપણે આપણા દેશમાં કે અન્ય દેશોમાં કોઈ પણ ધાર્મિક સંપ્રદાયના પતનનાં કારણો તપાસીશું તો જણાશે કે તે તે સંપ્રદાયના અનુયાયીઓનાં અધાર્મિક અને અયોગ્ય વર્તન જ એ સંપ્રદાયના પતનનાં કારણો હોય છે. આ બધું આપણી નજર સમક્ષ જ બનતું હોય છે. તે તે સમયના લોકો આવા પતનના સાક્ષી હોય છે. કેટલીક વાર અજ્ઞાની અનુયાયીઓ પોતાના ધર્મની કે ધાર્મિક સંપ્રદાયની સાચી પશ્ચાદ્‌ભૂમિકા સમજતા નથી એટલે પોતાના ધર્મ કે સંપ્રદાયને ઉચિત નહિ એવું આચરણ કરતા હોય છે. અહીં આપણે એટલું જ સમજવાનું કે આનો દોષ એ સંપ્રદાયના તત્ત્વજ્ઞાન કે ધર્મને શિરે ન મઢી શકાય. એમાં ધર્મની કે તત્ત્વજ્ઞાનની કોઈ ક્ષતિ નથી પરંતુ એ વ્યક્તિની ક્ષતિ છે.

જૈનધર્મ પછી બીજી ભિન્ન મતવાળી નાસ્તિક ગણાતી શાખા બૌદ્ધધર્મની છે; આપણે અહીં એની પ્રત્યે પણ દૃષ્ટિપાત કરીએ. ભગવાન મહાવીરની જેમ ભગવાન બુદ્ધે પણ પોતાના

સમયના ભિન્ન ભિન્ન શાખાની વિચારધારાના અનુયાયીઓને આત્મા, ઈશ્વર, પુનર્જન્મ જેવા અનેક આધ્યાત્મિક વિષયો ઉપર તાર્કિક દલીલોની મદદથી લંબાણથી ચર્ચા કરતા જોયા. તેઓ પણ આવી ચર્ચાઓની નિરર્થકતા અને નિરુપયોગિતા જોઈ શકયા. એમણે જોયું કે પ્રત્યેક મતવાદી પોતાના સિદ્ધાંતોના પ્રતિપાદન માટે પોતે સ્વીકારેલ તર્કપદ્ધતિનો ઉપયોગ કરતો. સાથે જ એ જ તર્કપદ્ધતિથી વિરોધીના મતનું ખંડન પણ કરતો. તર્કથી ચર્ચા કરનાર આ વાદીઓ પાસે કોઈ અનુભવસિદ્ધ કે અન્તઃસ્ફુરિત દૃષ્ટિ ન હતી. ભગવાન બુદ્ધ જોઈ શકયા કે જે બાબતની જરા પણ અનુભૂતિ નથી એ બાબતની ચર્ચા ભિન્ન ભિન્ન મતવાદીઓ માત્ર તર્કના બળે પરસ્પરના ખંડનમંડનમાં કરતા અને પોતાનો કીમતી સમય ગુમાવતા. એટલે એમણે કહ્યું કે આધ્યાત્મિક તત્ત્વોનો નિર્ણય યા તેની યથાર્થતા જાણવાનું સાધન આવી નિરર્થક ચર્ચાઓ નથી પરંતુ અનુભૂતિ છે. આવાં આધ્યાત્મિક તત્ત્વો શબ્દથી **અવ્યાકૃત** છે. એમને જાણવા માટે યોગમાર્ગ જેવા માર્ગની જરૂર છે, નહિ કે તાર્કિક ચર્ચાઓની. આમ આધ્યાત્મિક તત્ત્વોના જ્ઞાન માટે શાબ્દિક ચર્ચા કે તર્ક નકામાં છે પણ અનુભૂતિ દ્વારા સાક્ષાત્કાર કરવો એ જ સાચું સાધન છે.

એમના આ પ્રકારના વિધાનથી કેટલાએક વિદ્વાનોએ એમને અજ્ઞાનવાદી પણ કહ્યા છે અર્થાત્ ભગવાન બુદ્ધે પોતે કોઈ આવાં આધ્યાત્મિક તત્ત્વો વિશે કશું પણ જાણ્યું નથી માટે તેઓ આ બાબતો ચર્ચાથી કે તર્કથી ન જાણી શકાય એવો ઉપદેશ કરે છે. પરંતુ ભગવાન બુદ્ધની એવી ઇચ્છા હતી કે લોકો—વિશેષે બુદ્ધિમાન લોકો—પોતાનો કીમતી સમય અને શક્તિ આવી ક્ષુલ્લક બાબતોમાં વેડફી ન નાખે અને જીવન કાંઈક સારાં કાર્યોમાં વિતાવે.

ભૂતદયાએ જેમ ચાર્વાક તથા જૈનને પ્રેરણા આપી છે એ જ પ્રમાણે બૌદ્ધધર્મને પણ પ્રેરણા આપી છે. એટલે ભગવાન બુદ્ધે પણ યજ્ઞમાં થતી નિર્દોષ પશુઓની હિંસાને કારણે વૈદિક શ્રુતિના પ્રામાણ્યનો અસ્વીકાર કર્યો. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં થતી નિરર્થક તથા નિરુપયોગી ચર્ચાઓ દૂર કરવા એમણે આધ્યાત્મિક તત્ત્વોનું અવ્યાકૃતત્વ ઉપદેશ્યું. આ દુન્યવી પદાર્થો તરફ આસક્તિને કારણે જગતમાં મોટા ભાગનાં દુઃખો ઉત્પન્ન થાય છે, માટે આવી અનુચિત આસક્તિ દૂર કરવા એમણે સર્વ પદાર્થોના ક્ષણિકવાદને પ્રબોધ્યો. તેમણે દુનિયાના અનુભવથી જ સૌને ઉપદેશ્યું કે આ જગત્ દુઃખથી ભરેલું છેઃ **सव्वं दुक्खम् दुक्खम्** । એટલા માટે મનુષ્યોએ પોતાના જીવનનો અમૂલ્ય સમય નકામી તાર્કિક ચર્ચાઓમાં વિતાવવાને બદલે આ દુઃખોમાંથી મુકત થવા માટેના પ્રયત્નમાં ગાળવો જોઈએ. પરંતુ આશ્ચર્યકારક હકીકત એ છે કે એમના જ કેટલાએક અનુયાયીઓ ભારતીય તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં ઉત્તમ તર્કશાસ્ત્રીઓ થઈ ગયા છે. એમણે પોતાના તર્કનો ઉપયોગ બૌદ્ધ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોનું સ્થાપન કરવામાં અને અન્યના તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોનું ખંડન કરવામાં કર્યો !

બૌદ્ધ ધર્મમાં મુખ્ય બે પરંપરાઓ છેઃ હીનયાન અને મહાયાન. આ ઉપરાંત તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં પણ બૌદ્ધ તત્ત્વજ્ઞાનની વિચારધારાઓ મુખ્યત્વે ચાર વિભાગમાં વહેંચાયેલી છેઃ વૈભાષિક, સૌત્રાન્તિક, યોગાચાર તથા માધ્યમિક. ભગવાન બુદ્ધની એવી ઇચ્છા ન હતી કે આવા ભેદભાવ આ ક્ષેત્રમાં ઉત્પન્ન થાય, પરંતુ એમના અનુયાયીઓએ પોતાના પરસ્પરના મતભેદો અને જુદી જુદી વિચારસરણીને કારણે તેને અનુરૂપ તર્કને આધારે આ ભેદો ઉત્પન્ન કર્યા.

આ બધી શાખાઓએ બૌદ્ધધર્મ તથા એના તત્ત્વજ્ઞાનને સમસ્ત વિશ્વમાં ફેલાવ્યાં. એના પરિણામે બૌદ્ધ ભિક્ષુઓના મોટા મોટા સંઘો ઉત્પન્ન થયા. આ સંઘોમાં કેટલાક સારા વિદ્વાનો અને વિચારકો પણ થયા, પરંતુ એમાંના મોટા ભાગના ભિક્ષુઓને બૌદ્ધ તત્ત્વજ્ઞાનનો સાક્ષાત્કાર કે અનુભૂતિ કિંવા દર્શન થયાં ન હતાં. આ વિશ્વની ક્ષણિકતાનાં અનુભૂત્યાત્મક દર્શન ન હોવાને કારણે એમનું વર્તન પણ સામાન્ય સંસારી મનુષ્યો જેવું ક્ષુલ્લક અને તુચ્છ થવા માંડયું. ધીરે ધીરે એ વધારેને વધારે અનૈતિક તથા અધાર્મિક પણ બનતું ગયું. આ ઉપરાંત પારસ્પરિક મતભેદો, સિદ્ધાન્તભેદો તથા વિચારવૈમત્યને કારણે બૌદ્ધ તત્ત્વજ્ઞાનની આ શાખાઓમાં અનેક ઝઘડા તથા વિખવાદો થવા માંડયા. આવા પ્રકારની સામૂહિક અશુદ્ધિ દૂર કરવાના પ્રયત્નો પણ થયા; પરંતુ દુર્ભાગ્યે ભિક્ષુઓના અંદર અંદરના ઝઘડાઓ તથા એમનું દૈનંદિન જીવનના આચરણનું ધોરણ એટલું બધું નીચું ગયું કે પરિણામે બૌદ્ધધર્મના પતનને અટકાવી શકાયું નહિ. આ રીતે આપણા દેશમાં પોતાના જ તત્ત્વજ્ઞાનની તથા એના ઉપર આધારિત ધર્મના ગર્ભિતાર્થની પૂર્ણ સમજ વિના તથા તત્ત્વજ્ઞાનને બળે શુદ્ધ ધાર્મિક આચરણના મહત્ત્વને સમજ્યા વિના માત્ર નીરસ વિવેચનાત્મક એવી તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની ચર્ચાઓથી તે તે તત્ત્વજ્ઞાનની યથાર્થતા કે અયથાર્થતા સ્થાપિત થઈ ન શકી.

નાસ્તિક ગણાતી આ ત્રણ શાખાઓ પછી આપણે વૈદિક શાખાઓ તરફ વળીએ. આ શાખાઓમાં પ્રાચીન ગણાતી સાંખ્ય પદ્ધતિનો પ્રથમ વિચાર કરીએ. આ વિચારધારા મુજબ प्रकृतिपुरुषविवेकख्याति એ મોક્ષનું કારણ છે. અર્થાત્ સાંખ્યનું તત્ત્વજ્ઞાન એ પ્રકૃતિ અને પુરુષના વિવેકનું યથાર્થ જ્ઞાન એ છે. આ વિચારધારા મુજબ આ જગતમાં જે કાંઈ થઈ રહ્યું છે યા બની રહ્યું છે એ કરનાર પ્રકૃતિ કિંવા પ્રધાન છે. પુરુષ એ કૂટસ્થ તથા નિત્ય છે પરંતુ એ પ્રકૃતિનાં કાર્યોનો કેવળ સાક્ષી છે. એને આ કાર્યો સાથે કશો પણ સંબંધ નથી. અલબત્ત પ્રકૃતિ જડ છે એટલે એનાં આ કાર્યો એ પુરુષના ચૈતન્યના સંપર્ક વિના કરી શકતી નથી પણ પુરુષનો સંબંધ કેવળ એના પ્રકૃતિ સાથેના ચૈતન્યના સંપર્ક પૂરતો જ મર્યાદિત છે. આમ છતાં પ્રકૃતિનું જ એક તત્ત્વ કે જે બુદ્ધિ નામે ઓળખાય છે એનું શુદ્ધ આત્મામાં પ્રતિબિંબ પડે છે. આને કારણે આત્મા કિંવા પુરુષને એવો ભ્રમ થાય છે કે પ્રકૃતિનાં કાર્યોનો કર્તા એ છે. સાંખ્ય તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ આ એક ભ્રમ છે. આ ભ્રમ દૂર થવો એને જ એક રીતે प्रकृति-पुरुषविवेकख्याति કહેવામાં આવે છે.

મનુષ્યના દૈનિક જીવનમાં આ ભ્રમ એટલો બધો ઓતપ્રોત થઈ ગયો છે કે તે સબળ પ્રયત્ન વિના દૂર થઈ શકે એમ નથી. આ ભ્રમ દૂર કરવા તથા ઉપર જણાવેલ ખ્યાતિ કિંવા પ્રકૃતિ અને પુરુષ એ તદ્દન જુદા છે એનું તત્ત્વદર્શન યા અનુભૂતિ પ્રાપ્ત કરવા સાંખ્ય તત્ત્વજ્ઞાનને સ્વીકારનાર યોગની મદદ આવશ્યક છે. યોગની મદદ વિના સાંખ્યના કે બૌદ્ધ તેમ જ જૈનના યા ઇતર વૈદિક શાખાઓના તત્ત્વજ્ઞાનનો સાક્ષાત્કાર યા અનુભૂતિ થવાં મુશ્કેલ છે. સાંખ્યમાં વર્ણવેલ સૃષ્ટિની ઉત્પત્તિની પ્રક્રિયા કેવળ તર્કથી સમજવી મુશ્કેલ છે. આ વિચારધારાના કેટલાક સિદ્ધાંતોને આપણે સ્વયંસિદ્ધ તરીકે જ સ્વીકારવાના રહે છે. દા.ત. સાંખ્ય અને યોગ તત્ત્વજ્ઞાનની વિચારધારા सत्वरजस्तमसां साम्यावस्था प्रकृतिः એમ કહે છે ત્યારે પ્રકૃતિની આ અવસ્થા કોઈ

વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં સિધ્ધ કરવી અત્યન્ત દુષ્કર છે. આ જ રીતે સૃષ્ટિની ઉત્પત્તિની પ્રક્રિયા વિશે પણ કહી શકાય. પ્રકૃતેર્મહાંસ્તતોઽહઙ્કારસ્તસ્માદ્ गणश्च षोडशकः એ પ્રક્રિયા આપણે વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં સિદ્ધ ન કરી શકીએ માટે જ આ વિચારધારામાં આગળ વધવા એમના કેટલાક સિદ્ધાંતોને આપણે સ્વયંસિદ્ધ માનવા રહ્યા.

પ્રકૃતિ અને પુરુષના આ સંપર્કને સાંખ્ય અને યોગ આંધળા અને લંગડાના દૃષ્ટાંતથી સમજાવે છે. પ્રકૃતિ અંધ છે અને પુરુષ કિંવા ચૈતન્ય લંગડું છેઃ આપણે આ બાબતને બરાબર સમજવા વિદ્યુત્શક્તિ અને એનાં સાધનોનું દૃષ્ટાંત લઈએ. વિદ્યુત્શક્તિને ચૈતન્યના સ્થાને મૂકીએ અને એનાં સાધનોને પ્રકૃતિના સ્થાને મૂકીએ તો સાંખ્યની પ્રકૃતિ-પુરુષના સંપર્કની પ્રક્રિયા સહેલાઈથી સમજાશે. જેમ વિદ્યુત્શક્તિ એનાં સાધનો વિના પાંગળી છે અને એનાં સાધનો મૂળ શક્તિ વિના નકામાં છે એમ ચૈતન્ય યા પુરુષ પ્રકૃતિ વિના પાંગળું છે અને પ્રકૃતિ ચૈતન્યના સંપર્ક વિના કશું કરી શકે એમ નથી. પોતાની વિચારધારા સાંખ્ય અને યોગ પોતે સ્વીકારેલ તર્કના બળે સમજાવે છે પરંતુ શુદ્ધ વૈજ્ઞાનિક તર્કથી આ વિચારધારા સમજવી મુશ્કેલ છે. એ સમયમાં આ વિચારધારા અનુસાર જીવન જીવનાર આ વિચારધારાના અનુયાયીઓ પણ હતા. રાજશેખરસૂરિ એમના ષડ્દર્શન-સમુચ્ચયમાં આ વિચારધારાના અનુયાયીઓનું વર્ણન કરતાં જણાવે છે કેઃ

साङ्ख्या निरीश्वराः केचित् केचिदीश्वरदेवताः ।
ये ते निरीश्वरास्तेऽमी नारायणपरायणाः ॥ ४२ ॥

विष्णोः प्रतिष्ठां कुर्वन्ति साङ्ख्यशासनसूरयः ।
चैतन्यप्रमुखैः शब्दैस्तेषामाचार्य उच्यते ॥ ४३ ॥

काश्यां प्राचुर्यमेतेषां बहवो मासोपवासिकाः ।
धूम्रमार्गानुगा विप्रा अर्चिर्मार्गानुगास्त्वमी ॥ ५६ ॥

वेदप्रियास्ते विप्रा यज्ञमार्गानुगामिनः ।
हिंसादिवेदविरताः साङ्ख्या अध्यात्मवादिनः ॥ ५७ ॥

શ્રી રાજેશખરસૂરિની આ કારિકાઓ એટલું તો સિદ્ધ કરે જ છે કે એક જમાનામાં સાંખ્ય વિચારધારાના અનુયાયીઓના જુદા જુદા સંપ્રદાયો હતા. એમનો જુદો વૈષ્ણવધર્મ હતો અને તેઓ પોતાનું દૈનિક જીવન એ સંપ્રદાયના સિદ્ધાંતોને અનુસરી વિતાવતા. આત્માને ઉદાસીન માની કોઈ પણ કર્તવ્યમાં મમત્વબુદ્ધિ રાખી હું જ કર્તાધર્તા છું એવી અહંકારયુક્ત બુદ્ધિ ન હોવી એ એમના જીવનનો ઉદ્દેશ હતો. આ વિચારધારાનો મુખ્ય ઉદ્દેશ મનુષ્યમાં રહેલી અહંકારબુદ્ધિ "હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે" એ દૂર કરવાનો હોવો જોઈએ. અત્યારે પણ આત્માને ઉદાસીન માનનાર ઉદાસીન પંથના અનુયાયીઓ જોવા મળે છે. મૂળમાં આ પંથના સાધુઓ સાંખ્ય તત્ત્વજ્ઞાનની વિચારધારા મુજબ ઊભી થયેલી સાંપ્રદાયિક શ્રેણીના અનુ-

---

૨. ષડ્દર્શનસમુચ્ચય, પૃ. ૪-૫-૬, શ્રી યશોવિજય ગ્રંથમાલા (૧૭), સંપાદક પં. શ્રી હરગોવિંદદાસ તથા પં. શ્રી બેચરદાસ દોશી.

યાયીઓ છે. આ વિચારધારાનું જેને તત્ત્વદર્શન થયું હોય એ સંત અતિ નમ્ર અને દૈનંદિન જીવન-વ્યવહારમાં અહંકાર વિનાનો હોવો જોઈએ.

સાંખ્ય અને યોગ પછી આપણે બીજી વિચારધારા ન્યાય-વૈશેષિકની જોઈએ. આ બન્ને વિચારધારાઓ સામાન્યપણે વાસ્તવવાદી વિચારધારાઓ ગણાય છે. તેમાં પણ વૈશેષિક તો તર્કના આધારે અનેક ભૌતિક ગણાતાં તત્ત્વોની પરીક્ષા પણ કરે છે. ન્યાયપદ્ધતિ વસ્તુતઃ તર્કશાસ્ત્રને સ્થાપિત કરનાર પદ્ધતિ છે. વૈશેષિક આ તર્કપદ્ધતિનો સ્વીકાર કરે છે પણ પોતે સ્વીકારેલ તત્ત્વોની કોઈ પણ વૈજ્ઞાનિક પ્રયોગશાળાની મદદ વિના જ કરે છે. ન્યાયપદ્ધતિ આપણા દેશમાં સૌ પ્રથમ તર્કશાસ્ત્રને સ્થાપનાર પદ્ધતિ ગણાય છે. એના સ્થાપક ગૌતમ મુનિ ન્યાયસૂત્રના આરંભમાં જ જણાવે છે કે—

प्रमाणप्रमेयसंशयप्रयोजनसिद्धान्तावयवतर्कनिर्णयवादजल्पवितण्डाहेत्वाभासछलजातिनिग्रहस्थानानां तत्त्वज्ञानान्निःश्रेयसाधिगमः ।[3]

ન્યાયશાસ્ત્રના આ સોળ પદાર્થોમાં આપણે જોઈશું તો જણાશે કે 'પ્રમેય' કે જેની સંખ્યા ૧૨ની છે એ સિવાયના બધા પદાર્થો તર્કશાસ્ત્રના પદાર્થો છે. જેના તત્ત્વજ્ઞાનથી મિથ્યા-જ્ઞાનનો નાશ થઈ અપવર્ગ કિંવા મોક્ષ મળે એવા પદાર્થો આત્મા, શરીર, ઇન્દ્રિય, અર્થ, બુદ્ધિ, મન, પ્રવૃત્તિ, દોષ, પ્રેત્યભાવ, ફળ, દુઃખ અને અપવર્ગ છે. આ બાર પ્રમેય અર્થાત્ પ્રકૃષ્ટ રીતે મેય—જાણવા યોગ્ય પદાર્થો છે. આપણે બરાબર વિચાર કરી જોઈશું તો જણાશે કે આ બાર પ્રમેયોમાં પણ પ્રથમ પ્રમેય આત્મા એ એક જ પ્રમેય તત્ત્વજ્ઞાનનું ખરું પ્રમેય છે. બીજાં બધાં પ્રમેયો આત્મા સાથે જુદી જુદી રીતે સંકળાયેલાં પ્રમેયો છે. એમના મતે અપવર્ગ કિંવા મોક્ષ આત્માનો જ થાય છે. આ રીતે જોતાં આ ન્યાયશાસ્ત્ર તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં તર્કવિજ્ઞાનને સ્થાપિત કરનારું શાસ્ત્ર છે. અલબત્ત એનો ઉદ્દેશ તર્કદ્વારા આત્માના પ્રમેયનું જ્ઞાન—યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવાનો છે. એના સ્થાપક અક્ષપાદ યા ગૌતમ ઋષિ હતા. એમની પૂર્વે તર્કશાસ્ત્રના અન્ય જાણકાર વિદ્વાનો હશે પરંતુ એમનાં સૂત્રોમાં કે અન્યત્ર એવા ઉલ્લેખો ન મળતા હોઈ તર્ક-શાસ્ત્રના મુખ્ય સ્થાપક કે ભારતીય તર્કશાસ્ત્રના આદ્ય પ્રણેતા તેઓ ગણાય છે. એમના મતે આત્મા વગેરે બાર પ્રમેયોનું મિથ્યાજ્ઞાન—વિશેષતઃ આત્મા વિશેનું મિથ્યા જ્ઞાન એ સંસારનું કારણ છે. મોક્ષ કઈ રીતે પ્રાપ્ત થાય છે એ સમજાવતાં ન્યાયસૂત્રકાર જણાવે છે કે—

दुःखजन्मप्रवृत्तिदोषमिथ्याज्ञानानामुत्तरोत्तरापाये तदनन्तरापायादपवर्गः ।[4]

આમ આ પ્રમેયોના તત્ત્વજ્ઞાનથી મિથ્યાજ્ઞાનનો નાશ થાય છે અને મિથ્યાજ્ઞાનના નાશથી રાગ, દ્વેષ તથા મોહ નામના દોષોનો નાશ થાય છે. દોષોનો નાશ થતાં એને કારણે થતી પ્રવૃત્તિ થતી નથી. પ્રવૃત્તિનો નાશ થતાં એને કારણે થતા જન્મો અટકી જાય છે અને સંસારમાં જન્મ ન થાય એટલે સર્વ કામોનો નાશ થાય છે. આ મિથ્યાજ્ઞાન કેવું હોય છે એનો ખ્યાલ આપતાં ભાષ્ય-કાર વાત્સ્યાયન જણાવે છે કે—

---

૩. ન્યા. સૂ. ૧.૧.૧.

૪. ન્યા. સૂ. ૧.૧.૨.

तत्रात्माद्यपवर्गपर्यन्तं प्रमेये मिथ्याज्ञानमनेकप्रकारकं वर्तते । आत्मनि तावत् नास्तीति, अनात्मनि-आत्मेति, दुःखे सुखमिति, अनित्ये नित्यमिति, अत्राणे त्राणमिति, सभये निर्भयमिति[५]... વગેરે. આવા મિથ્યાજ્ઞાનથી પોતાના મનને ગમે એવા વિષયો પ્રત્યે રાગ તથા ન ગમે એવા વિષયો પ્રત્યે દ્વેષ થાય છે. એટલે ઉપર જણાવ્યું તેમ ક્રમશઃ એકના નાશથી બીજાનો નાશ થાય છે. આ રીતે આ પદ્ધતિનું તત્ત્વજ્ઞાન એની તર્કપદ્ધતિ કરતાં જુદું જ છે. તર્કપદ્ધતિ માત્ર આ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને તર્કબળે સિદ્ધ કરવા સ્થાપિત થયેલી છે.

ન્યાય વિચારધારાના અનુયાયીઓએ વૈશેષિક વિચારધારાના સાતે પદાર્થોનો સ્વીકાર કર્યો છે. વૈશેષિકના દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય તથા અભાવ એ સાત પદાર્થોનો સમાવેશ ન્યાયપદ્ધતિના પ્રમેયોમાંના અર્થ નામના પ્રમેયમાં થઈ જાય છે, પરંતુ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં આત્મા વગેરેનું જુદું અસ્તિત્વ ગણાવવું જરૂરી હોઈ ન્યાયે એને જુદાં ગણાવ્યાં છે. વૈશેષિક પદ્ધતિએ ભૌતિકવિજ્ઞાન મુખ્ય ગણાતું હોઈ એ રીતે આગળ ચાલે છેઃ

પ્રમેય સિવાયના પદાર્થોની તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં ખાસ જરૂર નથી એની જાણ નૈયાયિકોને છે જ. આ સમજાવતાં ભાષ્યકાર શરૂઆતમાં જ જણાવે છે કે—

संशयादयो यथास्थानं प्रमाषु प्रमेयेषु चान्तर्भवन्तो न व्यतिरिच्यन्ते । सत्यमेतद्, इमास्तु चतस्रो विद्याः पृथक्प्रस्थानाः प्राणभृतामनुग्रहायोपदिश्यन्ते यासां चतुर्थीयामान्वीक्षिकी न्यायविद्या । तस्याः पृथक्प्रस्थानाः संशयादयः पदार्थाः । तेषां पृथग्वचनमन्तरेण अध्यात्मविद्यामात्रमिदं स्यात् ।[६]

આમ આ શાસ્ત્ર કેવળ ઉપનિષદ્‌ની જેમ અધ્યાત્મવિદ્યા ન થઈ જાય પરંતુ તર્કશાસ્ત્રના સિદ્ધાન્તો સહિતની તત્ત્વજ્ઞાનની વિચારધારા બને માટે આ પદાર્થો જુદા કહેવામાં આવ્યા છે. આ રીતે તર્કશાસ્ત્રના પદાર્થોને અલગ ગણાવવાનો ઉદ્દેશ ભાષ્યકાર વાત્સ્યાયન પોતે જ સ્પષ્ટ કહે છે. માત્ર તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કરવો હોય તો આ શાસ્ત્રની જરૂર નથી, એને માટે ઉપનિષદો છે જ. પરંતુ તત્ત્વજ્ઞાનની વિચારધારા ઉપરાંત તર્કશાસ્ત્રની સ્થાપના કરવી એ પણ આ શાસ્ત્રનો ઉદ્દેશ છે. આપણે જાણીએ છીએ કે આ તર્કશાસ્ત્રની મદદથી તત્ત્વજ્ઞાનની કોઈ પણ વિચારધારા પોતે સ્વીકારેલ કે માનેલ સિદ્ધાન્તોને સાબિત કરી શકે છે. આ કારણે જ જેમ પાશ્ચાત્ય તર્કશાસ્ત્રીઓ " Logic is the science of sciences and art of arts " એમ કહે છે એ જ રીતે આપણે ત્યાં ભાષ્યકાર વાત્સ્યાયન પણ તર્કશાસ્ત્ર વિશે જણાવે છે કે—

प्रदीपः सर्वविद्यानामुपायः सर्वकर्मणाम् ।
आश्रयः सर्वविद्यानां विद्योद्देशे प्रकीर्तिता ॥[७]

આ રીતે તર્કશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન બન્નેની મર્યાદાનો ભાષ્યકાર વાત્સ્યાયનને સ્પષ્ટ ખ્યાલ છે. આ સમજાવતાં તેઓ કહે છે કેઃ आत्मादितत्त्वज्ञानं तत्त्वज्ञानम्. એટલે તર્કશાસ્ત્રનું સ્થાપન ભલે

---

૫. એજન, ૧.૧.૨.
૬. ન્યા. સૂ. વા. ભાષ્ય., ૧.૧.૧.
૭. એજન, ,,

ન્યાયશાસ્ત્ર કરે પણ આ આન્વીક્ષિકી વિદ્યાનું મોક્ષપ્રાપ્તિનું સાધન તત્ત્વજ્ઞાન તો આત્મા વગેરે બાર પ્રમેયોનું તત્ત્વજ્ઞાન એ જ છે. આ પ્રમેયોનાં તત્ત્વજ્ઞાન દ્વારા મિથ્યાજ્ઞાનનો નાશ થતાં કયા મોક્ષ ક્રમે થાય છે એ સમજાવતાં સૂત્રકાર જણાવે છે કે—

दुःखजन्मप्रवृत्तिदोषमिथ्याज्ञानानामुत्तरोत्तरापाये तदनन्तरापायादपवर्गः ।[૮]

આમ તત્ત્વજ્ઞાન કિંવા તત્ત્વદર્શન દ્વારા મિથ્યાજ્ઞાનનો નાશ થતાં રાગ, દ્વેષ તથા મોહ એ ત્રણનો નાશ થાય છે. એ ત્રણના નાશથી આ દોષજન્ય પ્રવૃત્તિનો નાશ થાય છે. પ્રવૃત્તિના નાશથી આવી ધર્મ તથા અધર્મરૂપી પ્રવૃત્તિથી થતા જન્મનો—આત્માના શરીર સાથેના અવારનવાર થતા સંબંધનો—નાશ થાય છે અને જન્મનો નાશ થતાં એને લીધે પ્રાપ્ત થતા દુઃખનો પણ હંમેશ માટે નાશ થાય છે. આ રીતે ઉત્તરોત્તર નાશ થાય છે. આમ સોળ પદાર્થો ગણાવવા છતાં તત્ત્વજ્ઞાનના ક્ષેત્રના ખરા પદાર્થો બાર પ્રમેય છે એ પણ ન્યાયશાસ્ત્ર જ જણાવે છે. અલબત્ત પોતે સ્વીકારેલ તત્ત્વજ્ઞાનના સિદ્ધાન્તોની સ્થાપના માટે આ તર્કશાસ્ત્રનો ઉપયોગ તત્ત્વજ્ઞાનની પ્રત્યેક શાખાએ કર્યો છે.

વૈશેષિક શાખાએ આ તર્કવિજ્ઞાન સ્વીકારવા ઉપરાંત ભૌતિકપદાર્થવિજ્ઞાનની દુનિયામાં પ્રવેશવાનો પ્રયત્ન પણ કર્યો છે. અલબત્ત વાસ્તવવાદી ગણાતી ભારતીય તત્ત્વજ્ઞાનની બધી જ શાખાઓએ આ પ્રયત્ન કર્યો છે, પરંતુ કોઈ પણ શાખાએ પોતે સ્વીકારેલ ભૌતિક વિજ્ઞાનના સિદ્ધાન્તોને કોઈ વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં ચકાસવાનો વિચાર સરખો પણ કર્યો નથી. પહેલાં પદાર્થોનો અને સિદ્ધાન્તોનો સ્વીકાર અને પછી એને સાબિત કરવા તર્કશાસ્ત્રનો ઉપયોગ એ પદ્ધતિ તત્ત્વજ્ઞાનની શાખાઓ સ્વીકારે છે. પરંતુ ભૌતિક વિજ્ઞાનની બાબતમાં આ પદ્ધતિ બરાબર નથી એ હવે આપણે બરાબર સમજીએ છીએ. આથી વૈશેષિક શાખાએ સાત પદાર્થો સ્વીકારવા છતાં સામાન્ય, વિશેષ, સમવાય તથા અભાવ નામના છેલ્લા ચાર પદાર્થોને અર્થ નથી કહ્યા.

આમ કહેવાનું સ્પષ્ટ કારણ એ છે કે વાસ્તવવાદી કોઈ પણ પદ્ધતિ આ ત્રણ પદાર્થોને પદાર્થ તરીકે સ્વીકારી શકે છે, બાકીના ચારને સ્વીકારતી નથી. એ જ રીતે દ્રવ્ય પદાર્થમાં પણ નવ દ્રવ્યોમાં કેટલાયે ન્યાયવૈશેષિક પરંપરાના અનુયાયીઓ પણ આકાશ, કાળ અને દિશાને સ્વતંત્ર દ્રવ્ય તરીકે જલદીથી સ્વીકારવા તૈયાર થતા નથી. સંભવ છે કે પ્રાચીન વૈશેષિક પદ્ધતિમાં દ્રવ્ય, ગુણ અને કર્મ એ ત્રણ પદાર્થો જ ભૌતિક પદાર્થોમાં હોય. પ્રકૃતિ તેના ગુણો સાથે પૃથિવી, જળ, તેજ તથા વાયુમાં પરમાણુરૂપે હતી; જ્યારે આધ્યાત્મિક જગત્માં જીવાત્મા, પરમાત્મા તથા મન આ ત્રણ તત્ત્વો મુખ્ય હતાં.

ન્યાયવૈશેષિક પદ્ધતિએ સ્વીકારેલ ભૌતિક પદાર્થોને આપણે વૈજ્ઞાનિકો માટે છોડી એનાં આધ્યાત્મિક તત્ત્વોનો વિચાર કરીએ તો જીવાત્માનું સ્વરૂપ સાંખ્યના સ્વરૂપ કરતાં જુદું જ છે. સાંખ્ય–યોગમાં એ જેમ પ્રકૃતિની સાથે માત્ર સંપર્ક ધરાવનાર ચૈતન્ય માત્ર અને પ્રકૃતિનાં કાર્યોનો

---

૮. ન્યા. સૂ., ૧.૧.૨.

સાક્ષી નથી પણ એ સ્વતન્ત્ર કર્તા તથા ભોક્તા પણ છે. સંસારમાં વસ્તુસ્થિતિએ આત્માનું કર્તૃત્વ અમુક અંશે આપણે બધા અનુભવીએ પણ છીએ. આમ છતાં ભૌતિક વિજ્ઞાનની દૃષ્ટિએ આવા ચેતન જીવાત્માનું અલગ અસ્તિત્વ નથી માનવામાં આવતું એ પણ હકીકત છે.

અત્યારે ન્યાયવૈશેષિક પદ્ધતિઓના કોઈ જુદા સાંપ્રદાયિક અનુયાયીઓ જોવામાં આવતા નથી, પરંતુ એમનો પણ એક સમયે જુદો સંપ્રદાય હતો અને એના અનુયાયીઓ પણ હતા એ નીચેના વર્ણન ઉપરથી જણાય છેઃ

अथ योगमतं ब्रूमः शैवमित्यपराभिधम् ।
ते दण्डधारिणः प्रौढकौपीनपरिधायिनः ॥

कम्बलिकाप्रावरणा जटापटलशालिनः ।
भस्मोद्धूलनकर्तारो नीरसाहारसेविनः ॥

दोर्मूले तुम्बकभृतः प्रायेण वनवासिनः ।
आतिथ्यकर्मनिःरताः कन्दमूलफलाशनाः ॥

सस्त्रीका अथ निःस्त्रीका निःस्त्रीकास्तेषु चोत्तमाः ।
पञ्चाग्निसाधनपराः प्राणलिङ्गधराः करे ॥

विधाय दन्तपवनं प्रक्षाल्याङ्घ्रिकराननम् ।
स्पृशन्ति भस्मनाङ्गं त्रिस्त्रिः शिवध्यानतत्पराः ॥

यजमानो वन्दमानो वक्ति तेषां कृताञ्जलिः ।
ॐ नमः शिवायेत्येवं शिवाय नम इत्यसौ ॥

तेषां च शङ्करो देवः सृष्टिसंहारकारकः ।
तस्यावताराः सारा ये तेऽष्टादश तदर्चिताः ॥

तेषां नामान्यथ ब्रूमो **नकुलीशोऽथ कौशिकः** ।
गार्ग्यो मैत्र्यः कौरुषश्च ईशानः षष्ठ उच्यते ॥

सप्तमः **पारगार्ग्यस्तु कपिलाण्डमनुष्यकौ** ।
अपरकुशिकोऽत्रिश्च पिङ्गलाक्षोथ पुष्पकः ॥

बृहदाचार्योऽगस्तिश्च सन्तानः षोडशः स्मृतः ।
राशीकरः सप्तदशो विद्यागुरुरथापरः ॥

एतेऽष्टादश तीर्थेशास्तैः सेव्यन्ते पदे पदे ।
पूजनं प्रणिधानं च तेषां ज्ञेयं तदागमात् ॥

अक्षपादो गुरुस्तेषां तेन ते ह्याक्षपादकाः ।
उत्तमां संयमावस्थां प्राप्ता नग्ना भ्रमन्ति ते ॥[९]

---

९. ષડ્દર્શનસમુચ્ચય, પૃ. ૮-૯.

આમ સાંપ્રદાયિક દૃષ્ટિએ નૈયાયિકો શૈવ પરંપરાના હતા. એ જ હકીકત વૈશેષિકો માટે પણ જાણીતી છે. આ મતના અનુયાયીઓનો પરિચય ષડ્દર્શનસમુચ્ચયકાર ખૂબ જ સંક્ષેપમાં આપે છેઃ

अथ **वैशेषिकं** ब्रूमः पाशुपतान्यनामकम् ।
लिङ्गादियौगवत्तेषां ते ते तीर्थकरा अपि ॥ १३ ॥

शिवेनोलूकरूपेण कणादस्य मुनेः पुरः ।
मतमेतत्प्रकथितं तत **औलूक्यमुच्यते** ॥ ३ ॥

अक्षपादेन ऋषिणा रचितत्वात्तु यौगिकम् ।
आक्षपादमिति ख्यातं प्रायस्तुल्यं मतद्वयम् ॥[१०] ३१॥

આમ ન્યાય અને વૈશેષિકમાં પ્રમાણની સંખ્યા સિવાય બીજો કોઈ વિશેષ મતભેદ નથી. બન્ને શૈવ હતા અને એમના સમયમાં એમનો સંપ્રદાય પણ હતો તથા એના અનુયાયીઓ પણ હતા.

ન્યાય-વૈશેષિક પદ્ધતિ પછી મીમાંસા કિંવા જૈમિનિની પૂર્વમીમાંસા પદ્ધતિ તરફ વળીએ. આર્યો વિવિધ યજ્ઞો સાથે ગાઢ રીતે સંકળાયેલા હોવાથી એ યજ્ઞોનું પ્રતિપાદન કરનાર વૈદિક વાકયોનું તથા એને લગતા મન્ત્રોના વિનિયોગનું કામ પૂર્વમીમાંસા કરે છે. એમાં જુદા જુદા વૈદિક મન્ત્રોનું અર્થઘટન કઈ રીતે થઈ શકે એ એવા વિનિયોગની દૃષ્ટિએ કરવા માટેની એક પ્રાચીન પદ્ધતિનું નિર્માણ કરે છે. આમ હકીકતે અર્થઘટનપદ્ધતિનું આ એક વૈજ્ઞાનિક શાસ્ત્ર છે. ભારતીય તત્ત્વજ્ઞાનની અન્ય પદ્ધતિઓ સાથે રહી શકે માટે એમાં જીવાત્મા વગેરે તત્ત્વોનો સામાન્ય વિચાર છે, પરંતુ આ પદ્ધતિનું મુખ્ય પ્રયોજન વૈદિક યજ્ઞો દ્વારા જુદાં જુદાં ઐહિક તથા પારલૌકિક ધ્યેયો કઈ રીતે પ્રાપ્ત થઈ શકે એ દર્શાવવાનું છે.

તેઓ દૈનંદિન જીવનમાં સંધ્યા, અગ્નિહોત્ર વગેરે નિત્ય કર્મો સાથે ગાઢ રીતે સંકળાયેલ છે. આ પદ્ધતિમાં પરમાત્માને એટલું મહત્ત્વ નથી આપવામાં આવ્યું કે જેટલું વૈદિક કર્મોને આપવામાં આવ્યું છે. માટે જ મીમાંસા માટે **कर्मेति मीमांसकाः** એમ કહેવાય છે. ભારતીય તત્ત્વજ્ઞાનની પદ્ધતિઓમાં જીવનના અંતિમ ધ્યેય તરીકે મોક્ષની ગંભીર વિચારણા ન કરનાર ચાર્વાક પછીની આ જ એક પદ્ધતિ છે. નાસ્તિક પદ્ધતિઓમાં ચાર્વાક મુખ્ય છે, જ્યારે આસ્તિક પદ્ધતિઓમાં મીમાંસાને મોક્ષ બાબતમાં વિચાર ન કરનાર તરીકે ગણાવી શકાય. મીમાંસાનો અભ્યાસ વૈદિક વાકયોનું અર્થઘટન વૈજ્ઞાનિક રીતે કયા પ્રકારે થઈ શકે એ માટે મુખ્યત્વે કરવામાં આવે છે.

મીમાંસા પછી સૌથી અગત્યની પદ્ધતિ તે વેદાન્ત તરીકે જાણીતી ઉત્તરમીમાંસા પદ્ધતિ છે. જેમ પૂર્વમીમાંસામાં કર્મકાંડવિષયક વાકયોનું અર્થઘટન છે એ જ રીતે આમાં ઉપનિષદોનાં તત્ત્વજ્ઞાનવિષયક વાકયોનું અર્થઘટન છે. ઉપનિષદોનાં વાકયોના અર્થઘટન વિશે વિસ્તૃત ચર્ચા કરતી જુદી જુદી વેદાન્ત પદ્ધતિઓ શંકરાચાર્ય પછી વિકસી છે. શંકરાચાર્ય પૂર્વે આ પદ્ધતિઓ

---

૧૦. એજન, પૃ. ૧૧-૧૨.

એમના અસારના સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવતી હતી કે કેમ એ ચોક્કસ કહી શકાય એમ નથી. અહીં આપણે એની ચર્ચા નહિ કરીએ. અત્યારે આપણે જાણીએ છીએ એ મુજબ આપણા દેશમાં આ વેદાન્ત પદ્ધતિનો એટલો તો વિકાસ થયો છે કે ભારતીય તત્ત્વજ્ઞાનની—સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક વગેરે વૈદિક તત્ત્વજ્ઞાનની પદ્ધતિઓના અનુયાયીઓનો એક યા બીજી રીતે કોઈ પણ એક વેદાન્ત-તત્ત્વજ્ઞાનની પદ્ધતિમાં સમાવેશ થયો છે. વેદાન્ત પદ્ધતિના વિકાસને પરિણામે અત્યારે આપણે ભારતીય તત્ત્વજ્ઞાનની શાખાઓમાં બૌદ્ધ, જૈન તથા વેદાન્તની જુદી જુદી શાખાઓના અનુયાયીઓ જોઈ શકીએ છીએ. અન્ય બધીયે વૈદિક ગણાતી ભારતીય તત્ત્વજ્ઞાનની શાખાઓના કોઈ જુદા અનુયાયીઓ જોવામાં આવતા નથી. હકીકતમાં અત્યારે તો એ પરિસ્થિતિ છે કે હિન્દુ તત્ત્વજ્ઞાન એટલે વેદાન્તનું તત્ત્વજ્ઞાન અને એમાં પણ વિશેષે શાંકર વેદાન્તનું તત્ત્વજ્ઞાન એવી સમજ તત્ત્વજ્ઞાનની સમગ્ર દુનિયામાં ફેલાયેલી જોવા મળે છે. અત્યારે વેદાન્તની મુખ્ય શાખાઓએ શંકરના કેવલાદ્વૈતની, રામાનુજના વિશિષ્ટાદ્વૈતની, નિમ્બાર્કના દ્વૈતાદ્વૈતની, મધ્વના દ્વૈતની તથા વલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈતની છે. અનુયાયીઓની દૃષ્ટિએ આ શાખાઓના સંપ્રદાયના અનુયાયીઓ ભારતમાં સર્વત્ર ફેલાયેલા છે.

શંકરના વેદાન્તના ફેલાવાનું મુખ્ય કારણ તથા એ વધારે લોકપ્રિય થવાનું પણ મુખ્ય કારણ શંકરે પ્રબોધેલ સંસારનું મિથ્યાત્વ તથા એકબ્રહ્મવાદ છે. શંકરના વેદાન્તની આ વિચારધારાએ બૌદ્ધ તત્ત્વજ્ઞાનની વિચારધારાના અનેક સિદ્ધાન્તોને પોતાનામાં સમાવી લીધા છે. આ સંસાર ક્ષણિક છે તથા એ મૃગજળ જેવો જ છે એવી મૂળ બૌદ્ધ તત્ત્વજ્ઞાનની વિચારધારાને માયાને નામે શંકરે વેદાન્તના તત્ત્વજ્ઞાનમાં સમાવી લીધી છે. બૌદ્ધ તત્ત્વજ્ઞાનની લોકપ્રિયતાનું કારણ પણ આ હતું. સંસારમાં નિરાશ થયેલાઓને આશા આપનાર અને સંસાર પ્રત્યેની આસક્તિ દૂર થાય એવા ઉદ્દેશથી પ્રવૃત્ત થયેલી આ વિચારધારાને શંકરે આખી ને આખી પોતાના કેવલાદ્વૈતના સિદ્ધાન્તોમાં સમાવી લીધી. જલદીથી ન સમજી શકાય એવા માધ્યમિક બૌદ્ધોના શૂન્યવાદને બદલે નિર્ગુણબ્રહ્મની કરી એની એકતા જણાવી. આમ જે તત્ત્વજ્ઞાનના વિચારોથી બૌદ્ધ સંપ્રદાય તરફ લોકોનું આકર્ષણ હતું એ તત્ત્વજ્ઞાન એક યા બીજા સ્વરૂપે વેદાન્તમાં આકાર પામતાં લોકો એના તરફ વધુ આકર્ષાયા; અને એના છેવટના પરિણામે બૌદ્ધ સંપ્રદાય એના મૂળ પ્રભવસ્થાનમાંથી દૂર થયો અને એનું સ્થાન શાંકર વેદાન્તે અને વેદાન્તની અન્ય શાખાઓએ લીધું. આ તત્ત્વજ્ઞાનની વ્યાપક અસર આ દેશના જુદા જુદા સંપ્રદાયના સંતો ઉપર પણ થઈ. કેટલાયે સંતોનાં ભજનોમાં અને ઉપદેશોમાં વેદાન્તવિચારધારાની સ્પષ્ટ અસર આપણે જોઈ શકીએ છીએ. વેદાન્તવિચારધારાના પ્રચારને પરિણામે અનેક વિદ્વાન સંન્યાસીઓ તથા સંતો આ દેશમાં થયા, પરંતુ સાથે એ પણ કહેવું જોઈએ કે આ વિચારધારાના ફેલાવાને પરિણામે વેદાન્તના તત્ત્વજ્ઞાનનો કેવળ ઉપદેશ આપનાર સંન્યાસીઓની મોટી ફોજ આપણા દેશમાં થઈ. મોક્ષ માટે કે બ્રહ્મજ્ઞાનપ્રાપ્તિ માટે સંન્યાસધર્મનો ઉપદેશ આપવાનો શંકરાચાર્યનો ઉદ્દેશ બૌદ્ધધર્મના ભિક્ષુઓની જેમ સાચા નિઃસ્વાર્થી સમાજસેવકો ઊભા કરવાનો કદાચ હોઈ શકે. પરંતુ એમ થવાને બદલે જેમ બૌદ્ધ ભિક્ષુઓમાં તથા વિશ્વમાં અન્ય સંપ્રદાયોમાં બનતું આવ્યું છે તેમ વેદાન્તના સિદ્ધાન્તો જેના દૈનંદિન આચરણમાં જરા પણ ન પચ્યા હોય એવા નિષ્ક્રિય સંન્યાસીઓનો સમૂહ ઘણો મોટો થઈ ગયો. આવા સંન્યાસીઓનું

માત્ર ઉપદેશ આપવા સિવાય કશું પણ રચનાત્મક કે સમાજને ઉપયોગી કાર્ય કરવાનું ન રહ્યું. વેદાંતના અનુયાયીઓ ગણાતા અને એના વિચારોનો ઉપદેશ આપતા સંન્યાસીઓમાંથી મોટા ભાગના સંન્યાસીઓને વેદાન્તમાં ઉપદેશેલ બ્રહ્મની કે એકામત્વાદની અનુભૂતિ નથી થઈ હોતી. એટલે આ પદ્ધતિ એના સાચા સ્વરૂપમાં વિકસવાને બદલે બીજી દિશા તરફ વળી ગઈ. અલબત્ત આમાં રામકૃષ્ણ મિશન જેવી સાધુઓની સંસ્થાઓ કે જે કાંઈક લોકસેવાનું કામ કરે છે તે અપવાદ ગણાવી શકાય, પરંતુ બાકીના મોટા ભાગના સંન્યાસીઓ કશું રચનાત્મક કાર્ય ન કરવાને કારણે સમાજને ભારરૂપ રહ્યા છે.

સંન્યાસીઓની આ પરિસ્થિતિની ચર્ચા એક સંન્યાસી સાથે થતાં એમણે લોકોનો પણ દોષ કાઢ્યો અને જણાવ્યું કે સારા અને સાચા ગણાતા સંન્યાસીઓને કેટલાક લોકો—ખાસ કરીને ધનિક લોકો ખૂબ જ માન તથા ઐહિક સગવડો આપી એને એના સાચા સંન્યાસધર્મમાંથી ચલિત કરતા હોય છે. આ વાત કાંઈક અંશે સાચી હોવા છતાં સંન્યાસીઓનો ધર્મ એ જ છે કે આવી સુખ-સગવડો તરફ ખેંચાયા વિના સમાજની સેવા કરવી. આનું પ્રત્યક્ષ ઉદાહરણ ગાંધીજીએ પૂરું પાડ્યું છે. સંન્યાસીનો વેશ ન લેવા છતાં સાચો સંન્યાસી કેવો હોઈ શકે એ ગાંધીજીએ આચરણ દ્વારા સિદ્ધ કરી બતાવ્યું છે. મનમાં ઊંડે ઊંડે પણ આસક્તિ હોય ત્યાં સુધી ક્ષણિક વૈરાગ્યના આવેશમાં આવી જઈ સંન્યાસધર્મની દીક્ષા કે મનમાં કષાયો હોય ત્યાં સુધી કોઈ પણ પ્રકારની સંસારત્યાગની દીક્ષા લેવી એ એક પ્રકારની પોતાના આત્માની તથા સમાજની પ્રતારણા છે. આ કારણે જ જેઓ બાલ્યવયમાં જ ઇચ્છા કે અનિચ્છાએ સંન્યાસધર્મની કે સાધુની દીક્ષા આપવાની પ્રેરણા આપે છે એનો વિરોધ નવી યુવાન પેઢી કરે છે. ધર્મનું હાર્દ આનાથી નષ્ટ થાય છે અને પરિણામે જૂજ અપવાદો બાદ કરતાં અનાચાર તથા ભ્રષ્ટાચાર ફેલાય છે.

આ બાબતને બરાબર સમજવા આપણે આપણા દેશના તત્ત્વજ્ઞાનની સૌથી વધુ વિકાસ પામેલી વેદાન્તવિચારધારામાં કેવલાદ્વૈતવિચારધારાના પ્રમુખ વિચારક શંકરાચાર્યે અપનાવેલ શાંકર વેદાન્તની પદ્ધતિનો પણ સંક્ષેપમાં વિચાર કરીએ.

શ્રી શંકરાચાર્ય બ્રહ્મજ્ઞાનનો અધિકારી ખરેખર કોણ હોઈ શકે એ સમજાવતાં બ્રહ્મસૂત્ર ઉપરના ભાષ્યમાં પ્રારંભમાં જ અધ્યાસભાષ્યમાં જણાવે છે કે—

"नित्यानित्यवस्तुविवेकः, इहामुत्रार्थभोगविरागः, शमदमादिसाधनसम्पत्, मुमुक्षुत्वं च । तेषु हि सत्सु प्रागपि धर्मजिज्ञासाया ऊर्ध्वं च शक्यते ब्रह्म जिज्ञासितुं ज्ञातुं च, न विपर्यये ।

આમ સંન્યાસી એક સાચો મુમુક્ષુ હોઈ તથા એ એક સાચો વૈરાગી હોઈ એની શમ-દમાદિસાધનસંપત્તિ સૌથી વિશેષ હોવી જોઈએ. કોઈ પણ વ્યક્તિમાં નિત્ય તથા અનિત્ય વસ્તુનો વિવેક તથા શમ દમ વગેરે સાધનોની સંપત્તિ ન હોય ત્યાં સુધી એ બ્રહ્મજિજ્ઞાસુ કિંવા સાચો સંન્યાસી ન કહેવાય. આ પરિસ્થિતિમાં જેને બ્રહ્મનો સાક્ષાત્કાર થયો છે એવો સંન્યાસી તો એવી વ્યક્તિ ક્યાંથી થાય કે જેનામાં ઉપર જણાવેલ ચાર બાબતો ન હોય? આજના કેટલા

---

૧૧. શાંકરભાષ્ય (બ્રહ્મસૂત્ર), નિર્ણય સાગર આવૃત્તિ, અધ્યાસભાષ્ય, પૃ. ૫.

સંન્યાસીઓમાં આ લક્ષણો ઉપલબ્ધ છે? શંકરાચાર્યના મનમાં આ બાબત એકદમ સ્પષ્ટ છે અને માટે જ તેઓ આગળ જઈ સમજાવે છે કે—

[૧૨]નાધિગતબ્રહ્માત્મભાવસ્ય યથાપૂર્વં સંસારિત્વં શક્યં કલ્પયિતુમ્ । ન હિ શરીરાદ્યાત્માભિમાનિનો દુઃખભયાદિમત્ત્વં દૃષ્ટમિતિ તસ્યૈવ વેદપ્રમાણજનિતબ્રહ્માવગમે તદભિમાનનિવૃત્તૌ તદેવ મિથ્યાજ્ઞાનનિમિત્તં દુઃખભયાદિમત્ત્વં શક્યં કલ્પયિતુમ્ । ન હિ ધનિનો ગૃહસ્થસ્ય ધનાભિમાનિનો ધનાપહારનિમિત્તં દુઃખં દૃષ્ટમિતિ તસ્યૈવ પ્રવ્રજિતસ્ય ધનાભિમાનરહિતસ્ય તદેવ ધનાપહારનિમિત્તં દુઃખં ભવતિ ।

આગળ જતાં બ્રહ્મજ્ઞાનીની સ્થિતિ સમજાવતાં તેઓ જણાવે છે કે—

[૧૩]' અશરીરં વા વસન્તં ન પ્રિયાપ્રિયે સ્પૃશતઃ ' (છાં. ૫-૧૨-૧) ઇતિ શરીરે પતિતેઽશરીરિત્વં સ્યાન્ન જીવત ઇતિ ન, સશરીરસ્થસ્ય મિથ્યાજ્ઞાનનિમિત્તત્વાત્ । નહ્યાત્મનઃ શરીરાત્માભિમાનલક્ષણં મિથ્યાજ્ઞાનં મુક્ત્વાઽન્યતઃ શરીરત્વં શક્યં કલ્પયિતુમ્ ।

આટલું જણાવી આત્માનું જ્ઞાન એટલે કે સાક્ષાત્કાર જેને થાય એની સ્થિતિ આત્મદર્શન પૂર્વેની સ્થિતિ કરતાં તદ્દન ભિન્ન છે એ સમજાવતાં તેઓ કહે છે કે—

[૧૪]તસ્માન્નાવગતબ્રહ્માત્મભાવસ્ય યથાપૂર્વં સંસારિત્વમ્ । યસ્ય તુ યથાપૂર્વં સંસારિત્વં નાસાવવગત-બ્રહ્માત્મભાવઃ ।

આમ સંન્યાસ લીધા પછી પણ જે સંસારીની જેમ જ વર્તતો હોય એટલે કે સંસારીની જેમ જ એમાં રાગ, દ્વેષ, મોહ વગેરે દોષો તથા તજ્જન્ય આસક્તિ હોય તો તેને બ્રહ્મસાક્ષાત્કાર તો નથી જ થયો પણ એ બ્રહ્મજ્ઞાનનો અધિકારી પણ નથી તેથી આવો સંન્યાસી પણ નથી. એટલે શંકરાચાર્યની ભાવના સમજ્યા વિના આપણા આ દેશમાં કેટલા બધા નકામા સંન્યાસીઓની ફોજ ઊભી થઈ છે એ સહેજે સમજાશે. બ્રહ્મજ્ઞાનના અધિકારીની બાબતમાં ઉપનિષદો પણ સ્પષ્ટ છે. કઠોપનિષદ્ આ બાબતમાં બ્રહ્મજ્ઞાનીના ચારિત્ર્ય ઉપર ભાર આપતાં સ્પષ્ટ કહે છે કે—

> [૧૫]નાવિરતો દુશ્ચરિતો નાશાન્તો નાસમાહિતઃ ।
> નાશાન્તમનસો વાપિ પ્રજ્ઞાનેનૈનમાપ્નુયાત્ ॥

અર્થાત્ જેનું ચારિત્ર્ય સારું નથી તથા જે શાન્ત મનવાળો નથી તે કદી પણ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત ન કરી શકે. આ બાબતને વધારે સ્પષ્ટ કરતાં આ જ ઉપનિષદ્માં કહ્યું છે કે—

> [૧૬]યસ્ત્વવિજ્ઞાનવાન્ ભવત્યયુક્તેન મનસા સદા ।
> તસ્યેન્દ્રિયાણ્યવશ્યાનિ દુષ્ટાશ્વા ઇવ સારથેઃ ॥

---

૧૨. એજન, પૃ. ૨૧.
૧૩. એજન, પૃ. ૨૧-૨૨.
૧૪. એજન, પૃ. ૨૩.
૧૫. કઠોપનિષદ્, ૧.૨.૨૪.
૧૬. એજન, ૧.૩.૬ થી ૮.

यस्तु विज्ञानवान् भवति युक्तेन मनसा सदा ।
तस्येन्द्रियाणि वश्यानि सदश्वा इव सारथेः ॥

यस्त्वविज्ञानवान् भवत्यमनस्कः सदाऽशुचिः ।
न स तत्त्वमवाप्नोति संसारं चाधिगच्छति ॥

यस्तु विज्ञानवान् भवति समनस्कः सदा शुचिः ।
स तु तत्पदमाप्नोति यस्माद् भूयो न जायते ॥

આ ઉપરાંત બ્રહ્મજ્ઞાન કોઈ પ્રવચન વગેરેથી પ્રાપ્ત થતું નથી પણ શ્રદ્ધાપૂર્વકના સંયમ સાથેના સાક્ષાત્કારથી પ્રાપ્ત થાય છે એ પણ ઉપનિષદ્‌માં જ કહ્યું છેઃ

[૧૭]नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष वृणुते तनुं स्वाम् ॥

બ્રહ્મજ્ઞાનપ્રાપ્તિનાં તથા બ્રહ્મજ્ઞાનીના ચારિત્ર્ય વિશેનાં આટલાં સ્પષ્ટ વિધાનો ઉપનિષદોમાં હોવા છતાં અત્યારે આપણા સંન્યાસીઓ સારી એવી ભૌતિક સંપત્તિ ધરાવતા હોય છે અને એ મેળવવા સામાન્ય ગૃહસ્થ જેવો પ્રયત્ન પણ કરતા હોય છે. સંપત્તિ માટે સામાન્ય ગૃહસ્થોની જેમ જ ન્યાયની અદાલતોમાં દાવાઓ પણ લડે છે. જગદ્‌ગુરુ **શંકરાચાર્ય**ની ગાદી માટેના વારસો પણ એ ગાદી માટે અદાલતમાં ઝઘડતા જોવા મળે છે.

આ રીતે આપણે ભારતીય તત્ત્વજ્ઞાનની પદ્ધતિઓને તપાસી. આપણી આ તપાસમાં એટલું તો સહેજે જણાઈ આવે છે કે ભારતીય તત્ત્વજ્ઞાનની પ્રત્યેક પદ્ધતિને કોઈ ને કોઈ માનવ-કલ્યાણનું ઉચ્ચ ધ્યેય હતું જ. તે તે પદ્ધતિના સ્થાપકોએ પોતાના સમયમાં પ્રચલિત ઇતર પદ્ધતિઓમાં પ્રવેશેલ દૂષણોને દૂર કરી નવી પદ્ધતિ સ્થાપવા પ્રયત્ન કર્યો હતો. આમ આપણા દેશના તત્ત્વજ્ઞાનની જુદી જુદી શાખાના પ્રવર્તકો એ માત્ર કોઈ સંપ્રદાયના સ્થાપકો ન હતા પરંતુ કેટલાક અંશમાં તેઓ સમાજસુધારકો પણ હતા. સમાજનું કાંઈક ભલું કરવું અને સમાજને સાચા ધાર્મિક માર્ગે દોરવો એ તેમનું સાચું ધ્યેય હતું. શરૂઆતમાં આ પ્રવર્તકોને સારા અનુયાયીઓ પણ મળ્યા હતા; પરંતુ કાળક્રમે જેમ હંમેશ બનતું આવે છે તેમ અંધ અને અપ્રામાણિક અનુયાયીઓએ તેમની ખોટી સમજ અને ભ્રષ્ટ વર્તનથી તેમના તત્ત્વજ્ઞાનના આંતરિક હાર્દને ધક્કો પહોંચાડ્યો છે. કોઈ પણ ધર્મના અનુયાયીઓ ધર્મને તેના વિશાળ અર્થમાં જોવાને બદલે પોતાના ધર્મને ખોટી રીતે સમજી એમાં ઉદ્દેશેલ બાહ્યાચાર ઉપર જ ભાર મૂકે છે તથા ધર્મનું સંપ્રદાયમાં પરિવર્તન કરે છે. આમ થતાં ધર્મને વિશે શ્રદ્ધાને બદલે સામાન્ય સમજદાર વ્યક્તિમાં પણ અશ્રદ્ધા પ્રગટે છે.

ધર્મવિષયક આ પરિસ્થિતિ જોઈને આપણા સામ્યવાદી મિત્રો ધર્મને અફીણ કહી એનો તિરસ્કાર કરે છે. પરંતુ ધર્મ–સાચો ધર્મ એ અફીણ યા કોઈ પણ પ્રકારનો નશો નથી. એ નિષ્ક્રિય થવાનું શીખવતો પણ નથી. પરંતુ પૂરતું હાર્દ સમજ્યા વિના શું ધાર્મિક કે શું

---

૧૭. એજન, ૧.૨.૨૩.

રાજકીય વાદોનું અનુસરણ તથા અંધ અનુકરણ એ જ એક પ્રકારનું અકીણ યા નશો છે. એનાથી વ્યક્તિ સાચાખોટાનો વિવેક કરી શકતી નથી, પરંતુ પોતે જે વાદ કિંવા સંપ્રદાયને અનુસરતો હોય એ જ એક પરમ સત્ય છે એમ આગ્રહ રાખતો થઈ જાય છે. આ વિચારીને જ એક પાશ્ચાત્ય ચિન્તકે કહ્યું છે કે :–The real enemies of the great men and their principles are their blind followers. આ વાક્ય આ જમાનામાં સુધારીને આપણે એમ પણ મૂકી શકીએ કે : The real enemies of the great men and their principles are their blind and **knave** followers.

આમ કેવળ અંધાનુયાયીઓ કરતાં પણ તે તે ધાર્મિક કે રાજકીય સંપ્રદાયમાં પ્રવેશેલ સ્વાર્થી ભ્રષ્ટાચારી લુચ્ચા અનુયાયીઓ પણ આવી યુવાન પેઢીની ગેરસમજ માટે જવાબદાર હોય છે. ધર્મને નામે ઊભા થયેલ સંપ્રદાયના અનુયાયીઓના દંભી તથા કેવળ બાહ્યાચારપરક આચરણથી ધર્મ અને તત્ત્વજ્ઞાનમાંથી યુવાન પેઢી પોતાની શ્રદ્ધા ગુમાવે છે. તમાં પણ રાજકીય ક્ષેત્રમાં પડેલા યુવાનો તો એટલે સુધી વિધાન કરે છે કે આ દેશનો નાશ ધર્મથી જ થયો છે. વસ્તુતઃ એમનું આ વિધાન યથાર્થ નથી.

ભગવાન્ બુદ્ધ, ભગવાન્ મહાવીર, આદ્ય શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, કે ધાર્મિક સંપ્રદાયના પ્રવર્તક આચાર્યોને સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય કે ધર્મને નામે એમના જ અનુયાયીઓ પરસ્પર ઝઘડતા સંસારી લોકોને સાચો શાન્તિનો માર્ગ દર્શાવવાને બદલે પોતે જ એવા ઝઘડાઓ કરશે અને ધર્મ તથા તત્ત્વજ્ઞાન બંનેના હાર્દને નષ્ટ કરી આ પ્રવર્તકોના ઉપદેશને પરિણામે ભવિષ્યમાં સંન્યાસીઓ, સાધુઓ અને ભિક્ષુઓની એક જંગી ફોજ ઊભી થશે કે જે સેનાના આ સૈનિક સંન્યાસી, સાધુ કે ભિક્ષુકને ધર્મ કે તત્ત્વજ્ઞાન સાથે કશી લેવાદેવા પણ નહિ હોય. એવો ખ્યાલ એમને હોત તો કદાચ સંન્યાસધર્મનો એમણે ઉપદેશ કર્યો હોત કે કેમ તે ચિન્ત્ય છે.

આ બધું બનવા છતાં ધર્મ, તત્ત્વજ્ઞાન તથા હવે રાજકીય સિદ્ધાન્તોને આધારે આ યુગમાં પણ નવા નવા સંપ્રદાયોની સ્થાપનાની પ્રક્રિયા અટકી નથી. સમાજસુધારણાની દૃષ્ટિએ ધર્મના પાયા ઉપર આર્યસમાજ, પ્રાર્થનાસમાજ, બ્રાહ્મસમાજ તથા એના જેવા બીજા અનેક સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા અને આપણી નજર સામે ઉપર દર્શાવેલ કારણોને લીધે નામશેષ પણ થયા. એ જ રીતે મહર્ષિ અરવિંદનું તત્ત્વજ્ઞાન, મહાત્મા ગાંધીજીનું તત્ત્વજ્ઞાન તથા બીજા અનેક સંતોનાં તત્ત્વજ્ઞાન પણ લોકોમાં પ્રચાર પામ્યાં. પરંતુ આ યુગ એટલો ઝડપી છે કે ધાર્મિક યા રાજકીય સિદ્ધાન્તોને આધારે નવા નવા વાદો તથા સંપ્રદાયોની ઉત્પત્તિની પ્રક્રિયા ચાલુ છે તથા સાથે સાથે અંધ અને અપ્રામાણિક અનુયાયીઓ દ્વારા એનો ઝડપી ફેલાવો અને પતન પણ એટલું જ ઝડપથી થતું જોવામાં આવે છે. આપણી સામે જ મહાત્મા ગાંધીના શતાબ્દી વર્ષમાં એમના કહેવાતા અનુયાયીઓ સત્ય અને અહિંસાનો ઉપદેશ આપતાં આપતાં રાજકીય સત્તાની પડાપડી માટે ભયંકર ઝઘડો તથા ભ્રષ્ટાચાર આચરી આ દેશને વિનાશના ખાડામાં ધકેલી રહ્યા છે, એ પણ એક વિચિત્રતા છે.

અત્યારે આપણે વિજ્ઞાનના યુગમાં જીવી રહ્યા છીએ. આધુનિક વિજ્ઞાને વિજળી, રેડિયો, ટેલીવિઝન તેમ જ અણુશક્તિસંચાલિત વિવિધ પદાર્થોનું સર્જન કરી આ વિશ્વને આશ્ચર્ય-

ચકિત કરી નાખ્યું છે. હમણાં થોડા દિવસોમાં જ આપણે જોઈ શકયા કે માણસ ચન્દ્રલોકમાં આ શરીરથી જ જઈને પાછો પણ આવ્યો છે. આ બધી મનુષ્યને સુખસગવડો આપનારી નવી નવી શોધો સાથે પણ આજે આ વિશ્વમાં શાંતિ—પહેલાં જેવી શાંતિ—નથી રહી. આ જગતના સમસ્ત માનવો માટે આવી સગવડોનું સર્જન કરનાર બુદ્ધિમાન વૈજ્ઞાનિકો અત્યારે તે તે મોટી ગણાતી સત્તાવાળા દેશોના રાજપુરુષોના એવા તો દૃઢ સકંજામાં છે કે એક બાજુ તેઓ માણસોની સગવડ માટે સારી સારી વસ્તુઓની શોધ કરવા છતાં બીજી બાજુ એ જ વૈજ્ઞાનિકો અણુબોંબ, હાઈડ્રોજન બોંબ તથા એવાં જ બીજાં આ સમસ્ત જગતનો સંહાર કરનાર વિનાશકારી શસ્ત્રાસ્ત્રોની શોધ દ્વારા આ જગતનો એક જ ઘડાકે નાશ કેમ થઈ જાય એના પ્રયત્નોમાં પણ લાગેલા છે. આ પ્રકારની શોધો કરવાની, સંભવ છે કે, મહાસત્તાઓના રાજપુરુષો ફરજ પાડતા હોય. વળી કહેવાતી મહાસત્તાઓના રાજપુરુષો પણ પારસ્પરિક ભયને કારણે આવાં ભયંકર વિનાશકારી શસ્ત્રાસ્ત્રોના ઉપયોગને અંકુશમાં રાખવાની વાતો કરી રહ્યા છે પરંતુ સાથે જ પોતાની અણુશસ્ત્રોની શક્તિ પણ વધારતા જાય છે. એટલે અત્યારે આપણે એ નથી જાણતા કે કયારે આ કહેવાતી મહાસત્તાઓ પોતાના રાજપુરુષોની ધૂનમાં આવી આ વિશ્વનો વિનાશ કરશે.

આપણે જાણીએ છીએ કે પ્રાચીન કાળમાં આવી વૈજ્ઞાનિક પ્રગતિ કદી થઈ ન હતી. લોકોએ લાંબું અંતર કાપવા કાં તો ચાલવું પડતું અથવા વધારેમાં વધારે બળદ, ઘોડો, ઊંટ જેવા પશુઓનો લાંબી મુસાફરી માટે ઉપયોગ થતો. આમ છતાં કોઈ પણ વ્યક્તિ અથવા વ્યક્તિઓનો સમૂહ આ રીતે મુસાફરી કરી કોઈ પણ પ્રદેશમાં જઈ શકતો અને સ્થિર થવા ઇચ્છે તો તે સ્થિર પણ થઈ શકતો. એ સમયે એ પ્રદેશનું રાષ્ટ્રિયત્વ વીસા કે પાસપોર્ટ મેળવવાનો પ્રશ્ન ન હતો. જ્યારે અત્યારે વિજ્ઞાનની સહાયથી એક પ્રદેશથી બીજા પ્રદેશ જવા માટે વિમાન જેવા ઝડપી સાધનો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ હોવા છતાં કોઈ પણ વ્યક્તિ કોઈ પણ પ્રદેશમાં વીસા કે પાસપોર્ટ વિના જઈ શકતો નથી. એટલે એ પ્રદેશમાં જઈ સ્થિર થવાની વાત તો જુદી જ રહી. ઊલટું રાષ્ટ્રિય સંકુચિતતાને કારણે જે થોડા નાના નાના દેશો હમણાં સ્વતંત્ર થયા છે તેઓ અત્યારે તે જ પ્રદેશમાં પેઢીઓથી સ્થિર થયેલા અન્ય દેશોના લોકોને પરદેશી ગણી દૂર કાઢવા મંડ્યા છે. આમ એક તરફ વૈજ્ઞાનિક પ્રગતિ તો પુષ્કળ થઈ છે પરંતુ સાથે જ બીજી તરફ માનસિક સંકુચિતતાને કારણે માનવતા ઓછી થઈ છે. પ્રાચીન સમયના ધાર્મિક સંપ્રદાયોની સંકુચિતતાની તુલનામાં આજના સમયની રાજકીય સંકુચિતતા કયાંય આગળ વધી ગઈ છે.

હજારો વર્ષોથી આ વિશ્વમાં મહાન્ તત્ત્વચિંતકોએ, સંતોએ તથા સમાજસુધારકોએ આ ક્ષેત્રમાં તથા અન્યત્ર સદ્વિચારો આપ્યા છે તેમ જ પોતાના આચરણથી સમાજને સુધારવા પ્રયત્નો કર્યા છે. તેઓના આ પ્રયત્નોને પરિણામે અમુક સમય સુધી એની સારી અસર રહી પણ હતી. પરંતુ અત્યારે આ વિશ્વમાં બધાયે દેશોમાં રાજપુરુષોનાં મન સુધારવાનો માર્ગ શોધવાની અને એમને સાચા માર્ગે લાવવાની એક મોટી સમસ્યા ઊભી થઈ છે. સામાન્ય જનતા સાચે માર્ગે ચાલે અને ચાલવા ઇચ્છે તો પણ આ સત્તાધારી રાજપુરુષો કિંવા રાજનીતિજ્ઞો—પછી તે ગમે તે દેશના હોય—પરંતુ તેઓ જો આ વાત નહિ સમજે તો આખું વિશ્વ કયારે વિનાશના મુખમાં ધકેલાઈ જશે એ કહેવું મુશ્કેલ છે. આમ છતાં એક આશા છે કે આમજનતા પણ

પોતાના સાચા નૈતિક આચરણથી આ સત્તાધારી રાજપુરુષો ઉપર નૈતિક દબાણ લાવી શકે છે. મનસા વાચા તથા કર્મણા પોતાના સદ્‌વર્તન દ્વારા માનવધર્મનો માર્ગ અનુસરવા બધાય લોકોએ આ નાજુક પરિસ્થિતિમાં તૈયાર થવું જોઈએ. જ્યાં સુધી લોકોના દૈનંદિન જીવનમાં મનથી, વાણીથી અને કર્મથી માનવતાની પ્રગતિ થાય એવું સદ્‌વર્તન સામાન્ય જનતામાં નહિ ફેલાય ત્યાં સુધી ધર્મ કે તત્ત્વજ્ઞાનની સૈદ્ધાન્તિક વિચારણાઓ એ માત્ર વાણીવિલાસ બની રહેશે. એટલે આપણને એવી શક્તિ મળે કે આપણે સાચા ધર્મને—સામાન્ય માનવધર્મને—આચરણમાં ઉતારીએ !

સારથિપ્રવર

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

દેવવ્રતધારી (= બ્રહ્મચર્યવ્રતધારી) પિતામહ દેવવ્રત ભીષ્મ શરશય્યામાં પોઢી ગયા. તે પછી, 'સેનાપતિ વગરની સેના એક મુહૂર્ત પણ ટકી શકતી નથી' એટલે, કર્ણ સાથે મસલત કરીને દુર્યોધને મહાસંગ્રામના અગિયારમા દિવસે આચાર્ય દ્રોણનો સરસેનાપતિપદે અભિષેક કર્યો. આચાર્યે લશ્કરને શકટવ્યૂહમાં ગોઠવ્યું. સામે પાંડવોએ ક્રૌંચ-વ્યૂહ રચ્યો. પાંડવોના વ્યૂહના મોખરે વિષ્વક્સેન (જેનો સર્વત્ર પ્રભાવ છે તે) શ્રીકૃષ્ણ અને ધનંજય અર્જુન પોતાની સેનાઓમાં ઉત્સાહ ભરી દેતા વાનરધ્વજને ફરકાવતા ખડા હતા. વીરશ્રેષ્ઠ અર્જુન, ધનુષ્યશ્રેષ્ઠ ગાંડીવ, પ્રાણીમાત્રમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ અને ચક્રશ્રેષ્ઠ સુદર્શન એમ ચાર તેજોને વહન કરતો શ્વેત ઘોડાવાળો અર્જુનનો રથ કાલચક્રની જેમ શત્રુઓની સામે આક્રમણ કરવા તલપીને ઊભો હતો. સામે કૌરવોના મોખરે કર્ણ ઊભો હતો. એવામાં દ્રોણાચાર્યે સહસા આક્રમણ કર્યું અને તુમુલ યુદ્ધ જામ્યું ('દ્રોણપર્વ' અ. ૬).

આજથી, અગિયારમા દિવસથી શરૂ થયેલું યુદ્ધ એવું તો બહુરંગી અને ચકિત કરી નાખે તેવું થયું કે અંધ ધૃતરાષ્ટ્રને દૃષ્ટિવાળાઓના જેવું સુખ મેળવવાની આકાંક્ષા થઈ આવી હતી[૧] (૭-૧૪-૧ થી ૩).

સરસેનાપતિપદે નિમાતાં, લડાઈ ચાલુ થયા પહેલાં, દ્રોણે દુર્યોધનને કહ્યું: 'રાજન્! તારું કયું કાર્ય કરું? તારી ઇચ્છામાં આવે તે તું માગી લે.' દુર્યોધને રાજા યુધિષ્ઠિરને જીવતા કેદ પકડી લાવવા વિનંતી કરી. ચતુર દ્રોણે દુર્યોધનના ભ્રાતૃસ્નેહના (કારણ દુર્યોધન ભાઈ યુધિષ્ઠિરને મારી નાખવા ઇચ્છતો નહોતો!) અને યુધિષ્ઠિરની અજાતશત્રુતાના (કારણ કે દુર્યોધન એમના ઉપર આટલો ગાઢ સ્નેહ રાખે છે!) વખાણ કર્યાં (૭-૧૧-૧ થી ૧૨)!

વિચક્ષણ દ્રોણે દુર્યોધનને અહર ચઢાવ્યો એટલે એ ચગ્યો અને પોતાનો મનોભાવ છુપાવી શક્યો નહિ, 'કારણ કે બૃહસ્પતિ સમાન પુરુષો પણ અમુક વખતે પોતાનો મનોભાવ છુપાવી શકતા નથી!' એણે હર્ષાવેશમાં આવીને કહ્યું: 'આચાર્ય! એવું નથી. યુધિષ્ઠિરનો વધ કરવાથી

---

૧ સર૰ (ક) ધૃતરાષ્ટ્રને પોતાનાં સગાંસ્નેહીઓનો સર્વનાશ નજરોનજર જોવાની ઇચ્છા નહોતી. તેથી તો વેદવ્યાસે સંજયને નજરે જોયેલ વૃત્તાંત આપવા નિમેલો (૬-૨-૧ થી ૧૪). જુઓ 'સ્વાધ્યાય', પુ. ૭ અંક ૪, જન્માષ્ટમી અંક, ઑગસ્ટ ૧૯૭૦માં 'ધર્મસંસ્થાપક શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), પૃ. ૩૨૩-૩૨૪.

(ખ) પરન્તુ શ્રીકૃષ્ણને નજરે જોવાની એને ઉત્કટ આકાંક્ષા થયેલી ખરી (૫-૬૯-૧). જુઓ 'સ્વાધ્યાય' પુ. ૫ અંક ૩, અક્ષયતૃતીયા અંકમાં 'યુગચક્ર પ્રવર્તક શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), પૃ. ૩૧૮.

મને વિજય મળે એમ નથી. તેથી યુધિષ્ઠિરને જીવતો પકડીને પછી તેને ફરી દ્યૂતમાં હરાવીને વનમાં તગડી મૂકવો છે, જેથી મારો દીર્ઘકાલીન વિજય થાય!' (૭-૧૧-૧૩ થી ૧૮)

અર્થતત્ત્વવેત્તા દ્રોણ દુર્યોધનની કુટિલતા સમજી ગયેલા હતા. એટલે એમણે શરતી (સાન્તરમ્) વરદાન આપ્યું કે, 'જો યુધિષ્ઠિર અર્જુનના રક્ષણ નીચે નહિ હોય તો હું આજે જ ધર્મરાજને કેદ કરીશ ...' (૭-૧૧-૧૯થી, ૨૮થી). દ્રોણાચાર્યને પાંડવો પ્રત્યે સમ્માનની લાગણી છે, એટલે આચાર્ય પોતાની પ્રતિજ્ઞામાં રહે તે માટે મહામૂર્ખ (સુબાલિશાઃ) કૌરવોએ આ ખાનગી વાતને બધે ફેલાવી દીધી (૭-૧૧-૨૯ થી ૩૧)!

ગુપ્તચરોએ તુરત જ પાંડવોને સમાચાર આપી દીધા. યુધિષ્ઠિર ગભરાયા, પણ અર્જુને (મન્ત્રણાપરિષદમાં) કહ્યું, 'જેમ હું કોઈ રીતે આચાર્યનો વધ કરું જ નહિ એમ તમારો પરિત્યાગ પણ ન જ કરું. મારાં જીવતાં દ્રોણ તમને કદી કેદ કરી શકે જ નહિ, માટે નિર્ભય રહો. મને કદી અનૃત બોલ્યાનું સ્મરણ નથી. મને કદી પરાજય પામ્યાનું સ્મરણ નથી, તેમ વચન આપ્યા પછી તેનો કિંચિત્ પણ ભંગ કર્યાનું ય મને સ્મરણ નથી.'[૨] (૭-૧૨-૧ થી ૧૩)

આજના (અગિયારમા દિવસના) ભીષણ સંગ્રામમાં દ્રોણ મહાપરાક્રમ કરીને પાંડવ હરોળો ભેદીને સાંજ સુધીમાં યુધિષ્ઠિરની લગોલગ પહોંચી ગયા. તેવામાં તો અર્જુન ત્વરાથી આવી પહોંચ્યા અને અવિચ્છિન્ન શરવર્ષા કરીને દ્રોણ તથા કૌરવોને હાંકી કાઢ્યા. સૂર્યાસ્ત થતાં દ્રોણે ત્રાસેલી કૌરવ સેનાને પાછી વાળી, અને ઋષિઓ જેમ સૂર્યનું સ્તવન કરે એમ પાંડવસેનાની બિરદાવલિઓ સાંભળતાં સાંભળતાં અર્જુન પણ શ્રીકૃષ્ણની સાથે પોતાની શિબિરમાં આવ્યા. (૭-૧૫-૩૮ થી ૫૨)

આજના પરાજયથી અત્યંત ખિન્ન દ્રોણે રાત્રે શરમથી ઝૂકીને દુર્યોધનને કહ્યું : 'મેં તો તને પહેલાંથી જ કહ્યું હતું કે, 'ધનંજય સંગ્રામમાં ઊભો નહિ હોય તો હું યુધિષ્ઠિરને કેદ

---

૨ (ક) કોમળહૃદયી અર્જુન દ્રોણનો વધ કરે જ નહિ. ૭-૧૨-૭. સર૰ અર્જુનનો શ્રીકૃષ્ણને પ્રશ્ન ૬-૨૪-૪, ૫ થી (ગીતા ૨-૪, ૫ થી).

(ख) न स्मराम्यनृतां वाचं न स्मरामि पराजयम् ।
न स्मरामि प्रतिश्रुत्य किंचिदप्यनपाकृतम् ॥ ૭-૧૨-૧૩.

અર્જુન અનૃત તો બોલે જ નહિ. પણ બીજા દિવસથી લડાઈની સ્થિતિ એવી પલટાઈ, કે અર્જુન યુધિષ્ઠિરને રક્ષણ આપી શક્યા નહિ. છતાં પ્રણ યુધિષ્ઠિર કેદ ન પકડાયા; અન્તર્યામી સારથિ હોય તો ટેક જળવાય.

અર્જુન હારે જ નહિ, છતાં આભારોથી હાર્યા, અને એમને અસ્ત્રોનું સ્મરણ પણ ન થયું ('મૌસલપર્વ અ. ૮)! સર્વાન્તર્યામીના બળ વિના જય કેવો?

તેથી

°नाभिमानात्समाचरेत् । વેદવ્યાસનો મન્ત્ર છે.

(ग) સર૰ પરિક્ષિત્ને પુનર્જીવિત કરવા શ્રીકૃષ્ણે લીધેલી પ્રતિજ્ઞા. સત્ય અને ધર્મ શ્રીકૃષ્ણમાં નિરંતર પ્રતિષ્ઠિત છે. એથી એમને વિજય (૧. વિજય ૨. અર્જુન) સાથે કદી વિરોધ થાય જ નહિ. (૧૪-૬૮-૧૮ થી ૨૪)

પકડીશ.....શ્રીકૃષ્ણ અને અર્જુન અજેય છે. મારા આ વિધાનમાં જરીકે સંદેહ રાખીશ નહિ. માટે કોઈ પણ ઉપાયે અર્જુનને આહ્વાન આપીને બીજા યુદ્ધક્ષેત્રમાં ખેંચી જાઓ (બીજો મોરચો ખોલો).' (૭-૧૬-૧ થી ૧૦)

એટલે (મન્ત્રણામાં હાજર) ત્રિગર્તના સુશર્માએ અર્જુનને પડકારવાનું બીડું ઝડપ્યું[૩]. એણે અને એના સાથીઓએ કાં તો ધનંજયને મારી નાખવાની કે પોતે મરી જવાની દૃઢ પ્રતિજ્ઞા લીધી (સંશપ્તક થયા, દૃઢપ્રતિજ્ઞાધારી થયા). એમણે બારમા દિવસે અર્જુનને કુરુક્ષેત્રની દક્ષિણ દિશામાં યુદ્ધ માટે પડકાર્યા. અર્જુને પાંચાલ યોદ્ધા સત્યજીતને યુધિષ્ઠિરનું રક્ષણ ભળાવ્યું.[૪] અને સંશપ્તકો સામે લડવા દોડી ગયા. (૭-૧૬-૧૧ થી ૪૧, ૪૨ થી ૪૯)

યુદ્ધમાં ત્રિગર્ત સંશપ્તકોનો ઉત્સાહ જોઈને 'દેવકીમાતર્! આ મુમૂર્ષુ ત્રિગર્ત ભાઈઓને જુઓ. રોવાની વેળાએ એ લોકો હર્ષિત થયા છે! અથવા એમને હર્ષ પામવાનો જ સમય આવ્યો છે, કારણ કે (યુદ્ધમાં હણાવાથી) એમને અનુત્તમ ગતિ મળશે.' એમ હૃષીકેશ કૃષ્ણને કહીને અર્જુને વેગથી દેવદત્ત શંખ ફૂંક્યો (૭-૧૭-૧ થી ૧૦). યુદ્ધ શરૂ થયું....ત્રિગર્તોએ શ્રીકૃષ્ણ-અર્જુનને બાણોથી છાઇ દીધા. પરન્તુ અર્જુને ત્રિગર્તોને ભગાડ્યા. સુશર્માએ એમને ફરી વ્યવસ્થિત કર્યા. એટલે એ (સંશપ્તકો પૈકીના) નારાયણ-ગોપાલ સંશપ્તકગણો મૃત્યુ થતાં સુધી પીછેહઠ નહિ કરવાનો નિર્ધાર કરીને પાછા ફર્યા.[૫] (૭-૧૭-૧૧ થી ૩૧)

સંશપ્તકોને વ્યવસ્થિત થઈને લડવા માટે પાછા ફરેલા જોયા, એટલે અર્જુને શ્રીકૃષ્ણને સૂચના આપી : 'હૃષીકેશ! ઘોડાઓને સંશપ્તકગણો પ્રત્યે હાંકો. મને લાગે છે કે તેઓ જીવમાં જીવ હશે ત્યાં સુધી ભાગશે નહિ; પણ ક્રુદ્ધ રુદ્ર જેમ પશુઓને (જીવોને) સંહારી નાખે છે, એમ આજે હું એમને રોળી નાખીશ.' (૭-૧૮-૧ થી ૩)

એટલે શ્રીકૃષ્ણે સ્મિત કર્યું. મંગળકારી શબ્દોથી અર્જુનને ખૂબ રાજી કર્યા. અને અર્જુને જ્યાં જ્યાં કૂચ કરવાની ઇચ્છા કરી ત્યાં ત્યાં રથને લેવા માંડ્યો. શ્વેત અશ્વો જોડેલો એ

---

૩. આ સુશર્માને પ્રસ્થલાધિપતિ કહ્યો છે (૭-૧૬-૧૯). પ્રસ્થલ ત્રિગર્તોની પેટાજાતિ છે. સુશર્માના પાંચ ભાઈઓ—સત્યરથ, સત્યધર્મા, સત્યવર્મા, સત્યેષુ, સત્યકર્મા—એ પણ તેની સાથે જ સૌગન લીધેલા. બીજે સુશર્મા વાર્ધક્ષેમિ પાંચાલ મહારથી હતો અને પાંડવોના પક્ષે હતો (૫-૧૬૮-૧૬).

ત્રિગર્ત પ્રદેશ, રાવી, બીયાસ અને સતલજ એ ત્રણ નદીઓના જળથી સિંચિત હતો. ત્રણ નદી-ખાણવાળો હતો તેથી ત્રિગર્ત કહેવાતો. એમાં છ રાજ્યો હતાં. રાજ્યોના એ સંઘને પાણિનિ 'આયુધજીવી' સંઘ તરીકે નિર્દેશે છે (૫-૩-૧૧૬). સંદર્ભ : *India as known to Pāṇini* (II ed. 1963), by Dr. V. S. Agrawala, p. 54, 55 etc.). મોનિયેર વિલિયમ્સના કોશ પ્રમાણે લાહોર આજુબાજુનો વિસ્તાર. (મોનિયેર વિલિયમ્સનો સંસ્કૃત-અંગ્રેજી કોશ. પૃ. ૪૫૮)

૪. સત્યજીત દ્રુપદનો પુત્ર હતો. દ્રોણે તેનો વધ કર્યો હતો. (૭-૨૦-૧૬)

૫. આ નારાયણ ગોપાલો તે શ્રીકૃષ્ણે દુર્યોધનને મદદ તરીકે આપેલા યોદ્ધાઓ હોઈ શકે. (જુઓ ૫-૭-૧૬. જુઓ 'સહાયક શ્રીકૃષ્ણ'—ઉ. જ. સાંડેસરા, 'સ્વાધ્યાય' વસંતપંચમી અંક, ૨૦૨૪માં.) કૃતવર્માના સૈનિકો હોય એમ પણ સંભવે (જુઓ ૮-૭-૧૭). ૭-૨૬-૧૧,૧૨ જોતાં સંશપ્તકોમાં વાસુદેવની ટુકડીના ચાર હજાર સૈનિકો તો હતા જ. चत्वारि तु सहस्राणि वासुदेवस्य येऽनुगाः ॥ ૭-૨૬-૧૧ ગધ.

રથ આકાશમાં ઊડતા વિમાનની જેમ અતિશય શોભવા લાગ્યો. પૂર્વે દેવાસુરસંગ્રામમાં જેવી રીતે ઇન્દ્રનો રથ આગે-પીછે મંડલાકારે ઘૂમતો હતો એમ આ રથ પણ ઘૂમવા માંડ્યો. સામે નારાયણોએ પણ અર્જુનને ઘેરો ઘાલીને ભારે આક્રમણ કર્યું અને શ્રીકૃષ્ણ-અર્જુનને મુહૂર્ત જેટલા સમયમાં ઘેરામાં અદશ્ય કરી દીધા (દેખાતા બંધ કરી દીધા).....અર્જુને ત્વષ્ટાદેવ (વિશ્વકર્મા)નું અસ્ત્ર છોડ્યું. એનાથી પોતાના જેવાં અનેક રૂપો પ્રકટ થયાં. એટલે મોહિત થઈને સંશપ્તકો 'આ અર્જુન છે, આ ગોવિન્દ છે, આ યાદવ છે, આ પાંડવ છે' એમ બોલતા બોલતા માંહોમાંહે કપાઈ મૂઆ! (જેઓ સંશપ્તક થયા હતા તે) નારાયણો માર્યા ગયા પછી લલિત્થ, માલવ, માચેલ્લક, ત્રિગર્ત, યૌધેય સૈનિકોએ અર્જુન-શ્રીકૃષ્ણને ચોમેર ઘેરીને એવો મારો ચલાવ્યો કે અર્જુન, શ્રીકૃષ્ણ કે તેમનો રથ કંઈ દેખાતું નહોતું! અને એટલે આક્રમકો ખુશ થઈને પોતાનાં વસ્ત્રો ઉડાડતાં જોર જોરથી રાડો પાડવા લાગ્યા કે, 'બન્ને કૃષ્ણ (૧. કૃષ્ણ અર્જુન પાંડવ, ૨. કૃષ્ણ વાસુદેવ વાર્ષ્ણેય) માર્યા ગયા છે!' સ્વયં શ્રીકૃષ્ણ પરસેવાથી રેબઝેબ થઈ ગયા અને ખિન્ન થઈને અર્જુનને બોલાવવા માંડ્યા: 'પાર્થ! તું ક્યાં છે? હું તને જોઈ શકતો નથી. શત્રુહન્તા! તું જીવે તો છે ને?' (૭–૧૮–૨૧). શ્રીકૃષ્ણનો એ માનુષભાવ (પરમ પુરુષાર્થ કરવાનો ભાવ, પુરુષાર્થી) **ભાવજ્ઞ** અર્જુને સમજી લીધો. વાયવ્યાસ્ત્ર સંયોજ્યું અને શત્રુઓની બાણવૃષ્ટિને તેમ જ શત્રુઓને પણ સૂકાં પાંદડાંના ઢગલાને ઉડાડે એમ ઉડાડી મૂક્યાં! (૭–૧૮–૨૨ થી ૩૯)

[આ દરમિયાન સંગ્રામના બારમા દિવસે યુધિષ્ઠિરને જીવતા કેદ પકડવા માટે સાક્ષાત્ કૃતાન્ત યમની જેમ ઘૂમતા દ્રોણ સાથે પાંડવોને ઘનઘોર યુદ્ધ તો ચાલતું જ હતું. તેમાં પાંચાલ સત્યજિત સહિત કેટલાય મહારથીઓ માર્યા ગયા. 'દ્રોણપર્વ' અ. ૧૯ થી ૨૫ ઇત્યાદિ.]

યુદ્ધમાં રણક્ષેત્રના એક વિભાગમાં પ્રાગ્જ્યોતિષના રાજા ભગદત્તે પાંડવ સેનામાં ભંગાણ પાડ્યું. એનો અણસાર વર્તીને અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું: 'મધુસૂદન! પ્રાગ્જ્યોતિષનો રાજા ત્વરાથી આક્રમણ કરી રહ્યો લાગે છે. અવશ્ય આ તેનો જ અવાજ છે. એને આપણા બે સિવાય કોઈ હંફાવી શકે એમ નથી. માટે જ્યાં ભગદત્ત છે ત્યાં રથને શીઘ્ર હાંકો. એટલે હું એને આજે જ ઇન્દ્રના પ્રિય અતિથિ તરીકે સ્વર્ગે મોકલી આપું!' (૭-૨૬-૧ થી ૮)

એટલે જ્યાં ભગદત્ત પાંડવ લશ્કરમાં ભંગાણ પાડી રહ્યો હતો તે બાજુ શ્રીકૃષ્ણે રથ હાંકયો; પણ ત્યાં તો પાછળથી ચૌદ હજાર સંશપ્તકો–દશ હજાર ત્રિગર્તો અને ચાર હજાર વાસુદેવની ટુકડીના અનુચરો—એ અર્જુનને લડવાનું આહ્વાન કર્યું. તેથી અર્જુનના મનમાં દ્વિધા પેદા થઈ કે કોની સામે લડવું? ભંગાણ પાડતા ભગદત્ત સામે કે પડકાર કરતા સંશપ્તકો સામે? પણ છેવટે સંશપ્તકો સામે લડવાનો નિર્ણય કરીને સહસા પાછા વળ્યા. અર્જુનનો વધ કરવા માટે દુર્યોધન તથા કર્ણની આ દ્વિમુખી યોજના હતી—ભગદત્તની સામે પાંડવસેનાને રોકી રાખવી અને સંશપ્તકો દ્વારા અર્જુનને. અહીં તો સંશપ્તકોએ ફરીને ભારે આક્રમણ કર્યું. તેમનાં સેંકડો અને હજારો બાણોના જબરજસ્ત મારામાં અર્જુન, જનાર્દન શ્રીકૃષ્ણ, રથ અને ઘોડા બધું ઢંકાઈ ગયું (તથા એક વખત તો) જ્યારે શ્રીકૃષ્ણ પણ પરસેવાથી રેબઝેબ થઈને મુંઝાઈ ગયા, ત્યારે અર્જુને વજ્રાસ્ત્રથી એમાંના મોટા ભાગને મારી નાખ્યા. અર્જુનના આજના ઇન્દ્રસમા

પરાક્રમથી આશ્ચર્યથી ચકિત થઈને શ્રીકૃષ્ણે એમના હાથમાં તાળી આપીને શાબાશી દીધી![૬] અને એમ ઘણાખરા સંશપ્તકોનો સંહાર કરીને અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું: 'ભગદત્ત તરફ હાંકો'[૭] (૭-૨૬-૯ થી ૨૯)

અર્જુનનો ભગદત્ત ઉપર ધસી જવાનો મનોભાવ જાણીને શ્રીકૃષ્ણે પાર્થના મનોજવી સફેદ ઘોડાઓને દ્રોણની સેના તરફ મારી મૂકચા; પણ ત્યાં તો સંશપ્તક રાજા સુશર્માએ અર્જુનનો પીછો પકડીને આહ્વાન કર્યું. એટલે શ્વેત ઘોડાવાળા જયે (અર્જુને) અજિત શ્રીકૃષ્ણની સલાહ માગી: 'અચ્યુત! એક તરફ સુશર્મા મને આહ્વાન આપે છે. બીજી તરફ મારા લશ્કરનો ઘાણ નીકળે છે. એટલે મારું મન બે બાજુ વહેંચાઈ ગયું છે. હું સંશપ્તકોને સંહારું કે પીડાતા સ્વજનોનું રક્ષણ કરું? આ બન્નેમાં (અત્યારે) કયું વધારે ઉચિત છે, તે તમે જ બરાબર સમજો છો' (૭-૨૭-૧ થી ૫).

આ સાંભળતાં જ (ઉત્તમ સારથિ) શ્રીકૃષ્ણે (ઉત્તર નહિ આપતાં) રથને ત્રિગર્તરાજની સામે હાંકયો...યુદ્ધ દરમિયાન એણે અર્જુન ઉપર લોઢાની શક્તિ અને વાસુદેવ ઉપર તોમર ફેંકયું; પણ અર્જુને એ બન્નેના ત્રણ ત્રણ ટુકડા કરી નાખ્યા, સુશર્માને ભગાડ્યો તથા અગ્નિના જેવા અસહ્ય વેગથી આગળ ધપીને (શ્રીકૃષ્ણની રાહબરી નીચે) ભગદત્તની સેના ઉપર ગરુડના જેવી તરાપ મારીને પીંખી નાખી. ભગદત્ત-અર્જુન સામસામા આવી ગયા. ભગદત્તે શ્રીકૃષ્ણ-અર્જુન બંને ઉપર શરવર્ષા કરીને પોતાના અન્તક જેવા ભયાનક (સપ્રતીક નામના) હાથી સાથે ધસારો કર્યો. પરંતુ (કાબેલ) જનાર્દને રથને હાથીની જમણી બાજુએ હાંકયો (હાથી રથની ડાબી બાજુએ આવી ગયો). આ વખતે રણક્ષેત્રમાંથી પીછેહઠ કરતા એ મહાગજ અને તેના સવારને મારી નાખવાનો લાગ આવ્યો હતો, પણ (ક્ષાત્ર-)ધર્મનું સ્મરણ કરતા અર્જુને એમ ઇચ્છયું નહિ.[૮] છતાં ભગદત્તના હાથીએ તો હાથી-રથ-ઘોડાઓને ચગદીને મૃત્યુલોકમાં વળાવી દીધા. તેથી ધનંજય રોષે ભરાયા. (૭-૨૭-૬ થી ૩૦)

શ્રીકૃષ્ણ-અર્જુનને ભગદત્ત સામે સંગ્રામમાં ઊતરેલા જોઈને સર્વ (પ્રેક્ષક) પ્રાણીઓએ માની લીધું કે, 'આ બંને જણા મૃત્યુની સમીપમાં પહોંચી ગયા છે!' અહીં તો હાથીસવાર ભગદત્તે રથારૂઢ બંને કૃષ્ણ (શ્રીકૃષ્ણાર્જુન) ઉપર બાણોનો વરસાદ વરસાવવા માંડ્યો. એણે જોરથી છોડેલાં અગ્નિ જેવાં તીક્ષ્ણ સ્પર્શવાળાં બાણ દેવકીપુત્ર શ્રીકૃષ્ણને વીંધીને જમીનમાં

---

૬. यदा मोहमनुप्राप्तः सस्वेदश्च जनार्दनः ।
ततस्तानप्रायशः पार्थो वज्रास्त्रेण निजघ्निवान् ॥ ૭-૨૬-૨૦.
दृष्ट्वा तत्कर्म पार्थस्य वासवस्येव माधवः ।
विस्मयं परमं गत्वा तलमाहत्य पूजयत् ॥ ૭-૨૬-૨૮.

૭. ૭-૨૬-૨૮ પછીનું ક્ષેપક ૨૦૭ સર°

શ્રીકૃષ્ણ: 'પાર્થ! આજે તેં સમરભૂમિમાં જે દુષ્કર કર્મ કર્યું તેવું પરાક્રમ શક્ર, યમ કે કુબેર પણ ન કરી શકે એવું મને લાગે છે. આ યુદ્ધમાં તેં એકી સાથે સેંકડો અને હજારો સંશપ્તક મહારથીઓને ધરાશાયી કરી દીધા છે.'

૮. ભાગતા શત્રુને ન મારવો જોઈએ એવા યુદ્ધધર્મનું સ્મરણ કરીને અર્જુને ભગદત્તને ન માર્યો.

પેસી ગયાં...વળી એણે સોનાના દાંડાવાળી લોખંડની શક્તિ શ્રીકૃષ્ણ ઉપર ફેંકી. પરંતુ અર્જુને તેના બે કકડા કરી નાખ્યા...વળી પાછો ભગદત્ત ગોવિન્દ અને અર્જુન ઉપર બાણોનો ભારે મારો ચલાવ્યો, પણ અર્જુને એનું ધનુષ્ય તથા ભાથાંઓ તોડી નાખ્યાં. એટલે એણે અંકુશને વૈષ્ણવાસ્ત્રથી અભિમન્ત્રિત કરીને અર્જુનની છાતી ઉપર નિશાન તાકીને મૂક્યું. શ્રીકૃષ્ણે (ઊભા થઈને) અર્જુનને ઢાંકી દીધા અને એ સર્વઘાતક શસ્ત્રને પોતાની છાતી ઉપર ઝીલી લીધું! કેશવના વક્ષઃસ્થળ ઉપર ઝિલાતાં જ એ અસ્ત્ર વૈજયન્તીમાલા બની ગયું![૯] (૭-૨૮-૧ થી ૧૮)

શ્રીકૃષ્ણે વૈષ્ણવાસ્ત્ર ઝીલી લીધું તેથી અર્જુન ક્લાન્તમના (ખિન્ન) થઈ ગયા. કેશવને કહેવા લાગ્યા: 'જનાર્દન! પુણ્ડરીકાક્ષ! 'अयुध्यमानस्तुरगान्संयतास्मि હું લડ્યા વિના માત્ર ઘોડાઓના સારથિ થઈશ' એવું જાહેર કર્યા પછી તમે પોતાની પ્રતિજ્ઞાને પાળતા નથી! કદાચ હું આફતમાં આવી પડ્યો હોઉં, કે અસ્ત્રોનું નિવારણ કરવામાં અશક્ત હોઉં તો તમે આવી રીતે બચાવ કરો તે યોગ્ય છે; પણ જ્યારે હું બરાબર સાવધ ખડો હોઉં ત્યારે આમ કરવું બરાબર નથી. મારા હાથમાં ધનુષ્ય-બાણ હોય તો હું દેવ-અસુર-માનવ સહિત આ સમગ્ર લોકોને જીતી શકું એમ છું, તે તમે ય જાણો છો. (તો શાથી આમ કર્યું?)'[૧૦] (૭-૨૮-૧૯ થી ૨૧)

શ્રીકૃષ્ણે અર્થઘન ઉત્તર આપ્યો: 'પૃથ્વીદેવીએ પોતાના પુત્ર નરક માટે મારી પાસેથી અમોઘ વૈષ્ણવાસ્ત્ર મેળવ્યું હતું. નરકાસુર પાસેથી એ અસ્ત્ર ભગદત્તને મળ્યું. ઇન્દ્ર-રુદ્ર સહિતના લોકોમાં કોઈ પણ એવો નથી કે મારિષ! (=પ્રિય મિત્ર!) એનાથી બચી શકે. તેથી મેં તારા રક્ષણ માટે આ રીતે ઝીલી લીધું. નહિ તો નાશ કરી નાખત. પાર્થ! હવે ભગદત્ત એ પરમાસ્ત્રથી રહિત થયો છે, માટે એ મહાસુરને હણી નાખ. જેમ પૂર્વે મેં (સ્ત્રીઓના) હિત માટે (ભગદત્તના પૂર્વજ) નરકને માર્યો હતો એવી જ રીતે આ દેવદ્વેષી (સજ્જનદ્વેષી) દુર્ધર્ષ વૈરીને મારી નાખ.'[૧૧] (૭-૨૮-૨૨ થી ૩૫)

---

૯. વૈજયન્તીમાલાનું વર્ણન જુઓ દ્રોણ. ક્ષેપક ૨૧૩.

શ્રીકૃષ્ણે સર્વઘાતક વૈષ્ણવાસ્ત્રને પોતાના અભેદ્ય કવચ ઉપર ઝીલીને નિષ્ફળ બનાવ્યું, તેનું આ આલંકારિક વર્ણન છે.

૧૦. આટલી બધી અપરિમિત જણાતી તાકાત ધરાવતા અર્જુનને સારથિ શ્રીકૃષ્ણ નહોતા ત્યારે લાઠીધારી જંગલી આભીરો હંફાવી ગયા હતા. જુઓ 'મૌસલપર્વ', અ. ૮. તાકાત માત્ર શ્રીકૃષ્ણની છે. મિત્ર અને સારથિ બચાવે તો જ બચાય. તેથી શૂન્યવત્ બનાવતી નમ્રતા ધારણ કરવાની હોય.

૧૧. ભગદત્ત ઇન્દ્રસખા છે. એટલે કર્મકાંડી છે જ. પણ સાથે એ 'દેવ' અર્થાત્ વિદ્વાન સજ્જનોનો પણ દ્વેષી છે, એવો કંઈક ભાવ દેખાય છે.

(૨) પૃથ્વીને શ્રીકૃષ્ણે પોતે એટલે કે વિષ્ણુએ વૈષ્ણવાસ્ત્ર કેવી રીતે આપ્યું તેના પૌરાણિક વૃત્તાંતમાં ચતુર્મૂર્તિના સિદ્ધાંતનો આ રીતે ઉલ્લેખ છે: શ્રી ભગવાન ચાર રૂપ ધારણ કરીને જગત્નું રક્ષણ અને હિત કરે છે. એક મૂર્તિ (અવતાર, રૂપ) પૃથ્વી ઉપર (સન્તોરૂપે) તપ કરે છે, બીજું રૂપ સારું-ખોટું કરતા જગત્ને (સાક્ષી બની) જોયા કરે છે, ત્રીજું રૂપ (જીવ બની) મનુષ્યલોકમાં કર્મ કરે છે, અને ચોથું રૂપ હજારો વર્ષની (યોગ)નિદ્રામાં શયન કરે છે. આ ચોથું સ્વરૂપ હજારો વર્ષના અંતે જાગીને વરદાનને લાયક હોય એવા ભક્તોને શ્રેષ્ઠ વરદાન આપે છે (૭-૨૮-૨૨ થી ૨૬). સેમિટિક પ્રજાઓમાં પ્રચલિત કયામતના દિન સાથે આ વિચારનો અભ્યાસ થાય તો એમાંથી સમન્વયની મહત્ત્વની કડી મળી શકે એમ લાગે છે.

એટલે મહામના મહાબાહુ અસંભ્રાન્ત અર્જુને ભગદત્ત ઉપર સહસા આક્રમણ કર્યું અને 'ઇન્દ્રપુત્ર' અર્જુને 'ઇન્દ્રસખા' ભગદત્તને મારી નાખ્યો; તથા બળવાન વાયુ (વાવાઝોડું) જેમ વૃક્ષોને ભાંગી નાખે એમ બીજા યોદ્ધાઓને ભાંગી નાખવા લાગ્યા. (૭-૨૮-૩૩થી ૪૪)

પછી ગાન્ધાર યોદ્ધાઓ લડવા આવ્યા. શકુનિએ શ્રીકૃષ્ણ-અર્જુનને મૂંઝવવા માયાયુદ્ધ (કપટ કે ચાતુરીવાળું યુદ્ધ) કરવા માંડ્યું. તેમ છતાં અર્જુને એ સર્વને વેરવિખેર કરીને તગડી મૂક્યા. ('દ્રોણપર્વ' અ. ૨૯)

અને આવી રીતે ઘમસાણસંકુલ યુદ્ધોમાં બારમો દિવસ પૂરો થયો ('દ્રોણપર્વ', અ. ૩૦, ૩૧).

તેરમા દિવસે પ્રભાતે દુર્યોધન દ્રોણ પાસે ગયો. (તથા જેમ ભીષ્મને કડવાં વચનોથી અપમાનતો એમ) દ્રોણને તેઓ પાંડવો સામે મન મૂકીને લડતા નથી, તે માટે તીખાં કટાક્ષવચનો સંભળાવ્યાં. દ્રોણને માઠું લાગ્યું. બોલ્યા : 'અર્જુનના રક્ષણ તળે રહેલાને કોઈ જીતી શકે નહિ. તેમાં ય જ્યાં વિશ્વસ્રષ્ટા ગોવિન્દ અને પૃતનારિ (સૈન્યોનો સામનો કરનાર) અર્જુન હોય, ત્યાં પ્રભુ ત્ર્યંબક સિવાય કોનું બળ ચાલી શકે?[૧૨] છતાં ય હું અભેદ્ય વ્યૂહરચના કરીને પાંડવોના કોઈ એકાદ મહારથીને આજે અવશ્ય પાડીશ; પણ તે સારુ અર્જુનને કોઈ પણ ઉપાયે (યોગેન) રણક્ષેત્રમાંથી દૂર લઈ જાઓ, કારણ કે તેણે **જ્યાંથી મળે ત્યાંથી**, સર્વ સ્થળેથી યુદ્ધ અંગેનું બધું જ્ઞાન પ્રાપ્ત કરેલું છે'...એટલે આજે સંશપ્તકો અર્જુનને પુનઃ આહ્વાન આપીને રણક્ષેત્રની દક્ષિણ દિશામાં લડવા ખેંચી ગયા અને દ્રોણે દુર્ભેદ્ય ચક્રવ્યૂહ રચ્યો ('દ્રોણપર્વ', અ. ૩૨, ૩૩).

પાંડવોએ ચક્રવ્યૂહ ભેદવા આક્રમણ કર્યું, પણ આ દુર્ભેદ્ય વ્યૂહને કોણ ભેદી શકે? અર્જુન, શ્રીકૃષ્ણ, પ્રદ્યુમ્ન કે અભિમન્યુ. પાંચમો કોઈ નહિ. (અર્જુન–શ્રીકૃષ્ણ સંશપ્તકો સામે રોકાયેલા હતા. પ્રદ્યુમ્ન દ્વારકામાં. રણભૂમિ ઉપર કેવળ યુવાન અભિમન્યુ હાજર હતો.) શ્રીકૃષ્ણ અને પાંડવોના (માતા-પિતા બંને પક્ષના) સર્વ સદ્‌ગુણોથી સંપન્ન તથા શ્રીકૃષ્ણ–અર્જુનથી ઊતરે નહિ એવા અભિમન્યુને,[૧૩] ઊંડી વિચારણાને અંતે યુધિષ્ઠિરે ચક્રવ્યૂહ ભેદી નાખવાનો

---

૧૨. विश्वस्रग्यत्र गोविन्दः पृतनारिस्तथार्जुनः ।
तस्य कस्य बलं क्रामेदन्यत्र त्र्यम्बकात्प्रभोः ॥ ૭-૩૨-૧૧.

૧૩. (૧) અભિમન્યુના મૃત્યુનો શોક કરતા ધૃતરાષ્ટ્રે વર્ણવેલા એના ગુણ : 'શ્રીકૃષ્ણમાં જે વિશાળ ગુણસમૂહ છે, અને પાંડવોમાં જે ગુણ છે, ખરેખર તે બધા ગુણભંડાર અભિમન્યુમાં એકઠા રહેલા દેખાય છે. એ ધૈર્યમાં યુધિષ્ઠિર જેવો, આચરણમાં શ્રીકૃષ્ણ જેવો, કર્મમાં ભીમકર્મા ભીમસેન જેવો, રૂપ પરાક્રમ અને વિદ્વત્તામાં અર્જુન જેવો અને વિનયમાં સહદેવ-નકુલ જેવો છે.' ૭-૩૩-૮ થી ૧૦.

આ સૌનો ગુણસમૂહ વર્ણવતાં ધૃતરાષ્ટ્રે કહેલું : 'ઉગ્રપરાક્રમી અને પરાક્રમી જ પરિશ્રમને વ્યક્ત કરનારા શ્રીકૃષ્ણ સહિત પાંડવો દેવોને ય ભારે પડે એવા છે. સત્ય, કર્મ, અન્વય (૧. કાર્યકારણભાવના નિયમમાં સ્થિતિ, ૨. વંશ), બુદ્ધિ, પ્રકૃતિ (૧. સ્વભાવ, ૨. સલાહકારો), યશ અને શ્રીમાં **શ્રીકૃષ્ણની તોલે આવે એવો ગુણશાળી કોઈ પુરુષ થયો નથી અને થશે પણ નહિ.** વિપ્રપૂજા વગેરે ગુણવાળો, દાતા અને સત્યધર્મપરાયણ રાજા યુધિષ્ઠિર (તેને લીધે) સદેહે સ્વર્ગમાં જ રહે છે (માનસિક

આદેશ આપ્યો (૭-૩૪-૧ થી ૧૭). અભિમન્યુને અર્જુને ચક્રવ્યૂહ ભેદવાનું શીખવેલું પરંતુ તેમાંથી (સહીસલામત) બહાર નીકળી જવાનું (સમયના અભાવે?) શીખવેલું નહિ. તે છતાં યુધિષ્ઠિર અને ભીમની પ્રેરણાથી એણે આ અસહ્ય બોજો ઉપાડ્યો અને બોલ્યો: 'ભડભડતી આગમાં ઝંપલાવતા પતંગિયાની જેમ હું આજે દ્રોણની દુરાસદ સેના ઉપર રોષભેર ત્રાટકીશ, અને એવું તો પરાક્રમ કરીશ કે મારા મામા શ્રીકૃષ્ણ અને પિતા અર્જુન પ્રસન્ન થશે અને યાદવ તથા પાંડવ, બંને વંશનું હિત થશે. આજના સંગ્રામમાં (મારા જેવો) એક શિશુ શત્રુઓનાં સૈન્યોને ટોળાંબંધ (અવ્યવસ્થિત કરીને) હાંકી મૂકશે, તેને આજે જ પ્રાણીઓ (આશ્ચર્યથી) જોઈ રહેશે.'[૧૪] (૭-૩૪-૧૯ થી ૨૧, ૨૨, ૨૩, ૨૪ થી ૨૬)

અને એણે સારથિ સુમિત્રને દ્રોણના લશ્કર ઉપર ચડાઈ કરવા હુકમ કર્યો. શાણા સારથિએ સલાહ આપી: 'આયુષ્મન્! પાંડવોએ તમારા ઉપર અત્યંત ભારે બોજો મૂક્યો છે, માટે બરાબર વિચાર કરીને આક્રમણ કરો તો ઠીક. દ્રોણાચાર્ય તાલીમબદ્ધ અને ઉત્તમ અસ્ત્રોના નિષ્ણાત છે, જ્યારે તમે યુદ્ધવિશારદ તો છો' પણ અત્યંત સુખમાં ઊછર્યા છો!' (૭-૩૫-૧ થી ૪)

સ્વસ્થતામાં રહે છે). પ્રલયકાળનો અન્તક, વીર્યવાન જમદગ્ન્ય પરશુરામ અને રણમાં ઊભેલો ભીમ ત્રણે સરખા કહેવાય છે. **પ્રતિજ્ઞાપાલન અને પરાક્રમમાં દક્ષ** ગાંડીવધન્વા અર્જુનની તો મને જગત્માં ઉપમા જ જડતી નથી. વડીલો ઉપર અત્યન્ત વાત્સલ્ય, નૈભૃત્ય (કરેલી સેવાનું ગોપન), વિનય, સંયમ, અમતિમ રૂપ અને શૌર્ય—આ છ ગુણો નકુલમાં નિયત છે. શ્રુત, ગામ્ભીર્ય, માધુર્ય, સત્ત્વ, વીર્ય અને પરાક્રમમાં વીર સહદેવ ખરેખર અશ્વિનીકુમાર દેવો જેવો છે. ૭-૩૩-૧ થી ૭.

(૨) જુઓ, 'જે બાળક છતાં સમરભૂમિમાં અર્જુન, કેશવ અને બલદેવના સમાન છે, તે દુર્ધર્ષ યુદ્ધવિશારદ અભિમન્યુ, સૈનિકોનો ઘાણ કાઢીને...માર્યો ગયો છે': ૮-૪-૬૨ થી ૬૪. વળી જુઓ ૧૧-૨૦-૧ થી, ૯, ૧૦ થી.

(૩) અભિમન્યુવધનો શ્રીકૃષ્ણપ્રોક્ત વૃત્તાન્ત જુઓ આશ્વ., અ. ૬૦.

૧૪. (૧) મહાભારતના યુદ્ધ વખતે અભિમન્યુની ઉંમર સોળ વર્ષની હતી એવી માન્યતા છે. ('આદિપર્વ' ક્ષેપક પરિશિષ્ટ ૧-૪૨; તેમ જ જનસમૂહમાં પ્રચલિત માન્યતાઓ હતી.) સંદર્ભો જોતાં અભિમન્યુ તેત્રીસ-ચોત્રીસ વર્ષનો તરવરતો યુવાન છે. બીજા પીઢ અને વૃદ્ધ મહારથી સેનાનીઓની (કૌરવ અને પાંડવ બન્નેના) સરખામણીમાં એ 'શિશુ' જ ગણાય; અને પાંડવોની સેનાનું સરસેનાપતિપદ સંભાળતાં આ 'શિશુ'પણું ખાસ તરી આવે છે.

ખાંડવદાહથી મહાયુદ્ધ સુધી તેત્રીસ વર્ષ પૂરાં થયાં છે અને અભિમન્યુનો જન્મ ખાંડવદાહ પૂર્વે થયો હતો.

મહાભારત અનુસાર સોમપુત્ર સુવર્ચા અભિમન્યુરૂપે અવતર્યો હતો (૧-૬૧-૮૬). કેટલેક ઠેકાણે પ્રચલિત માન્યતા અનુસાર કોઈ અસુરનો અવતાર નહોતો.

(૨) તા. ૧૩-૪-૧૯૬૮ના 'આકાશવાણી' ના રાતના ૮-૦૦ વાગ્યાના ગુજરાતી સમાચારમાં 'આમરબૈઝાનમાં ૬૦૦૦ માણસ ૧૧૦ વર્ષની ઉંમરનાં અને એક માણસ ૧૭૩ વર્ષનો છે' એમ હતું. આવો દીર્ઘજીવી સમાજ હોય ત્યાં ૩૩ વર્ષનો યુવાન બાળક ગણાય જ.

પરંતુ નામ પ્રમાણે જ ગુણવાળો, નિર્ભય અને સાહસિક હોઈ અરિમર્દન અભિમન્યુ[૧૫] હસીને સારથિની વાત તોડી પાડતાં બોલ્યો : 'સારથિ! આ દ્રોણ અથવા ક્ષત્રિયો કોણ છે? હું દેવગણો સહિત ઐરાવતારૂઢ ઇન્દ્ર સામે લડું તો આજે ક્ષત્રિયો સામે સંગ્રામ કરું એમાં શું આશ્ચર્ય છે? શત્રુસેના મારી સોળમી કળાને પણ લાયક નથી. સારથિ! મારા મામા જગજ્જેતા વિષ્ણુ (શ્રીકૃષ્ણ) અથવા પિતાજી અર્જુન પણ કદાચિત્ યુદ્ધમાં સામે આવી જાય, તો પણ મને ભય લાગે નહિ. માટે રથને સત્વર હાંકવા માંડ!' (૭-૩૫-૬ થી ૮)

પછી તો અર્જુન કરતાં પણ ચઢિયતો (લાગતો) અને કર્ણિકાર વૃક્ષની ધ્વજાવાળો અર્જુન-પુત્ર અભિમન્યુ, જેમ સિંહબાળ હાથીના ટોળાને ભેદી નાખે એમ ચક્રવ્યૂહ ભેદીને એમાં પ્રવેશ્યો... અત્યંત ઉગ્ર પરાક્રમ કરવા માંડ્યું. ('દ્રોણપર્વ' ૩૫-૯ થી, અ ૩૭-૧ થી ૧૪; આદિ ૧-૧૩૨). એણે શ્રીકૃષ્ણ અને ધનંજય પાસેથી જે જે શસ્ત્રો (તથા તેનું જ્ઞાન) મેળવ્યાં હતાં તેને તેને, એ તેઓ બન્નેની જેમ જ વાપરતો હતો (૭-૩૭-૧૫). અને એણે ગોળાકાર ફરતી આગની જેમ (अलातचक्रवत्) ચોમેર ઘૂમીને કૌરવસેનાને ધ્રુજાવી દીધી (૭-૩૮-૩ થી ૮). એના પરાક્રમથી આચાર્ય દ્રોણ પ્રસન્ન-પ્રસન્ન થઈ ગયા, પરંતુ દુર્યોધન ખિન્નયો. ત્યારે દુઃશાસને એને મારી નાખવાનું માથે લઈ દુર્યોધનને કહ્યું : 'હું અભિમન્યુનો વધ કરીશ. એ મરતાં અતિ અભિમાની શ્રીકૃષ્ણ-અર્જુન પણ જીવલોકમાંથી પ્રેતલોકમાં જ ચાલ્યા જશે, અને પછી કાયર પાંડવો તો સહૃદ્વર્ગસહિત એક જ દિવસમાં પ્રાણત્યાગ કરી દેશે....' અને અભિમન્યુની સામે ધસી ગયો. (૭-૩૮-૨૧ થી ૩૦)

પરન્તુ શત્રુવીરઘ્ન અભિમન્યુએ એને હરાવ્યો. કર્ણને ય હરાવ્યો. પરન્તુ જયદ્રથે ભગવાન શંકરની આરાધનાના પ્રતાપે અભિમન્યુની પાછળ વ્યવસ્થિત વ્યૂહમાં આગળ ધપતા બધા પાંડવ મહારથીઓને અટકાવી રાખ્યા.[૧૬] અભિમન્યુ અટૂલો પડી ગયો. તે છતાં તેણે વસાતીય (વસાતિ જનપદના) રાજાને મારી નાખ્યો. દુર્યોધનને ભગાડ્યો. સંખ્યાબંધ કૌરવ મહારથીઓને પાછા હઠાવીને દુર્યોધનપુત્ર લક્ષ્મણનો તથા બીજા અનેકનો વધ કર્યો. કૌરવોના છ મહારથીઓ—દ્રોણ, કૃપ, કર્ણ, અશ્વત્થામા, બૃહદ્બલ અને કૃતવર્મા—એ તેના ઉપર સામટો હુમલો કર્યો. તેમાંથી કોસલના બૃહદ્બલને તથા અનેક ઉત્તમ યોદ્ધાઓને એણે વીણીવીણીને હણવા માંડ્યા. ત્યારે

---

૧૫. સર૰

अमीश्च मन्युमांश्चैव ततस्तमरिमर्दनम् ।
अभिमन्युमिति प्राहुरार्जुनिं पुरुषर्षभम् ॥ १-२१३-६०.

એ નિર્ભય અને મન્યુમાન (સાહસિક, ઊર્જસ્વી) હતો તેથી અર્જુનપુત્ર અરિમર્દક પુરુષશ્રેષ્ઠનું અભિમન્યુ નામ પાડ્યું.

૧૬. પાંડવોના વનવાસ દરમ્યાન જયદ્રથે દ્રૌપદીનું હરણ કરેલું અને ભીમસેને તેને હરાવી અપમાનેલો. તેનો બદલો લેવા એણે ૐકારનો જપ કરી દેવ શર્વ (પ્રલયકાળે પ્રાણીઓનો ખાણથી સંહાર કરનાર દેવ શંકર)ની આરાધના કરી સ્વપ્નમાં વરદાન મેળવેલું કે : અર્જુન સિવાયના ચારે પાંડવોને જયદ્રથ યુદ્ધમાં રોકી શકે. (૭-૪૧-૧૧ થી ૨૦; તથા 'આરણ્યકપર્વ' ૨૫-૨૪ થી ૩૦; અને 'આરણ્યકપર્વ'નાં ક્ષેપક ૧૨૨૪ થી ૧૨૨૮. પ્રસંગ માટે જુઓ 'સુહૃદ્ શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય', સં. ૨૦૨૩ જન્માષ્ટમી અંક).

(તદ્દન અધર્મયુદ્ધ કરીને 'ધર્મિષ્ઠ') દ્રોણે છ મહારથીઓને (બૃહદ્બલ માર્યો જતાં શલ્યે તેની જગ્યા લીધી જણાય છે.) એકસામટો હલ્લો કરવાનો અને કર્ણને પાછળથી ઘા કરવાનો(पश्चात्प्रहरणां कुरु ૭-૪૭-૨૯) આદેશ આપી, અભિમન્યુને સંપૂર્ણ નિઃશસ્ત્ર કરી દીધો. સંપૂર્ણ નિઃશસ્ત્ર થયો તે છતાં એને રથનું ચક્ર (પૈડું) ઉઠાવ્યું. અને (રથ)ચક્રની રેણુથી સુશોભિત કાન્તિવાળો, વિદ્યુત્ જેવો મહાપ્રતાપી ચક્રપાણિ અભિમન્યુ વાસુભદ્ર (શ્રીકૃષ્ણ)નું અનુકરણ કરતો હોય એમ દ્રોણ ઉપર ધસી ગયો ('દ્રોણપર્વ', અ. ૩૯ થી ૪૭).

વિષ્ણુ (સર્વત્ર ગતિશીલ) શ્રીકૃષ્ણનો ભાણેજ, વિષ્ણુના આયુધ(ચક્ર)થી સુશોભિત; અતિરથી અભિમન્યુ બીજા જનાર્દનની જેમ દેદીપ્યમાન જણાતો હતો. પરંતુ ચક્ર કપાઈ ગયું. ત્યારે એણે (રણક્ષેત્રમાં પડેલી કોઈની) મહાગદા લીધી. અનેકને પાડ્યા. છેવટે એકલવીર અભિમન્યુ દુઃશાસનના પુત્રની ગદાથી માર્યો ગયો.[૧૭] અન્તરિક્ષમાં રહેલાં ભૂતોએ ઉચ્ચ સ્વરે આ અધર્મની નિન્દા કરી :[૧૮] 'દ્રોણ-કર્ણ વગેરે છ મહારથીઓએ પાડેલો આ એકલવીર સૂતો છે. આને અમે ધર્મ માનતા જ નથી. एकोऽयं निहतः शेते नैष धर्मो मतो हि नः ॥' ૭-૪૮-૨૧ ગદ્ય ...અને શ્રીકૃષ્ણ-અર્જુન સમાન પરાક્રમી અભિમન્યુ આવી રીતે દશ હજાર યોદ્ધાઓ અને મહારથી બૃહદ્બલને મારીને (તથા દુર્ભેદ્ય ચક્રવ્યૂહને ભેદીને) સ્વર્ગે સંચર્યો (૭-૪૮-૧ થી ૩૮).

સાયંકાળે બંને સૈન્યો પાછાં ફર્યાં ત્યારે પાંડવો ગ્લાનિભર્યા અને બેભાન જેવા હતા (૭-૪૮-૩૯ થી).

(શિબિરમાં આવીને) યુધિષ્ઠિર ગાયોના ટોળામાં ઘૂસેલા કેસરી સિંહ જેવા અભિમન્યુનો વિલાપ કરવા લાગ્યા. સુભદ્રા તથા શ્રીકૃષ્ણ-અર્જુનને શું મોં બતાવીશ તેનો બળાપો કરીને પોતાની અને પોતાના (રાજ્ય–)લોભની નિન્દા કરી : '...શ્રીકૃષ્ણાર્જુનને અભિમન્યુનું મૃત્યુ શી રીતે કહેવાશે ? અરે, પ્રિય ઇચ્છનારા અને જયની ઇચ્છાવાળા મેં શ્રીકૃષ્ણ-અર્જુન-સુભદ્રાનું અપ્રિય કર્યું છે. મધનો લોભી પ્રપાતને (ખીણને) ન જુએ તેમ લોભિયો દોષોને જોતો નથી. જેને ખાવા-પીવા, હરવા-ફરવા અને પહેરવામાં આગળ ધરવો જોઈએ એ યુવાનીમાં પ્રવેશતા અભિમન્યુને યુદ્ધમાં આગળ ધર્યો !...અપ્રતિમ વીર્ય-પૌરુષવાળા અભિમન્યુને માર્યો ગયેલો

---

૧૭. યુદ્ધ દરમિયાન અભિમન્યુએ ગાન્ધાર સુબલના પુત્રને હરાવ્યો એવો નિર્દેશ છે. એનો 'કાલકેય' (પાઠાન્તર 'કાલિકેય') તરીકે નિર્દેશ છે. 'કાલકેય' એ અસુર જાતિ હતી અને અર્જુને એમને માર્યા (૭-૪૯-૧૬; ૧૦૩-૩૯ ઇત્યાદિ). સુબલનો આ પુત્ર, શકુનિ અથવા તેનો ભાઈ હોઈ શકે. સુબલને બીજા અચલ અને વૃષક નામના બે પુત્રો હતા. આ લોકોનો 'કાલકેય' અસુર તરીકેનો નિર્દેશ મહત્ત્વનો છે.

૧૮. 'અન્તરિક્ષમાં' રહેલાં પ્રાણીઓ (૭-૪૮-૨૦), એ રણક્ષેત્રની નજીકમાં કોઈ ઊંચી જગ્યાએ ઊભેલા પ્રેક્ષકો અને સૂત-માગધોને ઉદ્દેશીને હોય એમ લાગે છે. ઢાલ-તરવાર લઈને 'અંતરિક્ષ માં' ઘૂમતો અભિમન્યુ ઢાલ-તરવાર કપાઈ જતાં 'પુનઃ ભૂમિ પર આવ્યો' (૭-૪૭-૩૮) એવો નિર્દેશ આ અર્થને પુષ્ટ કરે છે.

નિહાળીને મને જય, રાજ્ય, અમરત્વ કે દેવોનો સહવાસ પણ ગમતો નથી !'[૧૯] ('દ્રોણપર્વ' અ. ૪૯)

સાંજે સંશપ્તકોનો સંહાર કરી પાછાં ફરતાં અર્જુનને અકારણ ગભરામણ થઈ. એમણે શ્રીકૃષ્ણને પૂછ્યું : 'વડીલ યુધિષ્ઠિર ક્ષેમકુશળ તો હશે ને ? (પકડાયા તો નહિ હોય ?)' (૭-૫૦-૧ થી ૬)

શ્રીકૃષ્ણે કહ્યું : 'તારા ભાઈ અમાત્યો સહિત કુશળ હશે એ ચોક્કસ છે. માટે શોક ન કર. કંઈક બીજું અનિષ્ટ થયું હશે.'[૨૦] (૭-૫૦-૭)

પછી (માર્ગમાં) સાયંસંધ્યાની ઉપાસના કરી બન્ને વીરો, સંશપ્તકવધનું સુદુષ્કર કર્મ પાર પાડ્યું તેની ચર્ચા કરતા છાવણીમાં આવ્યા. છાવણી નિસ્તેજ અને નિરાનન્દ-શોકછાયી હતી. આથી અર્જુન અસ્વસ્થ બન્યા અને શ્રીકૃષ્ણને આનું કારણ પૂછવા લાગ્યા : 'માધવ ! મારા ભાઈઓ કુશળ તો હશેને ?..આજે તો સૌભદ્ર અભિમન્યુ પણ ભાઈઓની સાથે મારી સામે ઉત્સાહભેર હસતા મુખે આવતો નથી !' (૭-૫૦-૮ થી ૧૬)

વાતો કરતાં કરતાં બંને તંબુમાં આવ્યા. અર્જુનને અભિમન્યુના નિધનનો અણસાર આવ્યો. એમણે પર્વત પ્રદેશમાં જન્મેલા સિંહ જેવા, લાલચોળ નેત્રોવાળા, મહાબાહુ, ઉપેન્દ્ર-સમાન, પરાક્રમ વિદ્વતા અને મહત્તામાં મહાત્મા કેશવની તોલે આવે એવા અને સુભદ્રા દ્રૌપદી તથા કેશવના લાડકા અભિમન્યુના મૃત્યુની આશંકા વ્યક્ત કરી...યુધિષ્ઠિરને પૂછ્યું કે, 'શત્રુ-ઓનો સંહાર કરતાં કરતાં જ એ સ્વર્ગે સંચર્યો છે ને ?' વળી અર્જુનને વિચાર્યું કે, 'અનેક ક્રૂર મહારથીઓની સામે લડતાં લડતાં મારા પુત્રે અસહાય થઈને મદદ માટે મને પોકાર્યો હશે. પણ ના, ના. મારો અને સુભદ્રા(જેવી વીર માતા)નો પુત્ર તથા માધવનો ભાણેજ એવું બોલે જ નહિ...આ યુવાન, મહાધનુર્ધર, વાસુદેવના ભાણેજ અને મારા પુત્ર ઉપર ક્રૂર કૌરવોએ (અધર્મથી) શી રીતે મર્મભેદી બાણ છોડ્યાં હશે ?...લડાઈ દરમિયાન મેં હર્ષોન્મત્ત કૌરવોનો સિંહનાદ સાંભળ્યો હતો. શ્રીકૃષ્ણે પણ યુયુત્સુને કૌરવોનો તિરસ્કાર કરતો સાંભળ્યો હતો કે, 'મહારથીઓ ! ભીભત્સુ અર્જુનને પહોંચી શકતા નથી અને બાળકને હણીને શું હોંકારા પડકારા કરો છો ? અધર્મજ્ઞો ! હવે પાર્થ અર્જુનનું બળ જોઈ લેજો. કેશવ-અર્જુનનું વિપ્રિય કરીને તમે આમ સિંહની પેઠે શું ગર્જો છો ? આ તો તમારે શોક કરવાનો વખત આવ્યો છે. તમારા પાપી

---

૧૯. અહીંથી ક્ષેપક પરિશિષ્ટ ૧-૮માં લંબાણથી મૃત્યુની ઉત્પત્તિકથા તથા ષોડશરાજકીય (સોળ રાજાઓની કથા) છે. તે પૈકીનું ષોડશરાજકીય 'શાન્તિપર્વ' અ. ૨૯ થી ૩૧માં ફેરફાર સાથે છે. આ કથાઓનો ઉદ્દેશ પ્રિયજનના આઘાતજનક મૃત્યુ પછી અસરકારક સાન્ત્વન આપવાનો છે.

૨૦. व्यक्तं शिवं तव भ्रातुः सामात्यस्य भविष्यति ।
मा शुचः किंचिदेवान्यत्तत्रानिष्टं भविष्यति ॥ ૭-૫૦-૭.

સર૰ ગીતામાં અર્જુનને આશ્વાસતાં કહેલ વચન : (૧) ૧૬-૫ (૬-૩૮-૫) 'શોક ન કર. તું દૈવી સંપત્તિમાં જન્મ્યો છે.' (૨) ૧૮-૬૬ (૬-૪૦-૬૬) 'શોક ન કર. હું તને સર્વ પાપોમાંથી મુક્ત કરીશ.'

જુઓ નીચે નોંધ ૨૩, ૭-૫૦-૬૭માં સંગ્રામમાં વીરમૃત્યુને વરનારનો શોક ન કરવા કહે છે તે.

કર્મનું ફળ તરત મળશે. તમે તીવ્ર અધર્મ કર્યો છે તો તેનું ફળ શાથી મોડું મળે ?...'(હવે શ્રીકૃષ્ણ સામે જોઈને) ' કૃષ્ણ ! આ વાત તમે મને શાથી રણભૂમિમાં ન કહી (પણ હમણાં કહી) ? નહિ તો એ સર્વ ક્રૂર મહારથીઓને એ વખતે જ બાળી મૂકત! ' (૭-૫૦-૧૭ થી ૬૦)

પુત્રમૃત્યુના તીવ્ર શોકમાં ગરકાવ થઈને વિલાપ કરતા અર્જુનને વાસુદેવે છાના-રાખીને કહ્યું : ' આમ ન વર્ત.[૨૧] પાછી પાની નહિ કરનારા શૂરવીરોનો, તેમાં ય ખાસ કરીને જેમની યુદ્ધથી જ આજીવિકા છે તેવા ક્ષત્રિયોનો આ જ માર્ગ છે. (સદ્)ગતિમાનોમાં શ્રેષ્ઠ ! પીછેહઠ નહિ કરનારા યુદ્ધ કરતા શૂરાઓ માટે ધર્મશાસ્ત્રજ્ઞોએ આ જ ગતિ કહી છે, કારણ કે પાછી પાની નહિ કરનારા શૂરાઓનું મરણ અવશ્ય યુદ્ધમાં જ થાય છે. અભિમન્યુ પુણ્યકર્મીઓના લોકોમાં ગયો છે એમાં શંકા જ નથી. માનદ ! ' સંગ્રામમાં સામે મોઢે જ મૃત્યુને વરીએ ' એવી સૌ વીરોની આકાંક્ષા હોય છે.[૨૨] તેમાં ય આ અભિમન્યુ તો મહાબલી રાજપુત્ર વીરોને

---

૨૧. एवं विलप्य बहुधा भिन्नपोतो वणिग्यथा ॥ ૭-૫૦-૪૪ ઉત્તર.

*

निगृह्य वासुदेवस्तं पुत्राधिभिरभिप्लुतम् ।
मैवमित्यब्रवीत्कृष्णस्तीव्रशोकसमन्वितम् ॥ ૭-૫૦-૬૧.

૨૨. ध्रुवं युद्धे हि मरणं शूराणामनिवर्तिनाम् ।
गतः पुण्यकृतां लोकानभिमन्युर्न संशयः ॥ ૭-૫૦-૬૪.

एतच्च सर्ववीराणां काङ्क्षितं भरतर्षभ ।
संग्रामेऽभिमुखा मृत्युं प्राप्नुयामेति मानद ॥ ૭-૫૦-૬૫.

સર° બ્રિટિશ ધૂંસરીમાંથી મુક્ત થતા ભારતમાં ફાટી નીકળેલી ઘોર આંતરિક હિંસાના તાંડવ વેળાએ, એ હિંસા સામે લડવા નીકળેલા, પાછી પાની નહિ કરનારા મહાત્મા ગાંધીનાં અનેક વીરવચનોમાંનાં કેટલાંક : (૧)...જો હું રોગથી મરું તો હું દંભી અને રાવણ જેવો રાક્ષસ આ પૃથ્વી પર હતો એમ માનજો. પણ જો રામનામનું રટણ કરતો જાઉં, તો જ સાચો બ્રહ્મચારી, સાચો મહાત્મા.—' એકલો જાને રે ', તા. ૩૦-૧-'૪૭, પૃ. ૧૦૮. (૨) અહીંયાં મામલો કઠણ છે. સત્ય ગોત્યું જડતું નથી. અહિંસાને નામે હિંસા થાય છે. ધર્મને નામે અધર્મ થાય છે. સત્ય અહિંસાની પરીક્ષા તો એની વચ્ચે જ થાય ને ? એ સમજું છું, જાણું છું, તેથી જ અહીં પડ્યો છું. અહીંથી (અર્થાત્ નોઆખાલીથી) મને બોલાવશો મા. કાયર થઈને ભાગું તો મારાં નસીબ. હિંદુસ્તાનમાં હજુ સુધી એવાં લક્ષણ ભાળતો નથી. માટે તો અહીં કરવું છે અથવા અહીં મરવું છે.—' એકલો જાને રે ', તા. ૨૨-૧૨-'૪૬, પૃ. ૧૯. (૩)...A Satyagrahi lays down his life, but never gives up. That is the meaning of the ' Do or Die ' slogan. That slogan does not mean ' Kill or be Killed '. That would be wilful distoration and a travesty of its true meaning. The truemeaning is that we must do our duty and a die in course of performing it if necessary. To die without killing is the badge of a Satyagrahi.....'

—' *Non-violence in Peace & War* ', Vol. II, p. 109 (From ' Harijan ', 21-7-1946).

ઉપર પૈકી ત્રીજું અવતરણ મ. ભા.ના મહાકવિએ શ્રીકૃષ્ણનાં વચન નોંધ્યાં તે પછી ગાંધીજીએ બહાદુરીવિજ્ઞાનની શોધ આગળ ચલાવી તે દર્શાવે છે.

હણીને રણમોખરે વીરાકાંક્ષિત મૃત્યુને વર્યો છે. પ્રાચીન ધર્મશાસ્ત્રકારોએ ક્ષત્રિયોનો આ સનાતન ધર્મ નિર્ણ્યો છે કે, 'યુદ્ધમાં ખપી જવું', માટે પુરુષવ્યાઘ્ર! मा शुचः, શોક ન કર.[૨૩] ભરત-સત્તમ! તું શોકાકુલ થઈ ગયો છે, એટલે તારા આ સૌ ભાઈઓ, રાજાઓ અને સુહૃદો પણ દીન થઈ ગયા છે. માટે માનદ! એ સૌને શાન્ત વાણીથી ધીરજ આપ. તું જાણવાનું બધું જાણે છે, તેથી તને શોક કરવો છાજતો નથી.

विदितं वेदितव्यं ते न शोकं कर्तुमर्हसि ॥

[૭-૫૦-૬૧થી ૬૯; ૬૯ ગદ્ય સાથે સર૰ ગીતાનો શ્લોક :

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचन्तिः पण्डिता ॥ ગીતા ૨-૧૧; ૬-૨૪-૧૧]

અદ્‌ભુત કર્મ કરનારા શ્રીકૃષ્ણે એમ આશ્વાસન આપ્યું એટલે અર્જુને ગળગળા થઈ ગયેલા ભાઈઓને, કયા સંયોગોમાં અભિમન્યુ માર્યો ગયો તે પૂછ્યું. પૂછપરછ કરતાં કરતાં તો એ ગુસ્સે થઈ ગયા અને ઉપાલમ્ભ આપી દીધો : 'તમારા સૌના દેખતાં અભિમન્યુ રોળાયો તેથી લાગે છે કે તમારાં કવચ, શસ્ત્ર અને આયુધો તો કેવળ શોભાનાં જ હશે! અને વાણી તો સભાઓ ગજવવા માટે જ હશે!' (૫-૫૦-૭૦ થી ૭૮)

અત્યારે ક્રોધથી ઊકળતા અર્જુન સામે શ્રીકૃષ્ણ અથવા યુધિષ્ઠિર સિવાય બીજું કોઈ પણ મીટ માંડી શકતું નહોતું, કે બોલી ય શકતું નહોતું. કારણ કે શ્રીકૃષ્ણ અને યુધિષ્ઠિર સર્વ અવસ્થામાં અર્જુનના હિતકર્તા અને તેમના મનને સંતોષ આપનાર હતા. તેથી બહુમાન અને પ્રેમને લીધે તે બંને તેમને કહી શકતા હતા[૨૪] (૭-૫૦-૭૯ થી ૮૪). તેથી યુધિષ્ઠિરે, છ મહા-રથીઓએ ભેગા મળીને અભિમન્યુને કેવી રીતે માર્યો, અને કેવું ભારે પરાક્રમ કરીને પરમ ધર્માત્મા અભિમન્યુ સ્વર્ગે સંચર્યો તેનો સંક્ષેપમાં વૃત્તાંત કહી સંભળાવ્યો (૭-૫૧-૧ થી ૧૫).

વૃત્તાંત સાંભળતાં વેંત અર્જુન, 'હા પુત્ર!' એમ વ્યથાથી નિસાસો મૂકી બેભાન થઈ ધરણી પર ઢળી પડ્યા...ભાન આવતાં જાણે તાવ ચઢ્યો હોય એમ વારંવાર નિસાસા મૂકીને થરથર કંપવા માંડ્યા. ઘ્રુસકે ઘ્રુસકે રડીને હાથ ઘસવા માંડ્યા, અને ઉન્મત્તની જેમ પ્રતિજ્ઞા લઈ લીધી : 'જયદ્રથ જો મરણભયથી ડરીને કૌરવોને છોડી ન જાય, આપણે શરણે ન આવે, પુરુષોત્તમ શ્રીકૃષ્ણને શરણે ન થાય, અથવા મહારાજ યુધિષ્ઠિર! આપને શરણે ન આવે, તો આવતી કાલે હું એનો વધ કરીશ. તમારા બધાની આગળ હું આ સત્ય પ્રતિજ્ઞા કરું છું...વળી મારી બીજી પ્રતિજ્ઞા સાંભળો : 'જો હું આવતી કાલે સૂર્યાસ્ત સુધીમાં એ પાપી

---

૨૩. मा शुचः पुरुषव्याघ्र पूर्वैरेष सनातनः ।
धर्मकृद्भिः कृतो धर्मः क्षत्रियाणां रणे क्षयः ॥ ૭-૫૦-૬૭.

૨૪. યુવાન અભિમન્યુને છ મહારથીઓએ જે અયોગ્ય રીતે મારી નાખ્યો, તેનાથી ધૃતરાષ્ટ્ર જેવાને પણ 'હૃદય અત્યંત ફાટી જાય' એવું અસહ્ય દર્દ થયેલું (૭-૩૨-૨૧ થી ૨૪). દેખીતી રીતે અર્જુનને તેનું અકળાવી નાખતું દુઃખ-દર્દ થાય જ.

જયદ્રથને ન મારી શકું તો હું અહીં જ પ્રજ્વલિત અગ્નિમાં પ્રવેશીશ—જીવતો બળી મરીશ...'૨૫ એમ બોલીને અર્જુને ગાંડીવ ધનુષ્યને ડાબાજમણી ઘુમાવીને ટંકાર કર્યો. એ સાથે જ જનાર્દન શ્રીકૃષ્ણે પાંચ્યજન્ય તથા અર્જુને દેવદત્ત શંખ ફૂંકયા. અચ્યુત શ્રીકૃષ્ણના મુખવાયુથી અત્યંત પરિપૂર્ણ થયેલા પાંચ્યજન્યના ઘોષથી, પ્રલયકાળની જેમ, આકાશપાતાળ સહિત સમગ્ર જગત્ અને દિક્પાળો ડોલી ઊઠ્યા.....(૭-૫૧-૧૬ થી ૪૦, ૪૧ થી ૪૩).

[ગુપ્તચરોએ અર્જુનની પ્રતિજ્ઞાની માહિતી આપી તેથી તથા પાંડવોના ઉત્સાહથી ભરપૂર સિંહનાદો તથા વાદિત્રોના ઘોષથી કૌરવોની છાવણીમાં જયદ્રથ ગભરાયો. તેણે રણક્ષેત્ર છોડી ઘેર જવાનું ધાર્યું, પણ દુર્યોધન તથા દ્રોણે એને ધીરજ આપી. 'દ્રોણપર્વ', અ. ૫૨.]

શ્રીકૃષ્ણે અર્જુનને તોડી ન પાડવા માટે આ સાહસિક પ્રતિજ્ઞામાં ટેકો તો આપ્યો, પરન્તુ એમાં રહેલી મૂર્ખતા અને અધીરાઈ એમણે જોઈ લીધી. એમણે અર્જુનને કહ્યું : 'ભાઈઓનો મત જાણીને તેં વાણીથી પ્રતિજ્ઞા તો કરી કે, 'હું આવતી કાલે જયદ્રથને હણીશ.' એ તેં મોટામાં મોટું સાહસ (साहसतमं कृतम् ।) કર્યું છે. તેં મારી સાથે મન્ત્રણા કર્યા વિના જ આ અતિભાર ઉપાડ્યો છે. તો પછી (આ મૂર્ખાઈથી) આપણે આખા જગતમાં શાથી હાસ્યપાત્ર નહિ ઠરીએ (૭-૫૩-૧ થી ૩) ? (હવે પાંડવોની ગુપ્તચરોની યોજના શ્રીકૃષ્ણની દોરવણી નીચે કાર્યક્ષમ થઈ ગઈ લાગે છે.) મેં દુર્યોધનની શિબિરમાં ગુપ્તચર મોકલ્યા હતા. તેમણે શીઘ્ર પાછા ફરીને કૌરવોની પ્રવૃત્તિના સમાચાર આપ્યા છે કે, 'સિન્ધુરાજના વધની તેં પ્રતિજ્ઞા કરી એટલે આપણી છાવણીમાં વાદિત્રની સાથે મહા સિંહનાદ થયા તે કૌરવોએ સાંભળ્યા. એ ગર્જનાઓથી જયદ્રથ અને કૌરવોને બહુ ડર લાગ્યો અને 'કંઈ પણ કારણ વિના આવો સિંહનાદ ન હોય' એમ વિચારીને બરાબર સાવચેત થઈ ગયા; અને મહાભુજ ! કૌરવોમાં પણ હાથી, ઘોડા, પાયદળ અને રથોની હિલચાલથી ભારે કોલાહલ મચી ગયો. અભિમન્યુનો વધ સાંભળીને ક્રોધથી અકળાયેલો અર્જુન રાત્રે જ આક્રમણ કરશે એમ માનીને તેઓ વ્યવસ્થિત થઈ ગયા. પછી એમણે (ચાર મારફતે) તપાસ કરીને તારી સત્યપ્રતિજ્ઞા જાણી. એ જાણીને દુર્યોધન, જયદ્રથ વગેરે ક્ષુદ્ર મૃગોની પેઠે ત્રાસ પામીને ઉદાસ થઈ ગયા. જયદ્રથે પોતાના તંબૂમાં અમાત્યો સાથે પોતાનું હિત શામાં છે તેની મન્ત્રણા કરી. પછી રાજાઓની સંસદ્માં દુર્યોધનને કહ્યું : 'આ ધનંજય મને એના પુત્રનો ઘાતક સમજીને કાલે ચઢાઈ કરશે. એણે સેનાની વચ્ચે મારો વધ કરવાનું પણ લીધું છે. એની પ્રતિજ્ઞાને ફોક કરવાની દેવો, ગન્ધર્વો, અસુરો, નાગો કે રાક્ષસો પણ હામ ભીડતા નથી. માટે તમે સંગ્રામમાં મારું રક્ષણ કરો, અને તે એનું લક્ષ પાર પાડીને તમારા મસ્તક ઉપર પગ ન મૂકી જાય એવી ગોઠવણ કરો. તથા જો તમારાથી મારું રક્ષણ બને એમ ન હોય તો, કુરુનન્દન દુર્યોધન ! મને રજા આપો એટલે હું ઘેર જાઉં.' એટલે દુર્યોધને વિમનસ્ થઈને માથું નીચું નમાવ્યું. જયદ્રથ ઉપર તોળાતી આફતના વિચારમાં તે પડી ગયો. દુર્યોધનને દુઃખી જોઈને જયદ્રથે

---

૨૫. અર્જુન જેવા અર્જુનને, શ્રીકૃષ્ણ જેવા સારથિ, અન્તર્યામી પડખે હોવા છતાં જે ગાઢ શોક અને ક્રોધ થાય છે તે, માનવસ્વભાવમાં રહેલી નબળાઈ સૂચવે છે. એ નબળાઈ ખંખેરવા અન્તર્યામીને સંપૂર્ણ શરણે જવું જોઈએ, શરણે જતાં એના અનુગ્રહથી નમ્રતા ઊગે અને નબળાઈ જાય.

આત્મહિત વિચારીને સામેથી મૃદુ વચનો ઉચ્ચાર્યાં : ' આપનાં લશ્કરમાં અર્જુનનાં અસ્ત્રોનો અસ્ત્રોથી નાશ કરી શકે એવો એકે સમર્થ ધનુર્ધર મને દેખાતો નથી. વાસુદેવની સહાયવાળા અને ગાંડીવને ઘુમાવતા અર્જુનની સામે સાક્ષાત્ ઇન્દ્ર પણ ઊભો ન રહે તો બીજા કોનું ગજું છે ? એણે અગાઉ મહેશ્વર સાથે પગપાળા યુદ્ધ કર્યું હતું એમ સાંભળ્યું છે. ઇન્દ્રની પ્રેરણાથી એ એકરથે—ઉત્કૃષ્ટ રથીએ હિરણ્યપુરનિવાસી દાનવોને સંહાર્યા છે. હું તો માનું છું કે બુદ્ધિમાન વાસુદેવથી સમાયુક્ત કૌન્તેય અર્જુન દેવો સહિત ત્રણે લોકોને પણ હણી નાખે.[૨૬] એટલે મારું માનતા હો તો કાં તો મને જવાની રજા આપો, અથવા દ્રોણ-અશ્વત્થામા મારું રક્ષણ કરે એવી વ્યવસ્થા કરો.' અર્જુન ! તેથી રાજા દુર્યોધને દ્રોણ આગળ કાલાવાલા કરીને (मृशमाक्रन्दितः) એના રક્ષણની ગોઠવણ કરી છે. રથીઓ સજ્જ કર્યા છે. કર્ણ, ભૂરિશ્રવા. અશ્વત્થામા, (કર્ણપુત્ર) દુર્જય વૃષસેન, કૃપ, શલ્ય : આ મહારથીઓ જયદ્રથની આગળ રહેશે. દ્રોણે આગળથી અર્ધશકટ અને પાછળથી અર્ધપદ્મ એવો વ્યૂહ રચ્યો છે. એ પદ્મની કળીના મધ્યભાગમાં ' સૂચિપાશ 'માં પેલા છ મહારથીઓના રક્ષણ નીચે જયદ્રથ ઊભો રહેશે. એ છયે જણા ધનુષ્ય, અસ્ત્ર, પરાક્રમ, (મનના) પ્રાણબળ અને છાતીના (શરીર)બળમાં અસહ્યતમ અને દૃઢનિશ્ચયી છે. એમને સેનાઓ સાથે જીત્યા વિના જયદ્રથ હાથમાં ન જ આવે. એ દરેકના સામર્થ્યનો તું વિચાર કર. ત્યારે એ છયેને એકસામટા જીતવા સહેલ નથી. આથી આપણા હિત માટે અને કાર્યસિદ્ધિ માટે અનુભવી સચિવો તથા સુહૃદો સાથે હું ફરી વિચારણા કરીશ.' (૭-૫૩-૧ થી ૩૦)

અત્યારે અર્જુન ગુસ્સામાં હતા. એમણે (સ્વગત વાત કરતા હોય એમ આત્મસ્વરૂપ શ્રીકૃષ્ણને) ઉત્તર આપ્યો : ' કૌરવોના જે છ મહારથીઓને તમે અધિક બલવાન માનો છો, એમના પરાક્રમને હું મારા અર્ધ જેટલું પણ ગણતો નથી. મધુસૂદન ! જયદ્રથનો વધ કર વાની ઇચ્છાથી એ સૌનાં અસ્ત્રોનો હું મારાં અસ્ત્રોથી કેવો નાશ કરું છું, તે તમે કાલે જોશો. દ્રોણાચાર્ય જોતા રહેશે અને પરિવાર સહિત વિલાપ કરતા એ જયદ્રથના મસ્તકને હું ભોંય ભેગું કરી દઈશ ! આવતી કાલે દેવો સહિત જગતના સર્વ ભાગોમાંનું સ્થાવરજંગમ કોઈ પણ ભૂત કે ભૂતો (પ્રાણીઓ અને તત્ત્વો) જયદ્રથનું રક્ષણ કરશે તો પણ હું સત્યના સોગન લઈને તથા સત્યથી જ આયુધ ઉઠાવીને કહું છું કે, કૃષ્ણ ! તમે આવતી કાલે એને મારાં બાણોથી મૂએલો જોશો. મહાધનુર્ધર દ્રોણ એ પાપીના રક્ષક છે, તો હું પહેલાં એમની સામે જ ધસી જઈશ. (શોકજન્ય મોહથી જેમની સામે ધસવું નહોતું, તે દ્રોણની ઉપર પુત્રમૃત્યુના એવા જ શોકજન્ય ક્રોધના આઘાતથી અર્જુન ધસવાનું વિચારે છે તે સર૰). .ગાંડીવમાંથી મન અને વાયુના જેવા વેગવાળાં બાણો છોડીને હું હજારો મનુષ્ય-હાથી-ઘોડાઓનો સંહાર કરીશ. કાલે ઇન્દ્રાદિ દેવો પાસેથી મેળવેલાં દિવ્યાસ્ત્રોનો પ્રયોગ કરીશ અને જયદ્રથના સંરક્ષકોનાં હથિયારોને મારા બ્રહ્માસ્ત્રથી સાફ કરી નાખીશ તે તમે જોશો. કાલે તમે શત્રુઓનાં મસ્તકોથી છવાયેલી ભૂમિને જોશો...

---

૨૬. वासुदेवसहायस्य गाण्डीवं धुन्वतो धनुः ।
कोऽर्जुनस्याग्रतस्तिष्ठेत्साक्षादपि शतक्रतुः ॥ ७-५३-२०.
समायुक्तो हि कौन्तेयो वासुदेवेन धीमता ।
सामरानपि लोकांस्त्रीन्निहन्यादिति मे मतिः ॥ ७-५३-२१.

(ભક્ષ્યાભક્ષ્યવિવેક વિના) સર્વ જાતનું દૂધ અને (સર્વ જાતના માંસ વગેરે) અન્ન જમનારા, પાપાચારી સૈન્ધવો એમના રાજા જયદ્રથ સહિત મારાં બાણોથી પીછેહઠ કરીને નાશ પામશે. કૃષ્ણ ! સવારે હું એવું પરાક્રમ કરીશ કે દુર્યોધનને ખાતરી થઈ જશે કે, યુદ્ધમાં જગત્માં મારા જેવો (અર્જુન જેવો) કોઈ ધનુર્ધર નથી. **નરશ્રેષ્ઠ ! (હાથમાં) દિવ્ય ગાંડીવ ધનુષ્ય છે, હું યોદ્ધો છું, અને (ઇન્દ્રિયોના નિયામક) હૃષીકેશ ! (સ્વયં) તમે સારથિ છો, તો પછી મારે માટે શું અજિત છે ?**[૨૭] જેમ ચન્દ્રમાં ચન્દ્રલાંછન છે અને સમુદ્રમાં જળ છે જ, એમ જનાર્દન ! મારી પ્રતિજ્ઞાને તમે (બડાશ નહિ પણ) સત્ય જાણજો. તમે મારાં અસ્ત્રોને, દૃઢ ધનુષ્યને, બાહુબળને અને મને ધનંજયને અપમાનશો નહિ. જે રીતે હું સંગ્રામમાં જિતાતો નથી પણ વિજયી થાઉં છું, એ સત્ય હકીકતથી (કાલના) સંગ્રામમાં જયદ્રથને મૂએલો જાણજો. **બ્રહ્મવેત્તામાં સત્ય ધ્રુવ છે, સજ્જનોમાં વિનમ્રતા ધ્રુવ છે, દક્ષ મનુષ્યોમાં શ્રી ધ્રુવ છે, અને (એમ આપ) નારાયણમાં જય ધ્રુવ છે.**'[૨૮] (૭-૫૩-૩૧ થી ૫૪)

---

૨૭. गाण्डीवं च धनुर्दिव्यं योद्धा चाहं नरर्षभ ।
त्वं च यन्ता हृषीकेशो किं नु स्यादजितं मया ॥ ૭-૫૩-૫૦.

૭-૫૩-૫૦ પછીનું ક્ષેપક ૩૯૦ જુઓ :

'ભગવન્ ! તમારી કૃપા છે એટલે યુદ્ધમાં શું સહન ન થઈ શકે એવું છે ? હૃષીકેશ ! આ જાણો છો છતાં મને કેમ ઠપકો આપો છો ?'

૨૮. यथा हि यात्वा संग्रामे न जिये विजयामि च ।
तेन सत्येन संग्रामे हतं विद्धि जयद्रथम् ॥ ૭-૫૩-૫૩.

ध्रुवं वै ब्राह्मणे सत्यं ध्रुवा साधुषु संनतिः ।
श्रीर्ध्रुवा चापि दक्षेषु ध्रुवो नारायणे जयः ॥ ૭-૫૩-૫૪.

(૧) પોતાના સામર્થ્યનાં ગુણગાન ગાતાં ગાતાં, આ શોક-ક્રોધ-ભરપૂર ઋજુ-વીર યોદ્ધાની નજર તો નારાયણ ઉપર જ છે. એમણે ઉતાવળમાં અશક્ય જેવી પ્રતિજ્ઞા તો લઈ લીધી, પણ તે છતાં પોતાની નિરપવાદ જયશીલતા અને નારાયણ શ્રીકૃષ્ણમાં રહેલ વિજયની દૃઢ શ્રદ્ધા સાથે એ પ્રતિજ્ઞા પાર પડશે જ એમ નિશ્ચિતપણે માને છે. (સાથે જ જુઓ ક્ષેપક ૩૯૨.)

નારાયણ વિના જય ન યે મળે તે તો એમણે આખરી દિવસોમાં અનુભવ્યું અને લાઠીધારી આભીરો (કાબાઓ)થી લૂંટાયા. જુઓ 'મૌસલપર્વ', અ. ૮.

(૨) युयुत्सतां कुत्रचिदाततायिनां जयस्तदैकत्र न वै परात्मनाम् ।
विनैकमुत्पत्तिलयस्थितमीश्वरं सर्वज्ञमाद्यं पुरुषं सनातनम् ॥
'ભાગવત', ૬-૧૨-૭.

ઉત્પત્તિ, લય અને સ્થિતિના સ્વામી, સર્વજ્ઞ, સનાતન આદિપુરુષ ભગવાન્ સિવાય, બીજા દેહાભિમાની યુદ્ધની ઇચ્છાવાળા પીડકોનો સર્વદા જય થતો નથી.

બીજાઓને તો 'પર્યાયસિદ્ધિ'—ચક્રનેમિક્રમની જેમ વારાફરતી જય-પરાજય મળે. જુઓ કર્ણવધ પછી શલ્યોક્તિ : ૮-૬૮-૧૨.

એ રીતે અર્જુને આત્મસ્વરૂપ હૃષીકેશ આગળ પોતાનું હૃદય ખાલી કર્યું અને ગર્જના કરતાં સમર્થ શ્રીકૃષ્ણને સૂચના આપી:[૨૯] 'કૃષ્ણ! રાત પૂરી થતાં પ્રભાતે મારો રથ સુસજ્જ હોય એવી વ્યવસ્થા કરી દેજો. કારણ કે આપણે મહાકાર્ય ઉપાડયું છે.' (૭-૫૩-૫૫, ૫૬)

ફૂંફાડા મારતા શ્રીકૃષ્ણ-અર્જુન રાતે સૂઈ તો ગયા. પરંતુ દુઃખ-શોકને લીધે એમને ઊંઘ ન આવી. [નરનારાયણને ક્રુદ્ધ જાણીને ઇન્દ્રો સહિત દેવો (જાણે કે) ગભરાઈ ગયા અને વિચારવા લાગ્યા કે, 'હવે શું થશે?!'...૭-૫૪-૨ થી.] અર્જુને એ પછી શ્રીકૃષ્ણને કહ્યું, 'નિષ્કલંક સાસુ-વહુ, આપની ભગિની સુભદ્રા અને ઉત્તરાને માધવ! આશ્વાસન આપીને શોકરહિત કરો. પ્રભુ! યોગ્ય સત્ય વચનોથી એમને સમજાવી હૈયાધારણ આપો' (૭-૫૪-૯, ૧૦). એટલે પોતે અત્યંત ઉદાસ (હતા, પણ સંયમ રાખીને) વાસુદેવ અર્જુનના રહેઠાણે ગયા અને પુત્રશોકથી પીડાતી દુઃખિયારી બહેનને આશ્વાસન આપવા લાગ્યા: 'વાર્ષ્ણેયિ! તું અને પુત્રવધૂ ઉત્તરા કુમાર અભિમન્યુનો શોક ન કરશો. ભીરુ! કાળે સર્વ પ્રાણીઓની આ જ અન્તિમ સ્થિતિ નિર્મેલી છે. વીર ક્ષત્રિયકુળમાં જન્મેલા તારા પુત્રનું આવું મૃત્યુ સુયોગ્ય જ છે માટે શોક ન કર, મા શુચઃ। પિતાતુલ્ય પરાક્રમી વીર મહારથી અભિમન્યુ ક્ષાત્ર રીતિ મુજબ વીર પુરુષોની ઇષ્ટ ગતિને પામ્યો છે, એ સદ્‌ભાગ્ય છે. ઢગલાબંધ શત્રુઓને જીતી, તેમને મૃત્યુ પાસે વળાવીને, એ સર્વ કામનાઓ દૂઝનારા પુણ્યશાળીઓના અક્ષયલોકમાં સિધાવ્યો છે. તપ, બ્રહ્મચર્ય, વિદ્વત્તા અને પ્રજ્ઞાથી સન્તો જે ગતિને ઇચ્છે છે, તેને તારો લાડકો પામ્યો છે. તું વીરમાતા, વીરપત્ની, વીર સાસરિયાંવાળી છે. માટે ભદ્રે! દીકરાનો શોક મૂકી દે, એ તો પરમ ગતિને પામ્યો છે. (અધર્મથી) બાલક અભિમન્યુનો ઘાત કરાવનાર પેલા ક્ષુદ્ર જયદ્રથને એનાં સગાંવહાલાં સમેત આ ગુન્હાનું ફળ મળશે. વરારોહા! આ રાત્રિ પૂરી થયા પછી એ પાપાચારી (દેવોની) અમરાવતીમાં સંતાઈ જશે, તો પણ અર્જુનની ઝપટમાંથી બચશે નહિ. તું આવતી કાલે જ સાંભળીશ કે, યુદ્ધમાં જયદ્રથનું મસ્તક સમન્તપઞ્ચક(ના પવિત્ર ક્ષેત્ર)ની બહાર (નિષાદોના પ્રદેશમાં) ફેંકી દેવાયું છે. માટે શોક મૂકી દે. રડ નહિ. જે ગતિને અમે અને બીજા શસ્ત્રજીવીઓ પામવાના છીએ, તે સજ્જનોની ગતિને ક્ષાત્રધર્મ અનુસાર શૂરો અભિમન્યુ પામ્યો છે. વરારોહા! વિશાળ વક્ષઃસ્થળવાળો, મહાબાહુ, પીછેહઠ નહિ કરનારો, ઉત્તમ કક્ષાના યોદ્ધાઓનો ઘાણ કાઢનારો તારો પુત્ર સ્વર્ગે ગયો છે. માટે સંતાપ છોડી દે. પિતાના અને માતાના (પરાક્રમી) કુળની પરંપરામાં જન્મેલો એ વીર્યવાન શૂરો મહારથી હજારો દુશ્મનોને રોળીને પડ્યો છે. તેથી રાણી! પુત્રવધૂને સાન્ત્વન આપ. ક્ષત્રિયાણી! બહુ કઢાપો ન કર. નન્દિની! આવતી કાલે અત્યંત મહાન પ્રિય સાંભળીશ, માટે શોકરહિત થા. અર્જુને જે પ્રતિજ્ઞા લીધી છે, તે પાર પડશે જ, ફોક નહિ થાય. તારો પતિ જે કંઈ કરવા ધારે છે, તે કદી નિષ્ફળ થતું નથી. અરે! મનુષ્યો–નાગો–પિશાચો–નિશાચરો–પક્ષીઓ–દેવો અને અસુરો પ્રભાતે રણક્ષેત્રમાં જયદ્રથની મદદે આવશે તો પણ રક્ષકો સહિત જયદ્રથનું અસ્તિત્વ રહેશે નહિ.' (૭-૫૪-૧૧ થી ૨૬)

---

૨૯. एवमुक्त्वा हृषीकेशं स्वयमात्मानमात्मना ।
संदिदेशार्जुनः.....। ૭-૫૩-૫૫. કખગ.

સર° उद्धरेदात्मनात्मानं । ગીતા ૬-૫ ક (મ. ભા. ૬-૨૮-૫ ક).

શ્રીકૃષ્ણના મીઠા શબ્દો સાંભળીને સુભદ્રા (શ્રીકૃષ્ણના જેવા) ઇન્દીવરશ્યામ (નીલ કમળ જેવા શ્યામ), શ્રીકૃષ્ણના ભાણેજ ચારુલોચન શૂરવીર અભિમન્યુનું સ્મરણ કરી કરીને વિલાપ કરવા લાગ્યાં. એવામાં દ્રૌપદી ઉત્તરાને લઈને ત્યાં આવી, અને પછી ત્રણે સ્ત્રીઓ રોકકળ કરતાં કરતાં ઉન્મત્તની જેમ બેભાન થઈને જમીન ઉપર પછડાઈ પડી. **દુઃખ દૂર કરવાના ઉપચારવેત્તા છતાં અત્યંત દુઃખી એવા શ્રીકૃષ્ણે** (લાગણીઓ કાબૂમાં રાખી) એમને પાણી છાંટીને હિતકારી શબ્દોથી સાન્ત્વન આપ્યું.[૩૦] નિર્જીવ જેવી થઈ ગયેલી, રડતી, (પુત્રવિયોગથી) વીંધાઈ ગયેલી અને થરથર કમ્પતી બહેન સુભદ્રાને કમલનયન શ્રીકૃષ્ણે આ શબ્દોથી પુનઃ આશ્વાસન આપ્યું: 'સુભદ્રા! પુત્રનો શોક ન કરીશ. પાગ-ચાલી! ઉત્તરાને આશ્વાસન આપ. ક્ષત્રિયપુંગવ અભિમન્યુ તો વિખ્યાત ગતિને પામ્યો છે. વરાનને! આપણા કુળમાં બીજા જે પુરુષો છે, તે સૌ પણ યશસ્વી અભિમન્યુની ગતિને પામો. તારા મહારથી પુત્રે એકલાએ જેવું પરાક્રમ કર્યું તેવું પરાક્રમ અમે તથા આપણા સુહૃદો પણ કરો એવી મારી શુભાકાંક્ષા છે.' એવી રીતે બહેનને તથા (બહેનસમી) દ્રૌપદી તથા ઉત્તરાને પણ સાન્ત્વન આપીને મહાબાહુ શ્રીકૃષ્ણ અર્જુનની પાસે આવ્યા. (ધીરજ આપી. દરમિયાન ત્યાં ભેગા થયેલા) રાજાઓને તથા સગાંસ્નેહીઓને રજા આપી અને શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ અન્તઃપુરમાં પ્રવેશ્યા (૭-૫૫-૨૭ થી ૪૦).

(બધા વીખરાયા) તે પછી વિભુ શ્રીકૃષ્ણ અર્જુનના ભવનમાં દાખલ થયા. જલસ્પર્શ કર્યો.[૩૧] શુભ લક્ષણવાળી વેદી પર વૈડૂર્યમણિ જેવા સુંદર દર્ભની શય્યા બિછાવી. એને માંગલિક પુષ્પમાળા, ડાંગર અને સુગન્ધી દ્રવ્યોથી વિધિવત્ શણગારી. તથા તેની આજુબાજુ ઉત્તમ આયુધો ગોઠવી દીધાં. પછી અર્જુને સ્નાન કરી લીધું. એટલે વિનીત પરિચારકોએ ત્ર્યંબક શિવને અર્પવાનો રાત્રિનો નિત્યબલિ લાવીને આગળ મૂક્યો. ત્યારબાદ પ્રસન્ન પાર્થે સુગન્ધી દ્રવ્યો તથા પુષ્પમાળાઓથી શણગારી, માધવ શ્રીકૃષ્ણને એ ઉપહાર વિશે જાણ કરી. (૭-૫૬-૧ થી ૪)

---

૩૦. (ક) સુભદ્રાના વિલાપમાં ધ્યાન ખેંચતો એક શ્લોક:

नूनं गतिः कृतान्तस्य प्राज्ञैरपि सुदुर्विदा ।
यत्र त्वं केशवे नाथे संग्रामेऽनाथवद्धतः ॥ ७-५५-१९.

(ख) **सोपचारस्तु कृष्णस्तां दुःखितां भृशदुःखितः ।**
सिक्त्वाम्भसा समाश्वास्य तत्तदुक्त्वा हितं वचः ॥ ७-५५-३४.

૩૧. **स्पृष्ट्वाम्भः पुण्डरीकाक्षः ।** ૭-૫૬-૧ ગ.

શુદ્ધિ માટે આંખ, નાક, કાન, મુખ, હૃદય (કેટલાકના મતે નાભિ) અને મસ્તકને જળ વડે સ્પર્શ કરવાનો હોય છે.

જુઓ:

त्रिराचामेदपः पूर्वं द्विः प्रमृज्यात्ततो मुखम् ।
खानि चैव स्पृशेदद्भिरात्मानं शिर एव च ॥ મનુ ૨-૬૦.

પ્રથમ ત્રણ વખત આચમન કરવું. પછી બે વખત મોં ધોવું, તે પછી (મસ્તકની) ઇન્દ્રિયોનો, હૃદયનો અને મસ્તકનો જળથી સ્પર્શ કરવો.

પછી ગોવિન્દે સ્મિત કરતાં કરતાં અર્જુનને કહ્યું : ' પાર્થ ! તું સૂઈ જા. તારું રક્ષું થજો. હવે હું તારા કલ્યાણ માટે જઉં છું ', એમ કહીને (સદા સાવધ) શ્રીકૃષ્ણ હથિયારધારી દ્વારપાળ સન્ત્રીઓને (અર્જુનના શિબિર ઉપર ચોકી માટે) ગોઠવીને દારુકની સાથે પોતાના તંબૂમાં ગયા. ત્યાં (આવતીકાલનું મહાન કાર્ય પાર પાડવા માટે) કાર્યોની વ્યવસ્થાનો અનેક પ્રકારે વિચાર કરતાં કરતાં શુભ્ર શય્યામાં સૂતા. [૭-૫૬-૫, ૬. અહીંથી ક્ષેપક ૪૦૩: સૂતાં સૂતાં સર્વ ઈશ્વરના ઈશ્વર, યુક્તાત્મા, શ્રેયસ્કામ, વિસ્તીર્ણ યશવાળા, વિષ્ણુ, જિષ્ણુ અર્જુનનું પ્રિય કરનારા પુંડરીકાક્ષ ભગવાને ઉપાયોનો બરાબર વિચાર કરીને અર્જુનના દુઃખશોકનો નાશ કરનાર તથા તેજ-કાન્તિને વધારનાર યોગ્ય યોજના ઘડી કાઢી.]

આ તરફ પાંડવોની છાવણીમાં તો કોઈ ઊંઘ્યું જ નહિ અને સૌ અર્જુન, જયદ્રથનો વધ કરવાની સાહસિક પ્રતિજ્ઞા શી રીતે પાર પાડશે તેની ફિકરમાં પડી ગયા અને પોતાનાં સુકૃતોનાં ફળથી અર્જુન વિજયી થાઓ એવી શુભ ભાવનાઓ કરતાં કરતાં એ લોકોએ મહાકષ્ટે રાત્રિ વ્યતીત કરી હતી. (૭-૫૬-૭ થી ૧૬)

જ્યારે (થોડી નિદ્રા લઈ) જનાર્દન મધ્યરાત્રિએ જાગ્યા ત્યારે અર્જુનની પ્રતિજ્ઞાનું સ્મરણ કરી સારથિ દારુકને કહ્યું : ' દારુક ! અભિમન્યુના મરણથી વિહ્વળ થઈને અર્જુને ' કાલે જ જયદ્રથનો વધ કરીશ ' એવી પ્રતિજ્ઞા કરી છે. આ સાંભળીને દુર્યોધન ' અર્જુન જયદ્રથને શી રીતે યુદ્ધમાં ન મારી શકે ' તેની એના મન્ત્રીઓ સાથે મન્ત્રણા કરશે. દુર્યોધનની અક્ષૌહિણીબંધ સેનાઓ, સર્વઅસ્ત્રવિધિપારગામી દ્રોણ તથા અશ્વત્થામા પણ જયદ્રથનું રક્ષણ કરશે. અને દ્રોણના સંરક્ષણ નીચે રહેલાને તો દૈત્ય-દાનવોનું મર્દન કરનાર અજોડ વીર સહસ્રાક્ષ ઇન્દ્ર પણ યુદ્ધમાં મારી નાખવાની હિમ્મત કરે નહિ. આમ છે તો પણ હું એવું નિયોજન કરીશ કે, આવતી કાલે સૂર્યાસ્ત પહેલાં કુન્તીપુત્ર અર્જુન જયદ્રથને મારી નાખશે. મને પત્ની, મિત્રો, સગાં કે સંબંધીઓમાંથી કોઈ પણ કુન્તીપુત્ર અર્જુન કરતાં વધારે પ્રિય નથી. દારુક ! અર્જુન વિનાના આ જગત્ને હું એક મુહૂર્તભર પણ જોઈ શકું નહિ. જો કે (અર્જુન જયદ્રથનો વધ ન કરી શકે) એમ બનવાનું નથી.[૩૨] હું અર્જુનને માટે કર્ણ તથા સુયોધન સહિત શત્રુઓનાં હયદળ, રથદળ અને ગજદળવાળી સેનાઓનો નાશ કરીશ. દારુક ! આવતી કાલે ધનંજયને માટે મહાયુદ્ધમાં પરાક્રમ કરતાં, મારા સામર્થ્યને ત્રણે લોકો જોઈ રહો. દારુક ! આવતી કાલે હજારો નરેન્દ્રો અને સેંકડો (અર્થાત્ અસંખ્ય)રાજપુત્રોને હું હાથી-ઘોડા-રથ સહિત રણમાંથી તગડી મૂકીશ.

---

૩૨. न हि दारा न मित्राणि ज्ञातयो न च बान्धवाः ।
कश्चिन्नान्यः प्रियतरः कुन्तीपुत्रान्ममार्जुनात् ॥ ७-५६-२३.
अनर्जुनमिमं लोकं मुहूर्तमपि दारुक ।
उदीक्षितुं न शक्तोऽहं भविता न च तत्तथा ॥ ७-५६-२४.

શ્રીકૃષ્ણ અર્જુન કરતાં વહેલા સ્વધામ પધાર્યા એમાં આ પણ એક મહત્ત્વનું કારણ હશે ?

સર° પાંડવ છાવણીમાં દ્યૂતકાર્ય કરી પાછા ફરેલા સંજયે કૌરવોની સંસદ્માં વૃત્તાંત આપ્યો. એ દરમિયાન વિદુરે અર્જુન ઉપરના શ્રીકૃષ્ણના સ્નેહનું વર્ણન કર્યું તે (૫-૬૩-૯). જુઓ ' યુગચક્રપ્રવર્તક શ્રીકૃષ્ણ ' (ઉ. જ. સાંડેસરા), ' સ્વાધ્યાય ', પુ. ૫, અંક ૩, અક્ષયતૃતીયા અંક, સં. ૨૦૨૪, નોંધ ૨૬.

તું કાલે જોઈશ કે મેં સમરાંગણમાં ક્રોધે ભરાઈને, અર્જુનના માટે દુર્યોધનરાજની સેનાને ચક્રથી ચૂરેચૂરા કરીને ભોંય ભેગી કરી છે. આવતી કાલે દેવો-ગન્ધર્વો-પિશાચો-ઉરગો-રાક્ષસો સહિત સર્વ લોકો મને સવ્યસાચી અર્જુનના સુહૃદ્ તરીકે પિછાની લેશે. જે એનો દ્વેષ કરે છે તે મારો દ્વેષ કરે છે, જે એને અનુસરે છે તે મને અનુસરે છે. બુદ્ધિથી એવો નિશ્ચય કરી લે કે અર્જુન મારું અર્ધું અંગ છે.[૩૩] એટલે આ રાત પૂરી થઈને પ્રભાત થતાં સાવધાનીથી (યુદ્ધ-)શાસ્ત્ર મુજબ સજ્જ કરીને મારા ઉત્તમ રથને લાવજે. સૂત! એ રથમાં કૌમોદકી ગદા, દિવ્ય શક્તિ, ચક્ર, ધનુષ્ય, બાણો અને અન્ય સર્વ (લડાયક) ઉપકરણો મૂકજે. યુદ્ધમાં રથને શોભાવનાર મારા વીર વૈનતેય(ના ચિહ્નવાળા) ધ્વજને રથની બેઠકના ઉપરના ભાગમાં એના સ્થાને ફરકાવજે. સૂર્ય અને અગ્નિના જેવી જામ્બુનદ સોનાની દિવ્ય સેરોવાળું વિશ્વકર્માએ (કુશળ ઇજનેરે) બનાવેલું છત્ર મૂકજે તથા બલાહક, મેઘપુષ્પ, સૈન્ય અને સુગ્રીવ એ ચારે ઉત્તમ અશ્વોને બરાબર સાજ સજાવીને રથમાં જોડીને, દારુક! તું પણ કવચ પહેરીને તૈયાર ઊભો રહેજે. અને જ્યારે ઋષભ સ્વરથી પૂરિત ભૈરવ નિર્ઘોષવાળા પાંચજન્ય શંખનો નાદ સાંભળે, કે તુરત જ તું મારી પાસે આવી પહોંચજે. એટલે મારી ફોઈના દીકરા ભાઈ અર્જુનનાં અમર્ષ અને સર્વ દુઃખોને હું એક જ દિવસમાં દૂર કરી દઈશ. હું (રાજનીતિના) સર્વ ઉપાયોથી એવો પ્રયત્ન કરીશ કે, કૌરવોની નજર આગળ જ અર્જુન જયદ્રથને સંગ્રામમાં મારી નાખશે. બીભત્સુ અર્જુન જેનો જેનો વધ કરવા યત્ન કરશે ત્યાં ત્યાં સારથિ! હું એના નિશ્ચિત જયની આકાંક્ષા રાખું છું.' (૭-૫૬-૧૭ થી ૩૯)

સારથિ દારુકે (પાર્થસારથિને) ઉત્તર આપ્યો: **'પુરુષવ્યાઘ્ર! જેના સારથિ થવાનું તમે સ્વીકાર્યું છે, તેનો વિજય અવશ્ય છે. તેનો પરાજય ક્યાંથી સંભવે?** તમે મને હુકમ કર્યો છે, તે પ્રમાણે એ બધું હું કરીશ જ. વિજય અર્જુનના જય માટે આ રાત્રિ સુપ્રભાતવાળી થાઓ.'[૩૪] (૭-૫૬-૪૦, ૪૧)

---

૩૩. यस्तं द्वेष्टि स मां द्वेष्टि यस्तमनु स मामनु ।
इति संकल्प्यतां बुद्धया शरीरार्धं ममार्जुनः ॥ ७-५६-३०.

સર° ૩-૧૩-૩૮; ૫-૮૯-૨.

શસ્ત્ર ધારણ નહિ કરવાનો ઠરાવ સામાન્ય સંજોગો માટે જ હોય. ક્ષાત્ર ધર્મ–નીતિ મુજબ, યુદ્ધમાં પોતાના પક્ષના માણસને બચાવવાની ફરજ એ પ્રથમ છે. તેથી તો અર્જુનની મદદે આવેલો થાકેલો સાત્યકિ ભૂરિશ્રવાના પંજામાં સપડાયો ત્યારે અર્જુને એનો હાથ કાપી નાખેલો. જુઓ નીચે 'દ્રોણપર્વ' અ-૧૧૭, ૧૧૮ના સંદર્ભ; તથા 'નેતા શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય' પુ. ૭ અંક ૨, સં. ૨૦૨૬ના વસંતપંચમી અંકમાં ભગવાન્ શ્રીકૃષ્ણે દૂત ઉલૂકને પાઠવેલ સંદેશો (૫-૧૫૯-૧ થી ૧૩) અને તે ઉપરનું વિવેચન.

૩૪. जय एव ध्रुवस्तस्य कुत एव पराजयः ।
यस्य त्वं पुरुषव्याघ्र सारथ्यमुपजग्मिवान् ॥ ७-५६-४०

સર° ૮-૬૯-૨૫.

एवं चैतत्करिष्यामि यथा मामनुशाससि ।
सुप्रभातामिमां रात्रिं जयाय विजयस्य हि ॥ ७-५६-४१.

અહીં અચિન્ત્યપરાક્રમી અર્જુન જયદ્રથવધની પ્રતિજ્ઞાનો વિચાર કરતાં કરતાં મોહવશ થઈ ગયા (ગાઢ નિદ્રા નહિ પણ દુઃખશોકવાળી બેશુદ્ધિ જેવી નિદ્રામાં પડ્યા). એમને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં ગરુડધ્વજ શ્રીકૃષ્ણ એમની પાસે આવ્યા. અર્જુન કોઈ પણ અવસ્થામાં હોય તો પણ (સમવયસ્ક હોવા છતાં) શ્રીકૃષ્ણને જોતાં ભક્તિ અને પ્રેમથી ઊભા થઈ માન આપવાનું કદી ચૂકતા નહિ. તેથી (સ્વપ્નમાં પણ) એમણે ઊભા થઈને ગોવિન્દને આસન આપ્યું, પણ પોતે આસન ઉપર ન બેઠા (ઊભા રહ્યા). પછી મહાતેજસ્વી શ્રીકૃષ્ણ આસન ઉપર બેઠા અને ઊભા રહેલા અર્જુનનો નિશ્ચય જાણીને બોલ્યા: 'પાર્થ! તું મનમાં વિષાદ ન કર, કારણ કે કાલ દુર્જય છે. કાલ સર્વ ભૂતોને અવશ્યભાવી કર્મોમાં પ્રવર્તાવે છે. વક્તાશ્રેષ્ઠ! તને શાથી વિષાદ થાય છે તે કહે. વિદ્વાને શોક ન કરવો જોઈએ. શોક તો કાર્યનો વિનાશ કરે છે. શોક કરનાર શત્રુને રાજી કરે છે, અને બાન્ધવોને કૃશ! [ક્ષેપક ૪૧૧: તેથી તારે જે કાર્ય કરવાનું છે, તે કર્મથી જ સારી રીતે આચર. ધનંજય! હીનચેષ્ટાવાળા અર્થાત્ નિરુદ્યમી માણસનો શોક જ તેનો શત્રુ છે.] એનાથી એ માણસ પોતે પણ ક્ષીણ થાય છે, માટે તારે શોક કરવો યોગ્ય નથી.'[૩૫] (૭-૫૭-૪ થી ૮)

એટલે અપરાજિત (શ્રીકૃષ્ણની સહાયને લીધે સદા વિજયી) વિદ્વાન્ અર્જુને અર્થધન વચન ઉચ્ચાર્યું: 'કેશવ! મેં આવતી કાલે દુરાત્મા જયદ્રથને હણવાની મહાન પ્રતિજ્ઞા લીધી છે. એટલે મારી પ્રતિજ્ઞા તોડવા માટે કૌરવો એને સર્વ મહારથીઓના રક્ષણ નીચે સૈન્યની પછવાડે રાખશે. કૃષ્ણ! કૌરવો પાસે અતિશય દુર્જય અગિયાર અક્ષૌહિણી સેનાઓ છે. એટલે (કદાચ જો એમાં હું સફળ ન થાઉં તો) પ્રતિજ્ઞાભંગ થયા પછી મારા જેવો માણસ કેવી રીતે જીવી શકે? આ દુઃખના ઉપાય બાબત વીર! મને તર્કવિતર્ક થયા કરે છે; અને (વળી આ ઋતુમાં દિવસ ટૂંકો છે તેથી) સૂર્ય પણ ત્વરાથી અસ્ત પામે છે, એટલે હું આમ (વિષાદઘેર્યું) બોલું છું.' (૭-૫૭-૯ થી ૧૩)

---

૩૫. मा विषादे मनः पार्थ कृथाः कालो हि दुर्जयः।
कालः सर्वाणि भूतानि नियच्छति परे विधौ ॥ ७-५७-६
किमर्थं च विषादस्ते तद्ब्रूहि वदतां वर।
न शोचितव्यं विदुषा शोकः कार्यविनाशनः ॥ ७-५७-७

શ્લોક ૭ સાથે સર૦

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे।
गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ॥ ६-२४-११ ગીતા ૨-૧૧)

તું શોક ન કરવા યોગ્યનો શોક કર્યા કરે છે અને વિદ્વાનોના જેવા બોલ બોલે છે. પરન્તુ વિદ્વાનો મૂએલા કે જીવતાઓનો શોક કરતા નથી.

शोचन्नन्दयते शत्रून्कर्शयत्यपि बान्धवान्।
क्षीयते च नरस्तस्मान्न त्वं शोचितुमर्हसि ॥ ७-५७-८

૮ ધ સાથે સર૦ ગીતા ૨-૨૫ધ, ૨૬ધ, ૨૭ધ, ૩૦ધ; ૬-૪૬-૨૭ખ; ૭-૯૦-૧ધ વગેરે સંખ્યાબંધ નિર્દેશો. આ નિર્દેશો સૂચવે છે કે न त्वं शोचितुमर्हसि। એ કહેવત જેવું વાક્ય છે.

અર્જુનના શોકનું કારણ જાણીને મહાતેજસ્વી શ્રીકૃષ્ણ જલસ્પર્શ કરીને પૂર્વાભિમુખે બેઠા અને જયદ્રથનો વધ યોજવા માટે અર્જુનને હિતકારી વચનો બોલ્યા : ' પાર્થ ! પાશુપત નામનું સનાતન પરમાસ્ત્ર છે. એનાથી દેવ મહેશ્વરે યુદ્ધમાં (સામે આવેલ૯) સર્વ દૈત્યોને સંહાર્યા હતા. તને જો એનું જ્ઞાન હોય તો તું કાલે જયદ્રથને હણીશ. તેથી તેનું જ્ઞાન મેળવવા તું મનથી વૃષભધ્વજ મહાદેવને શરણે જા, અને ધનંજય ! મૌન રાખીને એ દેવનું મનમાં ધ્યાન ધરીને બેસી જા. એટલે પ્રસન્ન થઈને એ તને ભક્તને આ મહાન અસ્ત્ર આપશે. ' (૭-૫૭-૧૪ થી ૧૮)

શ્રીકૃષ્ણની સૂચના સાંભળીને, અર્જુન જલસ્પર્શ કરીને ભૂમિ ઉપર એકાગ્ર ચિત્તથી ભગવાન્ ભવ(ભૂત, ભવિષ્ય, વર્તમાનનું સંપૂર્ણ વિશ્વ જેમાંથી ઉત્પન્ન થાય છે તે)નું ધ્યાન ધરીને બેઠા. (સ્વપ્નમાં) શુભ લક્ષણવાળું બ્રાહ્મમુહૂર્ત (પરોઢ) થયું. અને અર્જુને જોયું કે, પોતે શ્રીકૃષ્ણની સાથે આકાશમાર્ગે હિમાલયના વિસ્તારમાં જઈ રહ્યા હતા. એ વખતે વિભુ શ્રીકૃષ્ણે એમનો જમણો હાથ ઝાલ્યો હતો. માર્ગમાં શ્વેતપર્વત, કુબેરનું વિહારસ્થાન, જળથી ભરપૂર નદીશ્રેષ્ઠ ગંગા, મન્દાર વૃક્ષોવાળો મન્દરપર્વત, સ્નિગ્ધ કાજળના ઢગલા જેવો હિમાલયના પવિત્ર પાદરૂપ મણિવાળો કાલપર્વત, બ્રહ્મતુલ્ગપર્વત શર્યાતિવન, આથર્વણનું સ્થાન, પર્વતરાજ વૃષદંશ, મહામન્દરપર્વત વગેરેને છોડેલા તીરની જેમ આકાશમાર્ગે સડસડાટ પાર કરતા, શ્રીકૃષ્ણ સાથે જ એક કાન્તિમાન પર્વત પાસે આવ્યા. ત્યાં હજારો સૂર્યની પેઠે સ્વતેજથી ઝળહળતા સર્વ ભૂતોના રક્ષક ધનુર્ધારી અચ્યુત મહાદેવને પાર્વતીસહિત વિરાજેલા જોયા. ધર્માત્મા વાસુદેવે તેમનાં દર્શન કરી અર્જુનની સાથે સનાતન બ્રહ્મ ૐકારનું ઉચ્ચારણ કરતાં કરતાં પૃથ્વીને મસ્તક અડાડયું (સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા)...ત્યારે શ્રીકૃષ્ણે સર્વના સિદ્ધિસાધન એ મહાદેવને મન-વાણી-બુદ્ધિ અને કર્મથી વન્દન કર્યું. અર્જુન પણ એ સર્જનહાર દેવને વારંવાર પ્રણામ કરવા લાગ્યા. મહાદેવે બંને નરશ્રેષ્ઠોનું સ્વાગત કર્યું. વરદાન માગવા કહ્યું. એટલે શ્રીકૃષ્ણ-અર્જુને ઊભા થઈને બે હાથ જોડીને વરદાતા ભગવાન શંભુની સ્તુતિ કરી અને પોતે કરેલો તથા વાસુદેવને જગાવેલો રાત્રિનો નિત્યનો ઉપહાર મહાદેવને અર્પણ કર્યો (જુઓ ઉપર ૭-૫૬-૪). પછી અર્જુને મનથી શર્વ (પ્રલયકાળે પ્રાણીઓને શીર્ણ કરનાર દેવ શંકર) અને શ્રીકૃષ્ણની પૂજા કરી અને શંકરને કહ્યું : ' મારે દિવ્યાસ્ત્ર જોઈએ છે. ' એટલે મહેશ્વરે હસીને શ્રીકૃષ્ણ-અર્જુનને પાસેના દિવ્ય અમૃતમય સરોવરમાં મૂકેલાં પોતાનાં દિવ્ય ધનુષ્ય-બાણ લાવવા કહ્યું. બંને નર-નારાયણ ઋષિ અસંભ્રાન્ત મનથી (શાન્ત ચિત્તે) શિવના પાર્ષદોને લઈને સરોવરે ગયા. સરોવરના જળમાં બે નાગ જોયા. શ્રીકૃષ્ણ-અર્જુન જલસ્પર્શ કરી બે હાથ જોડીને, વૃષભધ્વજ શંકરને નમન કરતા કરતા નાગોની પાસે જઈને ઊભા. એ બંને વેદવેત્તાઓએ વેદના શતરુદ્રીયનું ઉચ્ચારણ કરીને પ્રણામ કરતાં એકાગ્ર ચિત્તથી અપ્રમેય ભવનું ધ્યાન કર્યું.[૩૬] એટલે એ બંને નાગ

---

૩૬. ' શતરુદ્રીય ' સ્તોત્રનો (' વાજસનેયિ-સંહિતા '-શુક્લ યજુર્વેદ ૧૬) જપ રક્ષણ અને કલ્યાણ માટે કરવામાં આવે છે. વા. સં. ઉપરાંત ' કાઠક સંહિતા ' ૧૭-૧૧ થી ૧૬; ' મૈત્રાયણી-સંહિતા ' ૨-૯-૧ અને ' તૈત્તિરીય-સંહિતા ' ૪-૫-૧ થી ૧૧માં ' શતરુદ્રીય ' આવે છે. (જુઓ ' વૈદિકકોશ ', બનારસ હિન્દુ યુનિવર્સિટી, ૧૯૬૩, પૃ. ૫૦૪, ૫૦૫)

મ. ભા. ' દ્રોણપર્વ ', અ. ૧૭૩ને ' શતરુદ્રીય ' સંજ્ઞા અપાયેલી છે. તેમાં આવતું શંકરમાહાત્મ્ય વૈદિક અને પૌરાણિક મિશ્ર અસરવાળું છે. ' અનુશાસનપર્વ ' ૧૪૫-૩માં ' હું સવારમાં ઊઠીને, બે હાથ જોડી, પ્રયત્નપૂર્વક શતરુદ્રીયનો પાઠ કરું છું ', એમ શ્રીકૃષ્ણના શ્રીમુખે કહેવડાવ્યું છે. તે પણ અહીં દ્રષ્ટવ્ય છે.

ધનુષ્ય-બાણના રૂપમાં પલટાઈ ગયા. શ્રીકૃષ્ણ-અર્જુને એ ધનુષ્ય-બાણ શંકરને આપ્યાં. એ પછી શંકરના પડખામાંથી એક પિંગળા નેત્રવાળો, તપના ક્ષેત્રરૂપ બલવાન, નીલલોહિત બ્રહ્મચારી નીકળ્યો. તેણે એ ઉત્તમ ધનુષ્યને હાથમાં પકડયું. સાવધાનીપૂર્વક ઊભા રહીને એ ઉત્તમ ધનુષ્યને વિધિવત્ ખેંચીને શરસંધાન કર્યું. અન્ત્યવિક્રમવાળા અર્જુને ધનુષ્યની પ્રત્યંચાનું આકર્ષણ, મુષ્ટિમાં પકડવાની રીત અને સ્થાન (વ્યૂહાત્મક ઊભા રહેવાની સ્થિતિ) નિહાળીને સમજી લીધાં અને શિવે કહેલા (અસ્ત્ર)મન્ત્રને શ્રવણ કરીને અસ્ત્રગ્રહણ કરી લીધું. શંકરે ધનુષ્ય-બાણ ફરીથી સરોવરમાં પધરાવ્યાં. દરમિયાન સ્મૃતિમાન અર્જુને, પૂર્વે વનમાં શંકરે દર્શન દઈને વર આપેલો તે યાદ કરીને મનમાં વિચાર્યું કે, 'તે વર મને ફળો.'[૩૭]—શંકરે તેનો અભિપ્રાય જાણીને પ્રસન્ન થઈને અર્જુનને એ વર આપ્યો. અર્જુન પ્રતિજ્ઞા પાર કરાવે એવું ઘોર પાશુપતાસ્ત્ર મેળવીને હર્ષથી રોમાંચિત થયા અને પોતાનું કાર્ય પાર પડી ગયું એમ માનવા લાગ્યા. પછી મહેશ્વરને મસ્તક ઢાળી વંદન કરી, એમની આજ્ઞા લઈને શ્રીકૃષ્ણ-અર્જુન, જમ્ભાસુરને મારવા ઇચ્છતા વિષ્ણુ અને ઇન્દ્રની જેમ છાવણીમાં પાછા ફર્યા. (૭-૫૭-૧૯ થી ૮૧)

* * *

આમ એક તરફ શ્રીકૃષ્ણ-દારુક આવતી કાલના યુદ્ધમાં જરૂર પડે ત્યારે પોતાના સુસજ્જ રથના ઉપયોગ અંગેની મન્ત્રણા કરતા હતા. બીજી તરફ અર્જુને સ્વપ્નમાં પાશુપતાસ્ત્ર પુનઃ શીખીને તાજું કરી લીધું હતું. એવામાં રાત્રિ પણ પૂરી થઈ ગઈ. રાજા યુધિષ્ઠિર પ્રાતઃક્રિયા પતાવીને તૈયાર થઈ, શિબિરની બહારની કક્ષ્યામાં (સભાખંડમાં) બિરાજ્યા.[૩૮] દરમિયાન રથીઓના ઘોડાઓની ખરીઓ, હાથીના કંઠે બાંધેલા ઘંટ, શંખનાદ અને પાયદળની કૂચના અવાજથી પૃથ્વી ધણધણવા લાગી. અને એવામાં દ્વારપાળે ખબર આપી કે, 'મહાત્મા હૃષીકેશ પધાર્યા છે.' યુધિષ્ઠિરે, 'પરમપૂજ્ય માધવનું સ્વાગત કરી અર્ઘ્ય તથા આસન આપવાનો' હુકમ કર્યો. દ્વારપાળે શ્રીકૃષ્ણને સત્કારપૂર્વક અંદર લઈ જઈ સુંદર આસન ઉપર બેસાડ્યા. યુધિષ્ઠિરે એમને કુશળ-પ્રશ્ન પૂછ્યો: 'મધુસૂદન! તમે રાત્રિ સુખપૂર્વક ગાળીને? અચ્યુત! તમારી સર્વ જ્ઞાનેન્દ્રિયો પ્રસન્ન છે ને? (૭-૫૮-૧ થી ૩૩; ૫૯-૧)

---

૩૭. શંકરે અર્જુનને આપેલા વરદાન માટે જુઓ 'આરણ્યકપર્વ' અ.૪૧. એમાં કિરાતવેશધારી ભગવાન્ શંકર પાસેથી અર્જુને વરદાનમાં બ્રહ્મશિર નામનું ઘોર પાશુપતાસ્ત્ર મેળવ્યું હતું. મહાદેવે અર્જુનને એ અસ્ત્ર ધારણ કરવાની, છોડવાની, અને પાછું વાળવાની ક્રિયા સરહસ્ય ભણાવી હતી. એ અસ્ત્ર 'મનથી, ચક્ષુથી, વાણીથી અને ધનુષ્યથી પ્રયોજી શકાય એવું અને સચરાચર ત્રૈલોક્યમાં તેને માટે કંઈ પણ અવધ્ય નહોતું' એવું હતું.

અહીં સ્વપ્નમાં અર્જુન અગાઉ શીખેલું અસ્ત્ર પુનઃ બરાબર તાજું કરીને શીખી લે છે. આ વસ્તુ શક્ય છે. તે માટે જુઓ, લેખને અંતે પરિશિષ્ટ.

૩૮. મહાભારતનો આ વિભાગ લખાયો છે, તેમાં તે જમાનામાં મહારાજાઓ—ખાસ કરીને સમ્રાટો—ની પ્રાતઃકાળની દિનચર્યા કેવી હતી, તેનો રસમય અજ્યસનીય વૃત્તાંત આલેખાયેલો છે. એમાં 'અગ્નિશરણ' સ્થાનમાં અગ્નિની ઉપાસના ઉપરાંત એક હજાર અનુચરવાળા ૧૦૦૮ જિતેન્દ્રિય, વેદવ્રતસ્નાત, અવભૃથસ્નાન કરનારા, સૂર્યોપાસક (સૌરાન્) બ્રાહ્મણશ્રેષ્ઠો (૭-૫૮-૧૫) પાસે સ્વસ્તિવાચન કરાવી દાન કર્યાનો નિર્દેશ પારસીધર્મના પુરોહિતો સાથે કોઈ ખાસ સંબંધ હોય એવું સ્મરણ કરાવે છે.

શ્રીકૃષ્ણે પણ યોગ્ય ઉત્તર આપીને યુધિષ્ઠિરની કુશળતા પૂછી. એટલામાં પ્રધાનમંડળ અને અર્જુન સિવાયના પાંડવ ભાઈઓ, રાજાઓ તથા બીજા ક્ષત્રિયો આવ્યા. બધા બેઠા. તેમાં શ્રીકૃષ્ણ અને સાત્યકિ એક જ આસન ઉપર બેઠા. તે પછી યુધિષ્ઠિરે એ સભામાં મધુસૂદન શ્રીકૃષ્ણને ઉદ્દેશીને મધુર પ્રવચન કર્યું : 'દેવો જેમ સહસ્ત્રાક્ષ ઇન્દ્રનો આશ્રય કરે છે, એમ અમે તમારા એકના જ આધારે યુદ્ધમાં જય અને ચિરકાલીન સુખોની આશા રાખીએ છીએ. અમારો રાજ્ય-વિનાશ, શત્રુઓએ કરેલું નિર્વાસન અને વિવિધ કલેશોને તમે જાણો છો. સર્વેશ ! ભક્તવત્સલ ! અમારા બધાનું અત્યન્ત સુખ અને જીવનયાત્રા પણ તમારે અધીન છે. તેથી વાર્ષ્ણેય ! અર્જુને લીધેલી પ્રતિજ્ઞા પાર પડે એમ કરો. આપ અમને દુઃખ અને ઉશ્કેરાટના મહાસાગરમાંથી તારો. અમારે આજે એને તરી જવો છે, તો માધવ ! તમે અમારું વહાણ બનો. યુદ્ધમાં કાર્તવીર્ય સહસ્રાર્જુન જેવો મહારથી યોદ્ધો પણ જે કરી શકતો નથી તે (મહાન કાર્ય) પ્રયત્નશીલ સારથિ કરી શકે છે.' (૭-૫૯-૨ થી ૧૩. શ્લોક ૧૩ પછી શ્રીકૃષ્ણની સ્તુતિ કરતું ક્ષેપક ૪૪૦ જુઓ.)

એટલે વાગ્મી શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો : 'દેવલોકસહિત સર્વ લોકોમાં પાર્થ ધનંજય જેવો બીજો કોઈ શરાસનધર (ધનુર્ધર) નથી. શક્તિશાળી, અસ્ત્રસંપન્ન, બહાદુર, મહાબલી, યુદ્ધકુશળ અને (આક્રમણ સામે) સદા અસહનશીલ અર્જુન એના તેજને લીધે નરોત્તમ છે. યુવાન, વૃષભ જેવી ખાંધવાળો, દીર્ઘ ભુજાઓવાળો, સિંહ તથા વૃષભ જેવી ગતિવાળો એ મહાબલવાન શ્રીમાન તમારા શત્રુઓનો ઘાણ કાઢશે. હું પણ કૌરવોનાં સૈન્યોને અર્જુન ભડભડાટ બળતા અગ્નિની જેમ ભસ્મ કરી નાખે એવું કાર્ય કરીશ. અભિમન્યુના એ પાપકર્મી ક્ષુદ્ર હત્યારાને આજે જ અર્જુન જ્યાં ગયા પછી પુનર્દર્શન ન થાય એ રસ્તે, મોતને ઘાટ, ફેંકી દેશે. ગીધ, બાજ, વડવાગોળ તથા બીજાં મનુષ્યનું માંસ ખાનારાં પ્રાણીઓ આજે જ એનું માંસ ખાશે. ઇન્દ્ર સહિત સર્વ દેવો યુદ્ધમાં એનું રક્ષણ કરશે, તો પણ તે આજના સંકુલ યુદ્ધમાં મૃત્યુ પામીને યમની રાજધાનીમાં પહોંચી જશે. જિષ્ણુ અર્જુન જયદ્રથને હણીને તમારી પાસે આવશે. માટે રાજન્ ! શોક-સંતાપ મૂકી દો, અને ઐશ્વર્યશાળી બનો.' (૭-૫૯-૧૪ થી ૨૧)

એટલામાં અર્જુન મિત્રમંડળ સાથે આવ્યા. એમને આશીર્વાદ આપીને યુધિષ્ઠિર બોલ્યા : 'તારી શરીરકાન્તિ અને જનાર્દનની પ્રસન્નતા જોઈને એમ લાગે છે કે સંગ્રામમાં અવશ્ય તારો મહાન વિજય થશે' (૭-૬૦-૧ થી ૪). જવાબમાં અર્જુને શ્રીકૃષ્ણના કૃપાપ્રસાદથી આજે સ્વપ્નમાં મહાદેવ સાથે થયેલા સમાગમનો વૃત્તાંત જેવો જોયો હતો તેવો જ કહી સંભળાવ્યો. એટલે બધા વિસ્મય પામ્યા અને 'બહુ સારું થયું, બહુ સારું થયું' એમ બોલીને મહેશ્વરને પ્રણામ કરવા લાગ્યા (૭-૬૦-૫ થી ૭). ત્યારબાદ યુધિષ્ઠિરને નમન કરીને સાત્યકિ, શ્રીકૃષ્ણ, અર્જુન વગેરે સૌ સુસજ્જ થવા બહાર નીકળ્યા. સાત્યકિ-જનાર્દન એક જ રથમાં બેસીને અર્જુનના નિવાસે ગયા. ત્યાં જઈ હૃષીકેશે રથિશ્રેષ્ઠ અર્જુનના શ્રેષ્ઠ વાનરધ્વજવાળા રથને એક સૂતની જેમ (કાર્યકુશળતા અને વિનમ્રતાથી) (કાળજીથી) તૈયાર કર્યો. મેઘસમાન નિર્ઘોષ અને તપાવેલા સોના જેવી કાન્તિવાળો એ સુસજ્જ ઉત્તમ રથ બાલસૂર્યની જેમ શોભતો હતો. પછી પુરુષશાર્દૂલ શ્રીકૃષ્ણે એ રથને આહ્નિક ક્રિયા પતાવી પરવારીને સજ્જ થયેલા અર્જુન આગળ ખડો કર્યો. અર્જુન રથની પ્રદક્ષિણા કરીને બેઠા. અર્જુન બેઠા કે તરત જ સાત્યકિ-શ્રીકૃષ્ણ પણ એમાં બેઠા,

અને જેમ વૃત્રનો વધ કરવા જતા ઇન્દ્રના રથની લગામ માતલિએ પકડી હતી એમ રશ્મિવતાંવર (૧. સારથિશ્રેષ્ઠ ૨. આદિત્યોમાં શ્રેષ્ઠ વિષ્ણુ શ્રીકૃષ્ણ) ગોવિન્દે લગામ ઝાલી. સાત્યકિ-શ્રીકૃષ્ણ સાથે રથમાં બેઠેલા અર્જુન બુધ અને શુક્ર ગ્રહોની સાથે અંધકારનાશન ચંદ્ર શોભે એમ શોભતા હતા. પૂર્વે તારકાસુરનો વધ કરવા જેમ ઇન્દ્રે મિત્ર-વરુણ દેવો સાથે પ્રયાણ કર્યું હતું એમ અર્જુને શ્રીકૃષ્ણ-સાત્યકિ સાથે જયદ્રથના વધ માટે પ્રયાણ કર્યું. જયસૂચક શુભ શકુનો થવા માંડયાં. અર્જુને સાત્યકિને (દ્રોણ કેદ ન કરી શકે તે માટે) ધર્મરાજનું રક્ષણ કરવા ભલામણ કરી. કારણ કે, "જ્યાં વ્યવસ્થિત મહાબાહુ વાસુદેવ છે, અને જ્યાં હું (અર્જુન) છું ત્યાં કોઈ જાતનું પતન સંભવે જ નહિ."[૩૯]

સાત્યકિ 'બહુ સારું' એમ કહી યુધિષ્ઠિર પાસે ચાલ્યા ગયા. (૭-૬૦-૫ થી ૩૪)

* * *

અહીં ધૃતરાષ્ટ્ર સંજય આગળ પોતાનો ગભરાટ વ્યક્ત કરવા લાગ્યો. એમાં શ્રીકૃષ્ણ અંગે બોલ્યોઃ **'સર્વ ભૂતો ઉપરની અનુકમ્પાને લીધે,** શાંતિ કરવાની ઇચ્છાથી જનાર્દન ઉપપ્લવ્યથી હસ્તિનાપુર આવ્યા,[૪૦] ત્યારથી હે સૂત ! હું મૂર્ખ દુર્યોધનને કાયમ કહેતો કે, 'પુત્ર ! વાસુદેવરૂપી તીર્થ દ્વારા તું પાંડવો સાથે સુલેહ કર. મને લાગે છે કે એ સમયોચિત પગલું છે. માટે દુર્યોધન ! તું એમનું અતિક્રમણ કરીશ નહિ. શાંતિ યાચતા અને હિતકારી વાત કહેતા કેશવને તું ધુત્કારીશ તો પણ તારી જીત નહિ થાય. પરન્તુ એણે તો ધનુર્ધરોમાં શ્રેષ્ઠ દાશાર્હને ધુત્કાર્યા અને એમનાં અનુનયભર્યાં વચનોને દુર્યોધને અનીતિથી માન્યાં નહિ' (૭-૬૧-૧ થી ૨૪). વળી જુગાર સામે પોતાનો તથા પુરુમિત્ર અને જય જેવા જુગારીઓ સહિત વિદુર, ભીષ્મ વગેરે મુખ્ય સભાસદોનો વિરોધ, તથા રાજ્ય પાંડવોનું જ છે ઇત્યાદિ વર્ણવી ઉમેર્યું કે,'**...શ્રીકૃષ્ણ ધર્મનો ત્યાગ ન કરે,** અને પેલા (ભીષ્મ, દ્રોણ શલ્ય વગેરે પાંડવોને તારા માટે કહી શકે એવા વડીલો) તો તારા અનુયાયી છે. વળી જો હું પણ એમને ધર્મયુક્ત શબ્દો કહીશ તો તેઓ ઉથાપશે નહિ, કારણ કે પાંડવો ધર્માત્મા છે.'[૪૧] આમ હું ઘણો યે વિલાપ કરતો પણ એ મૂર્ખ સાંભળતો જ નહિ. એટલે હું માનું છું કે કાળ ફરી ગયો છે. જ્યાં વૃકોદર-અર્જુનથી માંડીને મહારથી દ્રુપદ અને નકુલ-સહદેવ જેવા વીરનરો છે તથા જ્યાં મન્ત્રી મધુસૂદન છે, ત્યાં

---

૩૯. न हि यत्र महाबाहुर्वासुदेवो व्यवस्थितः ।
किंचिव्यापद्यते तत्र यत्राहमपि च ध्रुवम् ॥ ૭-૬૦-૩૩

અહીં व्यापद्‌નો મર્યાદિત 'આકૃત કે પતન' અર્થ નહિ હોતાં, શતમુખ વિનિપાત જેવા ઊંડા અર્થ તરફ કવિનો પ્રતીકાત્મક નિર્દેશ જણાય છે.

૪૦. यदाप्रभृत्युपप्लव्याच्छान्तिमिच्छञ्जनार्दनः ।
आगतः सर्वभूतानामनुकम्पार्थमच्युतः ॥ ૭-૬૧-૨૧

૪૧. कृष्णो न धर्मं संजह्यात्सर्वे ते च त्वदन्वयाः ॥ ૭-૬૧-૩૫ ગદ્ય

* * *

આ લોકમાં જીવવાની ઇચ્છાવાળો કયો પુરુષ કદી યુદ્ધ કરે?... જેમની મદદમાં હાથમાં લગામ પકડીને રથમાં (સારથિ તરીકે) વિષ્વક્સેન શ્રીકૃષ્ણ ઊભા છે અને સુસજ્જ અર્જુન જેમનો યોદ્ધો છે, એમનો પરાજય થાય નહિ... '૪૨ મારા આવા પ્રલાપોને દુર્યોધને ધ્યાનમાં લીધા નહિ, ...સંજય! મૂર્ખ, લોભની પાછળ ઘસડાતો, દુર્બુદ્ધિ, વિકૃત ચિત્તવાળો, રાજ્યની લાલસાવાળો, રાગમાં ગળાડૂબ થઈ ગયેલો દુર્યોધન સંગ્રામમાં દુર્નીતિથી વર્ત્યો હતો કે સુનીતિથી તે તું મને કહે.' (૭-૬૧-૧ થી ૫૧)

સર્વપ્રત્યક્ષદર્શી (નજરે નિહાળનાર) સૂત સંજયે ધૃતરાષ્ટ્રને જવાબ આપ્યો : 'જો તમે પિતા તરીકેનું કર્તવ્ય બજાવી દુર્યોધનને કાં તો કેદ કર્યો હોત અથવા તેને સન્માર્ગે વાળીને ધર્મથી વર્ત્યા હોત તો તમે આપત્તિમાં ફસાત નહિ. તમારો વિલાપ તો રાજન્! પાણી વહી ગયા પછી પાળ બાંધવા જેવો નિષ્ફળ છે. તમે તો પ્રાજ્ઞતમ છો તે છતાં **સનાતન ધર્મ** છોડીને દુર્યોધન, કર્ણ, શકુનિને અનુસર્યા. (પ્રજ્ઞાનો દુરુપયોગ કર્યો.) મેં તમારા બધા વિલાપ સાંભળ્યા છે. પણ સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેલા તમારા એ વિલાપ (પાંડવોને ફસાવવા માટે) ઝેર મેળવેલા મધ જેવા હતા. (તમારી બુદ્ધિમત્તાને લીધે) પૂર્વે શ્રીકૃષ્ણ રાજા યુધિષ્ઠિર, ભીષ્મ અને દ્રોણ કરતાં પણ તમારી આંકણી ઊંચી કરતા.૪૩ પણ એમને જ્યારે ખબર પડી કે તમે રાજધર્મથી ભ્રષ્ટ થયા છો, ત્યારથી શ્રીકૃષ્ણ તમારું એવું બહુમાન કરતા નથી...એટલે હવે તમે પુત્રોની નિન્દા કરો છો તે આજે ઉચિત નથી...જે સેનાનું શ્રીકૃષ્ણ-અર્જુન તથા સાત્યકિ-ભીમ રક્ષણ કરતા હોય એની સામે કૌરવો સિવાય બીજું કોણ લડે? જેનો યોદ્ધો ગુડાકેશ અર્જુન, મન્ત્રી જનાર્દન અને ગોપા સાત્યકિ-ભીમસેન છે તેમનો, કૌરવો અને તેમના અનુગામીઓ સિવાય બીજો કયો મર્ત્યધર્મા ધનુર્ધર સામનો કરી શકે?... '૪૪ (૭-૬૨-૧ થી ૨૩)

અને પછી સંજયે યુદ્ધવર્ણન શરૂ કર્યું :

પ્રભાતમાં દ્રોણ કૌરવોની વ્યૂહરચના કરવા માંડ્યા ત્યારે કેટલાક શૂરા સૈનિકો હાકલા-પડકારા કરતા હતા કે, 'ક્યાં છે અર્જુન? ક્યાં છે ગોવિન્દ? ક્યાં છે પેલો અભિમાની વૃકોદર? અને ક્યાં છે એમના સુહૃદો?...' દ્રોણે જયદ્રથને ભૂરિશ્રવા, કર્ણ, અશ્વત્થામા, શલ્ય, વૃષસેન અને કૃપ એ છ મહારથીઓ તથા મજબૂત ચતુરંગી સેનાના રક્ષણ નીચે પોતાનાથી (સેનાની

નાન્યથા પ્રકરિષ્યન્તિ ધર્માત્માનો હિ પાણ્ડવાઃ ॥ ૭-૬૧-૩૬ ગદ્ય

૪૨. યેષામભિમુહસ્તઃ સ્યાદ્વિષ્વક્સેનો રથે સ્થિતઃ ।
સંનદ્ધશ્ચાર્જુનો યોદ્ધા તેષાં નાસ્તિ પરાજયઃ ॥ ૭-૬૧-૪૩

૪૩. પ્રજ્ઞા – લૌકિકી અથવા વ્યવહારુ અને ઋતંભરા – અંગે જુઓ 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, પૃ. ૧૨ થી ૧૭. ધૃતરાષ્ટ્રની આ પ્રજ્ઞા ન તો વ્યવહારુ છે, ન ઋતંભરા એ તો છે કુટિલ બુદ્ધિ.

૪૪. સંજય મારફતે તથા ક્વચિત્ ધૃતરાષ્ટ્ર મારફતે મહાભારતના કવિઓ આ વિચાર વારંવાર રજૂ કરે છે. ('ભીષ્મપર્વ'ના એવા કેટલાક સંદર્ભ માટે જુઓ ખંડ ૪, પ્રકરણ ૧, 'યુદ્ધમન્ત્રી', નોંધ ૧૧); 'દ્રોણપર્વ'ના આવા કેટલાક સંદર્ભ ૯૦-૧થી; ૯૭-૧૧થી; ૧૦૭-૯થી; ૧૦૮-૧થી (ધૃતરાષ્ટ્ર); ૧૧૦-૨૪થી; ૧૧૨-૩૬થી; ૧૨૨-૩૭, ૮૮; ૧૨૬-૩,૪.

પહેલી હરોળથી) ત્રણ ગવ્યૂતિ જેટલે દૂર (૧ ગવ્યૂતિ = ૨ ક્રોશ = ૪૦૦૦ દંડ = ૨૪૦૦૦ ફૂટ. અર્થાત્ કુલ લગભગ ૨૪ કિલોમીટર જેટલે દૂર) સ્થાન સંભાળવાનો હુકમ કર્યો. દ્રોણે (પૂર્વાર્ધમાં) બાર ગવ્યૂતિ અને ઉત્તરાર્ધમાં પાંચ ગવ્યૂતિ વિસ્તારનો ચક્રશકટવ્યૂહ રચ્યો. ઉત્તરાર્ધની વચ્ચે પદ્મવ્યૂહ નામનો દુર્ભેદ્ય ગર્ભવ્યૂહ રચ્યો અને એ પદ્મવ્યૂહની વચ્ચે બીજો સૂચિવ્યૂહ નામનો ગૂઢ વ્યૂહ રચ્યો. એ સૂચિવ્યૂહના મોખરે કૃતવર્મા, કામ્બોજરાજ જલસંધ તથા સ્વયં દુર્યોધન વગેરે ગોઠવાયા હતા. એ બધાની પાછળ મજબૂત દળોની સાથે જયદ્રથ 'સૂચિપાશ'માં ('સૂચિ'વ્યૂહની સોયના નાકામાં અત્યંત સુગુપ્ત રીતે) સ્થાન સંભાળીને ઊભો હતો. (૭-૬૩-૧ થી ૩૩)

સૂર્યોદય થતાં રૌદ્ર મુહૂર્તમાં [દિવસનું પ્રથમ મુહૂર્ત 'રૌદ્ર' હોય છે. જુઓ 'સંસ્કૃતિ' ઑક્ટોબર ૧૯૬૮ના અંકમાં 'સ્થિરબુદ્ધિ દૂત શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા)નું પરિશિષ્ટ પૃ. ૩૮૫, ૩૮૬. શિયાળો હોઈ સવારે લગભગ ૭ વાગે]. અર્જુને ચઢાઈ કરી. આજે પાંડવોની વ્યૂહરચના ધૃષ્ટદ્યુમ્ન અને નકુલપુત્ર શતાનીકે કરી હતી, કારણ કે એ બન્ને વ્યૂહરચનાના નિષ્ણાત હતા. સામે ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્મર્ષણે મોરચો સંભાળ્યો હતો.

સત્યમાં સ્થિર, પ્રતિજ્ઞાને પાર પાડવાની ઇચ્છાવાળા (સારથિ) નારાયણના અનુયાયી નર અર્જુન ઉદય પામેલા સૂર્યની જેમ ધસી જતા દેખાતા હતા. સેનાને મોખરે દુશ્મનના લશ્કર ઉપર બાણનો મારો કરી શકાય એટલા અન્તરે રથ ઊભો રાખીને પ્રતાપી ધનંજયે શંખ ફૂંક્યો. એ સાથે જ અસંભ્રાન્ત (સાવધાન) શ્રીકૃષ્ણે પણ શંખપ્રવર પાઞ્ચજન્યને ઓજસ્-પૂર્વક ગજાવ્યો...આ ઘનઘોર નાદથી દુર્યોધનની સેનામાં ગભરાટ ફેલાયો. (ગભરાટને લીધે) અર્જુનની ધ્વજામાં આલેખેલ વાનર અને બીજાં પ્રાણીઓએ પણ ગર્જના કરવા માંડી (એવું માનીને) કૌરવ સૈનિકો ભયભીત થઈ ગયા. અત્યારે અત્યંત ઉત્સાહમાં આવી ગયેલા અર્જુને શ્રીકૃષ્ણને દુર્મર્ષણ તરફ ઘોડા હાંકવા આદેશ આપ્યો. શ્રીકૃષ્ણે દુર્મર્ષણની ટુકડી તરફ રથ હાંક્યો. અર્જુને આક્રમણ કર્યું અને શત્રુપક્ષના યોદ્ધાઓએ શ્રીકૃષ્ણ-અર્જુન ઉપર બાણોનો વરસાદ વરસાવ્યો ('દ્રોણપર્વ' અ. ૬૪)...અર્જુને દુર્મર્ષણ તથા દુઃશાસનને ભગાડ્યા. ('દ્રોણપર્વ' અ. ૬૫). હવે અર્જુન-દ્રોણ સામસામે આવી ગયા. અર્જુને શ્રીકૃષ્ણની અનુમતિથી દ્રોણને પગે લાગીને આચાર્યના આશીર્વાદ માગ્યાઃ 'બ્રહ્મન્! મારું કલ્યાણ ચિંતવી મને 'સ્વસ્તિ' બોલી આશિષ આપો. આપની કૃપાથી દુર્ભેદ્ય લશ્કરમાં પ્રવેશ ઇચ્છું છું. આપ તો મારા માટે પિતા પાંડુ, ધર્મરાજ અને શ્રીકૃષ્ણ જેવા માન્ય છો, એ હું સત્ય કહું છું...માટે આપના પ્રસાદથી હું સિન્ધુરાજને યુદ્ધમાં મારવા ઇચ્છું છું. માનવશ્રેષ્ઠ! મારી પ્રતિજ્ઞાનું રક્ષણ કરો!' (૭-૬૬-૧ થી ૬)

પણ આચાર્યે તો, 'તું મને જીત્યા વિના જયદ્રથને જીતી શકીશ નહિ' બોલીને શ્રીકૃષ્ણ-અર્જુન પર હુમલો કર્યો (૭-૬૬-૮, ૧૧, ૧૩, ૨૪, ૨૭). અર્જુને આચાર્યનું માન રાખીને વળતો હુમલો કર્યો દ્રોણ-અર્જુનનું આવું યુદ્ધ જોઈને મહાબુદ્ધિમાન વાસુદેવે આજના જયદ્રથ-વધના કાર્યનો વિચાર કરીને ધનંજય અર્જુનને કહ્યું : 'પાર્થ! પાર્થ! મહાબાહુ! આપણે આમ સમય વેડફવો જોઈએ નહિ. न नः कालात्ययो भवेत् । આપણે દ્રોણને છોડીને આગેકૂચ કરીએ. પેલું કાર્ય ઘણું મોટું છે.' (૭-૬૬-૨૮ થી ૩૦)

અર્જુન 'કેશવ! જેવી આપની ઇચ્છા' એમ બોલીને, દ્રોણની પ્રદક્ષિણા કરીને આગળ ધપ્યા. એટલે દ્રોણે પડકાર કર્યો : 'પાંડવ! ક્યાં જાય છે? તું તો શત્રુને જીત્યા વિના રહેતો જ નથી ને!' (૭-૬૧-૩૧, ૩૨)

'પડકાર થતાં પાછું ન ફરવું'[૪૫] એવા વ્રતવાળા અર્જુને આજે તેનાથી વધુ મહત્ત્વની પ્રતિજ્ઞા લીધી હતી. તેથી 'આપ તો મારા ગુરુ છો, દુશ્મન નહિ. હું તો આપનો પુત્રસમો શિષ્ય છું. તમને હરાવે એવો આ જગત્માં કોઈ મરદ નથી!' કહીને અર્જુને આગેકૂચ કરી. વચ્ચમાં બીજી ટુકડીઓ ઉપરાંત નારાયણ ગોપાલોનો પણ ભેટો થયો (૭-૬૬-૩૩ થી, ૩૮થી). દરમિયાન દ્રોણ આગળ ધપતા અર્જુન સામે લડવા પહોંચી ગયા અને શ્રીકૃષ્ણ-અર્જુન બન્ને ઉપર ભારે હલ્લો કર્યો (૭-૬૩-૧ થી ૧૫). પછી તો યાદવ કૃતવર્માએ પણ શ્રીકૃષ્ણાર્જુનને વીંધી નાખ્યા. અર્જુન કૃતવર્મા સામે લડવા મચી પડ્યા. એ જોઈને શ્રીકૃષ્ણે (પુનઃ) વિચાર્યું કે न नः कालात्ययो भवेत्। એટલે તુરત જ અર્જુનને સૂચના આપી : 'કૃતવર્મા ઉપર દયા ન કર. કૌરવોનો સંબન્ધી સમજી એને હંફાવીને મારી નાખ.' એટલે અર્જુન કૃતવર્માને હંફાવી બેભાન બનાવીને આગળ ધપ્યા. આગળ વધતાં કલિંગના રાજા શ્રુતાયુધે શ્રીકૃષ્ણ અને અર્જુન ઉપર હુમલો કર્યો. અર્જુનના આક્રમણથી શ્રુતાયુધ ખૂબ પિડાયો. એટલે એણે ગભરાટમાં વરુણે મન્ત્રીને આપેલી અમોઘ ગદા, જે યુદ્ધમાં ન ઊતર્યો હોય તેના ઉપર ફેંકવામાં આવે તો ફેંકનાર ઉપર જ આવીને પડે તે, યુદ્ધ નહિ કરનારા શ્રીકૃષ્ણ ઉપર ઝાપટી. શ્રીકૃષ્ણે એને પોતાના પુષ્ટ ખભા ઉપર ઝીલી લીધી અને જેમ વાવાઝોડાથી વિન્ધ્યાચળ ડગે નહિ એમ શ્રીકૃષ્ણ ક્રમ્યા નહિ. જ્યારે ગદાએ તો કૃત્યાની જેમ પાછી વળીને શ્રુતાયુધનો પ્રાણ લીધો (૭-૬૩-૩૩ થી, ૩૭ થી, ૫૧ થી ૫૬).

શ્રુતાયુધના પતન પછી કામ્બોજરાજના પુત્ર સુદક્ષિણે શ્રીકૃષ્ણ-અર્જુનને વીંધી નાખ્યા. અર્જુને એને મારી નાખ્યો (૭-૬૭-૬૨ થી ૭૧). અર્જુન ઉપર ધસી જનારાઓમાં શૂરસેનો (યાદવો) પણ હતા (૭-૬૮-૨). આ ધમસાણમાં અમ્બષ્ઠોના રાજા શ્રુતાયુ અને (તેના ભાઈ?) અચ્યુતાયુએ અર્જુન ઉપર હુમલો કર્યો. તેમાં ય શ્રુતાયુએ અર્જુનને તોમર(એક

---

૪૫ आहूतो न निवर्तेयमिति मे व्रतमाहितम् ॥ ૭-૧૬-૩૯ ક્ખ

પ્રતિજ્ઞાપાલનમાં વિવેકબુદ્ધિ હોવી જ જોઈએ. અર્થાત્ પ્રતિજ્ઞા ધર્માનુસારિણી, કોઈ સદ્ મૂલ્યોનું રક્ષણ કરનારી હોય જ. અહીં અર્જુને વિવેક કરી દ્રોણનું આહ્વાન છતાં, આગેકૂચ જારી રાખી છે.

યુધિષ્ઠિરનું વ્રત પણ आहूतो न निवर्तेयमिति मे व्रतमाहितम्। (૨-૫૨-૧૩ ક્ખ) હતું. એટલે સમજવા છતાં, ભારે વિરોધ કરીને પણ અન્તે સક્રિય વિવેકબુદ્ધિના અભાવે દ્યૂત રમ્યા અને પરિણામે દુઃખોની પરંપરાઓ વેઠતાં વેઠતાં મહાયુદ્ધના મુખ્ય આગેવાન બન્યા. વધુ માટે જુઓ 'દ્રૌપદીવસ્ત્ર-પૂરણનું અર્થઘટન' (ઉ. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય', પુસ્તક ૪, અંક ૩, અક્ષયતૃતીયા અંક સં. ૨૦૨૩, પૃ. ૨૪૨, ૨૫૦ અને 'આરણ્યકપર્વ' ૬-૭થી ૯ના સંદર્ભો.

'બીજાને ગાંડીવ આપી દે' એમ કહેનારનું માથું કાપવાની પ્રતિજ્ઞાનું ઘેલું અર્થઘટન કરી અર્જુન, જેને રાજ્ય અપાવી સમ્રાટ બનાવવા યુદ્ધ કરતા હતા, તે યુધિષ્ઠિરનું મસ્તક કાપવા તૈયાર થયા હતા. તેમને શ્રીકૃષ્ણે ધર્માધર્મનિર્ણય આપી અકાર્ય કરતાં અટકાવ્યા હતા તે પ્રસંગ જુઓ 'કર્ણપર્વ', પ્ર. ૪૯થી.

પ્રકારના ભાલા)થી ગાઢ વીંધી નાખ્યા. અર્જુન મૂર્ચ્છાવશ થયા. શ્રીકૃષ્ણ ગભરાટમાં પડ્યા. એવામાં અચ્યુતાયુએ અર્જુનને શૂળથી પ્રહાર કર્યો. આ પ્રહાર ઘા ઉપર મીઠું છાંટવા જેવો થઈ પડ્યો. અને અર્જુન રથના ધ્વજદંડને ખાઝી પડ્યા. કૌરવો તો અર્જુનને મૃત્યુ પામેલા માનીને સિંહનાદ કરવા માંડ્યા. અર્જુનને અચેતન જોઈને શ્રીકૃષ્ણને ભારે સંતાપ થયો. એમણે અત્યંત હૃદ્ય વાણીથી અર્જુનને સાન્ત્વન આપવા માંડ્યું. પણ એટલામાં તો શ્રુતાયુ-અચ્યુતાયુએ શ્રીકૃષ્ણ-અર્જુનને શરવર્ષાથી ઢાંકી દીધા. દરમિયાન જાણે કે પ્રેતરાજના નગરની મુસાફરી કરીને પાછા આવ્યા હોય એમ અર્જુન આસ્તે આસ્તે ભાનમાં આવ્યા. શ્રીકૃષ્ણસહિત રથને બાણજાળમાં સપડાયેલો જોયો. એમણે શક્રાસ્ત્ર (ઇન્દ્રાસ્ત્ર) મૂકીને શ્રુતાયુ-અચ્યુતાયુને મારી નાખ્યા (૭-૬૮-૧ થી ૨૫). અને જાણે શ્રીકૃષ્ણરૂપી વાયુથી ધમાયેલો, બાણરૂપી જ્વાળાવાળો ધનંજયરૂપી અગ્નિ ક્રોધાયમાન થઈને કૌરવોના લશ્કરરૂપી વનને ભસ્મીભૂત કરી નાખતો હોય એમ એમણે વેગીલી આગેકૂચ કરવા માંડી. એવામાં શ્રુતાયુ નામના (બીજા) અશ્વારોહે અર્જુનને ગદા મારી. અર્જુને ગદા તોડી નાખી. શ્રુતાયુએ ફરીથી અર્જુન-વાસુદેવ ઉપર બીજી ગદા વીંઝવા માંડી. પણ અર્જુને એનો વધ કર્યો. (૭-૬૮-૨૬ થી ૬૬)

આમ જયદ્રથનો વધ કરવા માટે કૌરવોની હરોળોને છિન્નભિન્ન કરીને અર્જુન સેનામાં દાખલ થઈ ગયા. એટલે દુર્યોધન દ્રોણ પાસે દોડ્યો. જેમ ભીષ્મને અપમાનીને કડવાં વચન કહેતો એમ એણે દ્રોણને પણ, 'તમને હું ભારે પગાર આપું છું,' તથા 'તમને હું મધ ચોપડેલા અસ્ત્રા જેવા નહોતો જાણતો...' વગેરે સંભળાવીને જયદ્રથની રક્ષા કરવા પ્રેર્યા.

દ્રોણે સંયમ રાખી ઉત્તર આપ્યો : 'હું તારા પર ક્રોધ નથી કરતો. તું તો મારે મન અશ્વત્થામા સમો છે; પણ હું તને સત્ય હકીકત કહું છું તે માનઃ

सारथिः प्रवरः कृष्णः शीघ्राश्चास्य हयोत्तमाः ।
अल्पं च विवरं कृत्वा तूर्णं याति धनंजयः ॥ ६-६९-२०

શ્રીકૃષ્ણ સારથિપ્રવર છે. એના ઉત્તમ ઘોડા શીઘ્રવેગી છે. એટલે થોડું પણ છિદ્ર કરીને ધનંજય ઝડપથી આગેકૂચ કરે છે. અરે! શું તું એટલું યે જોતો નથી કે અર્જુનનાં ક્રોશ (= ½ ગવ્યૂતિ) સુધી દૂર જનારાં બાણના જત્થા એના રથની પાછળ હોય છે, એટલો એનો તીવ્ર વેગ છે!...વળી મારે તો યુધિષ્ઠિરને કેદ કરવા છે, તેથી હું અર્જુન સાથે નહિ લડું. માટે વીર! તું પોતે જ અર્જુન સામે લડવા દોડી જા!' (૭-૬૯-૧૯ થી ૨૬)

પરન્તુ દુર્યોધન તો અર્જુનની સામે જતાં ડરતો હતો! દ્રોણે એને હિમ્મત આપી : 'ખરેખર ધનંજય દુર્ધર્ષ છે. પણ આજે મારી કરામતથી તું એને સહન કરી શકીશ. આજે સર્વ ધનુર્ધરો અને વાસુદેવ, અર્જુનને તારી સામે પૂરી તાકાતથી લડતાં જોઈ રહેશે.' એમ બોલીને અભિમન્ત્રિત કરેલું કવચ પહેરાવ્યું, જેને લીધે 'શ્રીકૃષ્ણ, અર્જુન કે બીજા કોઈ પણ શસ્ત્રધારીનું શર ('શર' શબ્દ અહીં કોઈ પણ શસ્ત્રાસ્ત્રના અર્થમાં છે.) દુર્યોધનને ઈજા કરી શકે જ નહિ.' (૭-૬૯-૨૭ થી ૪૦; કવચબન્ધનના મન્ત્રો, ૭-૬૯-૪૧ થી ૪૮; કવચની ગુરુશિષ્ય-પરંપરાઃ બ્રહ્માના સૂચનથી મહેશ્વર > ઇન્દ્ર > અંગિરા > બૃહસ્પતિ > અગ્નિવેશ્ય > દ્રોણ. ૭-૬૯-૫૨ થી ૬૭)

કવચ બાંધીને દ્રોણ બોલ્યા : 'પૂર્વે જેમ હિરણ્યગર્ભે (બ્રહ્માએ) વિષ્ણુને અને ઇન્દ્રને રણસંગ્રામમાં કવચબન્ધન કર્યું હતું એવી રીતે હું આ કવચ તને બ્રહ્મસૂત્રથી (બ્રહ્માનું સૂચન અને શિક્ષણ : પં. નીલકંઠ) પહેરાવું છું.' (૭-૬૯-૬૩ થી ૭૦)

આમ અર્જુન-શ્રીકૃષ્ણ કૌરવી સેનાને ભેદીને આગળ વધ્યે જતા હતા, ત્યારે અભેદ્ય કવચ પહેરીને દુર્યોધને એમના ઉપર પાછળથી આક્રમણ કર્યું અને નિર્મર્યાદ રોમહર્ષણ સંગ્રામ ખેલાવા માંડ્યો. ('દ્રોણપર્વ,' ૬૯-૭૧ થી ૭૫; અ. ૭૦ થી ૭૩)

એમ કરતાં મધ્યાહ્ન થઈ ગયો. સૂર્ય નમવા માંડ્યો. બન્ને સૈન્યો લડવામાં તલ્લીન હતાં. ત્યારે અર્જુન-વાસુદેવ (પ્રતિજ્ઞા યાદ રાખીને) જયદ્રથ તરફ ધસ્યે જતા હતા. જનાર્દન જે બાજુ રથ હાંકતા તે બાજુ અર્જુન તીક્ષ્ણ બાણો મૂકીને (સૈનિકો સાફ કરી નાખી) રસ્તો કરી દેતા હતા. એમ જ્યાં જ્યાં મહામર્દ અર્જુનનો રથ જતો ત્યાં ત્યાં કૌરવી સેના છિન્નભિન્ન થઈ જતી. વીર્યવાન દાશાર્હ શ્રીકૃષ્ણ રથને ઉત્તમ, મધ્યમ અને અધમ મંડળોમાં ઘુમાવીને પોતાની રથશિક્ષા—સારથિપ્રવરપણું દર્શાવતા હતા. રથમાં ઊભેલા અર્જુનનાં (શીઘ્રવેગી) બાણ રથથી એક ક્રોશ દૂર જતાં, પણ અર્જુનનો (શીઘ્રતરવેગી રથ) એ ક્રોશ ઓળંગીને આગળ જાય ત્યારે એ બાણ શત્રુઓને મારતાં! હૃષીકેશ, ગરુડ અને મરુત્ સમાન વેગવાળા તાલીમબદ્ધ ઘોડાઓને આ રીતે હાંકીને સમગ્ર જગત્ને આશ્ચર્યમાં ડુબાડી દેતા હતા! અર્જુનનો મનના અભિપ્રાય જેવા વેગવાળો રથ જે શીઘ્ર ગતિએ દોડતો હતો તે ઝડપે સૂર્ય, ઇન્દ્ર, ચન્દ્ર, કુબેર કે બીજા કોઈનો ય રથ રણસંગ્રામમાં દોડ્યો નથી. (આવી રીતે દોડાવતાં દોડાવતાં) શત્રુસેનાની મધ્યમાં પ્રવેશીને પણ પરવીરહા શ્રીકૃષ્ણે અશ્વોને (વળી વધુ) ત્વરાથી હાંકયા. પરન્તુ હવે સંખ્યાબંધ રથોની વચ્ચે આવ્યા પછી અશ્વો મહામહેનતે આગળ વધવા માંડ્યા. એમને ભૂખ, તરસ, થાક અને શસ્ત્રોના ઘા લાગ્યાં હતાં. તે છતાં પળે પળે વિવિધ મંડળોમાં ઘૂમીને મરી ગયેલા હાથી, ઘોડા, રથ અને યોદ્ધાઓની આડશો પાર કરવી પડતી હતી. એવામાં અવંતિના વિન્દ-અનુવિન્દ બે ભાઈઓ('ભાગવત' ૧૦-૫૮-૩૦, ૩૧ મુજબ શ્રીકૃષ્ણના સાળા, મિત્રવિન્દાના ભાઈઓ)એ અર્જુન-શ્રીકૃષ્ણ ઉપર હુમલો કર્યો. વિન્દે તીરથી અને અનુવિન્દે ગદાથી. અનુવિન્દે તો શ્રીકૃષ્ણને લલાટમાં ગદા મારી, પણ મૈનાક પર્વત જેવા અડોલ શ્રીકૃષ્ણ ડગ્યા નહિ. એ બંનેને અર્જુને (આયાસથી) મારી નાખ્યા (૭-૭૪-૧ થી, ૧૭ થી ૩૨). બંને મહાયોદ્ધાઓ પડતાં કૌરવો પહેલાં તો ગભરાયા, પરંતુ પછી અર્જુનને (તથા તેના ઘોડાને પણ) થાકેલા જોયા તથા જયદ્રથ હજુ દૂર છે એ જોઈને પુનઃ ઉત્સાહમાં આવીને એમને ઘેરી વળ્યા. કૌરવોને એ રીતે ધસી આવતા જોઈને પુરુષશ્રેષ્ઠ અર્જુન મંદ મંદ હસીને શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા : 'આપણા ઘોડા બાણોથી ઘવાઈને ગ્લાનિ પામ્યા છે. જયદ્રથ દૂર છે. માટે આપણે અત્યારે કયું મહત્તમ કાર્ય પહેલું કરવું જોઈએ? આપને શું કરવું ગમે છે? તમે સર્વદા **પ્રાજ્ઞતમ** છો એટલે મને બરાબર—યથાતત્ત્વ—કહો. ખરેખર આપના નેતૃત્વ નીચે પાંડવો શત્રુઓને જીતી લેશે જ. મને તો લાગે છે કે ઘોડાઓને છોડો. એમનાં શલ્ય ખેંચી કાઢો. ઔષધ લગાવી એમને શાન્ત કરો.' (૭-૭૪-૩૩ થી ૩૮)

કેશવે પ્રત્યુત્તર આપ્યો : 'પાર્થ! મારો પણ એ જ મત છે.' (૭-૭૪-૩૯)

[અહીંથી શ્રીકૃષ્ણની ઉત્તમ અશ્વશિક્ષા અને અર્જુનની એવી જ ઉત્તમ શસ્ત્રાસ્ત્રશિક્ષાની મહત્તા વધારવા માટે રચાયેલું સુંદર પુરાણ છે. એમાં, ' અર્જુન રથમાંથી ઊતર્યા. કૌરવસેનાને ખાળી. તે સાથે જ ઘોડાઓને પખાળવા જળાશય અને આરામ લેવા શરગૃહ તૈયાર કર્યું, અને શ્રીકૃષ્ણે ઘોડાઓના શરીરમાંથી શલ્ય ખેંચી કાઢ્યાં, તેમને પખાળ્યા. પાણી પાયું. ખવડાવ્યું. લોટાવ્યા. તાજા બનાવ્યા. પુનઃ રથમાં જોડ્યા અને પુનઃ વેગપૂર્વક આગેકૂચ કરવા માંડી ' એવું વર્ણન છે. ૭-૭૪-૪૦ થી, ૭૫-૧ થી ૨૭; જુઓ ૧-૧-૧૩૬. સેનાપતિઓના પણ નેતા પ્રાજ્ઞતમ શ્રીકૃષ્ણે કરેલી ગણતરીપૂર્વકની વ્યવસ્થાથી ચાલુ રણસંગ્રામની મધ્યમાં અર્જુનને માટે તાજામાજા ઘોડા જોડેલો નવો રથ સહીસલામત આવેલો હશે. તેમાંથી આ અદ્‌ભુતરસથી ભરપૂર પુરાણ જન્મ્યું હોય એમ સંભવે છે.]

હવે સૂર્ય નમ્યો હતો અને અર્જુન પાણી પીને તાજા થયેલા ઘોડાઓ જોડેલા રથથી ક્રુદ્ધ અન્તકની જેમ ધસ્યે જતા હતા. શ્રીકૃષ્ણ પણ બગલા જેવા સફેદ ઘોડાઓને ઝડપથી દોડાવીને સૈન્યમાં ઊંડે ઘૂસ્યે જતા હતા અને પાંચજન્યનો નિર્ઘોષ કર્યે જતા હતા. અર્જુનના વાયુવેગી ઘોડા ઉત્તરોત્તર વધતા વેગથી દોડ્યે જતા હતા....ચોગરદમ ઊડતી ધૂળથી સૂર્ય અત્યંત ઢંકાઈ ગયો હતો અને બાણોના મારાથી પિડાતા કૌરવ સૈનિકો બન્ને કૃષ્ણોની સામે જોઈ પણ નહોતા શકતા ! (૭-૭૫-૨૯ થી ૩૬)

વાસુદેવ-ધનંજયને સૈન્યોને ઉલ્લંઘતા આવી રહેલા જોઈને ડરને લીધે જાણે કે કૌરવોની મજ્જા ઢીલી પડી ગઈ (ગાત્ર ગળી ગયાં). તે છતાં જે હ્રીમાન અને સત્ત્વશીલ યોદ્ધાઓ અર્જુનની સામે લઢવા ગયા તેઓ તો જેમ સાગરમાં સમાઈ જતી નદીઓ પાછી ફરતી નથી એમ પાછા ફરી શકયા નહિ ! અને જે ડરકણો ભાગ્યા તેઓ તો વેદથી વિમુખ થયેલા નાસ્તિકોની જેમ કલેશ પામીને નરકમાં પડ્યા (જગત્‌ના ધિક્કારને પામ્યા. સર૰ संभावितस्य चाकीर्तिर्मरणाद-तिरिच्यते ॥ ગીતા ૨-૩૪ ગદ્ય). સામે બન્ને નરોત્તમ શ્રીકૃષ્ણ-અર્જુન રાહુથી મુક્ત થયેલા બે સૂર્યની જેમ સંગ્રામમાં પ્રકાશ વેરી રહ્યા હતા. મહાજાળને તોડીને બહાર નીકળેલાં બે માછલાંની જેમ સેનારૂપી જાળમાંથી મુક્ત થયેલા બન્ને કૃષ્ણ અમરહિત જણાતા હતા. શસ્ત્રસુસજ્જ દ્રોણની દુર્ભેદ્ય સેનાઓની પકડમાંથી મુક્ત થયેલા બન્ને મહાત્માઓ પ્રલયકાળે ઊગેલા પ્રચંડ સૂર્યની જેમ તપી રહેલા દેખાતા હતા. અસ્ત્રશસ્ત્રોના સંકટમાંથી છૂટેલા બન્ને મહાત્માઓ શત્રુઓને સંકટકારી દેખાતા હતા. અગ્નિ જેવા સ્પર્શવાળા મગરના મુખમાંથી છૂટેલા ઝષો(મહામત્સ્યો)ની જેમ એ બન્ને (સેનાના ઘેરામાંથી) મુક્ત થઈને સમુદ્રને ખળભળાવતા મગરોની જેમ કૌરવસેનાને ખળભળાવતા હતા. જ્યારે એ બન્ને દ્રોણના નેતૃત્વવાળા સેનાભાગમાં હતા ત્યારે કૌરવો એમ માનતા હતા કે આ બન્ને કદી પણ દ્રોણને ઓળંગીને આગેકૂચ કરી શકશે નહિ. પરંતુ એ બન્ને મહાતેજસ્વીઓને દ્રોણના લશ્કરને ઓળંગીને આગળ ધસતા જોઈને એમણે જયદ્રથના જીવનની આશા મૂકી દીધી. આ બન્ને દ્રોણ અને કૃતવર્માના સકંજામાંથી છૂટી શકશે જ નહિ એવી કૌરવોને ભારે આશા હતી. પરન્તુ એ આશાને વિફળ કરીને બન્ને પરંતપો દ્રોણ તથા કૃતવર્માની દુસ્તર સેનાઓને તરી ગયા. આમ પ્રજ્વલિત આગ જેવા એ બંનેને નિહાળીને કૌરવો જયદ્રથના જીવન માટે નિરાશ થઈ ગયા. (૭-૭૬-૧ થી ૧૪)

કૌરવો નિરાશામાં અટવાતા હતા ત્યારે (સ્વયં) નિર્ભય અને (દુશ્મનોનો) ભય વધારનાર શ્રીકૃષ્ણ-અર્જુન જયદ્રથ ઉપર નિશાન માંડીને વાતો કરતા હતા : 'છ મહારથીઓની સંરક્ષણ હરોળો વચ્ચે રહેલો જયદ્રથ આપણી નજરે ચઢ્યો છે. હવે એ આપણી ઝપટમાંથી છૂટવાનો નથી. કદાચ દેવગણો સાથે સ્વયં ઇન્દ્ર એનું રક્ષણ કરશે તોપણ આપણે એને મારી નાખીશું !' (૭-૭૬-૧૫ થી ૧૭). નિર્જળ રણપ્રદેશ ઉલ્લંઘીને આવેલા તરસ્યા બે હાથી જેમ પાણી પીને શાન્ત થાય તેમ તથા વાઘ, સિંહ, હાથીઓથી ભરપૂર પર્વતને સલામત ઓળંગીને જરામૃત્યુરહિત થયેલા વૈશ્યોની જેમ એ બંને પ્રસન્ન દેખાતા હતા. એમનો મુખવર્ણ એવો દીપતો હતો કે કૌરવો માનવા લાગ્યા કે આ બંને જરા-મૃત્યુરહિત છે ! ઝેરી સાપ અને સળગતી આગ જેવા દ્રોણ વગેરે મહારથીઓની પકડમાંથી શ્રીકૃષ્ણ-અર્જુનને છૂટી ગયેલા જોઈને કૌરવો કોલાહલ કરવા લાગ્યા ! અને આ બંને તો દ્રોણના સાગરપ્રમાણ લશ્કરને તરી જઈને, સાગર પાર કરી દીધો હોય એવા પ્રસન્ન જણાતા હતા. દ્રોણ-કૃતવર્માના ઢગલાબંધ શસ્ત્રોના મારામાંથી છૂટેલા, દ્રોણનાં તીક્ષ્ણ બાણોથી વ્યાપ્ત થયેલા અને ઘામાંથી રુધિર ઝરવાને લીધે લાલ કરેણુવાળા પર્વત જેવા શોભતા; શક્તિઓરૂપી ઝેરી નાગ, લોખંડી બાણોરૂપી મગર અને ક્ષત્રિયશ્રેષ્ઠોરૂપી જળવાળા દ્રોણરૂપી ધરામાંથી છૂટેલા; પણછના ઘોષરૂપી ગર્જનાવાળા અને ગદા-તલવારરૂપી ચમકતી વીજળીવાળા દ્રોણનાં અસ્ત્રોરૂપી મહામેઘમાંથી છૂટેલા એ બંને વીરો ઇન્દ્ર-અગ્નિની જેમ અથવા સૂર્યચન્દ્રની જેમ પ્રકાશતા હતા. (મહારથીઓરૂપી) મહાગ્રાહવાળી, વર્ષાઋતુમાં જળથી ભરપૂર સિન્ધુ વગેરે સમુદ્રગામિની છ નદીઓ જેવી કૌરવી સેનાને મહાધનુર્ધર અને વિશ્વવિખ્યાત યશવાળા શ્રીકૃષ્ણ-અર્જુન બે બાહુઓથી તરી ગયા એમ સૌ પ્રાણીઓ માનવા લાગ્યાં; અને હવે રુરુ મૃગનો શિકાર કરવા ટાંપી રહેલા બે વાઘની જેમ એ બંને (પ્રમાણમાં) સમીપ રહેલા જયદ્રથને એકીટસે નિહાળી રહ્યા હતા. એમનો મુખભાવ જોઈને કૌરવ યોદ્ધાઓ માનવા લાગ્યા કે 'જયદ્રથ માર્યો જ ગયો હતમેવ જયદ્રથમ્।' મોટી ભુજાઓ અને લાલચોળ નેત્રોવાળા સુસજ્જ શ્રીકૃષ્ણાર્જુન જયદ્રથને જોઈને ઓકી સાથે વારંવાર ગર્જવા લાગ્યા. હાથમાં લગામવાળા શૌરિ શ્રીકૃષ્ણ અને ધનુર્ધારી અર્જુન સૂર્ય-અગ્નિની જેમ દીપતા હતા, અને માંસને જોઈને જેમ બાજ ઉત્સાહમાં આવી જાય, એમ જયદ્રથને જોઈને જુસ્સામાં આવી ગયા તથા બાજની જેમ જયદ્રથ ઉપર તરાપ મારી. શ્રીકૃષ્ણ-અર્જુનને આમ ધસી ગયેલા જોઈને દુર્યોધન જયદ્રથના રક્ષણ માટે ચઢી આવ્યો તથા શ્રીકૃષ્ણ-અર્જુનને (તેમના રથના પાર્શ્વ તેમ જ પૃષ્ઠરક્ષકોને) ઉલ્લંઘીને (દ્રોણના અભેદ્ય કવચબન્ધન તથા પોતાની અશ્વવિદ્યાની જાણકારી ઉપરના વિશ્વાસથી) પુંડરીકાક્ષ શ્રીકૃષ્ણની બરાબર સામે જ આવી પહોંચ્યો. (૭-૭૬-૨૯થી ૪૧)

દુર્યોધનને ચઢી આવેલો જોઈને શ્રીકૃષ્ણે અર્જુનને સમયોચિત સૂચના આપી : 'ધનંજય ! (શત્રુપક્ષના) સૌથી અધિક આ દુર્યોધનને જો. એ અતુલ મહારથી છે, પણ મને લાગે છે કે (આપણી પકડમાં આવ્યો છે તેથી) એ આપત્તિમાં સપડાયો છે. એ દૂર સુધી બાણ ફેંકનાર, મહાધનુર્ધર, તાલીમબદ્ધ, યુદ્ધમાં મદોન્મત, દઢાસ્ત્રવાળો, અનેક પ્રકારનાં યુદ્ધ કરનાર અને મહાબળવાન છે, અત્યન્ત સુખમાં ઊછર્યો છે, મહારથીઓમાં સન્માનિત છે, સતત પ્રવૃત્તિશીલ છે અને પાંડવોનો સદા દ્વેષી છે. તેની સાથેનુંતારું યુદ્ધ સમયસરનું છે એમ મને લાગે છે. તમારું યુદ્ધરૂપી આ દ્યૂત વિજય કે પરાજય માટે છે.

માટે પાર્થ ! ચિરકાળથી સંચિત કરેલું ક્રોધરૂપી ઝેર ઓક.[૪૬] આ મહારથી જ પાંડવોનાં દુઃખોનું મૂળ છે. એ બાણની મર્યાદામાં આવી પડ્યો છે, તેને તું સિદ્ધિ જ માનજે. નહિ તો રાજ્યલોભી આ રાજા (જાન જોખમમાં મૂકીને) તારી સામે લડવા શા સારુ આવે ? એ તારાં બાણોનું નિશાન બન્યો છે, તે સદ્‌ભાગ્ય છે. માટે ધનંજય ! એ મૃત્યુ પામે એમ કર. ઐશ્વર્યના મદથી ફાટી ગયેલા એને દુઃખ પડ્યું નથી. એ તારા વીર્યને જાણતો નથી ! (હવે ઉત્સાહ સિંચતાં કહે છે :) પાર્થ ! દેવ-અસુર-મનુષ્ય સહિતના ત્રણે લોકો તને યુદ્ધમાં જીતવાની હામ ભીડી શકતા નથી તો આ એક દુર્યોધનનું શું ગજું છે ? પાર્થ ! સદ્‌ભાગ્યે એ તારા રથની નજીક આવી ગયો છે, માટે મહાબાહો ! પુરંદર જેમ વૃત્રને હણે એમ એને હણી નાખ. અનઘ ! તારું ભૂંડું કરવા એ સતત મહેનત કર્યા જ કરે છે. એણે જ ધર્મરાજને કપટથી દ્યૂતમાં છેતર્યા હતા. માનદ ! વાંકગુના વિનાના તમારા ઉપર એ પાપબુદ્ધિએ અનેક પ્રકારના ઘોર અત્યાચાર કર્યા છે. માટે પાર્થ ! **યુદ્ધમાં આર્યબુદ્ધિ ધારણ કરીને** એ **અનાર્ય**, સ્વચ્છંદી અને ક્ષુદ્ર માણસને (બીજું કંઈ) વિચાર્યા વિના ઠાર કર. છળથી તમારું રાજ્ય પડાવી લઈને વનવાસ આપ્યો અને કૃષ્ણાને દુઃખ દીધું તેનું હૃદયમાં સ્મરણ કરીને પરાક્રમ દર્શાવ. સદ્‌ભાગ્યે એ તારા બાણભારાની મર્યાદામાં ઘૂમે છે અને (જયદ્રથવધના) આપણા કાર્યને નિષ્ફળ કરવા રણમોખરે પ્રયત્ન કરે છે. વળી તારી સાથે જ લડવાનું છે એની સદ્‌ભાગ્યે તેને જાણ છે. તેથી દૈવસંજોગે તારી સર્વ અભિલાષાઓ સફળ થશે.

પૂર્વે ઇન્દ્રે દેવાસુરસંગ્રામમાં જેવી રીતે જમ્ભને[૪૭] માર્યો હતો એમ પાર્થ ! તું કુલાધમ દુર્યોધનને ઠાર માર. એ મરતાં અનાથ કૌરવસેના ભેદાઈ જશે. દુરાત્માઓના મૂળરૂપ દુર્યોધનને કાપી નાખીને, એની સાથેના વૈરનું અવભૃથસ્નાન કર—વૈરનું સમાપન કર.' (૭-૭૬-૪૨; ૭૭-૧ થી ૧૮)

અર્જુને 'બરાબર છે. જો એ કાર્ય અવશ્ય કરવા જેવું જ હોય તો બધું પડતું મૂકીને દુર્યોધન તરફ ચાલો.....આજના યુદ્ધમાં હું એનું મસ્તક છેદીશ. પણ માધવ ! દુઃખ વેઠવાને અયોગ્ય એવી દ્રૌપદીનો ચોટલો વીંખનારા સામે હું પગલાં તો ભરી શકીશ ને?

---

૪૬. अत्र क्रोधविषं पार्थ विमुञ्च चिरसंभृतम् । ૭-૭૭-૫ કખ

ગીતાના સાર્વભૌમ ઉપદેશ **निर्वैरः सर्वभूतेषु । युध्यस्व विगतज्वरः ।** जहि शत्रुं महाबाहो कामरूपं (क्रोधरूपं) दुरासदम् । तस्मात् सर्वेषु कालेषु मामनुस्मर युध्य च ।થી આ વચન વેગળાં છે, અને તેથી હિંસક યુદ્ધની (એ ગમે તેટલું न्याय्य હોય તો પણ તેની) મર્યાદાનાં સૂચક છે.

સર૦ ગાંધીજીના ઉદ્‌ગાર : 'જેનામાં ક્રોધ છે તેનામાં ઝેર છે જ... બાએ મને ઘણી વાર ઝેરીલો ગણ્યો છે એવું મને સ્મરણ છે. હું તેના (કસ્તુરબાના) આરોપનો કેમ ઇન્કાર કરું ?...જે વચન પૂર્ણપણે સત્ય ને અહિંસામય છે તે કદી કોઈને ન જ ડંખે. પ્રથમ ડંખ જેવું લાગે એ જુદી વાત છે, પણ એવું અનુભવનાર જ પાછળથી તેના અમૃતનો સ્વીકાર કરે છે.' ('મહાદેવભાઈની ડાયરી' પુ. ૩, પૃ. ૮૧, પ્રેમાબ્ધિન કંટક ઉપરના પત્રમાંનું અવતરણ)

૪૭. જમ્ભના વધની કથા માટે જુઓ 'ભાગવત' ૮-૧૧-૧૩થી.

(૭-૭૭-૧૯ થી ૨૧.) આમ અરસપરસ ચર્ચા કરતા ઉત્સાહથી ઊછળતા શ્રીકૃષ્ણાર્જુન દુર્યોધન તરફ ધસ્યા. શ્રીકૃષ્ણાર્જુન નજીક આવ્યા તો પણ દુર્યોધન ડર્યો નહિ, ઊલટું બન્નેને અટકાવી રાખ્યા. તેથી કૌરવપક્ષી યોદ્ધાઓ હર્ષનાદ કરવા માંડ્યા. અને દુર્યોધને રોષે ભરાયેલા શ્રીકૃષ્ણ-અર્જુનને પડકાર્યા. એટલે અત્યંત જુસ્સામાં આવીને શ્રીકૃષ્ણાર્જુન મહાનાદ કરતાં કરતાં શંખનો નિર્ઘોષ કરવા લાગ્યા. શ્રીકૃષ્ણ-અર્જુનનો જુસ્સો જોઈને રાજા દુર્યોધન આગમાં હોમાઈ ગયો છે માનીને કૌરવો શોક કરવા લાગ્યા. સૈનિકો રાડો પાડવા લાગ્યા કે, 'રાજા મુઆ, રાજા મુઆ'. પરન્તુ દુર્યોધને ઉત્તર દીધો, 'તમે ખીશો નહિ. હું કૃષ્ણ-અર્જુનને મૃત્યુ પાસે મોકલી દઉં છું!' અને પછી આહ્વાન કર્યું : 'પાર્થ! તારામાં અને કેશવમાં જે બળ તથા સામર્થ્ય રહેલું હોય તે મારા પર ઝટ અજમાવ. અમે તારી મર્દાનગી જોઈએ તો ખરા...' (૭-૭૭-૨૨ થી ૩૮)

એણે શ્રીકૃષ્ણાર્જુનને વીંધી નાંખ્યા. શ્રીકૃષ્ણને છાતીમાં દશ બાણ માર્યાં, અને એક ભલ્લ (ભાલા જેવા) બાણથી શ્રીકૃષ્ણના હાથમાંની ચાબૂકને કાપીને ભોંય પર પાડી દીધી. અર્જુને સામો પ્રહાર કર્યો, પરન્તુ અર્જુનનાં અઠ્ઠાવીસ બાણ નિષ્ફળ ગયાં. આ જોઈને પરવીરઘ્ન શ્રીકૃષ્ણે અર્જુનને ટપાર્યા : 'હું તો આજે ન દીઠેલું જોઉં છું. (દુર્યોધનના કવચ ઉપર) જાણે વાગ્યા વિના પથ્થર સરકી જતા હોય એમ તારાં બાણ (એને વીંધ્યા વિના) નિષ્ફળ જાય છે. ભરતર્ષભ! તારા ગાંડીવમાં, તારી મૂઠમાં અને ભુજાઓમાં પ્રથમના જેવું સામર્થ્ય તો છે ને? આમ ન હોય તો પછી તારો અને તારા શત્રુનો છેલ્લો સમય આવી પહોંચ્યો છે? મારા પ્રશ્નનો ઉત્તર આપ. પાર્થ! દુર્યોધનના રથ ઉપર ફેંકેલાં બાણ નિષ્ફળ જતાં જોઈને મને ભારે આશ્ચર્ય થાય છે! વજ્ર અને વીજળી જેવાં ઘોર તથા શત્રુઓની કાયાને ચીરી નાખનાર તારાં બાણ નિષ્ફળ બને છે! પાર્થ! આજે આ કેવી વિડમ્બના?' (૭-૭૮-૧ થી ૧૦)

શ્રીકૃષ્ણનો ઠપકો મળ્યો, પણ અર્જુનને દુર્યોધનના કવચધારણનો ખ્યાલ આવી ગયો હતો. એમણે ઉત્તર દીધો : 'આ બુદ્ધિ (કવચધારણનો મન્ત્ર) દુર્યોધનને દ્રોણે આપી છે. બધાં અસ્ત્રોની કસોટી કરી આ કવચ ધારણ કરવામાં આવે છે. એમાં ત્રણે લોકની શક્તિ સમાયેલી છે. એકલા દ્રોણને જ એની ખબર છે અને એમની પાસેથી હું શીખ્યો છું. ગોવિન્દ! આ કવચને સ્વયં ઇન્દ્ર પણ યુદ્ધમાં વજ્રથી ભેદી શકે નહિ. એટલે બાણો તો ન જ ભેદે. કૃષ્ણ! તમે આ જાણો છો છતાં મને શા માટે મૂંઝવો છો? કેશવ! ત્રણે લોકમાં જે થયું છે, થાય છે અને થવાનું છે તે સઘળું તમે જાણો છો. અને મધુસૂદન! જે પ્રમાણે તમે જાણો છો એવું કોઈ પણ જાણતું નથી. માધવ! દ્રોણે પહેરાવેલ કવચને લીધે દુર્યોધન નિર્ભયની જેમ ઊભો છે (એટલું જ). બાકી આ સંયોગોમાં શી રીતે વર્તવું (લડવું) તે જાણ્યા વિના, (બીજાના જોર ઉપર રોફ કરતી) સ્ત્રીની જેમ એ ઊભો છે, એટલે એણે અભેદ્ય કવચ પહેર્યું છે છતાં પણ હું એને હરાવીશ. તમે મારા બાહુ અને ધનુષ્યનું સામર્થ્ય જોઈ લેજો. આ કવચ ઇન્દ્રે અંગિરાને આપ્યું હતું અને એ જ કવચ દેવરાજ ઇન્દ્રે મને પુનઃ સસંગ્રહ (સંપૂર્ણ) આપ્યું છે. (અર્થાત્ દ્રોણ અને ઇન્દ્ર એમ બે આચાર્યો પાસેથી મને ઉપદેશ મળ્યો છે. એટલે મને એના રહસ્યનું વિશિષ્ટ જ્ઞાન છે.) તેથી એ કવચ ભલેને દેવોએ કે સ્વયં બ્રહ્માએ બનાવ્યું હશે, તો પણ દુર્બુદ્ધિ દુર્યોધનને આજે કોઈ બચાવી શકશે નહિ.' (૭-૭૮-૧૧ થી ૨૦)

એમ બોલીને અર્જુને (સૂક્ષ્મ કવચોને પણ ભેદી નાખે એવા માનવાસ્ત્રને, જુઓ શ્લોક ૫૫૧) મન્ત્રીને બાણ મૂક્યાં. પરંતુ અશ્વત્થામાએ એ બાણોને વચ્ચેથી કાપી નાખ્યાં. એટલે અર્જુને વિસ્મિત થઈને શ્રીકૃષ્ણને કહ્યું; 'જનાર્દન! હું આ અસ્ત્ર ફરીથી નહિ છોડી શકું, કારણ કે તો એ અસ્ત્ર મને જ મારી નાખે. છતાં તમે મારી તાકાત જોઈ લો.' એટલામાં તો દુર્યોધને શ્રીકૃષ્ણ-અર્જુનને નવ બાણથી વીંધી નાખ્યા. સામે અર્જુને દુર્યોધનના ઘોડા અને બંને પાર્ષ્ણિસારથિ (ચાર ઘોડાના રથમાં અગ્રભાગના સારથિ તે પાર્ષ્ણિસારથિ), મારી નાખ્યા. ધનુષ્ય અને હાથમોજાં કાપી નાખ્યાં. રથ તોડી નાખ્યો. હાથની હથેળીઓ પણ વીંધી નાખી. દુર્યોધનને આફતમાં જોઈને લશ્કરની બીજી ટુકડીઓની કુમક આવી અને અર્જુનને ઘેરી વળી. ઢગલાબંધ સૈનિકો ઘેરી વળ્યા એટલે શ્રીકૃષ્ણ-અર્જુન જાણે કે અદૃશ્ય થઈ ગયા. અર્જુનની દૃષ્ટિ અટકી પડી. જયદ્રથથી એક ક્રોશ દૂર હતા ત્યાંથી આગળ વધાયું નહિ, એટલે વૃષ્ણિવીર શ્રીકૃષ્ણે ત્વરાથી અર્જુનને સૂચના આપી: 'તું ધનુષ્યને વિશાળ કર (અને શરવૃષ્ટિ કર) અને હું પણ શંખ ફૂંકું છું.' અને અર્જુને શરવર્ષા કરવા માંડી તથા શ્રીકૃષ્ણે તાર સ્વરથી જોશપૂર્વક પાંચજન્ય ફૂંકવા માંડ્યો. શંખ એટલા જોશથી ફૂંકાતો હતો કે શ્રીકૃષ્ણની પાંપણો રજથી ભરાઈ ગઈ અને મુખ પરસેવાથી રેબઝેબ થઈ ગયું. પાંચજન્યના નિનાદ અને ગાંડીવના ટંકારવથી કૌરવ સૈનિકો નિઃસત્ત્વ થઈ ગયા. અર્જુન ઘેરામાંથી મુક્ત થઈ ગયા. (હવે તો છેલ્લી હરોળ આવી.) એટલે જયદ્રથના રક્ષક યોદ્ધાઓ ખળભળીને અનેકવિધ નાદ કરવા માંડ્યા. સામે શ્રીકૃષ્ણાર્જુને શંખ ફૂંક્યા. એટલે આ સિંહનાદ, શંખનાદ, શરનાદ વગેરે મિશ્ર રવથી જાણે કે આકાશ-પાતાળ સુદ્ધાંત સમગ્ર વસુંધરા ગાજી ઊઠી. એના પડઘા સમગ્ર પાંડવ-કૌરવ લશ્કરોમાં પડ્યા! અને કૌરવ યોદ્ધાઓએ પુનઃ બખ્તરધારી શ્રીકૃષ્ણ-ધનંજય ઉપર આક્રમણ શરૂ કર્યું. (૭-૭૮-૨૧ થી ૪૬)

ભૂરિશ્રવા, (ભૂરિશ્રવાના ભાઈ) શલ, કર્ણ, (કર્ણપુત્ર) વૃષસેન, જયદ્રથ, કૃપ, શલ્ય અને અશ્વત્થામાઃ આ આઠ મહારથીઓ સેનાઓ સાથે ધસી આવ્યા. શ્રીકૃષ્ણ–અર્જુન ઉપર ભારે હલ્લા થયા અને એ બન્ને સર્વભૂતપ્રવરો (સર્વ પ્રાણીઓમાં શ્રેષ્ઠ પુરુષો) જગતના શ્રેષ્ઠ શંખો પાંચજન્ય અને દેવદત્ત બજાવીને એમને હંફાવવા માંડ્યા. અશ્વત્થામાએ જનાર્દન કૃષ્ણને તોતેર બાણોથી અને ફરીને સીત્તેર બાણોથી વીંધ્યા. ભૂરિશ્રવાએ શ્રીકૃષ્ણની ચાબૂક (ફરીથી) કાપી નાખી. પણ કૃષ્ણસારથિ અર્જુને ખડખડાટ હસીને અદ્‌ભુત પરાક્રમ કર્યું. અને વાવાઝોડું જેમ વાદળને હંફાવે એમ એ આઠેને હંફાવવા માંડ્યા. તે છતાં આ મહારથીઓએ અર્જુનને સજ્જડ ઘેરી લીધા. ('દ્રોણપર્વ', અ. ૭૯, ૮૦)

(અપૂર્ણ)

ભગવાન શ્રીકૃષ્ણની દ્વારકા

પ્રહ્લાદ પટેલ

ભગવાન શ્રીકૃષ્ણની દ્વારકાનું સ્થાન નક્કી કરવા અંગે આજ સુધી વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તતો રહ્યો છે, અને તેમાં ય કેટલાક વિદ્વાનો તો અમુક જ સ્થળની મમતાને કારણે કે પછી અગાઉથી બંધાયેલ પૂર્વગ્રહને કારણે આ બાબતમાં સાચો ઉકેલ લાવી શક્યા નથી; અને આથી જ ગુજરાતમાં હાલનું દ્વારકા, માધવપુર, કોડીનાર પાસે કહેવાતું મૂળ દ્વારકા, ગિરનારની તળેટીમાં પોરબંદર પાસે વીસાવાડા વગેરે સ્થળોને પ્રાચીન દ્વારકા માનવા-મનાવવાના પ્રયત્નો થયા છે. તો વળી કેટલાક બેટશંખોદ્ધારને તેમ જ ડાકોરને દ્વારકા માનતા થયા છે.

ગુજરાત બહાર સિંધમાં, મારવાડમાં (બેડ દ્વારકા), દક્ષિણમાં મન્નારગુડીમાં, ગોમતી-કિનારે લખનૌ પાસે, લાહોરથી નૈર્ઋત્યમાં ૩૨ માઈલ ઉપર પંજાબના કાસુર જેને માટે કુશાવતી નામ વપરાયાની નોંધ શ્રો. દેએ કરેલી છે તે તેમ જ અયોધ્યા પાસે વગેરે સ્થળોએ દ્વારકા હોવાની માન્યતાઓ ઊભી થયેલી છે. આ ઉપરાંત સ્કંદપુરાણના ધર્મારણ્યમાં સરસ્વતીમાહાત્મ્ય ગાતાં સરસ્વતીતીરે દ્વારકા તીર્થ આપ્યું છે.[૧] રૂહાઈસ ડેવીડ્ઝ બૌદ્ધકાળમાં કંબોજની રાજધાની તરીકે દ્વારકા ગણે છે.[૨] શ્રી. દે બીજાં બે સ્થળોને માટે દ્વારાવતી નામ વપરાતું એમ કહે છે.[૩] મૈસુરનું હાલનું હળેબીડ (દોરસમુદ્ર) દ્વારાવતી કહેવાતું.[૪] સીઆમ માટે પણ એ નામ વપરાતું.[૫] તો વળી સીઆમની પ્રાચીન રાજધાની અયુથ્થ અથવા અયુધ્ય તે જ દ્વારાવતી એવો મત પણ છે.[૬]

આપણા પુરાણ-ગ્રંથોમાં દ્વારકાના સ્થાન વિષે ઘણું ઘણું કહેવાયું છે. મહાભારત પશ્ચિમ દિશામાં સમુદ્રતટે રૈવતક પર્વત પાસે કુશસ્થલી હતી ત્યાં દ્વારકા વસ્યાનું કહે છે.[૭] હરિવંશમાં પણ કુશસ્થલીને સ્થાને દ્વારકા વસી[૮] અને તેની ચારેબાજુ સમુદ્ર હતો[૯] એમ કહ્યું છે. સ્કંદપુરાણ

---

૧ જુઓ સ્કંદપુરાણના ત્રીજા બ્રાહ્મખંડમાં બીજા ધર્મારણ્ય ખંડમાં સરસ્વતી-માહાત્મ્ય, શ્લોક. ૧૧.

૨ જુઓ બુદ્ધિસ્ટ ઇન્ડિયા : રૂહાઇસ ડેવીડ્ઝ (૧૯૧૩), પૃ. ૨૮.

૩ જુઓ જ્યોગ્રોફિકલ ડિક્શનરી ઑફ એન્સ્યન્ટ એન્ડ મિડીવલ ઇન્ડિયા, શ્રી નંદલાલ દે, લ્યુઝાક એન્ડ કો., લંડન (૧૯૨૭), પૃ. ૨૮.

૪ જુઓ મૈસુર અને કૂર્ગ (રાઇસકૃત) ૨, પૃષ્ઠ ૧૭-૧૮.

૫ જુઓ ફાયરે: જ્યોગ્રોફિકલ ડિક્શનરી ઑફ એન્સ્યન્ટ એન્ડ મિડીવલ ઇન્ડિયામાં 'દ્વારાવતી'.

૬ ડૉ. ટાકાકુસુ : ઇત્સિંગની ભૂમિકા પૃ. ૧૧.

૭ જુઓ મહાભારત સભાપર્વ, અધ્યાય ૧૩, શ્લોક ૪૯ થી ૫૨ અને શ્લોક ૬૫.

૮ જુઓ હરિવંશ, પહેલું હરિવંશ પર્વ, ૩૫.

૯ જુઓ હરિવંશ, બીજું વિષ્ણુપર્વ, ૧૫.

કહેછે કે કુશસ્થલી પશ્ચિમ સમુદ્રને તીરે છે.[૧૦] મત્સ્યપુરાણ પણ કુશસ્થલીને આનર્તની નગરી અને તે જ દ્વારાવતી એમ કહે છે.[૧૧] વાયુપુરાણ કહે છે કે આનર્તનો પુત્ર રૈવત ને દેશ આનર્ત તથા નગરી કુશસ્થલી. તે જ્યારે બ્રહ્મલોકમાંથી પાછો ફરે છે ત્યારે જુએ છે તો નગરીમાં યાદવો આવી ગયા છે અને તેનું નામ દ્વારાવતી થયું છે.[૧૨] વિષ્ણુપુરાણ પણ આનું જ સમર્થન કરતાં કહે છે કે રૈવતની ગેરહાજરીમાં પુણ્યજન રાક્ષસોએ કુશસ્થલીનો નાશ કર્યો.[૧૩]

આમ કુશસ્થલીને સ્થાને જ પ્રાચીન દ્વારકા અસ્તિત્વમાં આવી એવા પુરાણોના સ્પષ્ટ નિર્દેશ પરથી ભારતનાં ભિન્ન ભિન્ન સ્થળો જે કુશસ્થલીને નામે ઓળખાતાં હતાં તે તે સ્થળોએ પ્રાચીન દ્વારકા નગરી હોવાનો તર્ક કરવા વિદ્વાનો પ્રેરાયા હોય એમ લાગે છે. તે યુગમાં રામચંદ્રના પુત્ર કુશે સ્થાપેલી નગરી કે જે કુશસ્થલી નામે ઓળખાતી હોય કે પછી જ્યાં કુશ નામનું ઘાસ વિશેષ થતું હોય તે પ્રદેશ કુશસ્થલી ગણાતો હશે. અને આથી જ તો શ્રી દે, આજનું ડભોઈ તે દર્ભાવતી અને તે જ કુશસ્થલી એમ માનવા પ્રેરાયા છે.[૧૪] તો વળી પાર્જીટર કુશસ્થલીને વિંધ્યના પૂર્વમાં દક્ષિણ કોસલમાં આવેલી માને છે.[૧૫]

ઉજ્જયિનીનું દ્વિતીય કલ્પમાં કુશસ્થલી નામ હતું.[૧૬] સ્કંદપુરાણ કુશસ્થલી નામહેતુ કથાવર્ણન અધ્યાયમાં પરસ્પર વિશ્વમાં યુદ્ધો ફાટી નીકળતાં બ્રહ્મા વિષ્ણુનું ધ્યાન સ્તવન કરે છે અને વિષ્ણુ કુશ ઘાસથી બિછાવેલી ઊંચી ભૂમિ પર બેસે છે તે પ્રસંગે બંને જણા તે સ્થળનું કુશસ્થલી નામ પાડે છે; પણ આ અવન્તી દેશની કુશસ્થલી તે દ્વારકાથી ભિન્ન છે તેનો પુરાવો સ્કંદપુરાણમાં જ છે. વળી પદ્મપુરાણમાં કુશ કુશાવતીમાં ગાદીએ બેઠાનું કહ્યું છે,[૧૭] અને રામાયણમાં રામે વિંધ્યપર્વતના પાદ પ્રદેશમાં કુશની રાજધાની કુશાવતીમાં કર્યાનું વર્ણન છે.[૧૮] રઘુવંશમાં પદ્મપુરાણ પ્રમાણે લવકુશની રાજધાનીનું વર્ણન છે,[૧૯] પણ સ્થળનિર્ણય માટે વિશેષ માહિતી નથી. ભગવાન બુદ્ધનું મૃત્યુ થયું તે જગ્યા પણ કુશાવતી કહેવાય છે.[૨૦]

---

૧૦ જુઓ સ્કંદપુરાણ, સાતમો પ્રભાસ ખંડ, ચોથું દ્વારકામાહાત્મ્ય, શ્લો. ૨.

૧૧ જુઓ મત્સ્યપુરાણ, ૧૨:૨૨.

૧૨ જુઓ વાયુપુરાણ, ૮૬:૨૪.

૧૩ જુઓ વિષ્ણુપુરાણ, ચતુર્થ ખંડ ૧:૯૧.

૧૪ જુઓ જ્યોગ્રોફિકલ ડિકશનરી ઑફ ઍન્શ્યન્ટ ઍન્ડ મિડીવલ ઇન્ડિયા, શ્રી નંદલાલ દે. લ્યુઝાક ઍન્ડ કો., લંડન (૧૯૨૭)માં 'કુશસ્થલી.'

૧૫ જુઓ ઍપિગ્રાફિકા ઇન્ડિકા, પૃ. ૨૭૯.

૧૬ જુઓ સ્કંદપુરાણ, આવન્ત્ય ખંડ, અવંતીક્ષેત્ર માહત્મ્ય અ. ૩૬ શ્લોક ૫-૬-૭.

૧૭ જુઓ પદ્મપુરાણ, છઠ્ઠો ઉત્તરખંડ, ૨૪૪:૫૬.

૧૮ જુઓ રામાયણ ઉત્તરખંડ, ૧૦૮:૪ (નિર્ણયસાગર આવૃત્તિ)

૧૯ જુઓ રઘુવંશ, સર્ગ ૧૫, શ્લો. ૯૭.

૨૦ જુઓ મહાપરિનિબ્બાન સુત્ત સે. બૂ. ૧૧, પૃ. ૧૦૦ અને જાતકકથાઓમાં 'કુશજાતક'

આમ કેટલાક વિદ્વાનોએ કુશસ્થલીને દ્વારકા માની ભિન્ન ભિન્ન સ્થળોએ જ્યાં કુશસ્થલી મળી ત્યાં પ્રાચીન દ્વારકા હોવાનો તર્ક કર્યો છે, તો કેટલાક વિદ્વાનોએ દ્વારકા નામ સાથે સામ્ય ધરાવતાં સ્થળોએ દ્વારકા હોવાની કલ્પનાઓ કરી છે જેમાંના એક છે ડૉ. કોસાંબી. શ્રી. કોસાંબી અફઘાનિસ્તાનનું DARVAZ—દર્વાઝ જે દ્વારકાને મળતું આવે છે તેને મૂળ દ્વારકા માને છે.[૨૧] મહાભારતના અનેક વાર જણાવ્યા પ્રમાણે દ્વારકા મથુરાની પશ્ચિમે હતું, પણ અફઘાનિસ્તાનનું દર્વાઝ મથુરાની પશ્ચિમે નથી પણ ઉત્તર-પશ્ચિમે છે જ્યારે હાલનું દ્વારકા દક્ષિણ-પશ્ચિમે છે. આમ ગુજરાત બહારની કુશસ્થલીઓને પ્રાચીન દ્વારકા માનવામાં વિદ્વાનોએ ભૂલ કરી હોય તેમ લાગે છે.

ગુજરાતમાં જુદે જુદે સ્થળે પ્રાચીન દ્વારકા હોવાની માન્યતા રૂઢ થવાનું કારણ એ હોઈ શકે કે હાલના ઓખામંડળમાં એટલે કે પ્રાચીન દ્વારકાની આસપાસના પ્રદેશમાં ઘોર તેમ જ કાંટાળી વનસ્પતિની ગીચ ઝાડી હતી,[૨૨] જેની પ્રતીતિ આજે પણ ઓખામંડળનો ડાભાડાનો ખડો કે ગોરીંજનો ખડો કરાવે છે. આવા ભયાનક જંગલમાં કાબે અર્જુનને લૂંટ્યો હતો ત્યાં સામાન્ય યાત્રાળુઓ શી વિસાતમાં ? એટલે જ તો યાત્રાળુઓએ લોકગીતમાં પોતાના અનુભવ-બોલ ગાતાં કહ્યું છે કે—

"અસી કોસકી ઝાડી લગત હૈ કાબા વસે કઠોર, દુવારકામાં રાજ કરે રણછોડ."

આ રીતે લૂંટારુઓના અમાનુષી ત્રાસથી બચવા પગપાળા નીકળેલ યાત્રાળુઓ જ્યાં જ્યાં ખૂબ થાકી જાય, ખરચી ખૂટી પડે કે પછી લૂંટારુઓનો ભય લાગે ત્યાં ત્યાં "અહેહી દ્વારકા" માની દૂરથી જ ભગવાન શ્રીકૃષ્ણના દર્શન કરી પાછા વળી જતા. કાળક્રમે આવાં સ્થળો રૂઢ થતાં તે જ દ્વારકા મનાવા લાગ્યાં હોય અને પછીથી તેનું વિશેષ મહત્ત્વ વધારવા પોરબંદર પાસે વીસાવાડા પાસે તેમ જ કોડીનાર પાસેના સ્થળને મૂળ દ્વારકા નામ આપ્યું હશે. અથવા કોડીનાર પાસે મૂળુ કારડિયો નામનો પ્રખ્યાત માણસ થઈ ગયો. તેણે વસાવેલ ગામ મૂળ દ્વારકા કહેવાતું હોય એમ પણ બને. ઓખામંડળની લોકભાષામાં ડાકુ માણસને "આ તો કાબા જેવો છે" એમ કહે છે. જ્યારે બીજે ક્યાંય આવો શબ્દપ્રયોગ વપરાયાની જાણ નથી, અને આપણે જાણીએ છીએ કે કાબાઓ એક કાળે કૃષ્ણની દ્વારકા આસપાસના પ્રદેશમાં વસતા હતા.

આમ છતાં જુદા જુદા વિદ્વાનોના મત તપાસીશું તો જણાશે કે શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી[૨૩] માને છે કે પ્રાચીન દ્વારકા ગિરનારની તળેટીમાં જૂનાગઢની આસપાસ હોવું જોઈએ. તો શ્રી એન. કે. ભટ્ટશાલી ૧૨ × ૧૨ માઈલના વિસ્તારવાળા ગિરનારને રૈવતક માની તેની તળેટીમાં આવેલ હાલના જૂનાગઢને સ્થળે દ્વારકા હોવાનું જણાવે છે,[૨૪] અને રૈવતકનું બીજું નામ ગોમન્તક હતું

---

૨૧ જુઓ કોસાંબી ડી. ડી., "ધી હિસ્ટોરીકલ કૃષ્ણ", ટાઇમ્સ ઑફ ઇન્ડિયા એન્યુઅલ, ૧૯૬૫, પાન ૩૧.

૨૨ જુઓ હરિવંશ વિ. પર્વ, અ. ૫૬, શ્લો. ૨૧-૨૨.

૨૩ જુઓ 'પ્રાચીન દ્વારકાપુરી;', દુર્ગાશંકર શાસ્ત્રી, "ઐતિહાસિક સંશોધન," પૃ. ૩૭૭-૩૮૬

૨૪ જુઓ એકેડેમીક ડીસ્કશન ઑન ધી લોકેશન ઑફ દ્વારકા ઑફ લોર્ડ શ્રીકૃષ્ણ" : કલ્યાણરાય જોષી, શારદાપીઠ પ્રદીપ, વો. ૯, ફેબ્રુઆરી.

એમ જણાવે છે. પોરબંદર અને મિયાણી વચ્ચેનો દરિયાકાંઠો, જ્યાં કોયલો ડુંગર છે તેની આસપાસનું સ્થળ ટોલેમીનું Barke—બારકે તે દ્વારકા અને તે પોરબંદર અને મિયાણી વચ્ચે શ્રીનગર પાસે છે એમ શ્રી લાસેન કહે છે.[૨૫]

શ્રી બર્ગેસ પ્રભાસ પાટણથી ૨૨ માઈલ દૂર સૌરાષ્ટ્રના દક્ષિણ-પશ્ચિમ કિનારે આવેલ મૂળ દ્વારકાને પ્રાચીન દ્વારકા માને છે,[૨૬] અને જામનગરના મહામહોપાધ્યાય શ્રી હાથીભાઈ શાસ્ત્રી[૨૭] તેમ જ જૂનાગઢના શંભુપ્રસાદ દેસાઈ[૨૮] પણ આ મતનું સમર્થન કરે છે. મૂળ દ્વારકાને પ્રાચીન દ્વારકા માનવા પાછળના આધાર તરીકે મુખ્યત્વે રૈવતકને ગિરનાર માની પોતાના મતનું સમર્થન કર્યું છે.

પરંતુ પ્રાચીન દ્વારકા વિષેની લોકોની સાંસ્કૃતિક પરંપરાનો વિચાર કરીશું તો જણાશે કે યુગોથી સાંસ્કૃતિક વારસો મેળવતી આવતી પ્રજાની માન્યતા બદલાવવાનું સહેલું નથી. કોઈના કહેવાથી ધર્મચુસ્ત પ્રજા ધાર્મિક સ્થળો વિષેની પોતાની રૂઢિ બદલી નાખતી નથી અને એ પરંપરા પ્રમાણે આજની દ્વારકાને જે મહત્ત્વ મળ્યું છે તે જ બતાવે છે કે આજની દ્વારકાને સ્થળે જ પ્રાચીન દ્વારકા હશે. આજના દ્વારકાધીશના મંદિરનું સ્થાપત્ય જોતાં તે ૧૬મા સૈકાનું લાગે છે પણ આ સ્થળે સોળમા સૈકા પહેલાં મંદિર નહિ હોય તે કેમ મનાય? આલ્બરૂનિ[૨૯] જોતાં ત્યાં ૧૧મા સૈકામાં મંદિર હતું તેમ નિઃશંકપણે સમજાય છે. વળી દ્વારકાના છઠ્ઠા સૈકાના ઉત્કીર્ણ ઉલ્લેખ તો મળે છે જ.

ભાગવત પ્રમાણે રેવતે સમુદ્રમાં કુશસ્થલીનું નિર્માણ કર્યું.[૩૦] તો વૈવસ્વત મનુના પુત્ર શર્યાતિની રાજધાની કુશસ્થલી હતી. શર્યાતિના પુત્ર આનર્તે આ પ્રદેશ સમુદ્ર પાસેથી મેળવેલ તેમ ગર્ગસંહિતા કહે છે.[૩૧] હરિવંશકારના જણાવ્યા પ્રમાણે કૃષ્ણે સમુદ્રને, "જો તને મારામાં શ્રદ્ધા હોય તો તારી જાતને સંકોચાવ" આ સાંભળી સમુદ્ર આઘો ખસી ૧૨ યોજન પૃથ્વી કૃષ્ણને આપે છે.[૩૨]

આવા દૈવી ચમત્કારોને આપણે ન માનીએ તોપણ ખડકાળ છીછરા સમુદ્રમાં દીવાલ બાંધી-રેકલેમ કરી તે જમીન મેળવી હશે જે સમુદ્ર સપાટી નીચે રહી જવા પામી હોય અને

---

૨૫ જુઓ મેકક્રિન્ડલ્સ એન્શ્યન્ટ ઇન્ડિયા એઝ ડીસ્ક્રાઇબ્ડ બાય ટોલેમી : સંપા. સુરેન્દ્રનાથ મજમુંદાર (૧૯૨૭), પાન ૧૮૮.

૨૬ જુઓ એન્ટીકવીટીઝ ઑફ કચ્છ એન્ડ કાઠિયાવાડ (૧૮૭૮), પૃ. ૧૩.

૨૭ જુઓ ૨૪ મુજબ.

૨૮ જુઓ ૧૬-૧-૭૧થી 'જનસત્તા'ની સૌરભપૂર્તિમાં થયેલી લેખમાળા.

૨૯ જુઓ 'આલ્બરૂનિઝ ઇન્ડિયા', પૃ. ૧૦૫

૩૦ જુઓ ભાગવતપુરાણ, નવમસ્કંધ, અ. ૩, શ્લો. ૨૮.

૩૧ જુઓ ગર્ગસંહિતા, દ્વારકાખંડ ૯-૬-૩૧ (વેંકટેશ્વર પ્રેસ આવૃત્તિ)

૩૨ જુઓ હરિવંશ, અ. ૫૮, શ્લો. ૩૫-૩૬.

આથી ઘણી વાર દરિયાનાં પાણી તેના પર ફરી વળતાં ડૉ. સાંકળિયાના[૩૩] કહેવા મુજબ દ્વારકા હરિવંશકારે વર્ણવેલી દ્વારકા બે વાર સમુદ્રમાં ડૂબી ગયા પછી તેના પર ત્રીજી વાર વસેલી દ્વારકા છે.

મહાભારતના સભાપર્વમાં કૃષ્ણને દ્વારકામાં શા માટે વસવાટ કરવો પડ્યો તેનું અને દ્વારકાનું વર્ણન છે. મગધના રાજા કંસના સસરા જરાસંધે યાદવો પર અનેક આક્રમણો કર્યાથી ત્રાસીને શ્રીકૃષ્ણે યાદવોને સુરક્ષિત સ્થાને રાખવાના ઇરાદાથી મથુરા છોડીને દ્વારકામાં રહેવાનું નક્કી કર્યું અને યાદવોએ રૈવત પર્વતથી શોભતી એવી રમ્ય કુશસ્થલીમાં જઈ વાસ કર્યો અને દુર્ગનું સમારકામ કર્યું. દુર્ગનું વર્ણન કરતાં કહે છે કે દેવો પણ તેને જીતી શકે નહિ અને સ્ત્રીઓ પણ એ પુરીમાં રહી યુદ્ધ કરી શકે એવો ગઢ રચ્યો.[૩૪]

શ્રી હાથીભાઈ શાસ્ત્રી ગિરનારને રૈવતક માની રૈવતકના દુર્ગની અજેયતા પર ભાર મૂકે છે, પણ અહીં તો દુર્ગની અજેયતાની વાત છે, નહિ કે રૈવતકની. વનપર્વમાં કૃષ્ણની ગેરહાજરીમાં દ્વારકાના સંરક્ષણની તૈયારીઓના વર્ણનમાં ક્યાંય રૈવતકનો ઉલ્લેખ સરખો પણ નથી, જ્યારે રૈવતક વિષે અન્ય પુરાણોમાં ઉલ્લેખ જોઈશું તો જણાશે કે :—

રૈવતક ઉપરના ઉત્સવમાં ભાગ લઈ પાછા ફરતા યાદવોની વચ્ચે યતિવેશે બેઠેલ અર્જુન મળે છે.[૩૫] પિંડારક આગળની જળલીલાના વર્ણનમાં કૃષ્ણ રૈવતક જઈ પાછા આવે છે એમ કહ્યું છે.[૩૬] એટલે પિંડારક તેમ જ રૈવતક દ્વારકાથી બહુ દૂર નહીં હોય એમ સાબિત થાય છે. હાલ દ્વારકા(ઓખામંડળ)ના મૂળમાં જ પિંડારક તેમ જ બરડો આવેલા છે. વળી મહાભારત પરથી દ્વારકા પાસે જ સમુદ્રમાં દ્વીપ હોવાનું સમજાય છે. સુભદ્રાના મંગલ માટે મહાદેવનો મહોત્સવ અંતર્દ્વીપમાં કરવાનો નગરમાં પડો વગાડવામાં આવ્યો હતો.[૩૭] આ અંતર્દ્વીપ તે આજનું બેટ શંખોદ્ધાર જ હશે. પુરાણોમાં જણાવ્યા પ્રમાણે બરડો દ્વારકાની પૂર્વે આવેલો છે, જ્યારે ગિરનાર તો મૂળ દ્વારકાની ઉત્તરે આવેલો છે. વળી પોરબંદરથી ૭ માઈલ દૂર સમુદ્રકિનારે કાંટેલા કરીને એક નાનું ગામ છે, તેની ઉત્તરે બરડાની સમીપ રેવતીકુંડ અને રૈવતેશ્વર મહાદેવનું મંદિર છે તે જ બતાવે છે કે બરડો તે જ પુરાણકાળનો રૈવતક છે.

કુશસ્થલી–ઓખામંડળ પ્રદેશ એક એવો વિસ્તાર છે જ્યાં એક કાળે તેની ચારે બાજુ સમુદ્રનાં પાણી પથરાયેલ હતાં. તેની ખાતરી આજે ઓખામઢી પાસે માત્ર ૩૦૦ ફૂટનો રેતાળ કિનારો જે ઓખામંડળની ચારેકોરના સમુદ્રના પાણીને મળતાં અટકાવીને પડ્યો છે અને આ

---

૩૩ જુઓ 'એક્સ્કેવેશન એટ દ્વારકા' બાય અનસારી; પૃ. ૧૭

૩૪ જુઓ મહાભારત, સભાપર્વ, અ. ૧૩, શ્લો., ૪૯ થી ૫૨

૩૫ જુઓ મહાભારત, આદિપર્વ–૨૪૦ (કુંભકોણમ આવૃત્તિ)

૩૬ જુઓ હરિવંશ, વિષ્ણુપર્વ ૮૮:૫૨

૩૭ જુઓ મહાભારત, આદિપર્વ ૨૪૧–૭૧ (કુંભકોણમ આવૃત્તિ)

ઓખામંડળના જમીનમાર્ગનું એક માત્ર પ્રવેશદ્વાર બની રહે છે. આથી જ હરિવંશકારે દ્વારકાને વારિદુર્ગ કહ્યો છે.[૩૮]

મહાભારતના આદિપર્વના અંતમાં ઉલ્લેખ છે કે અર્જુન દક્ષિણમાંથી આવ્યો ત્યારે શ્રીકૃષ્ણ તેને પ્રભાસમાં મળ્યા અને ત્યાંથી તેને લઈ રૈવતક ઓળંગી દ્વારકા આવ્યા. આજે જ્યારે દ્વારકાની સીમેન્ટ ફેક્ટરીએ દ્વારકા-બરડિયા વચ્ચેના દરિયાકિનારેથી વીસેક ફૂટ ઊંચો રેતીનો થર ઊંચકી લીધો છે અને ૪ માઈલ જેટલો કિનારો ખુલ્લો થયો છે, ત્યાં ૧૦૦ ફૂટ જેટલો પહોળો પ્રાચીન રાજમાર્ગ છતો થાય છે. વળી તે જ માર્ગ પર બરડિયા પાસે સીતાકુંડ જેવાં વિરામસ્થાનો તે રાજમાર્ગની આજુબાજુ હશે. શ્રી. ડૉ. જયંતિલાલ ઠાકર માને છે કે મઢીના દરિયા આગળ પુલ હશે અને તેના અવશેષો મઢીનો દરિયાકિનારો સંધરીને બેઠો છે[૩૮] અને તેની બંને બાજુ રાજમાર્ગ આવેલો છે. આ રાજમાર્ગ પ્રભાસથી શરૂ થઈ દરિયાકિનારે પોરબંદર થઈ દ્વારકા પહોંચતો. કૃષ્ણ અર્જુનને લઈ આ જ રસ્તે થઈને આવ્યા હશે.

હરિવંશના જણાવ્યા પ્રમાણે ઓખામંડળની ધરતીનો રંગ તામ્રવર્ણો છે.[૩૯] વળી આ ધરતી પરના પ્રદેશના અગ્રભાગે કુરંગા, મઢી અને ચરકલાની સીમમાં ગોળાકારે તોરણની જેમ ટેકરાઓ આવેલા છે.[૪૦] વળી સમગ્ર ઓખામંડળમાં મોટાભાગનાં ગામો આવા ટેકરાઓ પર વસેલાં છે. પુરાણોના જણાવ્યા પ્રમાણે ૫૬ કોટી યાદવો દ્વારકામાં વસતા, તે આ ઓખામંડળના આવા ૫૬ ટેકરાઓ પર છપ્પન જાતિના યાદવો વસતા હશે અથવા તો એ કાળે ૫૬ કરોડની સંપત્તિ પર ભેરી વગાડવામાં આવતી એવા યાદવો અહીં વસતા હતા.

આ પ્રદેશની ગીચ ઝાડીનું હરિવંશકારે જે વર્ણન કરેલ છે તે બિલકુલ સાચું છે.[૪૧] આજે પણ ગોરીંજ અને ડાભાડાના ખડા એવા જ ગીચ ને ભયાનક છે. પ્રાચીન દ્વારકા પુરાણકારોએ ૮ યોજન પહોળી અને ૧૨ યોજન લાંબી હોવાનું જણાવ્યું છે. પહેલાંની ઓખામંડળની સરહદનો વિચાર કરતાં ઓખામંડળનો વિસ્તાર પણ એટલો જ થાય.

પ્રાચીન ગ્રીક સાગરકથા 'પેરિપ્લસ' જે ઈસુની પહેલી સદીમાં લખાઈ તેમાં બરાકા-(દ્વારકા)ના અખાત વિશે પણ લખ્યું છે કે[૪૨] દ્વારકાનો કાંઠો છેતરામણો છે, પરિણામે વહાણવટી ધ્યાન ન રાખે તો ઘણી વાર વહાણ ખૂંપી જાય છે. સમગ્ર ઓખામંડળનો કિનારો આજે પણ તેની શાખ પૂરે છે. વળી તે લેખકના જણાવ્યા મુજબ ઍરીનોન(કચ્છ)ના અખાતથી પહેલાં ઊગમણુ, પછી દખ્ખણ અને પછી આથમણ તરફ વળ ખાતો ઊંચો કાંઠો આ અખાતમાંથી

---

૩૮ જુઓ હરિવંશ, વિષ્ણુપર્વ ૫૭-૫

૩૮ જુઓ ડૉ. જયંતિલાલ ઠાકર, દ્વારકાદર્શન, પાન-૩૫.

૩૯ જુઓ હરિવંશ વિ. પ., અ. ૫૬, શ્લો. ૨૫.

૪૦ જુઓ હરિવંશ વિ. પ., અ. ૫૮, શ્લો. ૪૫.

૪૧ જુઓ હરિવંશ વિ. પ., અ. ૫૬, શ્લો. ૨૧-૨૨.

૪૨ જુઓ પેરિપ્લસ, અનુ. દુષ્યંત પંડ્યા (અલિયાબાડ, ૧૯૬૦), પા. ૧૭.

ફૂંટાય છે જે સાત ટાપુવાળા બરાકાના અખાતને આવરી લે છે.[૪૩] હાલના ઓખામંડળનો દરિયાકિનારો ઊંચા ખડકાળ ભેખડોનો બનેલો છે. વળી એ વખતે સાત ટાપુમાં વહેંચાયેલ ઓખામંડળની કેટલીક નિશાનીઓ આજે પણ મળે છે. એ કાળે ઓખા, પોશિયા, કચ્છીગઢ, દ્વારકા, ઓખાનદી, મઢી, કુરંગા વગેરે સાત સ્થળે દરિયો જમીનમાં ઘૂસેલો હતો. આ ઈન્લેટમાં વહાણો નાંગરવામાં આવતાં. આજે પણ આ ઈન્લેટના અવશેષો મોજુદ છે.[૪૪]

આ ઉપરથી ઓખામંડળ—દ્વારકા, સાત ટાપુઓમાં વહેંચાયેલ હશે તે સ્પષ્ટ માની શકાય તેમ છે. વળી પેરિપ્લસના લેખકે બરાકાનો દરિયાનો લોઢ (મોજાં) ખૂબ જોરદાર છે, દરિયો તોફાની છે અને છેતરામણો છે, તાણવાળી ઘુમરીઓ ને ભમરીઓવાળો છે. કાંઠો કોઈક જગ્યાએ ઓચિંતો ધસી આવે છે તો બીજી જગ્યાએ અણિયાળી ભેખડોવાળો છે જેથી ત્યાં નાખેલાં લંગર કપાઈને નોખાં પડે છે અને દરિયામાર્ગે આ કાંઠે આવનારાઓને લાંબા કાળા સાપ સામા મળે છે.[૪૫] આજે પણ દ્વારકાના દરિયાની તેમ જ કાંઠાની આ જ સ્થિતિ છે. વળી લાંબા કાળા સાપ પણ આ દરિયામાં થાય છે.

આમ પેરિપ્લસનો ઈ.સ.ના ૧લા સૈકાનો તથા ટોલેમી અને એરિઅનનો ઈ. સ.ના ૨જા સૈકાનો દ્વારકાનો ઉલ્લેખ દ્વારકા સમુદ્રતટે હતી અને અત્યારની દ્વારકા છે તેટલામાં જ હતી તેવા સિદ્ધાન્તનું સમર્થન કરે છે.

દ્વારકાના વિદ્વાન ડૉ. જયંતિલાલ ઠાકર સાથે દ્વારકાની ટોપોગ્રાફીનો અભ્યાસ કરતાં તેમ જ પ્રાચીન જગતભૂશિર તેમ જ એ કાળના દરિયાના પાણીના વહેણનો વિચાર કરતાં મને જણાયું છે કે જગતભૂશિરથી રત્નેશ્વર થઈ દાખલ થતાં સમુદ્રનાં પાણી હાલના દ્વારકામાં ઊભેલ મકાનોનો અવરોધ ન હોય તો ઉત્તરે છેક રામવાડી થઈ ભદ્રકાલીના મન્દિર સુધી પહોંચી પૂર્વ તરફ તે પ્રવાહ ૪ માઈલ ઉત્તરે આવેલ લાડવાના ટીંબાને આંટો દઈને દક્ષિણ તરફ ધસમસતાં સક્કર કડાના વિસ્તારનાં પાણીને આલિંગન દેતાં હશે.

વધુમાં શ્રી. ડૉ. ઠાકરે શોધી કાઢેલ ગોમતીના પટમાં ઊભેલ કળીરકોઠા પરનું સમુદ્રના પાણીનું વહેણસૂચક ઉત્તર દિશા બતાવતું તીર અને તે દિશામાં આશરેબસો વાર દૂર તે જ સપાટીએ જમીનમાં ઊંડે આવેલ ઉત્તરાભિમુખ વારાહીમાતાનું મંદિર વગેરે એ સૂચવે છે કે એક કાળે એ તરફ પાણીનું વહેણ હતું અને ગોમતીની સપાટી તથા દ્વારકાના જૂના બસ સ્ટેન્ડની જમીનની સપાટી સરખી માલૂમ પડે છે તે બે સ્થળ વચ્ચેનો ઊંચાણવાળો ભાગ દૂર થાય તો આજે પણ એ ગોમતીનાં પાણી પહેલાંની જેમ ઉત્તર તરફ દ્વારકાને આંટો દેવા વહેતાં થઈ જાય તેમ છે.

આમ એક કાળે દ્વારકાની આસપાસ વીંટળાયેલ સમુદ્ર એ જ સોનાની દ્વારકા તેમ જ છપ્પન કોટીની સમૃદ્ધિ ધરાવતા યાદવો માટે કારણભૂત હશે. એ કારણે દ્વારકાનો પરદેશ સાથેનો વેપાર

---

૪૩ જુઓ 'પેરિપ્લસ', અનુ. : દુષ્યંત પંડ્યા, પૃ. ૧૭

૪૪ જુઓ પેરિપ્લસમાં દર્શાવેલ બારાકા 'દ્વારકાદર્શન', ડૉ. જયંતિલાલ ઠાકર, પાન ૫૪ અને ૫૫ વચ્ચેનો નકશો.

૪૫ જુઓ 'પેરિપ્લસ', અનુ. : દુષ્યંત પંડ્યા, પૃ. ૧૭.

અને એની સાથે થયેલી સંસ્કૃતિના આદાન-પ્રદાનનાં કેટલાંક ચિહ્નો આજે પણ ભવ્યતાની યાદ આપી જાય છે, જેમાંના ભગવાન શ્રીદ્વારકાધીશના મંદિર પરની પશુપક્ષીના અંગવાળી ગ્રીક વા ઈરાની ઢબના શીર્ષ-મુકટવાળી પરીઓની મનુષ્યાકૃતિઓ વગેરેનો અભ્યાસ કરતાં તેમાં સિકથિયન સંસ્કૃતિની અસર સ્પષ્ટ મિલાયેલી જોવા મળે છે. વળી આજે ઓખામંડળના આરંભડામાં મળી આવતી ૪૮ ફૂટ જેટલી પાંચ લાંબી કબરો અને તેવી જ એક કબર હાલના ગોરીંજમાં આશાળાપીરની આવેલી છે. તે બધી નિશાનીઓ સિકથિયન સંસ્કૃતિઓની આપલેની નિશાનીઓ છે.

શ્રી શાંખે પોતાનો કોઢ મટાડવા ઈરાનથી બોલાવેલ મગબ્રાહ્મણોએ ઓખામંડળને તેમનાં મગડેરાં અને સૂર્યમંદિરોની ભેટ આપી છે. તો વળી કેટલાક નરમેધ સાથે સાંકળે છે તેવા આ પ્રદેશમાં કયાંય જોવા ન મળે તેવાં ઊંચી જાતના પથ્થરમાંથી બનાવેલ વિરાટ કદના ઊલૂખલો જે કલ્યાણપુર, ટોળર, વસઈ, ગુહાદિત્ય, દ્વારકા, ધ્રેવાડ, કુરંગા, પિંડારા વગેરે સ્થળોએ વેરાયેલ પડ્યાં છે, તે પણ આ પ્રદેશની પ્રાચીનતા સિદ્ધ કરે છે. આ ઊલૂખલોના પથ્થરની જાત, કદ અને આકૃતિ અભ્યાસીઓને આકર્ષી જાય તેમ છે.

હાલની દ્વારકામાં શ્રી દ્વારકાધીશના મંદિરના કોટની પશ્ચિમે એક સ્થળે ડૉ. હસમુખ સાંકળિયાએ ૪૦ ફૂટ સુધી ખોદકામ કર્યું તો તેમાં રેતીના થર અને તેની નીચે પ્લેટફૉર્મ મળી આવ્યાં છે જે પર જૂની દ્વારકાઓ વસી હશે. આ ઉપરથી તેઓ માને છે કે વારંવાર સમુદ્રનાં પાણી ફરી વળવાને કારણે દ્વારકા સમુદ્રમાં દટાઈ હશે. આ ઉપરાંત ખોદકામમાં મળી આવેલ સિક્કાઓ, પોટરીઝ તથા આભૂષણો તેમ જ સોંપડેલા અન્ય આધારો પરથી તેઓ એમ માનવા પ્રેરાયા છે કે આ એ જ દ્વારકા છે કે જે મહાભારતના મુસલ પર્વમાં સ્કંદપુરાણમાં દ્વારકા માહાત્મયમાં અને અન્ય પુરાણોમાં તથા ગાથાજાતકમાં વિગતે વર્ણવાઈ છે.[૪૬]

વળી તેઓ જણાવે છે કે હરિવંશમાં વર્ણવેલ દ્વારકા બીજી વાર સમુદ્રમાં ડૂબ્યા પછી તે જ સ્થળે ફરી વાર વસી હશે.

હરિવંશમાં લેખકે ઘણાં બધાં મંદિરોનું સૂક્ષ્મ નિરૂપણ કર્યું છે, જે પરથી આપણે કહી શકીએ કે લેખકે દ્વારકા પ્રત્યક્ષ નિહાળી હશે જ, અને તે સ્થળે પહેલાંની દ્વારકાઓ વસી હશે. શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી આ મત સાથે સંમત થાય છે, પણ તેઓ હરિવંશને ૧લો–૨જી સદીનો ઠરાવે છે જ્યારે શ્રી સાંકળિયા તેને ૩જી સદીમાં મૂકે છે.

ઈ.સ.ની ૧લી સદીની આસપાસ સક્કરબેલીમના રાજ્યકાળમાં જૂની દ્વારકા સમુદ્રમાં ડૂબી ગઈ અને તેણે પોતાની ગાદી ગોરીંજમાં (કાબા-ગજની)સ્થાપી અને ઈસુની ૪થી સદી સુધી ક્ષત્રપોએ પશ્ચિમ ભારતમાં ગુજરાત સાથે રાજ્ય કર્યું. આ સમયના પ્રાપ્ત થયેલા વિ.સં. ૭૯૪ના ધીન્કી (ધેણુકા<ધીણુકી)ના તામ્રપત્રમાં તેમ જ શકે ૧૨૨ (ઈ. સ. ૨૦૦)ના મૂળવાસરના શિલા-લેખમાં દ્વારકાનો નિર્દેશ નથી, પણ માત્ર આવા ઉલ્લેખોના અભાવથી કોઈ નિર્ણય બાંધી ન શકાય. આ માટે વધુ શોધ કરવી જોઈએ.

---

૪૬ જુઓ અનઝારી : 'એક્સકેવેશન ઍટ દ્વારકા', પાન. ૧૭

દ્વારકાનો ઉલ્લેખ કરતા સૌથી જૂના ઉત્કીર્ણલેખ તે ગુપ્ત સંવત્ ૨૩૦ (ઈ.સ. ૫૪૯) અને ગુ. સંવત્ ૨૫૫ (ઈ.સ. ૫૭૪)ના મળે છે.[૪૭] તેમાં ઈ.સ. ૫૭૪નું પાલિતાણાના સામંત સિંહાદિત્યનું તામ્રપત્ર પશ્ચિમ કિનારાની રાજધાની દ્વારકાનું સૂચન કરે છે અને શ્રીકૃષ્ણ અહીં રહેતા હતા એવો નિર્દેશ કરે છે.

દ્વારકાક્ષેત્રે ભગવાન શ્રીકૃષ્ણે કરેલા અસુરોના નાશ અને ઉદ્ધારની યાદ આપતાં ગયાસુરનું ગયાતીર્થ, કુશરાક્ષસનું કુશેશ્વરતીર્થ, શંખાસુરનું શંખોદ્ધારબેટ (જ્યાં સમુદ્રમાંથી શંખ મળી આવે છે), માયાસુરનું મયાસરતીર્થ, તેમ જ પુરાણોક્ત પદ્મતીર્થ (બેટ શંખોદ્ધાર–જ્યાં પદ્મ જેવી ડિઝાઈનના પથ્થર મળે છે) તથા ચક્રતીર્થ (અગ્નિનારાયણ મંદિર પાસે,-જ્યાં સમુદ્રમાંથી ચક્રની ડિઝાઈનના પથ્થર મળે છે.)છે. આ સિવાયનાં કર્કતીર્થ, પંચનદતીર્થ, બ્રહ્મકુંડ, કૂકલાશ-કુંડ, સિદ્ધેશ્વર મહાદેવ, ગોલપાતીર્થ, ગોપિકાસર, વિષ્ણુપદતીર્થ, ભાગીરથીતીર્થ, ઇન્દ્રેસર, ચંદ્રભાગાતીર્થ, સાંબતીર્થ, મુક્તાસર, વજ્રતીર્થ, પિંડારકતીર્થ, વગેરે હાલના દ્વારકાની આસ-પાસ વેરાયેલ પડેલ પ્રાચીન સંસ્કૃતિના સીમાચિહ્ન સમાં પ્રાચીન પુરાણોક્ત તીર્થો પણ આ દ્વારકાને સ્થળે જ પ્રાચીન દ્વારકા હતી તે સાબિત કરે છે. કોઈ પણ વસ્તુનો નાશ થાય છે પણ એ વસ્તુ પાછળની ભાવના વારંવાર તેનું જ સર્જન કરે છે, તેમ આ તીર્થોની બાબતમાં પણ બન્યું હશે. દ્વારકા પર સમુદ્રનાં પાણી ફરી વળતાં એ તીર્થો નાશ પામ્યાં હશે, પણ જીવંત રહેલ માનવીની તે તીર્થ પ્રત્યેની ભાવનાથી ફરી ફરી તે જ સ્થળે તે તીર્થો સર્જાયાં હશે.

આજે ગોમતીતીરે યાત્રાળુઓને સ્નાનસંકલ્પ કરાવતા દ્વારકાના ગૂગળી બ્રાહ્મણો—

"भारतवर्षे भरतखण्डे जम्बुद्वीपे सौराष्ट्रदेशान्तर्गते आनर्तकदेशे उषामंडले चम्पकवने श्रीद्वारिकायां विष्णोः त्रिविक्रमक्षेत्रे कुशस्थल्यां गोमत्या उत्तरे तटे विक्रमार्कसंवत्.....
.....दशविधस्नानमहं करिष्यते"

બોલી-બોલાવી સંકલ્પ મુકાવે છે તેમાં પણ આજની દ્વારકાને સ્થળે જ પ્રાચીન દ્વારકાનું સ્થાન હતું એવી પ્રતીતિ છે.

વળી પ્રાચીન લોકકથાઓ સાથે સંકળાયેલ કોલવા ભગત, નરસિંહ મહેતા, મીરાંબાઈ, ભક્ત બોડાણા જેવા ભક્તોની ચરણરજ જાળવી ઊભેલાં તીર્થો પણ આજે સાક્ષી પૂરે છે કે પ્રાચીન લોકમાન્યતાએ પણ આ જ દ્વારકાના સ્થળને પ્રાચીન દ્વારકાના સ્થળ તરીકે માન્ય રાખેલ છે.

ઉપર્યુક્ત આધારો પરથી એમ માની શકાય કે આજની દ્વારકાને સ્થળે જ ભગવાન શ્રીકૃષ્ણની પ્રાચીન દ્વારકા હશે અને જ્યાં આજે દ્વારકાધીશના મન્દિરના પાષાણો સનાતન ગીતાના પ્રેમમન્ત્રો ભણે છે અને સનાતન હિંદુધર્મ પ્રવર્તાવતો ભાવન ગજનો નેજો જ્યાં ફરકી રહ્યો છે, ત્યાં જ એક કાળે ભગવાન દ્વારકાધીશની આણ પ્રવર્તતી હશે, અને આથી જ તો પોતાને દાદા રણછોડના પ્રતિહારો માનતા ઓખામંડળના વાઘેર રાજવીઓના ઇતિહાસમાં કોઈ રાજવીની રાજધાની દ્વારકામાં હોવાનો કયાંય પણ નિર્દેશ નથી.

---

૪૭ જુઓ ડૉ. હિરાનન્દ શાસ્ત્રીઃ આર્કિયોલોજી એન્ડ એન્શ્યન્ટ ઇન્ડિયન હિસ્ટરી, (ગુ. વ. સોસાયટી–૧૯૪૪) પૃ. ૪૨.

બરડા પ્રદેશમાં ત્રણ વિશેષ પ્રાક્‌સોલંકી મંદિરો

મણિભાઈ વોરા, નરોત્તમ પલાણ, ગોસ્વામી મોહનપુરી

પરિયાધારનાં મંદિરો :


(૧) બરડા પ્રદેશમાં પોરબંદરથી નાગકા રસ્તે ભાણવડ જતી બસના માર્ગે, બરડા ડુંગરમાળના માલેક ડુંગરની તળેટીમાં બાવળવાવ અને ખિસ્ત્રી મહેરિયાં ગામો છે. બાવળવાવની પશ્ચિમે અને ખિસ્ત્રીની ઉત્તરે થોડી ઊંચાઈની પરિયાધાર છે. અહીં નાના ઝરણને આથમણે કાંઠે પૂર્વાભિમુખ એક દહેરું ઊભું છે. [ફોટો નં. ૧]


આ દહેરાંને ૩'ની પીઠ છે, તેની ઉપર બહારથી માપતાં ૧૦' × ૯' – ૧૦"ના માપનું ગર્ભગૃહ આવેલ છે. આશરે દોઢ ફૂટ જાડાઈની દીવાલો ૮' – ૨" ઊંચાઈની છે. તેના ઉપર પાંચ ભૂમિકાઓનું ૯' ઊંચાઈનું શિખર છે. શિખરની પ્રથમ ભૂમિકા ૨૦" ઊંચાઈની છે અને ઉપર જતાં ઉત્તરોત્તર દરેક ભૂમિકા બે ઇંચ ઓછી થતાં પાંચમી ભૂમિકા ૧૨" – ઊંચાઈની આવે છે. બે ભૂમિકાઓ વચ્ચે ૨"ની ઘીસીનો ગાળો—અંધારિકા—રહે છે. પાંચમી ભૂમિકા ઉપર ચોરસ શિલાનો ચારે બાજુ ચૈત્ય કમાનનાં શિલ્પયુક્ત કંઠબંધ મૂકેલ છે અને તેના ઉપર ૧૨" જાડાઈનું આમલક છે. મંદિરની પૂર્વ દીવાલમાં અંદરને ગાળે ૫' × ૨' – ૮"નું દ્વાર છે. આ દ્વારની બાર-શાખ પદ્મપાંખડી વિભૂષિત દ્વિશાખા પ્રકારની છે. મંદિરને મંડપ નથી.

એકંદરે વીસેક ફૂટ ઊંચું આ મંદિર સૈન્ધવ, જેઠવા યા મહેર સ્થાપિત સૂર્ય કે શક્તિનું પૂજાસ્થાન સંભવે છે. પશ્ચિમ સૌરાષ્ટ્ર શૈલીનું આઠમી—નવમી સદીનું આ સાદું મંદિર પુરા-તત્ત્વનું કિંમતી ધન છે.


(૨) ઉપર દર્શાવેલ મંદિરના સહોદર સમું, તેનાથી પૂર્વમાં થોડા અંતર ઉપર એક બીજું દહેરું આવેલ છે. આ પશ્ચિમ દિશાભિમુખ મંદિર પણ વીસેક ફૂટ ઊંચાઈનું છે. [ફોટો નં. ૨]

બહારથી ૯' × ૯'નું આ ચોરસ મંદિર પણ આશરે દોઢ ફૂટ જાડી ભીંતોવાળું છે, મંડોવર ૮' ઊંચો છે. તેની ઉપર એકંદર ૯' ઊંચાઈનું, ઉત્તરોત્તર નાની થતી જતી પાંચ ભૂમિકાઓ અને ચૈત્યબારી શિલ્પની ચોરસ કંઠશિલા ઉપર, જાડા નાના આમલકવાળું શિખર છે. [ફોટો નં. ૩] મંદિરની પશ્ચિમ-દીવાલમાં પદ્મપાંખડીવાળું દ્વિશાખા બાર ભગ્ન સ્થિતિમાં આવેલું છે. [ફોટો નં. ૪] આ મંદિરની પીઠ આજની જમીનમાં દટાઈ ગયેલ છે. પ્રથમ જોયું તે પૂર્વાભિમુખ મંદિર કરતાં માપમાં આ મંદિર જરા નાનું છે અને વધારે તૂટેલી સ્થિતિમાં છે. મંદિરને મંડપ નથી. ઉત્તરની ભીંતમાં નીચે જલમાર્ગ નથી.







① પરિયાધાર અ
પૂર્વાભિમુખ



② પરિયાધાર બ
પશ્ચિમાભિમુખ






③ સાંકળોજ
પૂર્વાભિમુખ.

ફકરામ અમિગ્રામસ્ટ્રીક : દાખીદેરીક

૨ ૧૨૯


ક્રીમ દાસી પ્રિન્ટરામ અમિગ્રીકર્ક : દાખીદેરીક

૧ ૧૨૯



ફોટો ૩

પરિયાધાર : પશ્ચિમાભિમુખ મન્દિરનું શિખર




ફોટો ૬

સાંકળોજ મન્દિર શિખર

દેરજીમ પ્રાણીઓ
૬ ફાટકે

ખોદકામ પ્રદેશમાં પ્રાપ્ત થયેલા : દોમોદોજો
૪ ફાટકે



ફોટો ૭

સાંકળોજ મન્દિર બારશાખ

ફોટાઓ : નરોત્તમ પલાણ

આ મંદિરની નજીકમાં ભાંગેલો નંદી, જલધારીના ટુકડા અને આ પંથકના પ્રાક્‌-સોલંકી પૂજાસ્થાનોએ જોવા મળતો બદામી રંગનો તૂટેલ ખાંડણિયો પડેલ છે. આ સ્થાનના તત્કાલીન સત્તાધીશથી સ્થાપિત સાદી ભૂમિએ ધરાવતું આ મંદિર આઠમા-નવમા સૈકાનું અતિ મહત્ત્વનું મંદિર જણાય છે.

[૩] સાંકળોજાનું મન્દિર :

બરડા પ્રદેશના જેઠવા રાજપૂતના કાટવાણા ગામથી પૂર્વમાં ડુંગરની પાછમાં શ્રવણી વાવ નજીકથી માલેક ડુંગરની કેડીએ ચડી ઉગમણા ડુંગરમાં જતાં રબારીઓનો ખોડિયાર નેસ આવે છે. અહીંથી ઉત્તર તરફ કાનમેરા ડુંગરની દક્ષિણે અને ચારણના ધ્રામણી નેસની ઈશાને 'સાંકળોજા' નામનું તળાવ અને નેસ આવેલાં છે. આ તળાવને દક્ષિણ કાંઠે એક ઘણું જ નયનરમ્ય, આજુબાજુની વનશ્રીમાં ભલી પેરે શોભતું પ્રાચીન મંદિર આવેલું છે. [ફોટો નં. ૫]

વીસ ફૂટ ઊંચું, પૂર્વાભિમુખ આ મંદિર ભદ્ર સહિતની ૧૧′ × ૧૧′ની બેસણી ધરાવે છે. પીઠની ઊંચાઈ ૫′ – ૬″ છે. મંડોવર ૪′ – ૮″ નો છે. ૧′ જાડાઈનો વેદિકા કંઠ અને ઉપર ૯′ ઊંચું શિખર છે. ચૈત્ય ગવાક્ષની જાલિકાથી અલંકૃત મૂલ મંજરીવાળું આ શિખર લતીન પ્રકારનું છે, [ફોટો નં. ૬]. ચૈત્યબારીના મનોરમ શિલ્પવાળી શિખરની પાંચ ભૂમિકા, શિખરને ખૂણે દરેક ભૂમિ ઉપર ચોરસ નાના આમલક, ભદ્રમાંથી શિખર ઉપર થઈને ચપટાં સુંદર આમલકમાં મળતી ઊર્ધ્વ રેખાથી શોભતું આ મંદિર રોડાના મંદિરની અનુસારનું છે. પ્રથમ ભૂમિકાની મુખ્ય ચૈત્યબારીમાં સુંદર અર્ધપદ્મનું શિલ્પ છે, અન્ય ચૈત્યબારીમાં પણ નાનાં પદ્મો મૂકેલ છે.

ગર્ભગૃહની આગળ નાનો ઘાટીલો મંડપ હશે, રોડાના મંદિરમાં છે તેવો, જે તૂટી ગયાનાં ચિહ્નો છે. મંદિરની બારશાખ ૩½″, ૪″, ૪″ માપની ત્રિશાખા પ્રકારની છે. બહારની સાદી, વચ્ચેની પદ્મપાંખડીની શાખા અને અંદરની કલ્પલતાની રૂપ શાખા છે. આ રૂપ શાખામાં ઉપર વચ્ચે ગણપતિ મૂકેલા છે. ઉંબર ઉપર નીચેના બન્ને છેડામાં, દ્વારની બન્ને બાજુએ, પાર્શ્વદસ્થાને, બાળક સાથેની માતૃકા મૂર્તિઓ કંડારેલી છે. દ્વાર અંદરને ગાળે ૨′-૮″ છે. [ફોટો નં. ૭]

મંદિર અંદરથી ૫′ – ૯″ × ૫′ – ૭″ છે. સપાટ છત ૧૧″ × ૧૧″ના બે પથ્થરના પાટડા ઉપર શિલાઓથી છવાયેલ છે. મંદિર શિવાલય લાગે છે. નવમી—દસમી સદીનું આ સપ્રમાણ અંગવિન્યાસ ધરાવતું અને ગવાક્ષિત શિખરવાળું મંદિર, બરડા ડુંગરની મધ્યે નવસો ફૂટ ઊંચાઈએ આવેલું અતિ રમ્ય અને ઘણું મહત્ત્વનું મંદિર જણાય છે.

સિંહ સંવત*

હરિપ્રસાદ શાસ્ત્રી

ભારતમાં જુદા જુદા પ્રદેશમાં જુદા જુદા સમયે અનેક જુદા જુદા સંવત્ વપરાયા છે, જેમાંના કેટલાક સંવત્ (જેમ કે વિક્રમ સંવત્ અને શક સંવત્) અદ્યપર્યંત ચાલુ છે, જ્યારે કેટલાક બીજા સંવત્ (જેમ કે ગુપ્ત સંવત્, વલભી સંવત્ ને કલચુરિ સંવત્ કે ચેદિસંવત્) લુપ્ત થઈ ગયા છે. સિંહ સંવત્ એ લુપ્ત થયેલો સંવત્ છે, પરંતુ એ ગુજરાતમાં ઉત્પન્ન થયેલો ને ગુજરાતમાં પ્રચલિત થયેલો સંવત્ હોઈ ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં નોંધપાત્ર છે.

આ સંવત્નો ઉલ્લેખ ચાર અભિલેખોમાં મળ્યો છે :—

(૧) ચૌલુક્ય રાજા કુમારપાળના સમયનો માંગરોળની વાવનો શિલાલેખ[૧] **શ્રીમદ્વિક્રમ-સંવત્ ૧૨૦૨ તથા શ્રી સિંહ સંવત્ ૩૨ આશ્વિન વદિ ૧૩ સોમે ॥**

(૨) કુમારપાલના સમયનો પ્રભાસપાટણનો[૨] શિલાલેખ[૩]—**વલભી સંવત્ ૮૫૫**[૪] **શ્રી સિંહ સંવત્ ૬૦ વર્ષે.**

(૩) ભીમદેવ ૨જાના સમયનું રૉયલ એશિયાટિક સોસાયટી લાયબ્રેરી તામ્રપત્ર[૫]— **શ્રીવિક્રમ સંવત્ ૧૨૬૬ વર્ષે શ્રી સિંહ સંવત્ ૯૬ વર્ષે લૌકિ. માર્ગ શુદિ ૧૪ ગુરૌ.**

(૪) અર્જુનદેવના સમયનો વેરાવળ શિલાલેખ[૬] **શ્રીનૃપવિક્રમ સં. ૧૩૨૦ તથા શ્રીમદ્વલભી સં. ૯૪૫ તથા શ્રી સિંહ સં. ૧૫૧ વર્ષે આષાઢ વદિ ૧૩ રવૌ.**

ગુજરાતના બીજા બે અભિલેખોમાં આપેલાં અનિર્દિષ્ટ સંવત્નાં વર્ષ સિંહ સંવત્ ધારવામાં આવેલાં, પરંતુ એ વર્ષ ખરી રીતે વિક્રમ સંવત્નાં છે. (૧) ચૌલુક્ય રાજા ભીમદેવનાં બૉમ્બે બ્રાન્ચ ઑફ રૉયલ એશિયાટિક સોસાયટી લાયબ્રેરી તામ્રપત્રોમાં મિતિ 'સંવત્ ૯૩'ની આપેલી છે

---

* ગુજરાત ઇતિહાસ પરિષદના પાંચમા અધિવેશન (રાજકોટ, ૧૯૭૦)માં વંચાયેલો નિબંધ.

૧ ભા. પ્રા. સં. ઈ., પૃ. ૧૫૮; ગિ. મ. આચાર્ય, ગુજરાતના ઐતિહાસિક લેખો, ભાગ ૨, નં. ૧૪૫.

૨ લેખના સંપાદકે આ લેખને જૂનાગઢના ભૂતનાથ મંદિરના શિલાલેખ તરીકે ઓળખાવ્યો છે પરંતુ ખરી રીતે એ લેખ વંથળીને લગતો બીજો શિલાલેખ છે, જ્યારે આ લેખ પ્રભાસપાટણનો છે ને હાલ રાજકોટના વૉટસન મ્યુઝિયમમાં રાખેલો છે.

૩ ભા. પ્રા. સં. ઈ., પૃ, ૧૮૪; ગિ. વ. આચાર્ય, ઉપર્યુક્ત, નં. ૧૫૪.

૪ લેખના સંપાદકે વલભી સંવત ૮૫૦ વાંચેલું, પરંતુ ખરો પાઠ ૮૫૫ છે.

૫ ઈ. એ., પુ. ૧૮, પૃ. ૧૧૦; ગિ. વ. આચાર્ય, ઉપર્યુક્ત, નં. ૧૬૨.

૬ ઈ. એ., પુ. ૧૧, પૃ. ૨૪૧; ગિ. વ. આચાર્ય, ઉપર્યુક્ત, ભા. ૩, નં. ૨૧૭.

તેને તે લેખના સંપાદક ફ્લીટે સિંહ સંવતનું વર્ષ માની એ દાનપત્ર ભીમદેવ ૨જાનું ધારેલું,[૭] પરંતુ એમાં જણાવેલ દૂતક અને લેખક ભીમદેવ ૧લાનાં વિ. સં. ૧૦૮૬નાં દાનપત્રોમાં જણાવેલ દૂતક અને લેખક હોઈ, આ દાનપત્ર પણ ભીમદેવ ૧લાનું છે એવું નિશ્ચિત થાય છે ને એ પરથી એમાં આપેલ સંવત ૯૩ ખરી રીતે સંવત [૧૦]૯૩ હોવાનું ફલિત થાય છે,[૮] (૨) એવી રીતે ગિરનારના એક પ્રતિમાલેખમાં[૯] આપેલ સં. ૫૮ તે સિંહ સંવતનું વર્ષ માનવામાં આવેલ છે, તેમાં પણ સિંહ સંવતનો નિર્દેશ ન હોવાથી શતકના અંક[૧૦] અધ્યાહાર રાખેલા હોવા સંભવે છે.[૧૧]

આમ સિંહ સંવતનો અસંદિગ્ધ ઉલ્લેખ ચાર અભિલેખોમાં મળ્યો છે. એમાંનો એક માંગરોળના, એક પ્રભાસપાટણના અને એક વેરાવળના શિલાલેખમાં આપેલો છે. જે બાકીના એક લેખનું પ્રાપ્તિસ્થાન અજ્ઞાત છે, તે સુરાષ્ટ્રમંડલના વામનસ્થલી વિભાગને લગતો છે. આ પરથી આ ચારે ય અભિલેખ સોરઠ(દક્ષિણ સૌરાષ્ટ્ર)ના હોવાનું માલૂમ પડે છે.

આ સંવતનાં વર્ષ ૩૨ થી ૧૫૧ના ઉલ્લેખ મળ્યા છે. આ પરથી સિંહ સંવત સોરઠમાં ઓછામાં ઓછા દોઢેક સૈકા સુધી પ્રચલિત રહ્યો હોવાનું ફલિત થાય છે.

ચારે ય મિતિઓમાં સિંહ સંવતની સાથે બીજા જૂના સંવતનું ય વર્ષ આપવામાં આવ્યું છે. આ પરથી આ સંવત લેખોમાં વિક્રમ ને વલભી સંવત જેટલો સુપરિચિત ન હોવા સંભવે છે. ગમે તેમ, આપણને તો એ પરથી વિક્રમ અને વલભી સંવતના વર્ષનું સમીકરણ જાણવા મળે છે. સિંહ સં. ૩૨ = વિ. સં. ૧૨૦૨, સિં. સં. ૯૬ = વિ. સં. ૧૨૬૬ અને સિં. સં. ૧૫૧ = વિ. સં. ૧૩૨૦ હોઈ, સિંહ સંવતનું વર્ષ ૧ = વિ. સં. ૧૨૭૦-૭૧ હોવાનું ફલિત થાય છે. એવી રીતે સિં. સં. ૬૦ = વલભી સં. ૮૫૫ અને સિં. સં. ૧૫૧ = વ. સં. ૯૪૫ હોઈ, સિં. સં. ૧ = વલભી સંવત ૭૯૫-૯૬ આવે છે. વિ. સં. ૧૨૭૦-૭૧ અને વ. સં. ૭૯૫-૯૬ એક જ છે ને તેની બરાબર ઈ. સ. ૧૧૧૩-૧૪ આવે છે. આ પરથી સિંહ સંવતના ગત વર્ષ ૦ નો આરંભ વિ. સં. ૧૨૬૯(ઈ. સ. ૧૨૧૩)માં થયો ગણાય.

---

૭ ઈ. એ., પુ. ૧૮; ગિ. વ. આચાર્ય, ઉપર્યુક્ત, ભા. ૨, નં. ૧૫૯.

૮ હુલ્શ, ઈ. એ., પુ. ૧૯, પૃ. ૨૫૩; ગૌ. હી. ઓઝા, ભારતીય પ્રાચીન લિપિમાલા, પૃ. ૧૮૨, પા. ટી. ૬.

એ સમયે માત્ર રાધનપુર દાનપત્ર પ્રકાશિત થયેલું. એ પછી પ્રસિદ્ધ થયેલ પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ દાનપત્રમાં પણ એ જ બિગત આવે છે (ગુ. ઐ. લે., ભા. ૨., નં. ૧૪૦). ભીમદેવ ૧લાના એ પછી પ્રકાશિત થયેલ વિ. સં. ૧૧૧૭ના ભદ્રેશ્વર દાનપત્ર (વ. વિ. સં. પત્રિકા, પૃ. ૪)માં પણ એ જ દૂતક-લેખક જણાવેલ છે.

૯ રીવાઇઝ્ડ લિસ્ટ ઑફ એન્ટિકવરિયન રીમેઇન્સ ઈન ધી બૉમ્બે પ્રેસિડન્સી, પૃ. ૩૫૭.

૧૦ નિર્ણાયક વીગતોના અભાવે આ અંક ૧૦, ૧૧ કે ૧૨ પૈકી અમુક હોવાનું નક્કી થઈ શકયું નથી.

૧૧ એવી રીતે જયસિંહદેવના સમયના અટરુ લેખનું વર્ષ ૧૪ એ [૧૩]૧૪ અને કટુકદેવના સમયના સેવડી લેખનું વર્ષ ૩૧ એ [૧૨]૩૧ હોવાનું સ્પષ્ટ થયું છે. જયસિંહદેવ એ માળવાના પરમાર વંશનો જયસિંહ ૨જો છે; ને કટુકરાજ એ તડોલનો ચાહમાન રાજા મટુકરાજ છે.

વલભી સંવત્નાં વર્ષ કાર્તિકાદિ હતાં.[૧૨] વિક્રમ સંવત્નાં વર્ષ હાલ ગુજરાતમાં કાર્તિકાદિ છે, હાલારમાં અને કચ્છમાં આષાઢાદિ હોય છે ને અગાઉ કેટલીક વાર ચૈત્રાદિ પણ ગણાતાં. પરંતુ સિંહ સંવત્નાં વર્ષ કયા માસથી શરૂ થતાં એ નક્કી કરવું મુશ્કેલ છે. સિં. સં. ૩૨, ૯૬ અને ૧૫૧ને સમાન વિક્રમ સંવત્નાં વર્ષ સાથે સરખાવતાં સિંહ સંવત્નાં વર્ષ કાર્તિકાદિ ન હોવાનું માલૂમ પડે છે એવું ફ્લીટે અવલોકયું ને સં. ૫૮નું વર્ષ સિંહની સંવત્નું માને તેના તિથિ-વારના મેળ પરથી એ વર્ષ આષાઢાદિ હોવાનું માલૂમ પડતાં તેમણે સિંહ સંવત્નાં વર્ષ આષાઢાદિ હોવાનું અનુમાન તારવ્યું.[૧૩] શ્રી. ગૌ. હી. ઓઝા અને ડૉ. દિ. ચં. સરકારે સિંહ સંવત્ વિશેના લખાણમાં ફ્લીટનો આ મત સ્વીકારી લીધો છે.[૧૪] પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે સં. ૫૮નું વર્ષ સિંહ સંવતનું ન હોઈ, આ પ્રશ્ન પુનર્વિચારણા માગી લે છે.

વલભી સંવત્ સાથે સિંહ સંવત્નું સમીકરણ જે બે અભિલેખોમાં મળે છે, તેમાં એ બે વચ્ચેનો તફાવત એકમાં ૭૬૫ વર્ષનો અને બીજામાં ૭૬૪ વર્ષનો આવે છે; વલભી સંવત્નાં વર્ષ હંમેશાં કાર્તિકાદિ જ હતાં. આથી સિંહ સંવત્નાં વર્ષ કાર્તિકાદિ ન હોવાનું સ્પષ્ટ થાય છે; કેમ કે નહિ તો વર્ષનો તફાવત સર્વ મિતિઓમાં સરખો જ આવે.

સિંહ સંવત્ની સાથે વિક્રમ સંવત્નાં વર્ષ ત્રણ મિતિઓમાં આપવામાં આવ્યાં છે. એમાંની એક મિતિ માર્ગશિર માસની હોઈ એ વર્ષ ચૈત્રાદિ, આષાઢાદિ કે કાર્તિકાદિ ગમે તે વિ. સં. ૧૩૨૦ની મિતિમાં એ વર્ષ કાર્તિકાદિ હોવાનું નિશ્ચિત થયું છે.[૧૫] સિંહ સંવત્ અને વિક્રમ સંવત્ના વર્ષ વચ્ચેનો તફાવત આષાઢમાં ૧૯૬૯ અને માર્ગશિરમાં ૧૧૭૦ આવે છે. એ પરથી પણ સિંહ સંવત્નાં વર્ષ કાર્તિકાદિ નહિ પણ ચૈત્રાદિ કે આષાઢાદિ હોવાનું સ્પષ્ટ થાય છે. સિં. સં. ૩૨ની આશ્વિનની મિતિમાં એ તફાવત ૧૧૭૦ વર્ષનો હોઈ એ મિતિમાં જણાવેલું વિ.સં.નું વર્ષ ચૈત્રાદિ (કે આષાઢાદિ) હોવું જોઈએ; આ પરથી પણ સિંહ સંવત્નાં વર્ષ ચૈત્રાદિ કે આષાઢાદિ હોવાના અનુમાનને સમર્થન મળે છે.

હવે તિથિ અને વારનો મેળ તપાસીએ તો સિં. સં. ૩૨, ૯૬ અને ૧૫૧માં એ મેળ અનુક્રમે ઈ. સ. ૧૧૪૫, ૧૨૦૯ અને ૧૨૬૪માં મળી રહે છે, અર્થાત્ સિં. સં. અને ઈ. સ. વચ્ચેનો તફાવત આશ્વિન, માર્ગશિર અને આષાઢમાં એકસરખો (૧૧૧૩ વર્ષનો) આવે છે. આ પરથી સિંહ સંવત્નાં વર્ષ પૌષથી આષાઢ સુધીમાં શરૂ થતાં હોવાનું ફલિત થાય છે. આ માસ ઉત્તર ભારતની જેમ ચૈત્ર હોય કે હાલાર અને કચ્છની જેમ આષાઢ હોય. આમાં એ વર્ષ આષાઢાદિ હોવાનો સંભવ વધારે ગણાય, પરંતુ એ સુનિશ્ચિત ન ગણાય.

સિંહ સંવતનું વર્ષ આષાઢાદિ હોય કે ચૈત્રાદિ હોય, તેમાં આશ્વિન માસ સુધી ૧૧૬૯ અને કાર્તિક માસથી ૧૧૭૦ ઉમેરવાથી વિક્રમ સંવત્નું અને ડિસેંબર સુધી ૧૧૧૩ અને ૧૧૧૪ જાન્યુઆરીથી ઉમેરવાથી ઈસ્વી સનનું વર્ષ આવે.

---

૧૨ હ. ગં. શાસ્ત્રી, મૈત્રકકાલીન ગુજરાત, ભા. ૨, પૃ. ૫૭૭-૮૫.

૧૩ ઇ. એ., પુ. ૨૨, પૃ. ૧૦૬.

૧૪ ભારતીય પ્રાચીન લિપિમાલા, પૃ. ૧૮૪; ઇન્ડિયન એપિગ્રાફી, પૃ. ૩૦૫.

૧૫ ફ્લીટ, કો. ઈ. ઈ., પુ. ૩, પૃ. ૮૭.

આ સંવત્‌ની ઉત્પત્તિ વિષે અનેક પ્રકારના તર્ક થયા છે. ૧૮૩૯માં જેમ્સ ટોડે વેરાવળ શિલાલેખના સિંહ સંવત્‌ ૧૫૧૧ને શિવસિંહનું માન્યું ને એ સંવત્‌ દીવના ગોહિલોએ શરૂ કર્યો હોવાનું ધાર્યું,[૧૬] પરંતુ એ નામ તથા એ વંશ વિશે કંઈ આધાર આપ્યો નથી. દીવમાં ગોહિલવંશની સત્તા પ્રવર્તી હોવાનું જાણવા મળતું નથી. ૧૮૮૪માં શ્રી વલ્લભજી આચાર્યે આ સંવત્‌ માંગરોળના ચુહિલ રાજા સહજિત્રે ચૌલુક્યોની સત્તાનો હ્રાસ કરી શરૂ કર્યો હોવાનું સૂચવ્યું,[૧૭] પરંતુ એ સંવત્‌ સિંહ સંવત્‌ને નામે શાથી ઓળખાયો એ જણાવ્યું નથી. વળી સહજિત્રવાળા લેખમાં સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાલની પ્રશસ્તિનો સમાવેશ થતો હોઈ, એમાં સહજિત્રે સૌરાષ્ટ્રમાં પોતાની સ્વતંત્ર સત્તા સ્થાપી હોવાનું સૂચન થતું હોવાનું પણ ભાગ્યે જ માની શકાય તેમ છે.

૧૮૮૭માં શ્રી. વજેશંકર ગૌ. ઓઝાએ સિંહ સંવત્‌ પોરબંદરના શિલાલેખમાં જણાવેલા સૌરાષ્ટ્રના મંડલેશ્વર શ્રી સિંહે શરૂ કરેલો એવું સૂચન રજૂ કર્યું.[૧૮] એ સમયે એ લેખ વિ. સં. (૧૧)૧૫નો માનવામાં આવ્યો હશે પરંતુ પોરબંદરના શિલાલેખમાં તો શ્રી (સામન્ત)-સિંહનો ઉલ્લેખ આવે છે ને એ લેખ વિ. સં. (૧૩)૧૫ નો છે એવું હવે માલૂમ પડયું છે.[૧૯] આથી વિ. સં. ૧૧૭૦માં શરૂ થયેલો સિંહ સંવત્‌ વિ. સં. ૧૩૧૫ના લેખમાં જણાવેલ સામન્ત-સિંહે શરૂ કર્યો હોય એ સંભવિત નથી.

૧૮૯૬માં પ્રસિદ્ધ થયેલ ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીનું સૂચન પ્રસિદ્ધ થયું કે સિંહ સંવત્‌ ગુજરાતના ચૌલુક્ય રાજા સિદ્ધરાજ જયસિંહે સોરઠ પરના વિજયની યાદગીરીમાં શરૂ કર્યો જણાય છે. આ સંવત્‌ સિદ્ધરાજના ઉત્તરાધિકારીઓના શાસનનો નિર્દેશ કરતા અભિલેખોમાં પ્રયોજાયો છે એ મુદ્દો એ સંવત્‌ ગુજરાતના ચૌલુક્ય રાજાઓનો હોવા વિશેના સંભવનું સમર્થન કરે છે.

છતાં આ મતમાં ય કેટલીક મુશ્કેલીઓ રહે છે. સિદ્ધરાજ જયસિંહના વિજયનો સંવત્‌ જયસિંહ સંવત્‌ નહિ પણ સિંહ સંવત્‌ એવા સંક્ષિપ્ત નામે ઓળખાયો ને એ સંવતનો ઉપયોગ સિદ્ધરાજના સમસ્ત રાજ્યમાં ન થતાં સોરઠ પૂરતો સ્થગિત રહ્યો એવું માનવું પડે. આથી પં. ગૌરીશંકર ઓઝાએ આ સંવત્‌ સોરઠના સિંહ નામે કોઈ સ્થાનિક રાજાએ શરૂ કર્યો હોવાનું સૂચવ્યું.[૨૦] પરંતુ સૌરાષ્ટ્રના ચૂડાસમા વંશમાં ત્યારે સિંહ નામે કોઈ પ્રતાપી રાજા થયો નથી ને જયસિંહદેવે સોરઠ જીત્યા પછી તેના મંડલેશ્વરો એ સંવત પ્રયોજે એટલો ૩૮ એ સંવત્‌ એટલા ટૂંકા સમયમાં થયો પણ ન હોય. 'સિંહ' નામ તો 'જયસિંહ'નું ઉત્તરપદ હોઈ શકે, પરંતુ આ સંવત્‌નો ઉપયોગ સોરઠમાં સીમિત રહ્યો એ સમજાવવું મુશ્કેલ છે.

---

૧૬ ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા, પૃ. ૫૦૬.

૧૭ બૉ. ગે., પુ. ૮, પૃ. ૫૪૩.

૧૮ ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ, પૃ. ૨.

૧૯ દ. બા. ડીસકળકર, ઇન્સ્ક્રિપ્શન્સ ઑફ કાઠિયાવાડ, નં. ૧૪

૨૦ ભારતીય પ્રાચીન લિપિમાલા, પૃ. ૧૮૨ થી.

અગાઉ પોતાના નામનો ભલો સંવત્ પ્રવર્તાવતી વખતે રાજાએ પ્રજાને ઋણમુક્ત કરવી પડતી એવા ઉલ્લેખ દ્વયાશ્રય કાવ્ય,[૨૧] કુમારપાલભૂપાલચરિત,[૨૨] પ્રભાવકચરિત[૨૩] ઇત્યાદિમાં આવે છે; ને જયસિંહદેવે સિદ્ધરસ વડે પ્રાપ્ત થયેલ સ્વર્ણસિદ્ધિ દ્વારા પ્રજાને ઋણ-મુક્ત કરી હોવાનું મનાતું.[૨૪] પરંતુ સિંહ સંવત્ સોરઠમાં સીમિત રહ્યો, તો શું સિદ્ધરાજે પોતાના સમસ્ત સામ્રાજ્યની નહિ પણ નવા જીતેલા સોરઠ પ્રાંતની પ્રજાને જ અનૃણ કરી, સોરઠ-વિજયની યાદગીરીનો સંવત્ તે પ્રાંતમાં જ પ્રવર્તાવ્યો હશે ?[૨૫]

---

૨૧ સર્ગ ૨૦, શ્લોક ૧૦૨.

૨૨ ૧, ૨૧.

૨૩ જીવદેવસૂરિ પ્રબન્ધ, શ્લો. ૭૧.

૨૪ દ્વયાશ્રય, ૧૫, ૨૦; કુમારપાલના સમયની વડનગર પ્રશસ્તિ, શ્લો. ૧૧ (ગુ. ઐ. લે., ભા. ૨, નં. ૧૪૭).

૨૫ ભારતી ઠાકર, ક્રોનોલોજિકલ સીસ્ટિમ્સ ઓફ ગુજરાત, પૃ. ૫૮૩-૬૦૨ના આધારે.

ગિરનારના એક નવપ્રસિદ્ધ પ્રશસ્તિ-લેખ પર દૃષ્ટિપાત

મધુસૂદન ઢાંકી

સ્વાધ્યાય પુ. ૫, અં. ૨માં "ગિરનારના ત્રણ અપ્રસિદ્ધ શિલાલેખો"માં શ્રી. છો. મ. અત્રિએ ગિરનાર-પર્વતસ્થ જિનમન્દિરોને ફરતા કોટની દીવાલનો ભાગ પાડતી વખતે જડી આવેલા ત્રણ શિલાલેખો પ્રસિદ્ધ કર્યા છે.[૧] તેમાંનો ક્રમમાં બીજો લેવાયેલ નાનકડો **પ્રશસ્તિ-લેખ** ગિરનાર પર્વત પરના નોંધાયેલા લેખોમાં–ત્રુટિત હોવા છતાંયે–એની કેટલીક આન્તરિક વીગતોને કારણે મહત્ત્વનો છે. અહીં એ મૂળ લેખની વાચના આપી તેની વસ્તુ પર ટૂંકી શી ચર્ચા કરવા વિચાર્યું છે. મૂળ લેખનો શિલાખંડ એ સ્થળેથી મળી આવેલ પ્રતિમાઓ સાથે હાલ જૂનાગઢના સરકારી સંગ્રહાલયમાં સચવાયો છે.[૨] તેને રૂબરૂ તપાસી જોવાનો સંયોગ પ્રાપ્ત નથી થયો:

---

૧ આ શિલાલેખો ઉપરાન્ત કેટલાંક શિલ્પખણ્ડો પણ ત્યાંથી મળેલાં. (જુઓ અહીં પાદટીપ ક્રમાંક ૨.) શ્રી અત્રિ પોતાના લેખની પાદટીપ ક્રમાંક ૧માં નોંધે છે: "પ્રસ્તુત શિલ્પ-ખંડો અને શિલાલેખોની પ્રાપ્તિનાં સ્થળ અને કારણો બાબત લેખકના તાજેતરમાં પ્રસિદ્ધ થનાર અન્ય લેખમાં યોગ્ય માહિતી આપવામાં આવેલી હોઈ અહીં પુનરાવર્તન નથી કર્યું." શ્રી અત્રિનો એ સન્દર્ભસૂચિત લેખ "A collection of some Jain Stone Images from Mount Girnar એ શીર્ષક હેઠળ *Bulletin of the Museum and Picture Gallery, Baroda*, Vol XXમાં p.p.51-59 પર છપાયો છે. ત્યાં ગિરનાર પરના નેમિનાથાદિ જૈન મન્દિરો ફરતા કોટની વાત કર્યા બાદ શ્રી અત્રિએ આ પ્રમાણે નોંધ મૂકી છે: "In 1959 some work was undertaken in this region, by the authorities of the Jain Śvetāmbara Temples, and in the process some part of the wall round the shrines was demolished. There were reports that about the same time, some images were unearthed. On instructions given by the Archaeological survey of India the author of this article collected 13 items shown below for being placed in the Junagadh Museum."

(*Ibid*, P. 51.)

(વિશેષ નોંધ: આ અંગ્રેજી અવતરણોમાં આવતી શ્રી અત્રિના બે પાદટીપો અહીં જરૂરી ન હોઈ ટાંકી નથી.)

શ્રી અત્રિનાં કથનો પરથી આ શિલાલેખો દીવાલના ચણતરમાંથી નીકળ્યા છે એવો અર્થ નથી થતો પણ મને લાગે છે કે એ દીવાલ પાડતાં તેની પૂરણીમાંથી નીકળ્યા હોવા જોઈએ, યા તો ત્યાંના મન્દિરોના પ્રાંગણની ફરશબંધી ખોલતાં તેમાં જમીનમાં દટાયેલ હોય ને પ્રગટ થયા હોય. પહેલી સમ્ભાવના વિશેષ છે.

૨ જુઓ આગળની પાદટીપમાં ટાંકેલું શ્રી અત્રિના લેખનું અંગ્રેજી અવતરણ, તેમ જ વીગત માટે "A Collection," pp. 51-52.

તેથી શ્રી. અત્રિએ કરેલી વાચના—ઉપલક દૃષ્ટિએ મને લાગ્યું છે તેવા બે'ક બહુ જ નાનકડા ફેરફાર સાથે અને લેખના કારયિતાઓના ગોત્ર અને એકાદ પૂર્વજના નામના ખૂટતા અક્ષરોની પૂર્તિ સાથે રજૂ કરીશ. લેખ કોતરાયો છે તે શિલા વિષે શ્રી. અત્રિએ જરૂરી માહિતી આપેલી હોઈ તેના પર કશું જ કહેવાની જરૂર નથી.[૩] લેખના મુસદ્દામાં રહેલાં જોડણી અને વ્યાકરણના સ્ખલનો, ભાષાદોષ, પ્રાકૃત અને [જૂની] ગુજરાતીના પ્રારમ્ભિક શબ્દ-રૂપ-સંભાર ઇત્યાદિ પર પણ શ્રી .અત્રિએ અવલોકન કર્યું છે અને હું તેમાં થોડુંક ઉમેરવા સિવાય તે પાસાંઓ પર ટીકારૂપે વિશેષ નહીં કહું. .

લેખ કોતરવાનો ઉદ્દેશ **ખેઢા** અને **લાહડ** નામની બે (જિનધર્મી) વ્યક્તિઓએ ગિરનાર પર સં. ૧૨૯૯/ઈ. સ. ૧૨૪૩માં કરાવેલ પ્રતિમા–પ્રતિષ્ઠાનો અને એના અનુલક્ષમાં સાથે સાથે અન્યત્રે કરાવેલ સુકૃતોની પણ નોંધ લેવાનો હોય તેમ લાગે છે. લેખનો મૂળપાઠ અહીં અન્ત ભાગે આપું છું. લેખની પ્રાપ્ય વીગતો આ પ્રમાણે છે:

સં. ૧૨૯૯ ને ફાગણ સુદિ ત્રીજના રોજ 'શ્રી ઉજ્જયન્ત મહાતીર્થે' 'મહામાત્य–શ્રી-વસ્તુપાલવિહાર'માં મહં શ્રી તેજપાલના આદેશથી સાહુ. **ખેઢા** [તથા સાહુ.] **લાહુડે**[૪] શ્રી નેમિનાથનું બિમ્બ 'ખત્તક' (એટલે કે ગોખલા) સહિત કરાવ્યું, જેની પ્રતિષ્ઠા શ્રી **વિજયસેનસૂરિ**એ કરી. [તદુપરાન્ત] 'શ્રી શત્રુઞ્જય મહાતીર્થે' શ્રી આદિનાથનું બિમ્બ દેવકુલિકા અને દણ્ડકલશ સહિત સ્થાપ્યું. [ને પ્રસ્તુત તીર્થમાં] મહં શ્રી વસ્તુપાલે કરાવેલ 'શ્રી સાચઉર દેવકુલ' (= સત્યપુરમણ્ડન મહાવીરના તીર્થાવતાર મન્દિર)માં શ્રી મહાવીરનું બિમ્બ ખત્તક [વિષે] સ્થાપ્યું. [તથા] શ્રી અર્બુદાચલે શ્રી તેજપાલે નિર્માવેલા 'શ્રી નેમિનાથ ચૈત્યની જગતી પર બે (૨) દેવકુલિકાઓ અને છ (૬) પરિકરવાળી પ્રતિમાઓ કરાવી. [આ સિવાય] જબાલિપુર(જલોર)નાં શ્રી 'પાર્શ્વનાથ દેવચૈત્ય'ની જગતી [પર] શ્રી રિષભનાથ (ઋષભદેવ)ના બિમ્બ સહિતની દેવકુલિકા કરાવી. [ને] વીજાપુરમાં શ્રી નેમિનાથનાં બિમ્બવાળી દણ્ડકળશ સહિતની દેવકુલિકા કરાવી. લેખના અન્તિમ, ખંડિત ભાગમાં રહેલા ઉપલબ્ધ વિશેષનામદર્શક અક્ષરો પહેલી દૃષ્ટિએ કારાપકોના કુટુમ્બીજનોનાં નામ હશે તેવી અટકળ તરફ દોરી જાય છે.[૫]

---

૩ "ગિરનારના" **સ્વાધ્યાય**, પૃ. ૫, અંક ૨, પૃ. ૨૦૫.

૪ **લાહડ**ની આગળ સાહુ. શબ્દ લેખમાં આપ્યો લાગતો નથી. શ્રી અત્રિની વાચનામાં એ નથી એટલે કોતરનાર કે મુત્સદ્દી ઘડનારનું એ સ્ખલન છે. ગુજરાતી ટીકામાં શ્રી અત્રિ "ખેઢા લાહડ" એમ એક સાથે વાંચે છે અને એ બન્નેને તેઓ ભિન્ન ભિન્ન વ્યક્તિઓ માને છે કે ગુજરાતમાં આજે પ્રચલિત નામ લખવાની રીત પ્રમાણે **ખેઢા** દીકરો ને **લાહડ** બાપ એમ માને છે તે સ્પષ્ટ થતું નથી: (જુઓ "ગિરનારના," પૃ. ૨૦૮.)

૫ જ્યાં વધારે કુટુમ્બીજનો સુકૃત સાથે સંકળાયેલાં હોય ત્યાં પહેલાં પ્રતિમા-પ્રતિષ્ઠાની વિગતો આપી પછીથી સમસ્ત કુટુમ્બીજનોનાં નામ જોડવાની પ્રથા આબુના કેટલાંક જૈન શિલાલેખોમાં અને અન્યત્ર જોવા મળે છે. આ મુદ્દો બહુ અગત્યનો ન હોઈ અહીં એવા લેખોની સૂચિ કે સન્દર્ભ તુલનાર્થે ટાંકવાની જરૂર નથી.

આ લેખને કોતરાવનારાઓ મન્ત્રીશ્વર વસ્તુપાલ–તેજપાલના સમ્બન્ધી, કે પછી મિત્ર યા સુપરિચિત વ્યક્તિ કે અનુગ્રહીત હોય તેમ પ્રથમ દૃષ્ટિએ લાગે છે.[૬] શિલાલેખમાં **ખેઢા** તથા **લાહડ** મહં શ્રી **તેજપાલ**ના આદેશથી 'ઉજ્જયન્ત મહાતીર્થ'માં શ્રી 'વસ્તુપાલવિહાર'માં ખત્તક સાથે નેમિનાથ બિમ્બ સ્થાપ્યાની વાત કહી છે: તે મહં શ્રી **તેજપાલ** શ્રી અત્રિએ સૂચવ્યું છે તેમ મન્ત્રીશ્વર વસ્તુપાલના લઘુબન્ધુ તેજપાલ હોઈ શકે. વસ્તુપાલના ઈ. સ. ૧૨૩૯માં થયેલા સ્વર્ગગમન બાદ પણ, અને વસ્તુપાલે સ્વસ્વામી વાઘેલા રાજા વીસલદેવ સાથે થયેલા ખટરાગને કારણે ઈ. સ. ૧૨૩૪ આસપાસ મન્ત્રીપદ છોડી દીધેલું હોવા છતાં પછીથી તેજપાળ મહામન્ત્રીની મુદ્રા સાચવતા હોવાનાં પ્રમાણો છે.[૭] મહામાત્યનું પદ તેજપાળે પોતાના અવસાનના સમય (આ-ઈ.સ. ૧૨૪૮) પર્યન્ત સંભાળ્યું હોય તેમ લાગે છે.[૮] આદેશ આપી શકનાર વ્યક્તિ કાં તો મોટું પદ સંભાળનારી હોય યા તો પરમાદરણીય મુરબ્બીજન હોય. એ હકીકત જોતાં, અને ખાસ 'વસ્તુપાલવિહાર'માં પ્રતિમા પધરાવવાની **ખેડા** તથા **લાહડ**ને સૂચના કરનાર વ્યક્તિ **તેજપાળ** તે મન્ત્રીશ્વર તેજપાળ હોવાનો પૂરો સંભવ છે. ગિરનાર પરનો 'વસ્તુપાલવિહાર' તે હાલ વસ્તુપાલ-તેજપાલનું કહેવાતું 'અષ્ટાપદ' અને 'સમ્મેતશિખર'નાં જોડિયાં મન્દિરો ધરાવતું શામળા પાર્શ્વનાથનું મન્દિર છે. સચિવેશ્વર વસ્તુપાલે એમાં મૂલનાયક રૂપે પાર્શ્વનાથની નહીં પણ શત્રુંજયીશ શ્રી યુગાદિદેવની પ્રતિષ્ઠા કરાવેલ તેમ તે મન્દિરના વસ્તુપાલના સં. ૧૨૮૮/ઈ. સ. ૧૨૩૨ની સાલવાળા છ પ્રશસ્તિલેખો અને અન્ય સમકાલીન લેખનો પરથી જાણીએ છીએ.[૯] પ્રતિષ્ઠા કરાવનાર **વિજયસેનસૂરિ** તે **રેવંતગિરિરાસુ**ના કર્તા અને મંત્રી વસ્તુપાલના કુટુમ્બગુરુ નાગેન્દ્રગચ્છીય આચાર્ય વિજયસેનસૂરિ છે કે જેમનો કૈલેખ શ્રી અત્રિ નોંધે છે તેમ ગિરનારના વસ્તુપાલપ્રશસ્તિના છ લેખોમાં આવે છે, ને તે ઉપરાન્ત આબુના લુણવસહીના ઘણા લેખોમાં પણ પ્રતિષ્ઠાચાર્યના રૂપમાં મળે છે.[૧૦]

ગિરનારવાળા નવપ્રાપ્ત લેખની વીગતોમાં આગળ જોઈએ તો કારાપકોએ 'શત્રુંજય-મહાતીર્થ'માં (શત્રુંજયાદ્રિ પર) દણ્ડકળશ સાથે દેવકુલિકા (દેહરી) કરાવ્યાની વાત આવે છે અને વધુમાં તે ગિરિ પરના મન્ત્રીશ્વર વસ્તુપાલે કરાવેલ 'સાચઉર દેવકુલ' (સત્યપુરાધીશ વીરના મન્દિર)માં ખત્તક સહિત શ્રીમહાવીરજિનનું બિમ્બ કરાવ્યું-એમ પણ હકીકત આપી છે. (વસ્તુપાળે વિમલાચલશત્રુંજય પર કરાવેલ 'સચ્ચોરિમણ્ડન મહાવીર'ના મન્દિરના ઉલ્લેખો આપણને વસ્તુપાલના ત્યાંથી મળતા પ્રશસ્તિલેખો અને સમકાલીન પ્રશંસકોએ રચેલી

---

૬ આ વિષે હું લેખના અન્તભાગે સૂચન કરીશ.

7 *See* MAJUMDAR, A. K. *Chaulukyas of Gujarat*, Bombay, 1956, pp. 177.

8 *Ibid*, pp. 178.

૯ અહીં એ બધા સન્દર્ભોની સૂચી આપીશ નહીં. આખરે એ મુદ્દો આ લેખમાં કહેવાની અસલી વાતને ખાસ રૂપમાં ઉપકારક નથી.

૧૦ મન્ત્રી તેજપાળના લુણવસહીપ્રાસાદના મૂલનાયકની પ્રતિષ્ઠા પણ તેમણે જ કરી છે. વસ્તુપાલના સેરિસાના પ્રતિમાલેખોમાં પણ વિજયસેનસૂરિ જ પ્રતિષ્ઠા-કર્તા છે.

પ્રશસ્તિઓમાંથી મળે છે.)[૧૧] **ખેઢા** અને **લાહડ** (અને સાથે મોટે ભાગે એમના કુટુમ્બના સભ્યોએ) આ ઉપરાંતના કરાવેલ સુકૃતોમાં આબુ પરના દેલવાડાગ્રામના મન્ત્રી તેજપાલે બંધાવેલ વર્તમાને વિશ્વવિખ્યાત-લુણવસહિકાપ્રાસાદ (નેમિનાથ જિનાલય)ની જગતી પર બે દેવકુલિકાઓ કરાવ્યાનો ને તેમાં પરિકર સહિતનાં ૬ બિમ્બ પધરાવ્યાનો ઉલ્લેખ છે.

શિલાલેખના નીચલા ભાગમાં આવતી ૧૨–૧૭ ક્રમની પંક્તિઓ બૂરી રીતે ખંડાઈ જવાને કારણે **ખેઢા** અને **લાહડ**ની પીછાનનો અકળ રહેતો ભેદ ઉકેલવા માટે આ આબુ પરના સુકૃતની નોંધ સંકેતરૂપ કડી બની રહે છે : એ બાબતની ચર્ચા કરતાં પહેલાં શિલાલેખમાં આગળ કહેલી વીગતો જોઈ જઈએ. તેમાં આબુ પછી જલોરનાં 'પાર્શ્વનાથદેવ–ચૈત્ય'ની જગતી પર કરાવેલ ઋષભદેવનાં બિમ્બ સમેતની દેહરીની નોંધ લીધી છે. જલોરનું એ પાર્શ્વનાથનું મન્દિર તે સં. ૧૨૨૨/ઈ. સ. ૧૧૬૬માં ગુર્જરેશ્વર મહારાજ કુમારપાળે નગર સમીપવર્તી કાંચનગિરિ-ગઢમાં કરાવેલ મન્દિર, કે જેમાં પાર્શ્વનાથ મૂલનાયક હતા, તે 'કુમારવિહારપ્રાસાદ' હોવાની શક્યતા છે. લેખમાં આ પછી વિજ્જપુરના કોઈ જિનાલયમાં દેહરી અને ધ્વજાકળશ સાથે જિન-નેમિનાથનું બિમ્બ ભરાવ્યાનો ઉલ્લેખ છે. વિજ્જપુરના 'નાભેય' (આદિનાથ) અને 'વીર'નાં પુરાણાં મન્દિરોનો મન્ત્રીશ્વર વસ્તુપાલે ઉદ્ધાર કરાવેલો તેવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.[૧૨] એ બેમાંથી એક મન્દિર ગિરનારવાળા લેખમાં અભિપ્રેત હશે.[૧૩]

હવે સાહુ૦ **ખેઢા** અને **લાહડ** કોણ હતા તેની તપાસ કરીએ. થોડીક ક્ષણ અગાઉ આ વિષે કહ્યું હતું કે તે રહસ્યનો ઉકેલ આબુમાં હોવાનો નિર્દેશ લેખમાંથી પ્રાપ્ત થાય છે.

---

૧૧ અહીં એ બધા સન્દર્ભોની યાદી આપીશ નહીં. આ અગાઉ **સ્વાધ્યાય** પુ. ૪, અંક ૩માં શ્રી હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રીના સહલેખન સાથેનો મારો લેખ "વસ્તુપાલ-તેજપાલની કીર્તનાત્મક પ્રવૃત્તિઓ" એ શીર્ષક નીચે પ્રકાશિત થયો છે. તેમાં જુદા જુદા સ્રોતોમાંથી માહિતી એકત્ર કરી શત્રુંજય, ગિરનાર આદિ સ્થળોએ વસ્તુપાલ-તેજપાલના સુકૃતોની પૂર્ણ સૂચિ આપી છે, ત્યાં આ 'સત્યપુરમણ્ડન વીર'ના મન્દિરની વાત અને એને આનુસંગિક અન્ય હકીકતોની નોંધ લીધી છે. તાજેતરમાં એ વિષય પર પ્રાપ્ત થયેલું નવું સ્રોત તે શત્રુંજય પરથી સમારકામમાં વાઘણ પોળમાંથી મળી આવેલ મન્ત્રીબાન્ધવનો પ્રતોલીનો લેખ છે. તેમાં પણ આ 'સત્યરપુવીર'નો ઉલ્લેખ છે. જુઓ આ. પ્ર. મુનિશ્રી પુણ્યવિજયજી, "પુણ્યશ્લોક મહામાત્ય વસ્તુપાલના અપ્રસિદ્ધ શિલાલેખો તથા પ્રશસ્તિ લેખો," **શ્રી મહાવીર જૈન વિદ્યાલય મહોત્સવ અંક**, મુંબઈ, ૧૯૬૮, પૃ. ૩૦૬-૩૦૮.

૧૨ જુઓ અમારો કથિત "કીર્તનાત્મક પ્રવૃત્તિઓ"વાળો લેખ, પૃ. ૩૧૭. એ નોંધ જિનહર્ષ-ગણિના **વસ્તુપાલચરિત્ર** (સં. ૧૪૯૭/ઈ. સ. ૧૪૪૧) ઉપરથી ત્યાં લીધેલી.

૧૩ વિજ્જપુરમાં જિનવાસુપૂજ્યનું પણ એક દેવાલય હતું. સં. ૧૩૨૮/ઈ. સ. ૧૨૭૨માં શ્રી કુમારગણિએ રચેલી **અભયદેવચરિત**ની સંસ્કૃત પ્રશસ્તિમાં પ્રસ્તુત જિનાલયના ઉપલક્ષમાં એ કાળ આસપાસ જુદા જુદા શ્રેષ્ઠીઓએ કરાવેલી દેવકુલિકાઓના ઉલ્લેખ છે : (જુઓ, શાહ, અંબાલાલ પ્રેમચંદ, **જૈનતીર્થ સર્વસંગ્રહ** ભાગ પહેલો, ખંડ પહેલો, અમદાવાદ, ૧૯૫૩, પૃ. ૯૨.) સં. ૧૩૧૭/ઈ. સ. ૧૨૬૧માં એ મન્દિર પર ખરતરગચ્છીય જિનેશ્વરસૂરિએ સુવર્ણધ્વજદણ્ડકલશ ચઢાવ્યાની વાત લક્ષ્મીતિલક ઉપાધ્યાયે રચેલ **શ્રાવકધર્મપ્રકરણ**ની પ્રશસ્તિના આધારે પં. અંબાલાલ શાહે નોંધી છે : (જુઓ "સર્વસંગ્રહ", પૃ. ૯૨). હવે જો આ મન્દિર ઈ. સ. ૧૨૬૧ પૂર્વનું હોય તો **ખેઢા** અને **લાહડે** કરાવેલ દેહરીઓ કદાચ આ વાસુપૂજ્ય સ્વામીના પ્રાસાદના ઉપલક્ષમાં પણ હોવાની ત્રીજી શક્યતા ઊભી થાય છે. વિજ્જપુરના કયા જિનાલયમાં તેમણે દેહરીઓ કરાવી તેનો જરા સરખો ઈશારો શિલાલેખમાંથી મળતો નથી.

આબુના દેલવાડા ગ્રામમાં મન્ત્રી તેજપાલ નિર્મિત લુણવસહિકાપ્રાસાદની દેવકુલિકાઓના શિલાલેખો તપાસતાં તેમા દેહરી ક્રમાંક ૩૮ અને ૩૯ પર ખોદાયેલા નિર્માણુ-નિર્દેશક લેખો તેમ જ અંદરના પબાસણોના પાંચ લેખોમાં સમગ્ર રીતે જોતાં ગિરનાર પરના શિલાલેખમાં આવતાં (જળવાયેલાં) નામો બરોબર મળી રહે છે. એની વિગતવાર માહિતી અહીં આપ્યા બાદ તે પર વિશેષ અવલોકન કરવું ઠીક થઈ પડશે.[૧૪] (અહીં પરિશિષ્ટમાં તુલનાર્થે આબુના મૂળ લેખોની વાચના આપી છે.)

દેહરી ૩૮ પરના સં. ૧૨૯૧ / ઈ. સ. ૧૨૩૫ના લેખમાં જણાવ્યું છે કે પૂર્વે નાગપુર (નાગોર)માં થઈ ગયેલા સાધુ (સાહુકાર) વરદેવ ઉપરથી **વરહુડિયા** આમ્નાય પ્રકાશમાં આવ્યો. (તેના સન્તાનિકોનાં નામ અને સગપણની વીગતો લેખમાં આપી છે.) ત્યાં વરદેવના પૌત્ર સા૦ **નેમડ**, તેના રાહડ અને સહદેવ આદિ ચાર પુત્રો, અને પછી રાહડના ચાર પુત્રોનાં નામ આપ્યાં છે જેમાં **ધણેસર** અને **લાહડ**નો સમાવેશ છે. આ ઉપરાન્ત લેખમાં સહદેવના બે પુત્રો—**ખેઢા** અને ગોસલનાં—નામ પણ આપ્યાં છે.[૧૫] પ્રસ્તુત દેવકુલિકા સહદેવે શ્રી મહાવીર અને શ્રી સંભ(વ)દેવનાં બિમ્બ અને દંડકળશ સહિત કરાવી એવું લેખમાં કહેવામાં આવ્યું છે.

દેહરી ૩૯ પરના સં. ૧૨૯૧ના પ્રશસ્તિલેખમાં પણ લગભગ એ બધા જ **વરહુડિયા** કુટુમ્બસમુદાયનાં નામો મળે છે અને તેમાં આગળના દેહરી ૩૮ના શિલાલેખમાં બતાવેલ સગપણો અહીં પણ બતાવ્યાં છે. આ લેખમાં પણ **નેમડ**, રાહડ, **ધણેસર**, **લાહડ**, સહદેવ, **ખેઢા** ઇત્યાદિ નામો મળે છે.[૧૬]

હવે એ દેહરીઓની અંદરના પ્રતિમાલેખો તપાસતાં તેમાં સં. ૧૨૯૩ના વર્ષના જિન-સમ્ભવનાથના બિમ્બની પ્રતિષ્ઠાના લેખમાં **વરહુડિસ**'તાનીય સા૦ **નેમડ**ના પૌત્ર **ખેઢા**નો ઉલ્લેખ છે.[૧૭] ત્યાંના બીજા એક સં. ૧૨૯૩ના લેખમાં **ધણેસર** અને **લાહડ**નો ઉલ્લેખ છે.[૧૮] સં. ૧૨૯૩ના એક ત્રીજા લેખમાં **નેમડ**પૌત્ર **લાહડે** પોતાની ભાર્યાના શ્રેયાર્થે કરાવેલ નેમિનાથના બિમ્બની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ છે.[૧૯] **વરહુડિયા** પરિવારના અન્ય બે બિમ્બપ્રતિષ્ઠા લેખો પણ

---

૧૪ જુઓ, મુનિરાજ શ્રી જયન્તવિજયજી, **શ્રી અર્બુદ-પ્રાચીન-જૈનલેખ સંદોહ**, (આબુ—ભાગ બીજો), ઉજ્જૈન-વડોદરા, વિ. સં. ૧૯૯૪, પૃ. ૧૩૯-૧૪૫, શિલાલેખ ક્રમાંક ૩૪૫, ૩૪૬, ૩૪૭, ૩૫૦, ૫૨, ૩૫૩, ૩૫૪ અને ૩૫૫. પબાસણના કુલ ૬ લેખો હોવા જોઈએ પણ પાંચ મળ્યા છે. તેના ખુલાસામાં મુનિશ્રી જયન્તવિજયજી નોંધે છે કે "છઠ્ઠી મૂર્તિના પરિકરની ગાદી નષ્ટ થઈ ગઈ હશે, અથવા બીજે કયાંય આપી દેવામાં આવી હશે; તેથી તે જગ્યાએ લેખ વિનાની પરિકરના નવી ગાદી પાછળથી સ્થાપન થયેલી છે એટલે આ કુટુંબનો એક લેખ અહીંથી નષ્ટ થયો છે." (એજન પૃ. ૪૩૫). અહીં આ તમામ લેખોનું સંકલન "લેખ સંદોહ" પરથી પરિશિષ્ટમાં તુલનાર્થે આપ્યું છે.

અહીં એ યાદ દેવડાવું કે ગિરનારના શિલાલેખમાં આબુના નેમિનાથચૈત્યની જગતી પર ૨ દેવ-કુલિકાઓ અને [તેમાં કુલ] ૬ પ્રતિમાઓ ભરાવ્યાનો ઉલ્લેખ છે: આબુના શિલાલેખ ક્રમાંક ૩૫૨માં પણ એ જ વાત કહી છે.

૧૫ જુઓ "લેખ સંદોહ" લેખાંક ૩૫૦, પૃ. ૧૪૦-૧૪૧, અને અહીં પરિશિષ્ટ.

૧૬ એજન લેખાંક ૩૫૫. ૧૭ એજન લેખાંક ૩૪૫.

૧૮ એજન લેખાંક ૩૫૩. ૧૯ એજન લેખાંક ૩૫૪.

આ દેહરીઓમાં છે.[૨૦] પણ સૌથી મહત્ત્વનો તો છે દેહરી ૩૮ ના દ્વારની જમણી બાજુની ભીંત પર ખોદેલો ૪૫ પંક્તિઓવાળો એ જ **વરહુડિયા** કુટુમ્બનો સં. ૧૨૯૬ / ઈ. સ. ૧૨૪૦નો મોટો પ્રશસ્તિલેખ, જે અહીં ચર્ચેલ વિષય માટે અત્યન્ત મહત્ત્વનો છે.[૨૧] એમાં સાહુ૦ **નેમડ, ખેઢા, ધણેશ્વર, લાહડાદ્દિ** નામો મળવા ઉપરાન્ત **વરહુડિયા** પરિવારે અન્યત્ર કરાવેલ સુકૃતોની વિસ્તૃત યાદી આપવામાં આવી છે. તેમાં આવતો (૧) 'શત્રુંજય મહાતીર્થ' પર કરાવેલ કાર્યોમાં, વસ્તુપાલે કરાવેલ 'સત્યપુર મહાવીર'ના મન્દિરમાં એમણે (વરહુડિયાઓએ) કરાવેલ બિમ્બ અને ખત્તકનો ઉલ્લેખ, અને (૨) શ્રી અર્બુદાચલે 'શ્રીનેમિનાથચૈત્ય'ની જગતીમાં ૬ બિમ્બ સાથેની બે દેવકુલિકાઓનો ઉલ્લેખ તેમ જ (૩) જાલોરિપુરનાં 'પાર્શ્વનાથચૈત્ય'ની જગતીમાં કરાવેલ દેવકુલિકા સહિતના શ્રી આદિનાથબિમ્બનો ઉલ્લેખ, તથા (૪) વિન્ધ્યપુર [ના ચૈત્યમાં] શ્રીનેમિનાથ અને પાર્શ્વનાથની દેવકુલિકાઓનો ઉલ્લેખ ગિરનાવવાળા લેખમાં અપાયેલ વીગતો સાથે લગભગ પૂર્ણ રીતે મળી રહે છે.[૨૨] એક વિશેષ હકીકત એ નોંધીએ કે આબુના ઉપર કથિત સૌ લેખોમાં પણ જ્યાં જ્યાં પ્રતિષ્ઠાકર્તા આચાર્યનું નામ આપ્યું છે ત્યાં ત્યાં **વિજયસેનસૂરિ**નું જ નામ મળે છે. ગિરનારના લેખમાં ઉલ્લિખિત આબુની બે દેહરીઓ તે નિઃશંક લૂણવસહીની દેવકુલિકા ૩૮ અને ૩૯ છે.

ગિરનારવાળા પ્રશસ્તિ લેખમાં આવતાં નામો–**ખેઢા, ધણેશ્વર,** અને **લાહડ**નો–પારસ્પારિક સમ્બન્ધ આબુના લેખોમાં સ્પષ્ટ રીતે આપેલો છે. તદનુસાર (રાહડના પુત્રો) **ધણેશ્વર** (કે **ધનેસર**) અને **લાહડ** સગા ભાઈઓ ઠરે છે અને **ખેઢા** તે તેમના કાકા, (રાહડ-ભ્રાતૃ) સહદેવનો પુત્ર થાય.[૨૩] (આબુના શિલાલેખોના આધારે તેમ જ શ્રેષ્ઠી **નેમડ**ના

---

૨૦ એજન લેખાંક ૩૪૬-૩૪૭; ને જુઓ અહીં પરિશિષ્ટ. આ લેખોમાંથી કયા દેહરી ૩૮માં અને કયા ૩૯માં છે તે વિષે મુનિશ્રી જયન્તવિજયજીએ સ્પષ્ટતા નથી કરી. દેહરી ચણાવ્યાના લેખો સં. ૧૨૯૧ના છે, જ્યારે અંદરની મૂર્તિઓના લેખો સં. ૧૧૯૩ના છે. આથી એમ જણાય છે કે કોઈ કારણસર પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં સારો એવો વિલમ્બ થયેલો.

૨૧ એજન લેખાંક ૩૫૨; જુઓ અહીં પરિશિષ્ટ.

૨૨ ફેર એટલો છે કે આબુના લેખમાં ત્યાં એક નહીં પણ બે દેવકુલિકાના વાત કરી છે: 'નેમિનાથ' ઉપરાન્ત 'પાર્શ્વનાથ'ની પણ.

૨૩ ગિરનારના 'વસ્તુપાલવિહાર'માંથી મળેલા સામન્તસિંહ-સલક્ષણસિંહના સં. ૧૩૦૫/ઈ. સ. ૧૨૪૯ના પ્રતિમાલેખનો ઉલ્લેખ કરી, અને પોતાના લેખમાં ચર્ચેલ ગિરનારથી અગાઉ પ્રાપ્ત થયેલા સં. ૧૨૪૪/ઈ. સ. ૧૨૮૮ના લેખ ક્રમાંક ૨માં આવત **ચાહડ** નામ તરફ ધ્યાન દોરી શ્રી અત્રિ **લાહડ**ની પિછાન અંગે આ પ્રમાણે અવલોકન કરે છે* "'લાહડ' ફરી એક વાર ઉપરના બીજા લેખ (સં. ૧૨૪૪)માં ઉલ્લેખિત 'આહડ'નું અને ઉદયનપુત્ર 'વાહડ' કે 'ચાહડ'નું સ્મરણ કરાવે છે." "ઈસુની તેરમી શતાબ્દીના તુલ્યકાલીન એક સાલ વિનાના એક લેખમાં ઉલ્લેખિત × 'ચાહડ' અને પ્રસ્તુત 'લાહડ' વચ્ચે જો અભેદ હોય તો ઉપર્યુક્ત સામંતસિંહ તેનો પ્રપૌત્ર થયો તે એક મજાનો સંયોગ છે." ("ગિરનારના," પૃ. ૨૦૮.)

* જુઓ "ગિરનાર," પૃ. ૨૦૮.

× શ્રી અત્રિએ ત્યાં એમનીપાદ ટીપ ૧૭ મૂકી **D. B. Diskalkar**ના "Inscriptions of Kathiawad," *Ancient, India,* Vol I-II Inscription, No. 18 pp. 695નો હવાલો આપ્યો છે.

વંશની મળી આવેલી એક ગ્રન્થપ્રશસ્તિના આધારે[૨૪] મુનિશ્રી જયન્તવિજયજીએ તૈયાર કરેલું 'વરહુડિ વંશવૃક્ષ' અહીં પરિશિષ્ટને અન્તે સ્હેજ સુધારા સાથે લગાવ્યું છે.[૨૫] (ગ્રંથ-પ્રશસ્તિઓના મૂળપાઠ પરિશિષ્ટમાં સન્દર્ભાર્થે આપ્યા છે.)[૨૬]

ગિરનારવાળો લેખ લુણવસહીના શિલાલેખોવાળા **વરહુડિ** કે **વરહુડિયા** પરિવારનો છે તેની પ્રતીતિ થતાં તેમાં છેવાડાના નષ્ટ થયેલા ભાગના કેટલાક અક્ષરોની પૂર્તિ થઈ શકે છે; જેમ કે પંક્તિ ૧૨માં છેડે, શ્રી અત્રિની વાચનામાં આવતા દડિયા સાહુ. ને.....માં **દને** બદલે **હુ** વાંચીએ **અને** આગળ **વર** વધારીએ અને પછી પંક્તિ ૧૩માં પ્રારમ્ભે **મડ** ઉમેરીએ તો [**વર**]-**હુડિયા સાહુ. ને** [**મડ**] વાંચી શકાય. અને એ રીતે વાંચતાં આ લેખ નાગપુરીય **વરહુડિયા** કુટુમ્બનો જ છે તેવો અન્તિમ અને વિશ્વસ્ત નિર્ણય પણ થઈ જાય છે.

વરહુડિયા કુટુમ્બનાં કરાવેલ સુકૃતોની આખુ તેમ જ ગિરનારના શિલાલેખોની સૂચિ તપાસી જોઈએ તો તેમાં તેમણે ઘણાં જિનમન્દિરોવાળાં સ્થળો આવરી લીધાં હોવા છતાં તેમાં કોઈ પણ સ્થળે નવાં જિનાલયો બંધાવ્યાં કે જૂનાને ઉદ્ધાર્યાનો ઉલ્લેખ આવતો નથી. દહેરીઓ ચણાવી, ને ગોખલાઓ કરાવી તેમાં જિનમૂર્તિઓ બેસાડી સંતોષ લીધો છે જેથી એમ જણાય છે કે આ કુટુંબ અતિ ધનાઢ્ય નહીં પણ સુખી, નીતિમાન, ધર્મનિષ્ઠ, જૈનસંઘ અને વણિક-સમાજમાં મોભાદાર, અગ્રેસર (અને બહોળા પરિવારવાળાં) કુટુમ્બોમાંનું એક હશે. સા૦ દેવચંદ્ર અને સાહુ૦ **ધેઢા**એ સંઘવી પદ શોભાવી તીર્થયાત્રાઓ કર્યાના ઉલ્લેખ ગ્રન્થપ્રશસ્તિ (૨૬)માં થયો છે અને આબુ લેખાંક ૩૫૨માં પણ **ધેઢા**ને સંઘપતિ કહ્યો છે તે આ પરિવારનું જૈનસંઘમાં આગળ પડતું સ્થાન સૂચવી રહે છે.

વરહુડિયા શાખના પાલણપુરનિવાસી આ વણિક કુટુમ્બ અને વસ્તુપાલ તેજપાલને શું સંબંધ હશે તે વિષે હવે જોઈએ. મુનિરાજ શ્રી જયન્તવિજયજીએ આ મુદ્દા પર વિચારીને અવલોક્યું છે કે, "મહામાત્ય તેજપાળના આ મન્દિરમાં આ કુટુમ્બે આવી રીતે દેવકુલિકા અને જિનમૂર્તિઓ કરાવી છે તેનાથી એમ સમજાય છે કે એ બંને શ્રીમંત કુટુંબોમાં પરસ્પર કોઈ કૌટુંબિક-સંબંધ કે સધન સ્નેહસંબંધ હોવો જોઈએ. કારણ કે તેજપાળનો આ આદર્શમન્દિર બનાવવામાં પોતાના સંબંધીઓ કે સ્નેહીઓનું સ્મરણ શાશ્વતરૂપે રાખવાનો જ મુખ્ય ઉદ્દેશ હતો."[૨૭] પણ વસ્તુપાળ-તેજપાળ હતા પ્રાગ્વાટ જ્ઞાતિનાં જ્યારે વરહુડિયાઓ! (**વ્યવહારસૂત્રની**

---

૨૪ આ ગ્રન્થપ્રશસ્તિ મૂળ ડૉ. પીટર્સનના થ્રીજ રિપોર્ટ pp. 60 and 73 ઉપર પ્રગટ થયાનું અને પોતે મુનિશ્રી જિનવિજયજીસંપાદિત **પ્રાચીન જૈન લેખસંગ્રહ**ના બીજા ભાગના અવલોકનમાં જોયાનું મુનિશ્રી જયન્તવિજયજીએ નોંધ્યું છે: (જુઓ "લેખસંદોહ." પૃ. ૪૪૮) પછીથી મુનિશ્રી જિનવિજયજીએ **पुरातनसमयलिखित जैनपुस्तक प्रशस्तिसंग्रह** (*Singhi Series* No. 18), મુંબઈ ૧૯૪૩માં એ મોટી અને બીજી ત્રણ નાની ગ્રન્થપ્રશસ્તિઓ સમાવિષ્ટ કરી છે. અહીં પરિશિષ્ટમાં તે સૌના મૂળ પાઠ આવતાર્યા છે.

૨૫ સરખાવો "લેખસંદોહ," પૃ. ૪૪૯-૪૫૦.

૨૬ એ ચારમાં સૌથી મહત્ત્વના તો જિનવિજયજીના ક્રમાંક ૨૯ના છે. જુઓ છેલ્લે પરિશિષ્ટ.

૨૭ "લેખસંદોહ," પૃ. ૪૫૧.

પ્રશસ્તિ અનુસાર) પલ્લિવાલ જ્ઞાતના હતા. આથી બંને કુટુંબો વચ્ચે વેવાઈ–વેલાંનો સંબંધ હોવાની શકયતા નહિવત્ છે. **વરહુડિયા** કુટુંબના ઉપલબ્ધ શિલાલેખોનો સમય સં. ૧૨૯૧થી ૧૨૯૯નો છે. તે કાળે **તેજપાળ** ગુજરાતના મહામાત્યના પદે બિરાજતા હતા. રાજમાં, સમાજમાં અને શ્રીસંઘમાં એમનો આદર સર્વાધિક હતો. તેમણે કરાવેલા 'લૂણવસહિકાપ્રાસાદ' માંની ૪૩ દેવકુલિકાઓમાંથી ૨૮ તો એમનાં પોતાના ભાઈભાંડુઓના શ્રેયાર્થે, અને નવેક દેહરીઓ સગાસંબંધીઓ મિત્રો દ્વારા થયેલી છે : એમાં ખાસ કરીને ચન્દ્રાવતીના શેઠિયાઓ આગળ પડતા રહેલા.[૨૮] આ થોડાક, ચુનંદા મહાજન-મિત્રોમાં **વરહુડિયા** કુટુંબને પણ સ્થાન અપાયું છે, તેનું કારણ મુનિશ્રી જયન્તવિજયજીએ એક અટકળ કરી છે તેમ "સઘન સ્નેહ-સંબંધ" હોવો જોઈએ. એ કુટુંબની ધાર્મિક-કાર્યોમાં અગ્રેસરતા તેમ જ વિજયસેનસૂરિ પ્રત્યેની સમાન ભક્તિને કારણે બંને કુટુંબો પરસ્પર નજીક આવ્યા હોય અને મન્ત્રીશ્વર **તેજપાળ**ના વિશેષ આદરને પાત્ર **વરહુડિયા** કુટુંબ બન્યું હોય તેવી શકયતા કલ્પી શકાય.

લેખનું મૂળ વકતવ્ય અહીં પૂરું થાય છે : પણ શ્રી અત્રિએ સંસ્કૃત ભાષાના વ્યાકરણનાં આધારે ગિરનારના શિલાલેખ પર કેટલાંક રસપ્રદ અને ધ્યાન ખેંચે તેવાં સૂચનો-અવલોકનો કર્યાં છે તે અહીં પહેલાં ટાંકી મને એ બાબતમાં વિચારતાં અને તે યુગના સાહિત્યિક પ્રમાણોના આધારે જે લાગ્યું છે તે અંગે જે કહીશ : તે અલબત, મૂળ ચર્ચાની આડપેદાશ રૂપે અહીં રજૂ કરીશ. શ્રી અત્રિ લખે છે કે, "ઈ. સ. ૧૨૩૨ના તુલ્યકાલીન છએ લેખોના* એક સમાન અનુચ્છેદમાં આપવામાં આવેલી 'સત્યપુરાવતાર શ્રી મહાવીર' જેવી વાકયરચનાને ખ્યાલમાં રાખી પ્રસ્તુત લેખ× વાંચવાથી થોડો ગોટાળો થવા સંભવ છે. પેલા છએ લેખોમાં 'શત્રુંજય-મહાતીર્થાવતાર,' 'સ્તંભનકપુરાવતાર' આદિ સમાસો 'ઋષભદેવ,' 'પાર્શ્વનાથ' આદિનાં વિશેષણો તરીકે વપરાયેલા છે (અર્થાત્ તે સર્વેની સ્થાપના તો 'વસ્તુપાલવિહાર'માં જ), જ્યારે પ્રસ્તુત લેખમાં શ્રી 'ઉજ્જયંત મહાતીર્થ'ને અનુસરી 'શત્રુંજયે,' 'અર્બુદાચલે,' 'જાબાલિપુરે' આદિ શબ્દોમાં સ્પષ્ટ રીતે જ સાતમી વિભક્તિનો પ્રયોગ થયેલો હોઈ, જે જે દેવની જ્યાં જ્યાં સ્થાપના કરવામાં આવી તે તે સ્થળ જ અહીં અભિપ્રેત છે. આમ આ સાતમી વિભક્તિના પ્રયોગને કારણે જ પ્રસ્તુત લેખ મન્ત્રી-દ્વય દ્વારા વિવિધ સ્થળે થયેલાં બાંધ-કામની સંક્ષિપ્ત સ્મૃતિ જાળવી રહ્યો છે." ("ગિરનારના," પૃ. ૨૦૭). શ્રી અત્રિએ કહેલી એ વાત સાચી છે કે 'શત્રુંજયમહાતીર્થાવતાર' અને 'સ્તંભનકપુરાવતાર'થી અનુક્રમે જિન 'ઋષભદેવ' અને જિન 'પાર્શ્વનાથ' વિવક્ષિત છે; પણ 'વસ્તુપાલવિહાર'માં તો મૂલનાયક તરીકે 'ઋષભદેવ,' અને તેના મંડપ સાથે એક બાજુ 'અષ્ટાપદ' અને બીજી બાજુ 'સમ્મેત-શિખર'ના ગૂઢમંડપરૂપી-પ્રાસાદો જોડેલાં છે. વસ્તુપાળે ગિરનાર પર્વત પર 'સ્તમ્ભનક-પુરાધીશ' તેમ જ 'સત્યપુરાવતાર વીર'નાં મન્દિર અલગ જ બાંધેલાં. એમની સ્થાપના 'વસ્તુપાલવિહાર'માં થયેલી એવો અર્થ એ છએ સમાનાર્થી લેખોમાંથી નીકળતો નથી. એ

---

૨૮ "લેખ સંદોહ" લેખાંક ૩૩૨ અને ૩૩૪.

* શ્રી અત્રિ 'વસ્તુપાલવિહાર'ના સુપ્રસિદ્ધ છ શિલાલેખનો ઉલ્લેખ કરી રહ્યા છે.

× ગિરનારનો આ વરહુડિયા કુટુમ્બનો સં. ૧૨૯૯નો લેખ.

મૂળ શિલાલેખોમાં આમ કહ્યું છે: **तथा** સચિવેશ્વર વસ્તુપાલે આ સ્વયં-નિર્માપિત શ્રી શત્રુંજય મહાતીર્થાવતાર શ્રીમદ્ આદિતીર્થંકર શ્રી ઋષભદેવ, સ્તમ્ભનકપુરાવતાર શ્રી પાર્શ્વનાથદેવ, સત્યપુરાવતાર શ્રી મહાવીરદેવ, **પ્રશસ્તિ** સહિત કાશ્મીરાવતાર શ્રી સરસ્વતી, **ચાર** દેવકુલિકાઓ, જિનયુગલ, શ્રી નેમિનાથદેવ(**ની પ્રતિમાંથી**) અલંકૃત (અનુક્રમે) અમ્બા, અવલોકના, શામ્બ અને પદ્યુમ્ન શિખરે **ચાર** દેવકુલિકાઓ, પિતામહ સોમની ઘોડેસ્વાર મૂર્તિ, બીજી પોતાના પિતા આસરાજની, ત્રણ સુન્દર તોરણો, શ્રી નેમિનાથદેવ(**ની પ્રતિમાંથી**) વિભૂષિત (અને) આત્મીયજનો, પૂર્વ**જો**, વડીલ બન્ધુઓ (મલ્લદેવ, લૂણિગ), અનુજ (તેજપાળ), અને પુત્રોની **મૂર્તિ**ઓવાળો મુખોદ્ઘાટનક સ્તમ્ભ (અને) શ્રી અષ્ટાપદ મહાતીર્થ **પ્ર**ભૃતિ અનેક કીર્તન-પરંપરા-વિરાજિત શ્રી નેમિનાથદેવાધિદેવથી વિભૂષિત શ્રીમદ્ ઉજ્જયન્ત મહાતીર્થ પર સ્વધર્મ-ચારિણી...શ્રી લલિતાદેવીના પૂણ્યની અભિવૃદ્ધિ માટે...નાગેન્દ્રગચ્છીય...**શ્રી** વિજયસેનસૂરિ દ્વારા પ્રતિષ્ઠિત શ્રી અજિતનાથદેવાદિ ૨૦ તીર્થંકરોથી અલંકૃત મંડપ સહિત શ્રી સમ્મેત-મહાતીર્થાવતાર **પ્રા**સાદ કરાવ્યો.[૨૯]

આ વાતનું વિશેષ સમર્થન આપણને સમકાલીનોએ રચેલી મન્ત્રીશ્વર વસ્તુપાલની પ્રશસ્તિઓમાંથી મળી રહે છે. જેમ કે **સુકૃતસંકીર્તન**માં વસ્તુપાળના સુકૃતોની નોંધમાં, કવિ અરિસિંહ ગિરનાર પરના નિર્માણકાર્યોની નોંધ આ પ્રમાણે આપે છે: "ઉજ્જયન્તગિરિ પર **स्तभनपुरतीर्थपति** તથા **शत्रुंजयाचल जिन** સ્થાપ્યા".[૩૦] અહીં માત્ર પ્રતિમાઓ

---

૨૯ तथा सचिवेश्वरवस्तुपालेन इह स्वयंनिर्मापित श्रीशत्रुंजयमहातीर्थावतार श्रीमदादितीर्थंकर श्रीऋषभदेव-स्तंभनकपुरावतार श्रीपार्श्वनाथदेवसत्यपु (*)रावतारश्री महावीरदेवप्रशस्तिसहित-कश्मीरावतार श्रीसरस्वती मूर्ति देवकुलिका चतुष्टय-जिनयुगल-अम्बाऽवलोकना-शाम्ब-प्रद्युम्नशिखरेषु श्रीनेमिनाथदेवालंकृतदेवकुलिकाचतुष्टय तुरगाधिरूढस्वपितामह महं० ठ० श्रीसोम-निजपितृ ठ० श्रीआशाराज मूर्तिद्वितय-चारुतोरणत्रय-श्रीनेमिनाथ(*)देव-आत्मीयपूर्वजाऽग्रजा-ऽनुज-पुत्रादिमूर्तिसमन्वितमुखोद्घाटनकस्तंभश्री-अष्टापद महातीर्थप्रभृति अनेककीर्तनपरम्पराविराजिते श्रीनेमिनाथदेवाधिदेव विभूषितश्रीमदुज्जयंतमहातीर्थे आत्मनस्तथा स्वधर्मचारिण्याः प्राग्वाटज्ञातीय ठ० श्रीकान्हडपुत्र्याः ठ० राणुकुक्षिसंभूताया महं० श्रीललिता-देव्याः (*) पुण्याभिवृद्धये श्रीनागेंद्रगच्छे भट्टारकश्रीमहेंद्रसूरिसंताने शिष्यश्रीशांतिसूरिशिष्यश्रीआणंदसूरि-श्रीअमरसूरिपट्टे भट्टारकश्रीहरिभद्रसूरिपट्टालंकरणप्रभुश्रीविजयसेनसूरिप्रतिष्ठित श्रीअजितनाथदेवादिविंशति-तीर्थंकरालंकृतोऽयमभिनवः समंडपः श्रीसम्मेतमहातीर्थावतारप्रासादः कारितः ॥ (*)

આ લેખનો ઉતારો 'વસ્તુપાલવિહાર'ના 'અષ્ટાપદ'વાળા મંડપના ત્રણ સમાન લેખોમાંથી એકનો છે. 'સમ્મેતશિખર' જેમાં છે તે મંડપના ત્રણ લેખોમાં 'અષ્ટાપદ' શબ્દ અને 'સમ્મેત-શિખર' શબ્દનાં સ્થાનો ઉલટાવ્યાં છે: અને તેમાં વસ્તુપાલ-તેજપાલની તુરગારૂઢ મૂર્તિઓ (વસ્તુપાળે) મુકાવેલી એવી હકીકત મળે છે. આ શિલાલેખો સૌ પ્રથમ **James Burgess**ના *Antiquities of Kāthiāwār and Kutch, Aswi* II, London 1876માં પ્રસિદ્ધ થયેલા. પછીના સંકલનકારો એમાંથી વાચનાના પાઠો ઉદ્ધારતા રહ્યા છે.

૩૦ श्रीस्तम्भनाख्यपुरतीर्थपतिं विधाव्य शत्रुञ्जयाचलजिनं च स उज्जयन्ते। ११-२९, पृ. ९.

મુનિશ્રી ચતુરવિજયજી દ્વારા સમ્પાદિત આ ગ્રંથ **શ્રી** જૈન આત્માનન્દ સભા-ગ્રંથરત્નમાલામાં વિ. સં. ૧૯૭૪માં ભાવનગરથી પ્રસિદ્ધ થયો છે.

સ્થાપી એમ નથી; એ બન્નેના પ્રાસાદો કરાવ્યા એવો અર્થ કરવાનો છે; એ વાત જયસિંહસૂરિની ભૃગુકચ્છનાં મુનિસુવ્રતસ્વામીના મન્દિરમાં એક કાળે મુકાયેલી મંત્રીશ્વર વસ્તુપાલની સ્તુતિ કરતી 'શકુનિકાવિહારપ્રશસ્તિ'માં તદ્દન સ્પષ્ટ રીતે કહેવામાં આવી છે. ત્યાં: "અને ઉજ્જયન્ત-ગિરિ-નેમિચૈત્યે **નાભેય** અને **પાર્શ્વજિન**ના **સદ્મન-યુગ્મ**નું વિધાન કર્યું"[૩૧] એમ હકીકત નોંધી છે. નરેન્દ્રસૂરિએ આ બન્ને જિન ઉપરાન્ત 'વીરજિન'નું ગૃહ નિર્માવ્યાની પણ વાત કહી છે. શત્રુંજય પર કરેલા કાર્યોની યાદી આપ્યા બાદ પ્રશસ્તિકાર ઉજ્જયન્તગિરિનો ઉલ્લેખ કરતાં કહે છે: "(અને) વિશેષમાં રૈવતકભૂભૃત શ્રીનેમિચૈત્યે શ્રીવસ્તુપાલે **પ્રથમ જિનેશ્વર** (આદિ-નાથ), **પાર્શ્વ**, અને **વીર**નાં (એમ) **ત્રણ જિનવેશ્મ** (નવાં) કરાવ્યાં."[૩૨] આમાં કહેલ 'વીર' તે 'વસ્તુપાલવિહાર'ના શિલાલેખમાં કહેલ 'સત્યપુરમહાવીર'નું દેવાલય હોવું જોઈએ.[૩૩] આદિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરનાં મન્દિરો આથી સ્પષ્ટપણે જુદાં, એકબીજાથી ભિન્ન હોવાનું પુરવાર થાય છે.[૩૪]

બીજી વાત એ છે કે શ્રી અત્રિનું કથન આછી શી એવી છાપ ઊભી કરે છે કે ગિરનારવાળો પ્રસ્તુત લેખ વસ્તુપાળ-તેજપાળનો હોય યા એમની સાથે સંકળાયેલો હોય. **તેજપાળ**નું નામ એક સ્થળે કેવળ સન્દર્ભગર્ભ રહે છે, પણ લેખ **વરહુડિયા** કુટુમ્બનો છે તે વિષે લંબાણપૂર્વકની ચર્ચા આ અગાઉ અહીં સ-પ્રમાણ થઈ ગઈ છે. શત્રુંજય તથા ગિરનાર પરનાં વસ્તુપાળનાં એક-એક બાંધકામનો આમાં ઉલ્લેખ છે, પણ 'જબાલિપુર'નું 'પાર્શ્વનાથ મન્દિર' તો ગુર્જરેશ્વર કુમારપાળનું બંધાવેલું હતું, વસ્તુપાળ-તેજપાળનું નહીં. એથી ગિરનારના આ શિલાલેખમાં ઉલ્લિખિત સ્થળોમાંના તમામમાં "મન્ત્રીદ્વય દ્વારા વિવિધ સ્થળે થયેલાં બાંધકામની સંક્ષિપ્ત સ્મૃતિ જળવી રહ્યો છે" તેમ સાવ સાંગોપાંગ કહી શકાય તેવું નથી.

આગળ ચાલતાં શ્રી અત્રિએ એક બીજું વિશદ અને ચર્ચાકર્ષક અવલોકન કર્યું છે તે જોઈએ: "વસ્તુપાલવિહાર'ની વાત પૂરી થયા પછી ચોથા પંક્તિમાં મૂકાયેલાં બે પૂર્ણ-વિરામો પણ એ વાતનાં દ્યોતક છે કે તેમના પછીના વિધાનને તેમની પૂર્વની વીગત જોડે સંબંધ નથી (તેથી જ કદાચ, પછી ક્યાંય વિરામચિહ્ન વપરાયું નથી). વિવિધ બાંધકામનો પ્રસ્તુત લેખમાં થયેલો ઉલ્લેખ નીચે મુજબ છે:

---

૩૧ येनोज्जयन्तगिरिमण्डननेमिचैत्ये नाभेय-पार्श्वजिनसद्मयुगं व्यधायि ।
अन्तः स्वयंघटितनाभिज-नेमिनाथ-श्रीस्तम्भनेशगृहमप्युदधारि हारि ॥ ६० ॥

જુઓ મુનિપ્રવર શ્રી પુણ્યવિજયસૂરિ, "सुकृतकीर्तिकल्लोलिन्यादि", पृ. ३८.

૩૨ विशेषके रैवतकस्य भूभृतः श्रीनेमिचैत्ये जिनवेश्मसु त्रिषु ।
श्रीवस्तुपालः प्रथमं जिनेश्वरं पार्श्वं च वीरं च मुदा न्यवीविशत् ॥ ८५ ॥

(એજન પૃ. ૨૮.)

૩૩ જુઓ અહીં પાદટીપ ૨૯.

૩૪ વસ્તુપાલના ગિરનાર પરના 'પાર્શ્વનાથ' તેમ જ 'સત્યપુર'નાં મન્દિરોનો ૧૫મી શતાબ્દીમાં આ મૂલચૂલ ઉદ્ધાર થઈ ગયો છે.

(૧)	ઉજ્જયંત મહાતીર્થ	વસ્તુપાલવિહાર,
(૨)	શત્રુંજયે	આદિનાથ,
(૩)	સત્યપુરે	મહાવીર,
(૪)	અર્બુદાચલે	નેમિનાથ,
(૫)	જબ્બાલિપુરે	પાર્શ્વનાથ, અને
(૬)	બિમ્બપુરે	નેમિનાથ.

આ યાદીમાં 'સ્તમ્ભનકપુર' અને 'કાશ્મીર'નો ઉલ્લેખ નથી તથા ઈ. સ. ૧૨૩૨ના તુલ્યકાલીન છયે લેખોમાં 'અર્બુદાચલાવતાર', 'જબ્બાલિપુરાવતાર' અને 'બિમ્બપુરાવતાર'નો ઉલ્લેખ નથી એ નોંધનીય છે. ("ગિરનારના", પૃ. ૨૦૭-૨૦૮.)"

અહીં ફરી વાર એ વાત યાદ દેવડાવીએ કે આ લેખ **વસ્તુપાલ-તેજપાલ**નો નહીં, **વરહુડિયા** કુટુંબનો છે. વસ્તુપાલે તીર્થનાયક નેમિનાથના મુખ્ય ચૈત્યના પૃષ્ટ ભાગે કરાવેલ કાશ્મીરાવતાર દેવી સરસ્વતીની કુલિકામાં કે ત્યાં મન્ત્રીશ્વરે કરાવેલ સ્તમ્ભનકપુર પાર્શ્વનાથના મન્દિરમાં વરહુડિ પરિવારે કાંઈ જ કરાવ્યું નહીં હોય એટલે પ્રસ્તુત લેખમાં સ્વાભાવિક રીતે જ તેના ઉલ્લેખ નથી આવતા. બીજી બાજુ 'વસ્તુપાલવિહાર'માં લગાવેલ મન્ત્રીશ વસ્તુપાલના લેખોમાં 'અર્બુદાચલાવતાર,' 'જબ્બાલિપુરાવતાર' અને 'બિમ્બપુરાવતાર'ના ઉલ્લેખ નથી આવતા એનાં બે કારણો છે: (૧) વસ્તુપાલે આ ત્રણ સ્થળોનાં જિનભવનોનાં અવતારસ્વરૂપ મન્દિરો ગિરનાર પર કે અન્યત્ર બંધાવ્યાં નહોતાં, એટલે સ્વાભાવિક રીતે જ એની નોંધ લેવાઈ નહીં; (૨) ગિરનાર તો શું પણ બીજા કોઈ પણ સ્થળે અન્ય કોઈએ પણ અર્બુદ, જબ્બાલિપુર, કે બિમ્બપુરના અવતારનાં મન્દિરો બાંધ્યાં હોવાનું જાણમાં નથી. અહીં એ જોવું જોઈએ કે અવતારરૂપ દેવાલયો કોનાં બાંધવામાં આવતાં અને એ પ્રથા કયારથી પ્રચારમાં આવી. જેમ બ્રાહ્મણધર્મમાં તેમ જૈન દર્શનમાં બધાં જ દેવસ્થાનો "તીર્થરૂપ," "સિદ્ધક્ષેત્ર," કે "મહિમામય" ગણાતાં નથી. જે સ્થાન, યા તો મન્દિરની અધિનાયક-પ્રતિમા અતિ પ્રાચીન, પ્રભાવક, ચમત્કારયુક્ત, સિદ્ધિદાતા લોકમાન્યતામાં પુરવાર થઈ હોય તે સ્થળ, પ્રતિમા અને દેવમન્દિર 'તીર્થ' કે 'મહાતીર્થ' બની જાય છે. પશ્ચિમ ભારતમાં ઠેકઠેકાણે બંધાયેલાં મોટી સંખ્યાનાં જૈન મન્દિરોમાંથી બહુ જ થોડાં જૈન જગતમાં પરમ પ્રતિષ્ઠિત મનાયાં છે. શત્રુંજયગિરિ અને એના નાયક શ્રી આદીશ્વર ભગવાન, ઉજ્જયન્તગિરિની જુદી જુદી ટૂંકો અને તીર્થનાયક શ્રી નેમિનાથ, સત્યપુરમણ્ડન શ્રી મહાવીર, સ્તમ્ભનપુરાધીશ પાર્શ્વ અને ભૃગપુરાલંકાર શ્રી મુનિસુવ્રતનો મહિમા મધ્યયુગમાં પ્રથમ કક્ષાનો ગણાતો. તે પછી આવે શંખેશ્વર પાર્શ્વનાથ (શંખપુરની શંખવસતીના અધિષ્ઠાતા શ્રી પાર્શ્વ), અવન્તિના અંતરિક્ષ પાર્શ્વનાથ વગેરે. વસ્તુપાળે આમાંનાં કેટલાકનાં મહિમાસ્વરૂપ મન્દિરો શત્રુંજય અને ગિરનાર પર બંધાવેલાં.[૩૫]

---

૩૫ "કીર્તનાત્મક પ્રવૃત્તિઓ," **સ્વાધ્યાય**, પુ. ૪, અંક ૩માં અમે ગિરનાર પરના મન્ત્રી બન્ધુઓના સુકૃતની વિસ્તૃત યાદી રજૂ કરેલી તેમાં પણ અમે એ ત્રણે મન્દિરો એકબીજાથી વેગળાં જ બતાવ્યાં છે. (એજન્, પૃ. ૩૦૯-૩૧૦)

આ પ્રકારનાં અવતારિત મન્દિરો બાંધવાની પ્રથા પશ્ચિમ ભારતમાં વસ્તુપાલની આગમચ બારમા શતકમાં હતી તેનું એક પ્રમાણ નડ્ડૂલના ચાહમાનોની નગરી નાડલાઈ–નડ્ડૂલડાગિકા–માં મળે છે. ત્યાંના સં. ૧૧૩૯/ઈ. સ. ૧૧૯૫ના લેખમાં ત્યાં ડુંગર પર આવેલા યાદવનેમિનાથના મન્દિરને "ઉજ્જયન્ततीर्थ" કહ્યું છે.[૩૬] કર્ણાટદેશનું એક આથીયે પુરાણું દૃષ્ટાન્ત મને આ પળે સ્મરણમાં આવે છે. દોદ્દગડ્ડવલ્લિનાં લક્ષ્મીદેવીના મન્દિરના ઈ. સ. ૧૧૧૨ના તુલ્યકાલીન લેખમાં દક્ષિણદેશમાં ખ્યાતનામ કોલ્હાપુરસ્થ મહાલક્ષ્મી ઉપરથી એ ગામને 'અભિનવ કોલ્હાપુર' એવું અભિધાન આપ્યું છે;[૩૭] આથી એ મન્દિર કોલ્હાપુરવાળીનું ઠરે છે.

હવે આબુનાં દેવાલયો એ કાળે પ્રમાણમાં પરિચિત, સમયે જાણીતી વ્યક્તિઓ દ્વારા બંધાયેલાં. દણ્ડનાયક વિમલનું આદીશ્વરભવન અને તેજપાળ નિર્મિત નેમિનાથના મન્દિરનો ખાસ મહિમા નહોતો. જળાલિપુરમાં પણ યક્ષવસતી સિવાયનાં મન્દિરો બારમી તેરમી શતાબ્દીનાં હતાં અને વિન્ધ્યપુરનાં પણ બારમી ને તેરમી શતાબ્દીનાં હતાં. એમાંનાં કોઈ પોતાના મહિમા માટે પ્રસિદ્ધ નહોતાં. આથી એમનાં અવતારરૂપ મન્દિરો ઊભાં કરવાનો વિચાર સરખો પણ ભાગ્યે જ આવે.

શ્રી અત્રિના લેખને ફરી એક વાર વાંચતાં એક નાનકડો પણ ચર્ચારૂપદ મુદ્દો નજરે આવ્યો. શ્રી અત્રિ લખે છે કે "ઈ. સ. ૧૨૩૨ના તુલ્યકાલીન છયે લેખોમાં ઉલ્લેખિત તમામ બાંધકામને ઈ. સ. ૧૨૩૩ના તુલ્યકાલીન લેખમાં * 'વસ્તુપાલવિહાર' જેવું એક જ નામ આપવા છતાં એ જ લેખમાં જણાવવામાં આવ્યું છે કે વસ્તુપાલે ગિરનાર ઉપર ચાર મન્દિરો બંધાવ્યાં. આ ચાર પૈકીનાં ત્રણ (આદિનાથ, અષ્ટાપદ અને સમેતશિખર)નો સમાવેશ તો ઈ. સ. ૧૨૩૨ના તુલ્યકાલીન લેખોને આધારે 'વસ્તુપાલવિહાર'માં જ થઈ શકે તેમ છે. તેથી ઈ. સ. ૧૨૩૩ના તુલ્યકાલીન લેખને આધારે એમ માની શકાય કે ચોથું કપર્દી-યક્ષનું મન્દિર પણ 'વસ્તુપાલ વિહાર'—ની અંતર્ગત કચાંય બંધાયેલું હશે.+ ઈ. સ. ૧૨૪૩નો તુલ્યકાલીન ચર્ચિત લેખ

---

૩૬ જુઓ, પં. અંબાલાલ પ્રેમચંદ શાહ, **રાણકપુરની પંચતીર્થી**, શ્રી યશોવિજય જૈન-ગ્રન્થમાળા, ભાવનગર, વિ. સં. ૨૦૧૨, લેખાંક ૧૮, પૃ. ૧૧૨.

૩૭ જુઓ **R. Narsimhachar,** *The Lakshmidevi Temple at Doddagaddavalli,* MAS No III, Bangalore 1919, PP. 7.

* આ લેખ માટે જુઓ આચાર્ય, ગિરજાશંકર વલ્લભજી, **ગુજરાતના ઐતિહાસિક લેખો,** ભાગ બીજો, મુંબઈ ૧૯૩૫, લેખાંક ૧૮૭, પૃ. ૧૫૪

\+ એ લેખનો મૂળપાઠ આ પ્રમાણે છે :

वस्तुपालविहारेण हारेणेवोज्वलश्रिया उपकंठस्थितेनायं शैलराजो विराजते ॥

श्रीविक्रम संवत् १२८९ वर्षे आश्विन वदी १५ सोमे महामात्य श्रीवस्तुपालेन आत्मश्रेयोर्थं पश्चाद्भागे श्रीकपर्दियक्षप्रासादस्समलंकृतः श्रीशत्रुंजयावतार]श्रीआदिनाथप्रासादग्रतो वामपक्षे स्वीयसद्धर्मचारिणीमहंश्रीललितादेविश्रेयोर्थं विंशतिजिनालंकृतः श्रीसम्मेतशिखरप्रासादस्तथा । दक्षिणपक्षे द्वि० भार्यामहंश्रीसोखुश्रेयोर्थं चतुर्विंशतिजिनोपशोभितः श्रीअष्टापदप्रासादः० अपूर्वघाटरचनारुचिरतरमभिनवप्रासादचतुष्टयं निजद्रव्येण कारयांचक्रे ॥

આ ધારણાને બળ આપે છે કારણ કે તેમાં (આગળ જોયું તેમ) આ અમાત્ય બંધુઓ દ્વારા મુખ્ય મુખ્ય જગ્યાએ થયેલાં મુખ્ય મુખ્ય બાંધકામોનો ઉલ્લેખ છે જેમાં ' ઉજ્જયંત મહાતીર્થે ' ' વસ્તુપાલ-વિહાર 'ને જ ગણવામાં આવ્યો છે. " (" ગિરનારના " પૃ. ૨૦૭). હવે **વરહુડિયા** શ્રેષ્ઠીઓએ જો ત્યાં ' કપર્દીભવન 'માં કંઈ કરાવ્યું જ ન હોય તો એની નોંધ ન જ આવે : ને બીજી જાણવા જેવી વાત એ છે કે કપર્દીયક્ષનું મન્દિર ' વસ્તુપાલ-વિહાર 'નું અંગભૂત નહોતું; એનાથી વેગળું અને સ્વતન્ત્ર આલય હતું. સમકાલીન સાક્ષીરૂપ શ્રી વિજયસેનસૂરિનું અવલોકન આ સન્દર્ભમાં ઉપયોગી થઈ પડશે : તેમણે નોંધ્યું છે કે, " વસ્તુપાલમંત્રીએ અષ્ટાપદ અને સમ્મેતશિખરવાળાં મનોહર મંડપો સાથે ઋષભેશ્વરનું મન્દિર કરાવ્યું; ને કપર્દીયક્ષ અને મરુદેવીના બે ઊંચા પ્રાસાદ (કરાવ્યા). "[૩૮] જિનપ્રભસૂરિ પણ (મોટે ભાગે તો વિજયસેનસૂરિના ઉપલા કથનને અનુસરીને) કહે છે કે " વસ્તુપાલમંત્રીએ અષ્ટાપદ અને સમ્મેતના મંડપો સાથે શત્રુંજયાવતાર મન્દિર તેમજ કપર્દી–મરુદેવીના પ્રાસાદો કરાવ્યા. "[૩૯] આ ' કપર્દીભવન 'ના દિશા-સ્થાનનો નિર્દેશ વસ્તુપાલે કરેલ ગિરનાર પરનાં સુકૃતોની જિનહર્ષગણિની નોંધમાં મળે છે : " ને વસ્તુપાલવિહારની પાછળના ભાગે અનુત્તર–(વિમાન) સમું કપર્દીયક્ષનું આયતન કર્યું. "[૪૦] આ ઉપરથી આ મુદ્દો તદ્દન સ્પષ્ટ થઈ જાય છે.

---

૩૮ વસ્તપાલિ વર મંતિ ભુયણુ કારિઉ રિસહેસરુ ।
અઠ્ઠાવય-સમ્મેયસિહરવરમંડપુ મણહરુ ॥ ૧૫ ॥
કઉડિજકખુ મરુદેવિ છહ વિ તુંગુ પાસાઇઉ ।
રેવંતગિરિરાસુ, દ્વિતીય કડવા

(મુનિપ્રવર શ્રી પુણ્યવિજયસૂરિ, " સુકૃતકીર્તિકલ્લોલિન્યાદિ " પૃ. ૧૦૧.)

૩૯ વત્થુપાલ મંતિણા સિત્તુજ્જાવયાર ભવણં અઠ્ઠાવય-સમંઅ
મંડવો કવહિજકખ–મરુદેવીપાસાયા ય કારાવિઆ
રૈવતગિરિકલ્પ વિવિધતીર્થકલ્પ,

આ ગ્રન્થ મુનિશ્રી જિનવિજયજીએ સિંધી જૈનગ્રન્થમાં ગ્રન્થાંક ૧૦ તરીકે પ્રસિદ્ધ કર્યો છે : શાન્તિ-નિકેતન વિ. સં. ૧૯૯૧.

૪૦ વસ્તુપાલ વિહારસ્યા પૃષ્ઠોનુત્તર સન્નિભં કપર્દી યક્ષાયતનમકારય ય યંકૃતી ૬-૭૦૩.

(**વસ્તુપાલચરિત**ના સમ્પાદક, પ્રસિદ્ધિસ્થાન અને પ્રસિદ્ધ કર્યાનું વર્ષ દુર્ભાગ્યે મારી નોંધમાં પ્રાપ્ત નથી.)

પંદરમી શતાબ્દીના છેલ્લા ચરણમાં રચાયેલ રત્નસિંહસૂરિ શિલ્પની ' શ્રી ગિરનારતીર્થમાળા 'માં પણ આ જ હકીકત કહી છે.

વસ્તુપાલિ મંતીસરિ સેતુજઉજિલિ આણિઉ ભવદહિ સેતુજ નિરુવમ રિસહ જિણિંદો;
ડાંવઇ શ્રી સમેતસિહગિરિ જિમણઇ અષ્ટપ્પદ નવલીપરિ, વીસ યુ વીસ જિણિંદો. ૧૨
યક્ષરાજ કવડિલ તિહિં પૂષ્ઠિઇં માતા મરુદેવા ગજપૂઠિઇ, ચંદ્રપ્રભ પ્રણમેસો.

શ્રી અત્રિએ પ્રકાશમાં લાવેલ ગિરનાર પરનો આ નવપ્રાપ્ત શિલાલેખ મન્ત્રીશ વસ્તુપાલ–તેજપાલનો ન હોવા છતાં એમના સમકાલીન અને આપણને પૂર્વપરિચિત એવા એક પ્રતિષ્ઠિત જૈન પરિવારનો હોઈ ગુજરાતના ઐતિહાસિક મૂલ્ય ધરાવતા ઉત્કીર્ણ લેખોમાં, શત્રુંજયના વસ્તુપાલ–તેજપાલના શિલાલેખોની તાજેતરમાં થયેલી લબ્ધિની જેમ, નોંધપાત્ર વધારો કરે છે.

(ગિરનાર પર્વતપ્રાપ્ત શ્રી વરહુડિયા પરિવારનો પ્રશસ્તિ-લેખ)

૧. સં. ૧૨૯૬ ફાગ સુદિ ૩ શ્રી ઉજયંત મહાતીર્થે
૨. મહામાત્ય શ્રીવસ્તુપાલવિહારે મહં શ્રી તેજપાલ આદે
૩. (શે)ન સા૦ **વેઢા લાહડેન** શ્રીનેમિનાથબિબં ષતકં ચ કારિતં ।
૪. (પ્રતિ)ષ્ઠિતં શ્રી **વિજયસેણસૂરિભિ**[:] શ્રી શેતુંજકૂ(યે) મહા
૫ (તીર્થે) શ્રીઆદિનાથબિબં દેવકુલિકા દંડકલસાદિ સહિતા
૬ વતીશ્ર* મહં શ્રી વ(સ્તુ)પાલકારિત શ્રી સાચઉર દેવકુલે
૭. માવ્ય* શ્રીમહાવીરબિબં ષાતકં ચ શ્રી અર્બુદાચલે (મા દા મા
૮. ગ્ર ? મહામાત્ય)શ્રીતેજપાલકારિત શ્રી **નેમિનાથ** ચૈ(થ ? ત્ય) જગત્યાં દેવકુલિ-
૯. કા ૨ બિંબ ૬ સપરિગણ શ્રીજાવાલિપુરે શ્રીપારસ્વનાથદેવ ચૈ-
૧૦. (ગ ?ત્ય) જગ (× થી ? ત્યાં) દેવકુલિકા શ્રીરિષભનાથબિબં વીજાપુરે શ્રીને
૧૧. (મિનાથ) બિંબં દેવકુલિકા દંડકલસાદિસહિતા

(જુઓ શ્રી વિજયધર્મસૂરિ, **પ્રાચીનતીર્થમાળા-સંગ્રહ**, ભાગ ૧લો, ભાવનગર, સં. ૧૯૭૮, પૃ. ૩૫)

વિશેષ : લેખ પૂર્ણ થયા બાદ ત્રિપુટી મહારાજનો **જૈન પરંપરાનો ઇતિહાસ**, ભાગ ૨જો (શ્રી ચારિત્રસ્મારક ગ્રંથમાળા ગ્રં. ૫૪, અમદાવાદ ૧૯૬૦), સન્દર્ભ માટે ઉપલબ્ધ થયો. તેમાં મુનિ ત્રિપુટીએ વરહુડિયાવંશ પર કંઈક વિસ્તારથી વિવરણ કરેલું જોવા મળ્યું (એજન પૃ. ૩૯૦-૩૯૨). તેમાંની કેટલીક બાબતો અહીં ઉદ્ધરેલ ગ્રંથપ્રશસ્તિ (ક્રમાંક ૨૯)માં મૂળે કહેલી છે, પણ તે આબુ-ગિરનારના લેખોના કાળ પછી બનેલી જણાતી હોઈ તેમ જ લેખની મૂળ ચર્ચાને વિશેષ લાભદાયી ન હોઈ અહીં તેનો સારભાગ આપવો જરૂરી નથી માન્યો.

* વતીશ્ર (તેમ જ માવ્ય) કોઈ શબ્દ યા શબ્દસમૂહનાં અપૂર્ણ વા અશુદ્ધ રૂપ છે. એમાંથી સીધી રીતે કોઈ અર્થ તારવવો મુશ્કેલ છે.

× શ્રી અત્રિએ **ગજગથી** એમ વાંચ્યું છે; અને **ગજગથી** શબ્દ પર એમના આગળ ઉપરના ગુજરાતી લેખનભાગમાં ટીકારૂપે થોડું કહ્યું છે : (જુઓ "ગિરનારના," પૃ. ૨૦૮) શિલાલેખની આગળની ૯મી પંક્તિમાં આવતો શબ્દ ચૈ સાથે ૧૦મીનો પહેલો અક્ષર ગને જોડી **જગથી** જુદું પાડવું સયુક્તિક લાગે છે. ચૈગ જગથી એટલે કે શુદ્ધ સંસ્કૃત અનુસાર ત્યાં ચૈત્ય જગત્યાં હોવું અભિપ્રેત છે.

૧૨. ... ... ન્દ્રાદ ...का...[वर](दु ? हु)डिया सा(दु ? हु)ने

૧૩. [मड] ... ...सा(दु ? हु.) षेढा सा०

૧૪. ... ...[सा](द ? हु.) + धणेश्वर लघु

૧૫. [भ्रातृ] ... ...(सं ?)वत्

૧૬. ... ...

૧૭. ... ...(ल) ... ...

વિશેષ નોંધ :

પંક્તિ (૧૩)માં **नेमड** પછી ને **साहु० षेढा** પહેલાં, આબુના લેખાંક ૩૫૨ના આધારે કલ્પના કરીએ તો सुत सा० राहड । भ्रा० सहदेव तत्पुत्र એવો વાકયખંડ હોવો જોઈએ : અને પંક્તિ (૧૫)માં [भातृ] પછી **सा० लाहडेन निजकुटुंब समुदायेन इदं कारितं ॥**, એમ હોવાનો સંભવ છે.

શ્રી અત્રિએ લેખમાં રહેલા કેટલાક શબ્દોની જોડણી અને રૂપના દોષ બતાવ્યા છે. થોડા વિશેષ અહીં નોંધીએ, તો તેમાં **फल्गुन** ને બદલે **फाग, कलश** ને સ્થાને **कलस** (પંક્તિ ૫ અને ૧૧) **खत्तकं** ને બદલે **षतकं** (૩) અને **षातकं** (૭), **सपरिकर** કોરવાને બદલે **सपरिगण, चैत्य** ને બદલે **चैथ** અને અગાઉ કહ્યું તે **चैत्य जगत्यां** ને બદલે **चैंग जगथी**નો નિર્દેશ કરી શકાય. વરહુડિયા કુટુંબના આબુના લેખોમાં પણ આવા કેટલાક દોષો રહેલા છે જે મુનિશ્રી જયન્તવિજયજીએ લેખની વાચનામાં યોગ્ય સંકેતો દ્વારા બતાવ્યા છે અને પ્રસ્તુત મુદ્દા પર લેખાંક નં. ૩૫૨ના તેમના ભાષ્યમાં ટીકા કરતાં આ પ્રમાણે લખ્યું છે: " લેખ સંસ્કૃત ભાષામાં છે પરંતુ તેમાં કેટલાક વ્યાકરણ વિરુદ્ધ પ્રયોગો અને પ્રાકૃત ભાષાના શબ્દો આવે છે છતાં લેખની ભાષા સરળ અને સમજી શકાય તેવી છે. " **(श्री अर्बुद-प्राचीन-जैन-लेखसंदोह,** પૃ. ૪૩૫-૪૩૬ પાદટીપ.)

+ શ્રી અત્રિએ આ સ્થળે दधणे(श्व ?)इ એમ વાંચ્યું છે. પણ द એ हु० હોવું ઘટે. આગળ सा જોડી [सा)हु० धणेश्वर વાંચીએ તો શબ્દનો બંધ બેસી જાય છે.

પરિશિષ્ટ

(વરહુડિયા કુટુમ્બના આબુના દેલવાડાગ્રામસ્થિત તેજપાલ નિર્મિતલૂણવસહિકાપ્રાસાદની દેવકુલિકાઓના ઉત્કીર્ણ લેખો)

દેવકુલિકા ૩૮

દં० ॥ संवतु (त्) १२९१ वर्षे मार्गसी(शी)र्षमासे श्री अर्बुदाचले महं [०] श्रीतेज[:]पालकारित ठ० लूणसीहवसहिकाभिधान श्रीनेमिनाथचैत्ये श्रीरि(ऋ)षभ श्रीमहावीर श्रीसंभम(व)देवकुलिका बिंबदंडकलसा(शा)दिसहिता श्रीनागपुरे(*) पूर्वं साधुवरदेव आशी(सी)त् । यन्नाम्ना वरहुडिया इत्याम्नायः प्रसिद्धः ॥ तत्सुतौ सा० आसदेव । लक्ष्मीधरौ । आसदेवसुत सा० **नेमड** । आभट । माणिक । सलषण । लक्ष्मीधरसुतास्तु थिरदेव । गुणधर । जगधर (*) भुवणाभिधानाः । ततः साहु**नेमड**पुत्र । सा० राहड । जयदेव । सा० सहदेवाख्याः । तत्र सा० राहडपुत्र जिणचन्द्र । दूलह । **धणेसर** । **लाहड** । अभयकुमार संज्ञाः । सा० जयदेव पुत्र वीरदेव । देवकु(*)मार । हालूनामानः । सा० सहदेव पुत्रौ सा० **खेढागोसलौ** । इत्येवमादिसमस्तनिजकुं(कु)टुम्बसमुदायसहितेन । सा० सहदेवेन सु(शु)द्धश्रद्धया कर्म्मनिर्जरार्थमियं कारिता । शिवमस्तु ॥

(श्री अर्बुद-प्राचीन-जैन-लेखसंदोह, लेखांक ३५०, पृ. १४०-१४१)

દેવકુલિકા ૩૯

दं० ॥ संवत १२९१ वर्षे मार्गशीर्षमासे श्री अर्बुदाचले महं० श्री तेज[:]पालकारितलूणसीहवसहिकाभिधानश्रीनेमिनाथचैत्ये श्रीअभिनंदन श्रीनेमिनाथदेव श्रीसां(शां)तिदेवकुलिका बिंबदंडकलसा(शा)दिसहिता । श्रीना(*)गपुरवास्तव्य । सा० वरदेव आशी(सी)त् यन्नाम्ना वरहुडिया इत्याम्नायः प्रसिद्धः । तत्सुतौ सा० आसदेवलक्ष्मीधरौ । आसदेवसूत नेमड आभट माणिक सलषण । लक्ष्मीधरसुतास्तु । थिरदेव । गुणधर । जग(*)धर भुवणाभिधानाः । ततः सा० **नेमड** पुत्र । सा० राहड जयदेव । सा० सहदेवाख्याः । तत्र साहु राहड पुत्र । जिणचंद्र । दूलह । **धणेसर** । **लाहड** अभयकुमारसंज्ञाः । सा० जयदेवपुत(त्र) वीरदेव देवकुमार हालूनामान[:] (*) सा० सहदेवपुत्रौ **खेढागोसलौ** इत्येवमादिसमस्तनिजकुंटुं(कुटु)म्बसमुदायसहितेन । सा० राहड पुत्र । जिणचंद्र **धनेश्वर** । **लाहड** । माता वरी नाईक । वधु । हरियाही श्रेयोर्थं शुद्धश्रद्धया कर्म्मनिर्जरार्थं इयं कारिता ।

એજન, લેખાંક ૩૫૫, પૃ. ૧૪૪-૧૪૫)

દેવકુલિકા ૩૮

(१) ॥ ॐ ॥ स्वस्ति सं[वत्]१२९६ वर्षे वैशाखशुदि ३ श्रीशत्रुंजयम-

(२) हातीर्थे महामात्यश्रीतेज[:]पालेन कारित नंदीस(श्व)स्वर[चैत्ये]

(३) पश्चिममण्डपे श्रीआदिनाथबिंबं देवकुलिका दंडक-

(४) लसा(शा)दिसहिता तथा इहैव तीर्थे महं [०] श्रीवस्तुपालका-

(५) रित श्रीसत्यपुरीयश्रीमहावीरे बिंबं खत्तकं च । इही(है)व

(६) तीर्थे शैलमयबिंब द्वितीयदेवकुलिकामध्ये खत्तक-

(७) द्वय श्रीऋषभादि चतुर्विंशतिका च । तथा गूढमण्डपपूर्व्वद्वा-
(८) रमध्ये खत्तकं मूर्त्तियुग्मं तदुपरे(रि) श्री आदिनाथबिंबं श्री-
(९) उज(ज्ज)यंते श्रीनेमिनाथपादुका मंडपे श्रीनेमिनाथबिं-
(१०) बं खत्तकं च । इहैव तीर्थे महं [०] श्री वस्तुपालकारित श्री-
(११) आदिनाथस्याग्रत(तो) मंडपे श्रीनेमिनाथबिंबं खत्तकं च ।
(१२) **श्री अर्ब्बुदाचले श्रीनेमिनाथचैत्यजगत्यां** देवकुलि-
(१३) **काद्वय षट्(ड्)बिंबसहितानि । श्रीजावालिपुरे श्रीपा-**
(१४) **र्श्वनाथचैत्यजगत्यां श्रीआदिनाथबिंबं देवकुलिका**
(१५) च । श्रीतारणगढे श्रीअजितनाथगूढमंडपे श्री आ-
(१६) दिनाथबिंबं खत्तकं च । श्री अणहिल्लपुरे हथीयावापी-
(१७) प्रत्यासन्न(न्ने) श्रीसुविधिनाथबिंबं तच्चैत्यजीर्णोद्धारं च ॥
(१८) **वीजापुरे देवकुलिकाद्वयं श्रीनेमिनाथबिंबं श्रीपा-**
(१९) **र्श्वनाथबिंबं च** । श्री.....(मू)लप्रासादे कवलीखत्तकद्धये ॥
(२०) श्रीआदिनाथश्रीमुनिसुव्रतस्वामिबिंबं च । लाटाप-
(२१) ल्यां श्रीकुमारविहारजीर्णोद्धारे श्रीपार्श्वनाथस्याग्र-
(२२) त(तो) मंडपे श्रीपार्श्वनाथबिंबं खत्तकं च ॥ श्रीप्रह्लादनपु-
(२३) रे श्रीपाल्हणविहारे श्रीचंद(द्र)प्रभस्वामिमंडपे खत्तक-
(२४) द्वयं च । इहैव जगत्यां श्रीनेमिनाथस्याग्रत(तो) मंडपे
(२५) श्रीमहावीरबिंबं च । एतत् सर्वं(र्वै)कारितमस्ति ॥ श्रीनाग-
(२६) पुरीय **वरहुडीया** साहु० **नेमड** सुत सा० राहड ।
(२७) भ्रा० जयदेव भ्रा० सा० सहदेव तत्पुत्र० संघ० सा० ।
(२८) **षे(खे)ढा** भ्रा० गोसल सा० जयदेव सुत० सा० वीरदे-
(२९) व देवकुमार हाल्हय सा० राहड सुत० सा० जिणचंद्र
(३०) **धणेश्वर** अभयकुमार लघुभ्रातृ० सा० **लाहडेन**
(३१) निजकुटुंबसमुदायेन इदं कारितं ॥ प्रतिष्ठितं
(३२) श्रीनागेंद्रगच्छे श्रीमदाचार्य विजयसेनसूरि[भिः] ॥
(३३) श्रीजावालिपुरे श्रीसौवर्णगिरौ श्रीपार्श्वनाथजगत्यां
(३४) अष्टापदमध्ये ष(ख)त्तकद्वयं च ॥ लाटापल्यां श्रीकुमरवि-
(३५) हारजगत्यां श्रीअजितस्वामिबिंबं देवकुलि-
(३६) का दंडकलस(श)सहिता । इहैव चैत्ये जि-
(३७) नजु(यु)गलं श्रीशांतिनाथ श्रीअजितस्वामि

(३८) एतत् सर्वं कारापितं ॥
(३९) श्री अणहिल्लपुरप्रत्यासन्न चारोपे
(४०) श्री आदिनाथबिंबं प्रासादं गूढमंड-
(४१) प छ चउकिया सहितं सा० राहड
(४२) सुत सा० जिणचंद्र भार्या सा० चाहि-
(४३) णिकुक्षिसंभूतेन संघ सा० दे-
(४४) वचंद्रेण पितामाता आत्मश्रेयो-
(४५) र्थं क(का)रापितं (तं) ॥

(એજન, લેખાંક ૩૫૨, પૃ. ૧૪૨-૧૪૪)

दं० ॥ संवत् १२९३ वर्षे मार्गसुदि १० श्रीनागपूरीय **वरहुडि** संतानीय सा० **नेमड** पुत्र सा० सहदेवेन स्वपुत्रस्य सौ । सुहागदेवि(वी) कुक्षिसंभूत सा० **षे(खे)ढा** गोसलेन(लयोः) बृहद्भ्रातृ सा० राहड पुत्र जिनचंद्रेण च स्वस्य स्वमातृवडी नाम्न्याश्च श्रेयोर्थं श्रीसंभवनाथबिंब(बं) करापित(तं) । प्रतिष्ठित(तं) । श्री **विजयसेनसूरिभिः** ॥

(એજન લેખાંક, ૩૪૫, પૃ. ૧૩૯)

दं० ॥ सं [वत्] [१२]९३ [वर्षे] मार्गसु[दि] १० श्रीनागपूरी[य] **वरहुडिसंतानीय** सा० **नेमड** पुत्र सा० राहडपुत्र जिण(न)चंद्रपुत्र देवचंद्रेण । दादीमात्रा चाहिणि श्रेयो [र्थं] श्री आदिनाथबिंबं [कारितं]

(એજન, લેખાંક ૩૪૬, પૃ. ૧૩૯)

दं० ॥ सं[वत] [१२]९३ मार्गसुदि १० श्रीनागपुरी[य] **वरहुडि** संतानीय सा० **नेमड** पुत्र सा० जयदेव पुत्र सा० वीरदेव देवकुमार हालू स्वमातृ जाल्हणदेवि(वी) आत्मश्रे[योऽर्थं] श्रीमहावीर-बिंबं कारापितं ॥ सु(शु)भं भवतुः(तु)

(એજન, લેખાંક ૩૪૭, પૃ. ૧૪૦)

संवत् १२९३ [वर्षे] मार्गसुदि १० श्रीनागपुरी य**वरहुडि** संतानीय सा० **नेमड** पुत्र सा० राहड पुत्र सा० **धणेस(नेश्व)र लाहडेन** श्रीअभिनंदननाथबिंबं मातृ ना(यि) किः । **धणे(ने)श्वर** । भार्या धण(न) श्री स्वात्मनो(न)श्च श्रेयोऽर्थं कारिता(त) प्रतिष्ठिता(ष्ठितं) नागेंद्रगच्छे श्रीविजयसेनसूरिभिः ॥

(એજન, લેખાંક ૩૫૩, પૃ. ૧૪૪)

दं० ॥ सं [०] १२९३ [वर्षे] मार्गसुदि १० श्रीनागपुरीय **वरहुडिसंतानीय** सा० **नेमड** पुत्र सा० राहडः पुत्र **लाहडेन** स्वभार्या लष्म(खम)श्री श्रेयार्थं श्रीनेमिनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीविजयसेन-सूरिभिः ॥ सु(शु)भं भवतू(तु) ॥

(એજન, લેખાંક ૩૫૪, પૃ. ૧૪૪)

૧૫૭ **देववंदनकादिप्रकरपुस्तिका सं. १२९०** [**खंभात शांतिनाथ मन्दिर**] देववंदनकं समाप्तं ॥ छ ॥ **संवत्** १२९० वर्षे माघ वदि गुरुदिने । वरहुडिया नेमड सुत साहु सहदेव पुत्र सा० षेढा गोसलेन मातृ सौभाग्यदेवी श्रेयोऽर्थं लिखापितं । शुभं भवतु लेखक-पाठकयोः ॥ लिखितं वीजापुरे । लिखापितं लाहडेन । लिखितं पंडित अमलेण ॥ छ ॥

१८८ **आवश्यकवृत्ति सं. १२९८** [**खंभात, शांतिनाथ भंडार**] संवत् १२९८ फागुण सु ३ गुरौ अद्येह वीजापुरे पूज्यश्रीदेवेन्द्रसूरिश्रीविजयचन्द्रसूरिव्याख्यानतः संसारासारतां विचिन्त्य सर्वज्ञोक्तं शास्त्रं प्रमाणमिति मनसि ज्ञात्वा सा० राहडसुत जिणचंद-धणेसर-लाहड सा० सहदेव सुत सा० षेढा संघवी गोसल प्रभृति कुटुंबसमुदायेन चतुर्विधसंघस्य पठनार्थं वाचनार्थं च लिखापितमिति ।

१९५ **पंचांगीसूत्रवृत्ति सं. १३०१** [**खंभात, शान्तिनाथ भंडार**] संवत् १३०१ वर्षे फाल्गुण वदि १ शनौ १ अद्येह वीजापुरे पंचांगी सूत्रवृत्तिपुस्तकं ठ० अरसीहेण लिखितं ॥ उभय ११२८० ॥ संवत १३०१ वर्षे फाल्गुण वदि १३ (१) शनौ इहैव प्रल्हादनपुरे श्रीनागपुरीयश्रावकेण पोषधशालायां सिद्धांतशास्त्रं पूज्यश्रीदेवेंन्द्रसूरि-श्रीविजयचंद्रसूरि-उपाध्याय श्रीदेवभद्रगणेर्व्याख्यानतः संसारासारतां विचिंत्य सर्वशोक्तशास्त्रं प्रमाणमिति मनसा विचिंत्य श्रीनागपूरीय वरहुडियासंताने सा० आसदेव सुत साहु नेमड सुत राहड जयदेव सा० सहदेव तत्पुत्र संघ० सा० षेढा संघ० सा० गोसल० राहड सुत सा० जिणचंद्र धरणेसर लाहड देवचंद्रप्रभृतीनां चतुर्विधसंघ-पठनार्थं वाचनार्थं आत्मश्रेयोर्थं पंचांगीसूत्रवृत्तिपुस्तकं लिखापितमिति ॥ छ ॥ छ ॥

वरहुडिया साधु० राहडसुत सा० लाहडेन श्रेयोऽर्थं व्यवहार आद्यखंडं लिखापितमिति ॥ छ ॥ संवत् १३०९ वर्षे भाद्रपद सुदि १५ ॥

अस्तीह श्रेष्ठपर्वप्रचयपरिचितः क्ष्माभृदाप्तप्रतिष्ठः,
सच्छायश्चारुवर्णः सकलसरलताऽलंकृतः शस्तवृत्तः ।

पल्लीवालाख्यवंशो जगति सुविदितस्तत्रमुक्तेव साधुः,
साधुव्रातप्रणंता **वरहुडि**रिति सत्ख्यातिमान् **नेमडो**ऽभूत् ?

तस्योच्चैस्तनया विशुद्धविनयास्तत्रादिमो राहडो,
जज्ञेऽतः सहदेव इत्यभिधया लब्धप्रसिद्धिर्जने ।

उत्पन्नो जयदेव । इत्यवहितस्वांतः सुधर्मे रतः,
तत्राधस्य सदा प्रिया प्रियतमा लक्ष्मी तथा नाइकिः ॥ २ ॥

आद्याया जिनचंद्र इत्यनुदिनं सद्धर्मकर्मोधतः,
पुत्रश्चाहिणी संज्ञिता सहचरी, तस्य त्वमी सूनवः ।

ज्येष्ठोऽभूत्किल देवचंद्र इति यो द्रव्यं व्ययित्वा निजं,
सत्तीर्थेषु शिवाय संघपतिरित्याख्यां सुधीर्लब्धवान् ॥ ३ ॥

नामंधराख्योऽथ महधराख्योऽतो वीरधवलाभिध-भीमदेवौ ।
पुत्री तथा धाहिणी नामिकाऽभूत् सर्वेऽपि जैनांघ्रिसरोजभृंगाः ॥ ४ ॥

श्रीदेवभद्रगणिपादसरोरुहालेर्भक्त्यानमद् विजयचंद्रमुनीश्वरस्य ।
देवेन्द्रसूरिसुगुरोः पदपद्ममूले तत्रातिमौ जगृहतुर्यतितां शिवोत्कौ ॥ ५ ॥

नाइकेस्तु सुता जातास्तत्र ज्येष्ठो धनेश्वरः ।
खेतु नाम्नी प्रिया तस्य अरसिंहादयः सुताः ॥ ६ ॥

द्वैतीयीकस्सुसाधुश्रुतवचनसुधास्वादनातृप्तचित्तः,
श्रीमज्जैनेन्द्रबिम्बप्रवर जिनगृहप्रोल्लसत्पुस्तकादौ ।

सप्तक्षेत्र्यां प्रभूतव्ययितनिजधनो लाहडो नामतोऽभूत्,
लक्ष्मीश्रीरित्यभिख्या सुचरितसहिता तस्य भार्या सदार्या ॥ ७ ॥

अभयकुमाराभिख्यो तृतीयोऽजनि नंदनः ।
यो दध्रे मानसं धर्मश्रद्धा संबंधबंधुरं ॥ ८ ॥

धर्मे सहाया सहदेवसाधोः सौभाग्यदेवीति बभूव जाया ।
पुत्रौ च वेढाभिध-गोसलाख्यौ प्रभावकौ श्रीजिनशासनस्य ॥ ९ ॥

किञ्च-यौ कृत्वा गुणसंघकेलिभवनं श्रीसंघमुच्चैस्तरां,
श्रीशत्रुञ्जय-रैवतप्रभुतिषु प्रख्याततीर्थेषु च ।

न्यायोपार्जितमर्थसार्थनिवहं स्वीयं व्ययित्वा भृशं,
लेभाते सुचिराय संघपतिरित्याख्यां स्फुटां भूतले ॥ १० ॥

आद्यस्य जज्ञे किल षीवदेवी नाम्ना कलत्रं सुविवेकपात्रं ।
तथा सुता जेहड-हेमचन्द्र-कुमारपालाभिध-पासदेवाः ॥ ११ ॥

अभवद् गोसलसाधोर्गुणदेवीति वल्लभा ।
नंदनो हरिचन्द्राख्यो देमतीति च पुत्रिका ॥ १२ ॥

जयदेवस्य तु गृहिणी जाल्हणदेवीति संज्ञिता जज्ञे ।
पुत्रवस्तु वीरदेवो देवकुमारश्च हालूश्च ॥ १३ ॥

शुभशीलशीलनपरा अभवंस्तेषामिमाः सधर्मण्यः ।
विजयसिरी-देवसिरी-हरसिणिसंज्ञा यथासंख्यं ॥ १४ ॥

एवं कुटुम्बसमुदय उज्ज्वलवृषविहितवासनाप्रचयः ।
सुगुरोर्गुणगणसुगुरोः सुश्राव सुदेशनामेवम् ॥ १५ ॥

(આ પછી આવતો ભાગ જરૂરી ન હોઈ ઉદ્ધૃત કર્યો નથી.)

પરમડિયા વંશવૃક્ષ
વરદેવ
વ્યાસદેવ
લક્ષ્મીધર
૧ નેમડ
૨ આભડ
૩ માણિક
૪ સલખણ
૧ ચિરદેવ
૨ ગુણધર
૩ જગદેવ
૪ જીવણ
૧ રાહડ
૨ જયદેવ
૩ સહદેવ
સુહાગદેવી (સૌભાગ્યદેવી)
લક્ષ્મી
નાયકિ
૧ વીરદેવ
૨ દેવકુમાર
૩ હરપુ
૧ જિનચંદ્ર
૨ ચાહિણિ
૨ દૂલહ
૩ ધણેશ્વર (ધનેશ્વર)
૪ ભાડડ
ધનશ્રી (લક્ષ્મીશ્રી)
૫ ચક્રધકુમાર
૧ સં. દેવચંદ્ર
૨ નામધર
૩ મહીધર
૪ વીરધવલ
૫ ભીમદેવ
૬ ધાહિણિ
૧ આસિસંડ
ઇત્યાદિ
પુત્રો
સં. ભેઢા
ખીમદેવી
૧ જોડડ
૨ દેવચન્દ્ર
૩ કુમારપાલ
૪ પાસદેવ
સં. ગાસલ
ગુણદેવી
૧ હરિશ્ચન્દ્ર
૨ દેમતી

વડોદરાનો પીર ઘોડાનો પંદરમી સદીનો શિલાલેખ

ઝિયાઉદ્દીન એ. દેસાઈ

વડોદરાના મહારાજાના લક્ષ્મીવિલાસ રાજમહેલના કમ્પાઉન્ડમાં પીર ઘોડાનો રોજો, એક નાની મસ્જિદ તેમ જ એક સાધારણ વાવ આવેલાં છે. રોજાનું બાંધકામ ગુજરાતના ઇસ્લામી સ્થાપત્યની પ્રણાલિને અનુરૂપ છે અને તેમાં કમાન વગેરેનો પ્રયોગ બિલકુલ થયો નથી. આ રોજો પીર ઘોડાનો શા પરથી કહેવાય છે તેનો સંતોષજનક ઉત્તર મળી શકયો નથી. પીર ઘોડા નામના કોઈ સંતપુરુષ થયા હોય તેવું સંત ચરિત્રગ્રન્થો પરથી જાણવા મળતું નથી; પરંતુ એનો અર્થ એમ ન લેવાય કે આ નામના કોઈ સંત થયા નહિ હોય, કેમ કે ગુજરાતના ઇતિહાસના વિવિધ પાસાંઓને લગતાં લખાયેલાં અસંખ્ય ફારસી પુસ્તકો છપાયાં તો શું પણ આપણી જાણમાં પૂરેપૂરાં આવ્યાં પણ નથી. છતાં એ તો નિર્વિવાદ છે કે સંતના જીવન, સમય કે વૃત્તાંત વિષે ઉપલબ્ધ પુસ્તકોમાં કોઈ માહિતી મળતી નથી. એ પણ શકય છે કે આ રોજો કોઈ અમીર કે એવા મહાન પુરુષનો હોય, પરંતુ પૂરતા પુરાવાને અભાવે આનો નિર્ણય કરવો કઠિન છે. પીર ઘોડા એ નામ પણ સહેજ વિચિત્ર જેવું લાગે, જો કે ઘોડા એ ઉપનામ ગુજરાતમાં આજે પણ દુર્લભ નથી. સાથે સાથે 'પોર ઘોડા' એ 'પીર ગોરા'નો અપભ્રંશ છે એવી સ્થાનિક લોકોકિતમાં પણ કંઈ તથ્ય હોય તેમ લાગે છે. રોજાનું લખાણ ધાર્મિક પુસ્તકનાં અવતરણોનું બનેલું હોઈ તેમાં પણ પીર કે બીજા કોઈ પુરુષ વિષે માહિતી મળતી નથી. આમ પંદરમા સૈકાની શરૂઆતમાં બંધાયેલો આ રોજો કયા મહાપુરુષનો છે તે કહેવું અત્યંત મુશ્કેલ છે.

રોજાની ઉત્તર દિશાવાળી દીવાલમાં લેખોની ત્રણ તકતીઓ ચોંડેલી છે. આ તકતીઓ તરફ સૌ પ્રથમ ધ્યાન ભૂતપૂર્વ વડોદરા રાજ્યના પુરાતત્ત્વખાતાના ઈ. સ. ૧૯૩૭-૩૮ના રિપોર્ટમાં દોરવામાં આવ્યું હતું. પરંતુ તેમાં આ લેખોને "સમાધિ લેખો (epitaphs) વિશેષ કરીને કુરાન શરીફની આયતો" ધરાવતા હોવાનું જણાવ્યું હોવાથી ઉપર્યુકત લેખની ઐતિહાસિક અગત્ય બહાર ન આવી શકી. આ ત્રણમાંથી બે તકતીઓમાં કુરાન શરીફની સુરા આલે ઇમાનની આયતો ૨-૧૦ લખેલી છે અને એમાંની બીજી તકતી પર લખાણની સાલ ૧૪ જમાદીયુલ્અવ્વલ હિ. સ. ૮૧૪ આપેલી છે.[૧] પરંતુ ત્રીજી તકતી પર એક મહત્ત્વનો લેખ કોતરાયેલો છે જે સુલતાન અહમદશાહ ૧લાના સમયમાં મુકાયેલો હતો. તેમાં વડોદરાના નાયબ સૂબાએ બંધાવેલા રોજા, મસ્જિદ તથા વાવ વગેરેનો ઉલ્લેખ મળે છે. તે ઉપરાંત ઐતિહાસિક ગ્રન્થોમાં વિભિન્ન રૂપે લખાયેલા નામવાળા આ નાયબ સૂબાનું ખરું અને પૂરું નામ પણ આ લેખ પરથી જાણવા મળે છે.

ઉપર્યુકત લેખની ભાષા ફારસી છે. છ પંકિતઓનું લખાણ લગભગ ચોરસ એવી ૫૩ સે. મિ. પહોળી અને ૫૬ સે. મિ. ઊંચી એવી તકતી પર કળાત્મક નસ્ખ શૈલીની લખાવટમાં

---

૧ એન્યુઅલ રિપોર્ટ ઑન ઈન્ડિયન એપિગ્રાફી, ૧૯૫૯-૬૦. એપેન્ડીકસ ડી, નં. ૯૧.

ઊભરી આવેલા અક્ષરોમાં કોતરવામાં આવેલ છે. લખાવટની શૈલી સમકાલીન લેખોની લખાવટની શૈલી જેવી જ છે, પરંતુ પ્રતિકૂળ હવામાન તેમ જ સૈકાઓના ધસારા અને એવા બીજા કોઈ કારણસર તકતીને સારું એવું નુકસાન પહોંચવાથી ઊંચા ઉપસાવેલા અક્ષરોનું તીવ્ર સુડોળપણું કુંઠિત થવાથી તેમ જ અમુક ઠેકાણેથી અક્ષરોના અંશો પણ ખડી જવાથી લખાવટની મનોહરતામાં ફરક પડી ગયેલ છે.

લેખનો ભાવાર્થ આ પ્રમાણે છે : સુલતાન નાસિરુદુન્યા વદ્દીન અબુલ્મુન્નહિદ અહમદશાહના સમયમાં સુલેમાન સુત આદમ સુત બેકતર્સ જેનો ખિતાબ આઝમખાન હતો તેણે ગુમ્બદ (રોજો), મસ્જિદ અને વાવડી બંધાવી છે. લેખમાં હિજરી સનનું વર્ષ આંકડા કે શબ્દોમાં આપવામાં આવ્યું નથી પણ એક વાક્યાંશ પરથી અબ્જદ પદ્ધતિ પ્રમાણે હિ. સ. ૮૧૬ (ઈ.સ. ૧૪૧૩-૧૪) નીકળે છે.[1]

લેખનું ગુજરાતી પાઠાંતર તેમજ ભાષાંતર આ મુજબ છે :-

પાઠાંતર

૧ બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ.

૨ દર એહદે દવ્લતે ખુદાવન્દે આલમ બાદશાહે બની આદમ માલિકે

૩ રિકાબુલ્ઉમમ્ મૌલાએ મુલૂ કિલ્અરબે વલ્અજમ્ ફર્માન્દહે રૂયે ઝમીન્, ઝિલ્લુલ્લાહે

૪ ફીલ્આલમીન અલ્વાસિક બે તાઇદિર્રહ્માન નાસિરુદુન્યા વદ્દીન અબુલ્મુન્નહિદ અહમદશાહ

૫ બિન મુહમ્મદશાહ બિન મુઝફ્ફરશાહ અસ્સુલ્તાન ખલ્લદલ્લાહો મુલ્કહુ બિના કર્દે બન્દ એ ઉમ્મીદવાર બરહ્મતે પરવર્દિગાર બેકતર્સ

૬ બિન આદમ બિન સુલેમાન અલ્મારૂફ બ આઝમખાન ગુમ્બદ (વ) મસ્જિદ (વ) ચાહ. હરકે બ ઇન્ બરસદ બદુઆએ ઈમાન યાદ કુનદ. ફિરત્તારીખે નુસ્રતલ્લહી (?)

ભાષાંતર

૧ તે અલ્લાહના નામથી (શરૂ કરું છું) જે મહાન દયાળુ તેમ જ કૃપાવંત છે.


૨-૬ વિશ્વના પતિ, મનુષ્યગણના સમ્રાટ્, રાષ્ટ્રોના અધિપતિ, અરબ તેમ જ બિન-અરબ રાજ્યોના સર્વોપરી, પૃથ્વીતટના શાસક, સકળ બ્રહ્માંડમાં (જે) પરમેશ્વરની છાયા(રૂપ છે), કૃપાવંત (અલ્લાહ)ના સમર્થનમાં જેને પૂર્ણ વિશ્વાસ છે એવા નાસિરૂદ્દહ્વ્લત વદ્દીન (અર્થાત્ રાજ્ય અને ધર્મના સહાયક) અબુલ્મુન્નહિદ (અર્થાત્ પરાક્રમીના પિતા) મુઝફ્ફરશાહ સુત મુહમ્મદશાહ સુત અહમદશાહ સુલતાન—અલ્લાહ તેનું રાજ્ય અમર રાખે—ના રાજ્ય અમલમાં સુલેમાન સુત આદમસુત બેકતર્સ જે આઝમખાન (ના ઉપનામ)થી જાણીતો છે તેણે (આ) ગુમ્બદ (અર્થાત્ રોજો), મસ્જિદ (અને) વાવડી બંધાવી. જે કોઈ અહીં આવી પહોંચે તે

---

૧ એજન, નં. ૯૨માં હિ. સ. ૮૨૮ વર્ષ નોંધેલું તે ભૂલ છે.

મજબૂર બેકતર્સના) ઈમાન (અર્થાત્ ઈશ્વરમાં પરમ આસ્થા)ની પ્રાર્થના કરે. ' અલ્લાહની સહાયતાવાળા' વર્ષમાં (આ બન્યું).

ઉપર જોયા મુજબ લેખમાં વર્ષ શબ્દો કે આંકડાઓમાં દર્શાવવામાં આવેલ નથી ' ફીત્તારીખ ' એટલે કે ' ફલાણા વર્ષમાં ' સાધારણ રીતે ગુજરાતના શિલાલેખોમાં હિજરી સન શબ્દોમાં એટલે કે આટલા સો આટલા એ પ્રમાણે આપવામાં આવે છે. ઓછામાં ઓછા ચારપાંચ શબ્દસમૂહ જેટલી ' ફીત્તારીખ ' પછી પત્થર પર જડ્યા નથી. તેમ જ ત્યાં કોઈ



પણ આંકડો પણ નથી. ' નુસ્રત' શબ્દ બિલકુલ સ્પષ્ટ વંચાય છે. આ પછીનો ભાગ લગભગ સાવ ઘસાઈ ગયો હોવાથી તેની કાગળ પર લેવામાં આવેલી છાપમાં સારી રીતે ઊપસી આવેલો નથી, પરંતુ અત્યંત ધ્યાનપૂર્વક પત્થરના આ ભાગના લખાણને તપાસી ' નુસ્રતુલ્લહી ' એમ પાઠ હોવાના નિર્ણય પર હું આવ્યો છું. બીજા શબ્દોમાં ' નુસ્રતુલ્લહી ' અર્થાત્ અલ્લા(ની સહાયતાવાળા)

અરબી વાક્યાંશમાંથી લેખનું વર્ષ નીકળે એમ લખાણનો ઉદ્દેશ છે. અબ્જદ પદ્ધતિથી આ વાક્યાંશના દરેક અક્ષરની જે સંખ્યા નિયત થઈ છે તે સંખ્યાઓનો સરવાળો ૮૧૬ આવે છે તે હિજરી વર્ષ થયું. (હિ. સ. ૮૧૬=ઈ. સ. ૧૪૧૨-૧૪).[૧] વર્ષનિર્દેશની આ રીત જેને ફારસીમાં તારીખગોઈ (Science of Chronogram) કહેવામાં આવે છે તે હિંદના ફારસી લેખોમાં સારી એવી પ્રચલિત છે, પરંતુ ગુજરાતના પૂર્વમુઘલકાલીન લેખોમાં તેનો પ્રયોગ થયો હોવાનું જણાતું નથી. આ દૃષ્ટિએ આને ગુજરાતના લેખોમાં આ પ્રકારના વર્ષનિર્દેશનનો સર્વપ્રથમ પ્રયોગ કહી શકાય.

આમ પણ આ લેખ હિ. સ. ૮૧૬ (ઈ. સ. ૧૪૧૩-૧૪) પહેલાં કે હિ. સ. ૮૧૩ (ઈ. સ. ૧૪૧૧) પછી મુકાયેલો હોવો જોઈએ. આપણે નીચે જોઈશું તે પ્રમાણે બેકતર્સે હિ. સ. ૮૧૬માં સુલતાન અહમદશાહ સામે થયેલા બંડમાં ભાગ લીધો હતો તેથી તે પહેલાં મુકાયો હોવો જોઈએ. તેમ જ સુલતાન અહમદનું રાજ્યારોહણ હિ. સ. ૮૧૩ના ઉત્તરાર્ધમાં થયું હોવાથી તે પછી મુકાયો હોવો જોઈએ. એટલે હિ. સ. ૮૧૩ (ઈ. સ. ૧૪૧૧) અને હિ. સ. ૮૧૬ (ઈ. સ. ૧૪૧૩-૧૪)ના ગાળામાં જ આ લેખ મુકાયો તે તો નિશ્ચિત છે.[૨]

લેખમાં જણાવ્યા મુજબ બેકતર્સ એ આદમનો પુત્ર અને સુલેમાનનો પૌત્ર હતો તેમ જ તેનો ખિતાબ આઝમખાન હતો. આ પિતા-પુત્રના નામ તેમ જ તેમના ઉલ્લેખમાં ઇતિહાસગ્રન્થોમાં જે ગોટાળો થયો છે તેની ચર્ચા પછીથી કરીશું. બેકતર્સ વડોદરાનો નાયબ સૂબો હતો તેનો સ્પષ્ટ ઉલ્લેખ ગુજરાતના ઇતિહાસ મિર્આતે સિકંદરીમાં નહિ પણ મિર્આતે સિકંદરીના કર્તાના સમકાલીન મુઘલ સમ્રાટ અકબરના સમયમાં ગુજરાતના બક્ષી તરીકે નિમાયેલા નિઝામુદ્દીન અહમદના "તબકાતે અકબરી"માં છે. તબકાતના આ વિધાનને આપણા લેખ પરથી પુષ્ટિ મળે છે. બેકતર્સે પોતાના પિતાના અવસાન કે નિવૃત્તિ પછી વડોદરાની નાયબ સૂબાગીરી પ્રાપ્ત કરી હોય તેમ જણાય છે. લક્ષ્મીવિલાસ રાજ્યમહેલમાં આવેલી નવલખી વાવના લેખમાં હિ. સ. ૮૦૭ (ઈ. સ. ૧૪૦૫)માં વડોદરાના નાયબ સૂબા તરીકે મલિકુશ્શર્ક આદમ બિન સુલેમાન હોવાનો ઉલ્લેખ છે.[૩] આ મલિકુશ્શર્ક બેકતર્સનો પિતા આદમ. તેનું મૃત્યુ કયારે થયું તે જાણમાં નથી. સુલતાન અહમદ ૧૦ જાન્યુઆરી ૧૪૧૧ના રોજ રાજગાદીએ બેઠો તે પછી તરત જ તેના કાકાઓએ બંડ કર્યું અને તેને ગાદી પરથી ઊઠાડી મૂકવા જે અસફળ પ્રયાસ કર્યો તેને શમાવવા સુલતાન તરફથી જે અમીરો મોકલવામાં આવ્યા હતા તે

---

૧ અબ્જદ એ અરબી મૂળાક્ષરના નિમ્નલિખિત પ્રાચીન ક્રમના પહેલા ચાર અક્ષરો છે: ا, ب, ج, د, ه, و, ز, ح, ط, ي, ك. ل, م, ن, س, ع, ف, ص, ق, ر, ش, ت, ث, خ, ذ, ض, ظ, غ. આ અક્ષરોની સંખ્યા અનુક્રમે ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૨૦, ૩૦, ૪૦, ૫૦, ૬૦, ૭૦, ૮૦, ૯૦, ૧૦૦; ૨૦૦, ૩૦૦, ૪૦૦, ૫૦૦, ૬૦૦, ૭૦૦, ૮૦૦, ૯૦૦ અને ૧૦૦૦ છે.

૨ આ બાબતને બાજુમાં જ આવેલી બે તક્તીઓવાળા લેખમાં આપેલા વર્ષ—હિ. સં. ૮૧૪ પરથી પૂર્તિ મળે છે. બંનેની લખાણશૈલી એક છે પરંતુ બે જુદા હાથે લખાયેલ છે.

૩ આ લેખ માટે જુઓ એપિગ્રાફિયા ઈન્ડોમોસ્લેમિકા, ૧૯૩૯-૪૦, પૃ. ૨-૩; ડૉ. એમ. એ. અધતાઈ, મુસ્લિમ મોન્યુમેન્ટસ ઑફ અમદાવાદ, પૃ. ૩૧.

તારીખે ફિરિસ્તાની પ્રકાશિત પ્રત મુજબ આદમ ભંકર (ભંકર=બેકતર્સ)[૪] અને મિર્આતે સિકંદરીની છેલ્લી આવૃત્તિ મુજબ ભીકન (=બેકતર્સ) અને આદમ[૫] હતા. તે પછી હિ. સ. ૮૧૬માં મલિક ભીકન (=બેકતર્સ) આદમે[૬] બીજા અમીરો સાથે મળી સુલતાન સામે બંડ કર્યું પણ તેમાં તેમને સફળતા મળી નહિ અને તેઓ નાસી છૂટ્યા.[૭] આ પછી તેમના વિષે કંઈ સાંભળવામાં આવતું નથી.

તબકાતે અકબરીમાં બેકતર્સ વિષે મિર્આતે સિકંદરી કરતાં સહેજ વિસ્તારપૂર્વક માહિતી મળે છે. એના લેખકના કથનાનુસાર બેકતર્સ સુલતાન મુઝફ્ફરશાહના રાજ્યકાળમાં જ એટલે કે હિ. સ. ૮૧૦ અને ૮૧૩ દરમ્યાન વડોદરાનો નાયબ સુબો હતો. શરૂઆતથી જ સુલતાન અહમદને બેકતર્સ તરફ અનુરાગ હતો. પણ હિ. સ. ૮૧૩માં તેના કાકાઓએ કરેલા બંડ પછી વંતજ (દહેજ ?) ખાતે તે સુલતાનને તાબે થયો ત્યારે સુલતાનની ઇતરાજી સહેજ શમી. વળી પાછું હિ. સ. ૮૧૬માં તેણે બીજા અમીરો સાથે મળી બંડ કર્યું, પણ તેમાં તેઓ અસફળ રહ્યા અને તેમને નાસી જવું પડ્યું. તબકાત પ્રમાણે બેકતર્સે સુલતાન વિરોધી બંને બંડોમાં ભાગ લીધો હતો જ્યારે મિર્આતે સિકંદરી તથા તારીખે ફિરિસ્તા મુજબ બેકતર્સ પહેલા બંડસમયે સુલતાનના પક્ષે હતો અને બીજા બંડમાં વિરોધી.[૮] મને પોતાને તબકાતે અકબરીમાં જણાવેલી વાત વધુ વિશ્વસનીય લાગે છે.

અહીં એક બીજી સામાન્ય રીતે જોવામાં આવતી ભૂલની પણ ચર્ચા કરી લઈએ. આ ભૂલ બદકે ગોટાળો મિર્આતે સિકંદરીમાં બેકતર્સના આવેલા ઉલ્લેખ પરથી થયો છે. મિર્આતમાં ભીકન (=બેકતર્સ) અને આદમ એમ નોંધ્યું છે અર્થાત્ ભીકન (બેકતર્સ) અને આદમ બે જુદા જુદા અમીરો. પણ ખરી રીતે તો એ બનાવમાં જે સંડોવાયેલ હતો તે એક જ અમીર હતો. બેકતર્સ આદમ એટલે આદમનો પુત્ર બેકતર્સ. લહિયાઓ એ બંને વચ્ચે ભૂલથી 'વાવ' એટલે કે 'વ' (અર્થાત્ અને) લખવાથી આ ગોટાળો ઊભો થવા પામ્યો છે. તારીખે ફિરિસ્તા અને તબકાતે અકબરી ઉપરાંત તારીખે મહમૂદશાહીની હસ્તલિખિત પ્રત (સીતામઉના મહારાજકુમાર રઘુવીરસિંહના પુસ્તકાલયની ફોટો કૉપી)માં પણ ભીકન (=બેકતર્સ) આદમ છે.[૯] આશ્ચર્યની વાત એ છે કે આધુનિક ઇતિહાસકારોએ પણ આ બાબત પૂરી ચોકસાઈ કર્યા

---

૪ તારીખે ફિરિસ્તા, ભાગ ૨, (કાનપુર, ૧૮૮૪), પૃ. ૧૮૨-૧૮૪.

૫ મિર્આતે સિકંદરી (વડોદરા, ૧૯૬૧) પૃ. ૩૦, ૪૦, ડૉ. એસ. સી. મિશ્રા પણ પોતાના 'ગુજરાતમાં મુસ્લિમ સત્તાનો ઉદય' નામના અંગ્રેજી પુસ્તક (મુંબઈ, ૧૯૬૩)ના પૃ. ૧૬૮ પર આ બંને નામો આપે છે.

૬ તારીખે ફિરિસ્તામાં આદમ ભંકર (=બેકતર્સ) છે જે ભંકર (બેકતર્સ) આદમને બદલે લહિયાઓએ ભૂલથી લખ્યું હોય તેમ લાગે છે.

૭ મિર્આતે સિકંદરી પૃ. ૪૦ પર એનું નામ મલિક સુલેમાન આગમખાન આપ્યું છે. લહિયાઓ સુલેમાન પહેલાં બેકતર્સ આદમ લખવું ભૂલી ગયા હોય તેમ જણાય છે.

૮ તબકાતે અકબરી (કલકત્તા, ૧૯૩૫), પૃ. ૯૭, ૧૦૦.

૯ ફિરિસ્તામાં લહિયાઓએ ઉપર જણાવ્યું તેમ, ઊલટફેરથી આ નામ લખ્યું છે.

વિના આ ભૂલને ચલાવી લીધી છે. ડૉ. સતીશચન્દ્ર મિશ્રાએ પણ ભીકન અને આદમ એમ બે જુદા અમીરો તરીકે ઉલ્લેખ કર્યો છે.[૧૦] સર ઈ. સી. બેઈલી મિર્આતે સિકંદરીનું અંગ્રેજી ભાષાન્તર કરતી વખતે આ ગોટાળા પ્રત્યે સતર્ક હતા.[૧૧] પરંતુ તેમને મિર્આતે સિકંદરીની હસ્તલિખિત પ્રત પર આધાર રાખવો પડ્યો હોઈ તેઓ કોઈ નિશ્ચય પર ન આવી શકયા.

બીજો એક ગોટાળો જે પીરઘોડાવાળા લેખથી દૂર થાય છે તે આ નાયબ સુબાના નામનો છે. આ લેખ પરથી તેનું ખરું નામ નિશ્ચિત થાય છે તે કંઈ ઓછું મહત્ત્વનું નથી. પ્રાચીન ઇતિહાસ ગ્રન્થોમાં અને તેમના અનુસરણમાં અર્વાચીન પુસ્તકોમાં પણ આ નામનાં જે વિવિધ સ્વરૂપો જોવામાં આવે છે તે આ છે. ભીકન, બીકન અને ભન્કર. જ્યારે ખરું નામ લેખમાં લખાયા પ્રમાણે બેકતર્સ છે જે તુર્કીભાષાનો શબ્દ છે. બેકતર્સ નામ પ્રમાણમાં ઘણું અસામાન્ય છે અને ઠીક ઠીક એવા શિક્ષિત લોકોને પણ એના વિષે ખ્યાલ નથી તો પછી સાધારણ શિક્ષા પામેલા લહિયાઓનું તો શું પૂછવું ? ઉપર્યુક્ત ફારસી ઇતિહાસગ્રન્થોમાં મૂળ નામ બેકતર્સ લખાયું હશે પરંતુ અરબી લિપિની અમુક વિશિષ્ટતાઓને લઈને અમુક લહિયાઓએ બીકન, અમુકે ભીકન અને અમુકે ભન્કર લખ્યું. અરબી લિપિમાં બીકન, ભીકન અને ભન્કરને બેકતર્સ સાથે લખી જોવાથી સહેજે પણ ખ્યાલ આવી જશે કે આ જાતની ભૂલ થઈ જાય. લેખમાં બેકતર્સ નામ સ્પષ્ટ રીતે લખ્યું છે તેમ જ તેના પિતા તથા પિતામહનું નામ પણ સ્પષ્ટ હોવાથી બેકતર્સ અને ભીકન બીકન, કે ભન્કર જેવા વિવિધ રૂપે લખાયેલો નામધારી પુરુષ એક જ વ્યક્તિ છે તે વિષે કશો સંદેહ રહેતો નથી. એટલે સુલતાન અહમદના સમયના વડોદરાના નાયબ સુબાનું નામ બેકતર્સ હતું તે નિર્વિવાદ રીતે પુરવાર થાય છે.

આમ આ લેખ આ બે ગોટાળાઓ દૂર કરવામાં સહાયભૂત બને છે. એ ઉપરાંત પીર-ઘોડાના સ્થાનનો સમય પણ આ લેખ પરથી નિશ્ચિત થાય છે. લેખમાં જે ગુમ્બદ બનાવવાનો ઉલ્લેખ છે તે અત્યારે પીરઘોડાના રોજા તરીકે ઓળખાતો રોજો છે તે દેખીતું છે. આ રોજો કોઈ સંત પુરુષનો છે કે બીજા કોઈ ઉમરાવનો તે વિષે લેખમાં કશો ઉલ્લેખ ન હોવાથી કંઈ કહી શકાય તેમ નથી. તત્કાલીન ગ્રન્થોમાં પણ આ બાબત કંઈ નિશ્ચયાત્મક માહિતી મળતી નથી. પરંતુ એટલું તો નિર્વિવાદ છે કે પીરઘોડાનું સ્થાન પંદરમી સદીના બીજા દસકાની શરૂઆતમાં બંધાયું હતું અને આ સ્થાન પીરઘોડાનું છે તેમ માની લઈએ તો એ નામના સંત મોડામાં મોડા ઈ. સ. ૧૪૧૩-૧૪માં કે એથી સહેજ પહેલાં મૃત્યુ પામેલા હોવા જોઈએ. પીરઘોડાના રોજાવાળી જગ્યા તે સમયના વડોદરા શહેરની સીમાનું નિર્દેશન કરવામાં પણ સહાયભૂત થાય એમ છે.

---

૧૦ ગુજરાતમાં મુસ્લિમ સત્તાનો ઉદય, પૃ. ૧૬૮.

૧૧ સર ઈ. સી. બેઈલી, ગુજરાત (લંડન ૧૮૮૬), પૃ. ૮૮ અને પાદટિપ્પણી.

ગત સો વર્ષનું ગુજરાતી ચરિત્રસાહિત્ય

ઉપેન્દ્ર ર. ભટ્ટ

જીવનચરિત્ર

પ્રાસ્તાવિક

૧ ગુજરાતી સાહિત્યમાં ચરિત્રનો એટલે કે જીવનકથા અને આત્મકથાનો સ્વતંત્ર સાહિત્યપ્રકાર-રૂપે ઉદ્‌ભવ અને વિકાસ અંગ્રેજી કેળવણીના આનુષંગિક લાભરૂપે, નિબંધ, નાટક, નવલકથા, નવલિકા જેવા સાહિત્યપ્રકારોની જેમ અને સાથે સાથે, અર્વાચીન યુગમાં જ થયો છે.

૨ વેદકાળથી મધ્યકાળ સુધીના બ્રાહ્મણ, બૌદ્ધ, જૈન અને ગુજરાતી સાહિત્યની, ચરિત્રનો અંશ જેમાં હોય તેવી, કૃતિઓમાં ઇતિહાસના ઓછાવત્તા અંશો, કલ્પિત કથાનકો અને દંતકથાઓ સહિત છૂટક છૂટક વ્યક્તિઓના જીવનના મહત્ત્વના પ્રસંગોનાં સંક્ષેપમાં કે વિસ્તારથી યથાર્થ કે અતિશયોક્તિભર્યાં અને અદ્‌ભુત-રસ-પ્રધાન આલેખન થયાં છે. ઇતિહાસની પરંપરા સાચવવાની દૃષ્ટિએ મહત્ત્વની હોવા છતાં એ કૃતિઓમાંની બહુ ઓછીમાં સાચા ઇતિહાસનું કે કોઈ વાર લોકોત્તર વ્યક્તિની જીવન-ઘટનાઓનું ક્રમબદ્ધ આલેખન થયું છે. પ્રાચીન તથા મધ્યકાલીન ભારતીય સાહિત્ય વિપુલ પ્રમાણમાં હોવા છતાં તેમાં શુદ્ધ ચરિત્રલેખનની દૃષ્ટિએ બહુ કસ કે કલા નથી.

વિશેષતાઓ :

૩ ચરિત્રસાહિત્યના આ અભાવનું મુખ્ય કારણ ભારતીય પ્રજાની ઇતિહાસ પ્રત્યેની ઉદાસીનતા અને પારલૌકિક જીવનદૃષ્ટિ છે. આ પૃથ્વી પરની ક્ષણિક જીવનલીલા ભારતવાસીઓને નોંધપાત્ર લાગતી નહિ; એમને આકર્ષતા માત્ર અવતારો, ભક્તો-સંતો અને જ્ઞાનીઓ. એટલે તો મધ્યકાળમાં ધર્મ-પુરુષોનાં-ભક્ત-સંતોનાં જ ચરિત્રો લખાયાં. એમની જીવનકથાઓનાં એમના સાચા માનવીય વ્યવહારોનાં આલેખન કલ્પનાભર્યાં, અતિશયોક્તિમય અને અદ્‌ભુત-રસ-પ્રધાન વિશેષ પ્રમાણમાં થતાં. અંગ્રેજો દ્વારા પશ્ચિમની સંસ્કૃતિના સંપર્ક પછી ભારતવાસીઓની દૃષ્ટિમાં ઐહિકતા પ્રવેશી ત્યારે ભૌતિક જીવનમાં સફળ બનેલ વ્યક્તિ-વિશેષો એમને મહત્ત્વના દેખાયા.

૪ જીવનચરિત્ર-લેખનનાં પ્રેરક તત્ત્વો મનુષ્ય-સ્વભાવમાં રહેલી વિભૂતિ-પૂજનની સ્વાભાવિક ભાવના, માનવજીવન પ્રત્યેનું આકર્ષણ, અન્યના જીવન-અનુભવમાંથી બોધ લેવાની વૃત્તિ, સ્વજનો પ્રત્યેનો સ્નેહ-આદર વગેરે છે.

૫ નિબંધ, નાટક, નવલકથા, નવલિકા, એકાંકી વગેરે સાહિત્ય-સ્વરૂપોથી જીવનકથાનો પ્રકાર જુદી જાતનો છે. આગળ જણાવેલા સાહિત્યપ્રકારોમાં કલ્પિત માનવીઓની સંસારલીલાનું

નિરૂપણ થતું હોય છે, જ્યારે જીવનચરિત્રમાં સાચાં, અમુક સ્થળકાળમાં જીવી ગયેલાં ચોક્કસ માનવીઓની જીવનલીલાનું નિરૂપણ કરવામાં આવે છે. આત્મકથા પણ જીવનકથાનો જ પ્રકાર હોવાથી એમાં પણ જીવન કશા આડપડદા વિના એના વાસ્તવિક રૂપમાં રજૂ થાય છે.

૬ જીવનચરિત્રને અને ઇતિહાસને પરસ્પર સંબંધ હોવા છતાં બંનેનું કાર્યક્ષેત્ર અલગ છે. જીવનચરિત્રમાં ઇતિહાસનું સત્ય શુષ્ક સ્વરૂપે પ્રગટ ન થતાં સર્જનાત્મક સાહિત્યસ્વરૂપ પામી ખડું થાય છે. જીવનચરિત્ર પ્રથમ વિજ્ઞાન છે અને પછી કલા. ચરિત્રકારનું કામ પ્રામાણિક સંશોધન પૂરતું વૈજ્ઞાનિકના કાર્ય જેવું છે. ચરિત્રકારે માનવ-આત્માના ઇતિહાસને વિશ્વસનીયતા-પૂર્વક નિરૂપવાનો હોય છે; એમાં એને સર્જક કલ્પનાનો આશ્રય લેવો પડે છે એટલે ચરિત્રને કલા પણ કહેવું પડે.

૭ ચરિત્રકારે ચરિત્રનાયકના વ્યક્તિત્વનું, એના આંતર-બાહ્ય વિકાસનું, એના સમયની પશ્ચાદ્‌ભૂમિકા ઉપર ચિત્રણ કરી, એને ગુણ-દોષ સહિત રજૂ કરી, એનાં પ્રેરક બળ, એનું જીવનકાર્ય, અને એના જીવનની સફળતા કે નિષ્ફળતાની સમાલોચના કરવાની હોય છે. આ કાર્ય અતિશય મુશ્કેલ છે. પરિશ્રમ, વૈજ્ઞાનિક ચોકસાઈ, વિવેકબુદ્ધિ, પ્રમાણભૂત સામગ્રીનું તટસ્થતાપૂર્વક સંપાદન, સમભાવ અને કલાનો વિરલ સંયોગ એ માગી લે છે.

૮ ચરિત્ર-ગ્રન્થોનું વાચન મનુષ્યને એની આત્મશક્તિનું ભાન કરાવે છે, એનામાં મહત્ત્વાકાંક્ષા અને શ્રદ્ધા પ્રેરે છે. એને નિયત–નસીબ તેમ જ કાળની શક્તિ પણ સમજાવે છે, પણ જો ચરિત્રકાર કેવળ પ્રત્યક્ષ નીતિબોધ આપે તો ચરિત્રની કલાત્મક બાજુ ઘવાય છે.

વિકાસ

સુધારકયુગ : (૧૮૪૩–'૮૬)

૯ નર્મદે સાહિત્યની ઘણી બાબતોમાં તેમ ચરિત્રની બાબતમાં પણ પહેલ કરી હતી. કેવળ સમયની દૃષ્ટિએ જોઈએ તો અણજાણપણે ચરિત્રલેખનનો આરંભ દુર્ગારામ મંછારામ મહેતાજીએ પોતાના અનુભવોની નોંધ રોજનીશીરૂપે લખીને તા. ૨૭, જાન્યુઆરી ૧૮૪૩થી કર્યો હતો. આપણા દેશમાં જીવનચરિત્ર લખવાનાં રસ અને કૌશલનો અભાવ છે એવી ફરિયાદ કરતાં એ ઊણપ દૂર કરવા સમજપૂર્વક નર્મદે સને ૧૮૬૫માં 'કવિચરિત્ર' અને ૧૮૭૦માં 'મહા-પુરુષોનાં ચરિત્ર' નામે ટૂંકી ચરિત્રરેખાઓ રચી. એટલે દુર્ગારામ તથા નર્મદથી જ ગુજરાતી ચરિત્રસાહિત્યનો આરંભ ગણવો પડે.

૧૦ ગુણ અને દોષ બંને બતાવવાનો ચરિત્રકારનો ધર્મ નર્મદે સમજે છે અને પાળે છે; પણ સુરુચિભંગ અને વિવેકદૃષ્ટિનો અભાવ નર્મદની મર્યાદાઓ છે. 'કવિચરિત્ર' કરતાં 'મહાપુરુષોનાં ચરિત્ર'માં નર્મદની ભાષા કંઈક વધારે સંસ્કારશુદ્ધ બને છે. નર્મદ પછી મનઃ-સુખરામ સૂર્યરામ ત્રિપાઠીએ પહેલું સળંગ ચરિત્રપુસ્તક 'ફાર્બસ જીવનચરિત્ર' (૧૮૬૯) પ્રમાણમાં કંઈક ઓછી ભારેખમ સંસ્કૃત ભાષામય શૈલીમાં રચી, ચરિત્રલેખનના શરૂ થયેલા પ્રવાહને આગળ વધાર્યો. આ પછી મહીપતરામ નીલકંઠે 'કરસનદાસ મૂળજી ચરિત્ર' (૧૮૭૭), 'મહેતાજી દુર્ગારામ મંછારામ ચરિત્ર' (૧૮૭૯) અને પોતાનાં પત્નીનું જીવનચરિત્ર 'પાર્વતી-

કુંવર આખ્યાન ' (૧૮૮૧) ગદ્યમાં લખી ચરિત્રલેખનની પ્રવૃત્તિને વેગ આપ્યો તેમજ પ્રતિષ્ઠિત સાહિત્યસ્વરૂપ તરીકે ચરિત્રને ગણનાપાત્ર સ્થાન આપ્યું.

૧૧ આ સુધારકયુગના ચરિત્રકારો સંશોધનની ચીવટ રાખે છે અને ચરિત્રનાયકના જીવનકાર્ય વિશે વિગતે માહિતી આપે છે. આ યુગનાં ચરિત્રોમાં ચરિત્રનાયકના વ્યક્તિત્વનું સમગ્રાવલોકન મળતું નથી. એટલે વાચકો જેમ્સ ફ્રેાર્બસને પ્રજાહિતેચ્છુ સરકારી અમલદારરૂપે કે દુર્ગારામ મહેતાજી તથા કરસનદાસ મૂળજીને સમાજસુધારક રૂપે જ જુએ છે. આ પ્રકારનું ચરિત્રનિરૂપણ નાયકના જીવનનું માત્ર આંશિક ચિત્ર આપે છે; તેના જીવનના સૌથી મહત્ત્વના અંગ તેના કુટુંબજીવનનું અથવા માનવમૂર્તિરૂપે તેનું ચિત્ર મળતું નથી.

૧૨ આ યુગના ચરિત્રકારોની ભાષા એકંદરે સરળ સાદી અને ઘરગથ્થુ છે. એકબે અતિ ગૌણ પારસી લેખકો પારસી ગુજરાતી ભાષામાં લખે છે. આ બધાં ચરિત્રો મુખ્યત્વે માહિતીપ્રધાન છે; કલાત્મક સાહિત્યકૃતિ તરીકે એમનું મૂલ્ય બહુ અલ્પ છે. ચરિત્રસાહિત્યના પ્રારંભકાળની એ કૃતિઓ હોઈ અપરિપકવ પરિસ્થિતિની ક્ષતિઓ તેમાં હોય એ સ્વાભાવિક છે.

સાક્ષરયુગ : (૧૮૮૬–૧૯૨૦)

૧૩ નર્મદના અવસાન સાથે ઈ. સ. ૧૮૮૬માં સુધારકયુગ પૂરો થયો અને ઈ.સ. ૧૮૮૭માં ' સરસ્વતીચંદ્ર 'ના પ્રથમ ભાગના પ્રકાશન સાથે સાક્ષરયુગની શરૂઆત થઈ. અંગ્રેજી કેળવણીના આરંભ પછી ઈ.સ. ૧૮૫૭માં મુંબઈ, મદ્રાસ અને કલકત્તા યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી યુનિવર્સિટી શિક્ષણ લેતાં અંગ્રેજી, સંસ્કૃત અને ફારસી ભાષા સાહિત્યના સંપર્કમાં આવેલા ગ્રેજ્યુએટ જીવનમાં ગોઠવાઈ સાહિત્યપ્રવૃત્તિ કરવા લાગ્યા તેથી સાહિત્યને પોષણ અને બળ મળવા લાગ્યાં. અંગ્રેજી કેળવણી પામતાં મનુષ્યોનો દૃષ્ટિફલક વિસ્તરવા લાગ્યો. સને ૧૮૮૫માં કૅ.ગ્રેસનું– ' હિન્દી રાષ્ટ્રીય મહાસભાનું પ્રથમ અધિવેશન મુંબઈમાં મળ્યું ત્યારથી પ્રજામાં નવી જાગૃતિ આવી, સ્વદેશની ઉન્નતિની ભાવના વિકસવા લાગી અને જીવન તેમજ સાહિત્યમાં સર્વ ક્ષેત્રે ઝડપી પ્રગતિનાં ચિહ્ન જણાવા લાગ્યાં. એટલે ચરિત્રકારોનું ધ્યાન પણ જીવનનાં વિધવિધ ક્ષેત્રે મહત્ત્વનું કાર્ય કરી નામના રળી જનાર વ્યક્તિઓ પ્રત્યે દોરાયું. આને પરિણામે ચરિત્રનાયકની પસંદગીનું ક્ષેત્ર પણ વિશાળ બનવા લાગ્યું.

૧૪ સાક્ષરયુગના ચરિત્રકારોએ મુખ્યત્વે સમકાલીન સમાજસુધારકો, સાહિત્યકારો, કૌટુંબિક વ્યક્તિઓ, રાજકર્તાઓ, દીવાનો, ધનપતિઓ, નામાંકિત વૈદ્યો, સ્વદેશસેવકો લોકસેવકો, કેળવણીકારો અને સ્ત્રીઓ વગેરેનાં જીવનનો પરિચય કરાવ્યો છે. પારસીઓએ પણ પોતાનાં નગર, કોમ અને બીજાં ક્ષેત્રોમાં પણ કામ કરનારાં સ્ત્રીપુરુષોનાં ચરિત્ર લખી પ્રગટ કર્યાં છે.

૧૫ નવલરામ પંડ્યારચિત નર્મદચરિત્ર ' કવિજીવન ' (૧૮૮૭) સુધારકયુગને સાક્ષરયુગ સાથે જોડતી સુવર્ણ કડી છે. નવલરામે નર્મદનું વ્યક્તિત્વ આલેખતાં વર્ણનની વિશેષ સહાય લીધી છે. મિત્રભાવે યશાંજલિ આપવા જતાં નવલરામે તટસ્થતા ગુમાવી છે. જો કે, નર્મદની સાહિત્યસેવાનું યોગ્ય મૂલ્યાંકન તેમણે કર્યું છે. એકંદરે નર્મદના જીવનના ચરિત્રાત્મક સ્વાધ્યાય તરીકે ' કવિજીવન ' મહામૂલું છે.

૧૬ સાક્ષરયુગના ચરિત્રસાહિત્યમાં મહત્ત્વનું પ્રદાન એ યુગના શ્રેષ્ઠ સાહિત્યકાર અને પંડિતપ્રવર ગોવર્ધનરામ મા. ત્રિપાઠીનું છે. એમણે બે ચરિત્રો લખ્યાં છે. (૧) 'નવલરામ લક્ષ્મીરામની જીવનકથા' [૧૮૯૧] અને (૨) 'લીલાવતી જીવનકલા' [૧૯૦૫]. 'નવલરામ લક્ષ્મીરામની જીવનકથા' નવલરામનું મનુષ્ય, શિક્ષક, સાહિત્યકાર અને સમાજસુધારકરૂપે દર્શન કરાવે છે; તેમના માનસિક તેમ જ સાહિત્યિક વિકાસનો ક્રમિક ઇતિહાસ આલેખે છે, અને તેમનાં વ્યક્તિત્વ અને વાઙ્મયની સમીક્ષા પણ કરે છે. નવલરામના સાહિત્યનું મૂલ્યાંકન કરવામાં ગોવર્ધનરામ સંપૂર્ણ સફળ નીવડ્યા છે એમ કહી શકાય નહિ. બલ્કે નવલરામના 'કવિજીવન'માં છે તેવી અને તેટલી નિરૂપણની વિશેષતા પણ ગોવર્ધનરામમાં દેખાતી નથી.

૧૭ ગોવર્ધનરામે 'લીલાવતી જીવનકલા'માં તેમની સૌથી મોટી પુત્રી લીલાવતીના વ્યક્તિત્વનું પિતાપુત્રી સંબંધી જાણી શકે તેટલું જ ચિત્ર દોર્યું છે. કૌટુંબિક ચરિત્રોની આ એક મર્યાદા ગણી શકાય. લીલાવતીના સંસ્કારદેહના ચિત્ર સાથે તે સમયના ગુજરાતના સ્ત્રી-જીવનનું યથાર્થ ચિત્ર પણ ગોવર્ધનરામે આપ્યું છે. આ કૃતિનું આયોજન શિથિલ છે. લીલાવતીની ગુણપ્રશસ્તિ કરતાં દાર્શનિક અને શિક્ષણવિષયક ચિંતનનો અતિરેક આ ચરિત્રની સુવાચ્યતા હરી લે છે.

૧૮ ગોવર્ધનરામના ભાણેજ ડૉ. કાન્તિલાલ છગનલાલ પંડ્યાકૃત 'શ્રીયુત ગોવર્ધનરામ' સાક્ષરયુગની ગણનાપાત્ર કૃતિ છે. ગોવર્ધનરામના બાહ્ય અને આંતર જીવનનું વિગતપૂર્ણ ચિત્ર આપી કાન્તિલાલે ગોવર્ધનરામનો વ્યક્તિવિકાસ સફળતાથી દર્શાવ્યો છે, અને ગોવર્ધનરામના જીવનકાર્યનું મૂલ્યાંકન કર્યું છે. કાન્તિલાલ પંડ્યાએ આપેલું ગોવર્ધનરામનું ચિત્ર ગુણૈકદર્શી છે. શૈલીની શિષ્ટતા, પ્રૌઢતા અને વિશદતા તથા નર્મમર્મનું યથોચિત ગુંફન આ ગ્રન્થને મનોહર બનાવે છે. સને ૧૯૧૦ સુધીમાં રચાયેલાં ચરિત્રોમાં 'શ્રીયુત ગોવર્ધનરામ' ગુણવત્તાની દૃષ્ટિએ પ્રથમ મુકાવાને પાત્ર છે. વિક્ટોરિયન પદ્ધતિએ રચાયેલું આ પ્રથમ શિષ્ટ ચરિત્ર છે અને ગુજરાતી ચરિત્રસાહિત્યના વિકાસનું એક સ્મરણીય સીમાચિહ્ન બની રહે છે.

૧૯ વિનાયક મહેતાએ લખેલું તેમના પિતાનું ચરિત્ર 'નંદશંકર જીવનચરિત્ર' (૧૯૧૬) તત્કાલીન યુગનું હૂબહૂ ચિત્ર આપે છે, પણ એ તો ચરિત્રનાયકના વ્યક્તિત્વ-નિરૂપણને ભોગે! બળવંતરાય ક. ઠાકોર-કૃત ચિંતનાત્મક ચરિત્રનિબંધ 'અંબાલાલભાઈ' (૧૯૧૮) સાક્ષરયુગની છેલ્લી ગણનાપાત્ર કૃતિ છે, અને અંબાલાલ સાકરલાલ દેસાઈના સૂક્ષ્મદેહને સમજવા માટે અતિ કીમતી સાધન છે. શંકરપ્રસાદ છ. રાવળે 'ભક્તકવિ દયારામનું જીવનચરિત્ર' (૧૯૨૦)માં ભક્તિભાવે દયારામના જીવન અને કવનનો પર્યાપ્ત પરિચય કરાવ્યો છે..

૨૦ સાક્ષરયુગમાં આ સિવાયની કેટલીક સાહિત્યિક નહિ, પણ માહિતીપ્રધાન ચરિત્ર-કૃતિઓમાં 'સયાજી સાહિત્યમાલા'નાં ચરિત્રગુચ્છનાં અને 'સયાજી બાલજ્ઞાનમાળા'નાં ઇતિહાસ-વિષયક ચરિત્રગુચ્છની શ્રેણીનાં પુસ્તકો મુખ્ય છે. આ કૃતિઓમાં ચરિત્રનાયકના જીવન અને કાર્યનો પરિચય છે, પણ એનું મૂલ્યાંકન નથી. આ ઉપરાંત વ્યક્તિવિશેષોના પરિચયો આપતી જીવનરેખાઓના સંગ્રહો લખવાનું પણ સાક્ષરયુગથી શરૂ થાય છે; પણ આવા સંગ્રહોનું કોઈ સાહિત્યિક મૂલ્ય નથી.

૨૧ કલાવિકાસની દૃષ્ટિએ સાક્ષરયુગમાં ચરિત્રકાર ચરિત્રનાયકના જીવનકાર્ય ઉપરાંત એનું અંગત જીવન પણ આલેખે છે; અને એને કેવળ સમાજસુધારક કે સાહિત્યકાર અથવા કેળવણીકાર-રૂપે ન જોતાં એને માનવરૂપે નીરખી એના જીવનનાં વિવિધ અંગોનું દર્શન કરાવવા તરફ પગલાં માંડે છે. ચરિત્રનાયકનું જીવનચિત્ર એના જ જમાનાની પશ્ચાદ્‌ભૂમિ ઉપર આલેખવાથી એમાં વિશેષ વાસ્તવિકતા આવે એ પણ સાક્ષરયુગમાં સમજાતું ગયું છે. 'નવલરામ લક્ષ્મીરામની જીવનકલા' જેવો ચરિત્રાત્મક અભ્યાસગ્રંથ 'લીલાવતી જીવનકલા' તથા 'શ્રીયુત ગોવર્ધનરામ' જેવી સુંદર વ્યક્તિચિત્ર આપતી કૃતિઓ, અને સરસ યુગચિત્ર આપતું 'નંદશંકર જીવનચિત્ર' સાક્ષરયુગની ખાસ સિદ્ધિઓ છે. ચરિત્રનો આદર્શ બની શકે એવી કૃતિઓ આપી સાક્ષરયુગે ગુજરાતી ચરિત્રસાહિત્યને ધીમે ધીમે સમૃદ્ધ કર્યું છે.

ગાંધીયુગ અને તે પછી...(૧૯૨૧–'૭૦)

૨૨ ગાંધીયુગનું અને સ્વાતંત્ર્યોત્તર સમયનું ચરિત્રસાહિત્ય વિપુલતા, વિવિધતા અને વિકાસ ઠીકઠીક પ્રમાણમાં બતાવે છે. સુધારકયુગ અને સાક્ષર-યુગમાં બનતું હતું તેમ ગાંધીયુગના અને તે પછીના ચરિત્રકારોને સમાજસુધારકો કે દેશી રાજ્યોના દીવાનો ખાસ આકર્ષી શકતા નથી. પશ્ચિમની કેળવણીએ તેમજ સુધારાએ, આંતરરાષ્ટ્રીય રાજકારણી પરિસ્થિતિએ, અને વિજ્ઞાનની શોધોએ આ યુગના ચરિત્રલેખકની દૃષ્ટિમર્યાદા વિસ્તારી છે એટલું જ નહિ, પણ એની મૂલ્યોની સમજમાં પણ ઘણું મોટું પરિવર્તન કર્યું છે. એટલે વિશેષ કરીને એની દૃષ્ટિ મંડાય છે જનતા તેમજ જન્મભૂમિની ધર્મ, કેળવણી, ઉદ્યોગ, રાજકારણ અને સ્વદેશભક્તિ એમ વિવિધ ક્ષેત્રોમાં સેવાઓ આપનાર સ્વદેશી, પરદેશી નરનારીઓ તરફ.

૨૩ ગાંધીયુગ અને તે પછીના ચરિત્રકારો વિવિધતામાં પણ વિધવિધતા લાવે છે. ઉ. ત.: ધાર્મિક સ્ત્રી-પુરુષોનાં ચરિત્રોમાં હિન્દુ, મુસ્લિમ, વૈષ્ણવ, જૈન, બૌદ્ધ, શીખ, કબીરપંથી, સ્વામીનારાયણ સંપ્રદાયી, આર્યસમાજી, પારસી અને ખ્રિસ્તી એમ જુદા જુદા ધર્મપંથોના મહાન સંસ્થાપકોથી શરૂ કરીને તેના છેક સામાન્ય અનુયાયી સુધીની વ્યક્તિઓનાં પણ ચરિત્ર લખાયાં છે. ધાર્મિક પુરુષોનાં ચરિત્ર પછી સંખ્યાની દૃષ્ટિએ બીજો ક્રમ આવે છે દેશીપરદેશી સ્વદેશસેવકો, સરમુખત્યારો, ક્રાન્તિવીરો અને લોકસેવકોનાં ચરિત્રોનો. સાહિત્યકારોમાં પણ સમર્થ વિદ્વાન, પુરાતત્ત્વવિદ્, કવિ, ગદ્યકાર, વિવેચક એમ વિવિધ પ્રકારની વ્યક્તિઓનાં ચરિત્રો રચાયાં છે; અને એમનાં જ ચરિત્ર ચિરંજીવ કૃતિઓ બનવા પામે તેમ છે. બાકીનાં ચરિત્રો તો એકાદ ચમકારો માર્યા જેવું અતિ ટૂંકું આયુષ્ય ભોગવી દિનપ્રતિદિન વિસ્મૃતિમાં ધકેલાતાં જાય છે.

૨૪ ગાંધીયુગની અને તે પછીની ચરિત્રકૃતિઓનું નિરીક્ષણ કરતાં બીજી એક હકીકત એ સમજાય છે કે ચરિત્રકૃતિઓની સંખ્યા જેમ વધતી ગઈ છે તેમ તેમ ચરિત્રકારોની નિરૂપણ-પદ્ધતિમાં રસાળતા આવી છે. ગાંધીયુગના અને તે પછીના ચરિત્રકારો સામગ્રીના સંશોધન માટે પરિશ્રમ ઉઠાવે છે, ઉપલબ્ધ સર્વ સામગ્રીમાંથી વિવેકપુરઃસર તારવણી કરે છે, અને વિશ્વસનીય વિગતો વડે સજ્જ બને છે. એમણે બિનસાંપ્રદાયિક દૃષ્ટિ કેળવવા માંડી છે. અદ્‌ભુત ઘટનાઓનું એ બૌદ્ધિક ભૂમિકા ઉપર રહીને અર્થદર્શન કરે છે. ચરિત્રનાયક પ્રત્યે એમને સમભાવ છે, પણ એકંદરે સત્યનિષ્ઠામાંથી એ ચલિત થાય તેમ નથી. ચરિત્રનાયકનો જીવનવિકાસ દર્શાવતાં પણ

ચરિત્રકાર ચરિત્રનાયકનાં પૂર્વજ, માતપિતા, જન્મ, બાળપણ, ઉછેર, કેળવણી એને ઘડનારાં બળ, એનું કાર્યક્ષેત્ર, એણે કરેલી સાધના, એના સિદ્ધાન્ત, એની સફળતા-નિષ્ફળતા અને એનો સંદેશ-એ સર્વનું વિગતવાર દર્શન કરાવી એના કાર્યનું સમતોલ મૂલ્યાંકન કરે છે.

૨૫ ગાંધીયુગની અને સ્વાતંત્ર્યોત્તર ચરિત્રકૃતિઓનું નિરીક્ષણ કરતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે ચરિત્રાલેખનના પશ્ચિમના નૂતન આદર્શને અનુસરવાનો પ્રયાસ કરતું વિશ્વનાથ મ. ભટ્ટનું 'વીર નર્મદ' (૧૯૩૩) સર્વાંગસંપૂર્ણ ચરિત્ર નહિ હોવા છતાં, ગાંધીયુગની તેમ જ સમસ્ત ગુજરાતી ચરિત્રસાહિત્યની સર્વોત્તમ જીવનકથા છે. વિશ્વનાથ ભટ્ટે નર્મદના વ્યક્તિ-ગુણોનું દર્શન કરાવવા કરતાં વિશેષ લક્ષ એના જીવન અને કવનનું મૂલ્યાંકન કરવા તરફ આપ્યું છે. નર્મદના જીવન તેમ જ કવિતા અને ગદ્યની વિશ્વનાથ ભટ્ટે કરેલી નીડર છતાં સમદર્શી સમીક્ષા નોંધપાત્ર છે. વિશ્વનાથ ભટ્ટે નર્મદના સાહિત્યની કરી છે તેવી કડક સમાલોચના નર્મદનાં જીવન અને વ્યક્તિત્વની નથી કરી, અને એ વીરપૂજક વિશેષ બની ગયા છે એ આ ચરિત્રપુસ્તિકાની એક મર્યાદા લેખાય.

૨૬ ચરિત્રલેખનની નવી પદ્ધતિને અનુસરી કનૈયાલાલ મુનશીએ કરેલા બે પ્રયોગો 'નરસૈંયો : ભક્ત હરિનો' (૧૯૩૩) અને 'નર્મદ': અર્વાચીનોમાં આદ્ય (૧૯૩૯) એમણે પ્રયોજેલ આકર્ષક વાર્તાતત્ત્વ, પ્રસંગોનું નાટ્યાત્મક નિરૂપણ, વેગવંત ઘટનાપ્રવાહ, સંવાદોનું સચોટ સંયોજન, વર્ણનછટા અને ભાષાનું સૌન્દર્ય-સામર્થ્ય ચરિત્રને નવલકથા જેટલું જ રોચક બનાવે છે. આમ છતાં મુનશીમાં રહેલા સર્જક અંશોની સરખામણીમાં શ્રમની અને સત્ય-નિષ્ઠાની માત્રાની કંઈક ન્યૂનતાને લીધે એટલા પ્રમાણમાં એમની મર્યાદા વ્યક્ત થાય છે.

૨૭ ન્હાનાલાલ કવિકૃત જૂની ઢબના 'કવીશ્વર દલપતરામ'ના ત્રણ ભાગનાં ચાર પુસ્તક (૧૯૩૩-'૩૪-'૪૦-'૪૧) દલપતરામના જીવન-કવનની એટલે ગઈ સદીનાં છેલ્લાં ત્રણ ચરણની આબેહૂબ તસ્વીર આપતી કૃતિ પણ ગાંધીયુગની એક વિશિષ્ટ સિદ્ધિ છે. વિજયરાય વૈદ્યનું 'શુક્રતારક' (૧૯૪૪) ચરિત્રલેખનના આન્દ્રે મોર્વા કે લિટન સ્ટ્રેચેપ્રણીત નવીન આદર્શને જે યોગ્ય પ્રમાણમાં અનુસરતાં ન આવડે તો એમ કરવામાં રહેલાં ભયસ્થાનો વિશેષતાથી છતાં કરી આપે છે.

૨૮ સ્વરાજ પછીનાં વર્ષોમાં રચાયેલ ઈશ્વર પેટલીકર-કૃત 'વિદ્યાનગરના વિશ્વકર્મા' (૧૯૬૪) તે 'ભાઈકાકા' એટલે ભાઈલાલભાઈ ઘાભાઈ પટેલની જીવનકથા, અને મોહનભાઈ શં. પટેલ-રચિત 'આલ્બર્ટ સ્વાઈત્ઝર' (૧૯૬૪) પ્રામાણ્ય તેમ જ વાર્તારસને લીધે નોંધપાત્ર સુશ્લિષ્ટ ચરિત્ર-કૃતિઓ ગુજરાતી સાહિત્યના ગૌરવરૂપ છે. અસ્મિતા ભલાણીએ લખેલ 'કર્મયોગી ભાઈકાકા' (૧૯૬૬) પેટલીકરના 'વિદ્યાનગરના વિશ્વકર્મા'ની પૂરક બનતી આસ્વાદ્ય કૃતિ છે. ઉમાશંકર જોષી-લિખિત 'ગાંધીકથા' (૧૯૭૦) મ. ગાંધીજીના જીવનપ્રસંગોનું અહોભાવયુક્ત સંકલન છે.

૨૯ કિશોરલાલ મશરૂવાળાનાં 'રામ અને કૃષ્ણ', 'બુદ્ધ અને મહાવીર', 'ઈશુ ખ્રિસ્ત', અને 'સહજાનંદ સ્વામી'; કકલભાઈ કોઠારી અને ઝવેરચંદ મેઘાણીની સંયુક્ત સરળ અને સચોટ રચનાઓ 'ઝંડાધારી' અને 'નરવીર લાલાજી'; મેઘાણીની જોમવંતી રસાળ સરળ શૈલીની,

કૃતિઓ 'સત્યવીર શ્રદ્ધાનંદ', 'હંગેરીનો તારણહાર' અને 'દયાનંદ સરસ્વતી'; રસ અને જ્ઞાનનો સમન્વય કરતું નવલરામ જ. ત્રિવેદીનું 'કલાપી'; દુર્ગાશંકર કે. શાસ્ત્રીનું 'પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીનું સંક્ષિપ્ત ચરિત્ર'; અંબાલાલ બા. પુરાણીનું 'મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું જીવનચરિત્ર', ડૉ. ધીરુભાઈ પ્રે. ઠાકરનું 'મણિલાલ નભુભાઈ: જીવનરંગ', હસિત હ. બૂચનું 'દલપતરામ' અને કેશવરામ કા. શાસ્ત્રીનું 'શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુ' તેના ઉત્સાહી અને પરિશ્રમી લેખકોનું મૂલ્યવાન પ્રદાન છે.

૩૦ બબલભાઈ મહેતા-કૃત 'મહારાજ થયા પહેલાં' અને 'રવિશંકર મહારાજ' રામનારાયણ ના. પાઠક-કૃત 'યુગાવતાર ગાંધી', 'ગાંધીબાપુ' અને 'ગાંધીકથા'; નરહરિભાઈ દ્વા. પરીખનાં 'મહાદેવભાઈનું પૂર્વચરિત્ર', 'સરદાર વલ્લભભાઈ: ૧–૨' અને 'શ્રેયાર્થીની સાધના', પુરુષોત્તમ શાહનું 'મોતીભાઈ અમીન : જીવન અને કાર્ય', કાન્તિલાલ શાહનું 'ઠક્કર બાપા' વગેરે તેમના ઉદારચરિત નાયકોએ જીવનનાં જુદાં જુદાં છતાં એકલક્ષી ક્ષેત્રમાં કરેલાં મૂલ્યવાન કાર્યનો વિગતસમૃદ્ધ સળંગસૂત્ર ઇતિહાસ આપતી ગણનાપાત્ર કૃતિઓ કહી શકાય.

૩૧ ભિન્ન ભિન્ન દૃષ્ટિબિન્દુઓથી રચાયેલાં ઉપર દર્શાવેલાં ચરિત્રો ગુજરાતી સાહિત્યની ગાંધીયુગ અને સ્વાતંત્ર્યોત્તર સમયની સિદ્ધિઓ છે. ગાંધીયુગના અને સ્વાતંત્ર્યોત્તર સમયના ચરિત્રલેખકોમાં નાનાલાલ કવિ, ઝવેરચંદ મેઘાણી, વિશ્વનાથ ભટ્ટ, ધૂમકેતુ, જયભિખ્ખુ, કનૈયાલાલ મુનશી, વિજયરાય વૈદ્ય, ઈશ્વર પેટલીકર અને મોહનભાઈ શં. પટેલ ચરિત્રનિરૂપણમાં કલામયતા લાવે છે. ચરિત્રસાહિત્યમાં રહેલી નવલકથા જેટલી જ આકર્ષણશક્તિનો તેઓ પરિચય કરાવે છે; તેમ જ જો ચરિત્રલેખક પ્રતિભાશાળી હોય તો ચરિત્ર—જીવનકથા અને આત્મકથા પણ—નવલકથા જેટલું જ લોકપ્રિય સાહિત્યસ્વરૂપ બની શકે એટલો વિશાળ અવકાશ તેને માટે રહેલો છે એવી એનામાં રહેલી વિકાસની શક્તિઓની અને શક્યતાઓની પણ તેઓ પ્રતીતિ કરાવે છે.

આત્મચરિત્ર

ઘાટ :

૩૨ આત્મચરિત્ર ચરિત્ર જ છે—જીવનકથા છે. ફરક એટલો કે તેમાં ચરિત્રનાયક પોતે જ પોતાનો ચરિત્રલેખક હોય છે. જીવનચરિત્ર અને આત્મચરિત્ર વચ્ચે આ કારણે જ બીજા કેટલાક ભેદ છે. જીવનચરિત્ર અને આત્મચરિત્રનો ઉદ્‌ભવ બે ભિન્ન મનોવ્યાપારોમાંથી થાય છે. જીવન-ચરિત્રનું પ્રેરક બળ થોડું વિભૂતિ-પૂજનની વૃત્તિમાં રહેલું છે, જ્યારે આત્મચરિત્રનું મૂળ આત્મ-આવિષ્કરણની ઝંખનામાં રહેલું છે.

૩૩ આ મુદ્દો આત્મચરિત્રલેખનના પ્રેરક હેતુઓ તરફ લઈ જાય છે. નીચે દર્શાવેલ હેતુઓ આત્મચરિત્ર લખવા પ્રેરે છે: (૧) પોતાની અનુભવકથા કહી હૈયું ખાલી કરવાનો આનંદ, (૨) પોતાનું અનુભવકથન બીજાઓને પણ તેમના જીવનમાં માર્ગદર્શક નીવડશે એવી માન્યતા, (૩) સજ્જનો સમક્ષ સુખની અને વિશેષતઃ વીતકની વાત કરવાની સ્વાભાવિક મનોવૃત્તિ, (૪) આત્મપ્રદર્શનની વૃત્તિ, (૫) ભૂતકાળના દિવસો ઉપરનું સ્વાભાવિક મમત્વ, (૬) ઇતિહાસ કે

પુરાવૃત્ત આલેખવાની વૃત્તિ, (૭) કાવ્યશાસ્ત્રવિનોદ, સાહિત્યકલાનો શોખ, (૮) વ્યાકુળ ચિત્તને સ્વસ્થતા અને શાંતિ સંપડાવવાની ઇચ્છા, (૯) આત્મસમર્થનઃ પોતાનું દૃષ્ટિ-બિન્દુ બીજાઓને સમજાવવું અને પોતે કરેલ કાર્ય ઉચિત છે એ બતાવવું, (૧૦) મનુષ્યની અમરત્વ પામવાની સહજવૃત્તિ, અને (૧૧) પોતાની પ્રતિષ્ઠા કે પદવીને મૂડીના રૂપમાં ફેરવી વટાવી ખાવાની વેપારી વૃત્તિ.

૩૪ જીવનચરિત્રનો લેખક ચરિત્રનાયકના જીવનની બાહ્ય વિગતો વિશેષ જાણી શકે છે, પણ આંતરિક સત્યોની બાબતમાં તે અજાણ જ રહે છે. આત્મચરિત્રકારને બહારનાં સાધનો ઉપર બહુ આધાર રાખવો પડતો નથી. જીવનચરિત્ર પરલક્ષી સાહિત્યપ્રકાર છે એટલે તેના લેખકે ચરિત્રનાયક સાથે સમભાવથી શક્ય તેટલું તાદાત્મ્ય સાધવા પ્રયાસ કરવો પડે છે. આત્મ-ચરિત્રલેખકને એ તાદાત્મ્ય સહજ હોય છે. જીવનચરિત્રલેખકને સાચા ચરિત્રકાર બનવા આવશ્યક એવી તટસ્થતા વધુ સુગમ હોય છે. આત્મચરિત્ર આત્મલક્ષી સાહિત્યસ્વરૂપ હોવાથી તેના લેખકને તટસ્થતા જાળવવી બહુ મુશ્કેલ હોય છે.

૩૫ જીવનચરિત્રકારને જન્મથી અવસાન સુધીનું સંપૂર્ણ વૃત્તાન્ત આલેખવાની અનુકૂળતા હોય છે, જ્યારે આત્મચરિત્રકાર પોતે લખતો હોય ત્યાં સુધીના સમયનું જ વૃત્તાન્ત આપી શકે અને તેથી આત્મકથા જીવનકથા જેટલી સંપૂર્ણ બની શકે નહિ.

૩૬ જીવનચરિત્રકાર નાયકના જીવન, વ્યક્તિત્વ, જીવનકાર્ય અને એની સિદ્ધિ-અસિદ્ધિઓની સમગ્રદર્શી સમાલોચના અને મુલવણી કરી શકે; પણ આત્મચરિત્રકારેતો અંતિમ મૂલ્યાંકન વાચક ઉપર છોડી દેવું પડે.

૩૭ આત્મચરિત્ર દુઃસાધ્ય સાહિત્યપ્રકાર છે. આત્મચરિત્રકાર વિસ્મૃતિ, સ્વદોષસંગોપનવૃત્તિ, મિથ્યા આત્મગૌરવ, આત્મપ્રદર્શનની વૃત્તિ, પૂર્વાનુરુચિ, પૂર્વગ્રહ, ભીરુતા, વિનીતતા વગેરેને કારણે સત્ય કહી શકતો નથી; પરન્તુ આત્મચરિત્રની સાચી કસોટી સંપૂર્ણ સત્ય-કથન જ છે.

ઘડતર :

૩૮ સમયાનુક્રમે ગુજરાતી સાહિત્યમાં સૌથી પહેલું આત્મચરિત્રાત્મક લખાણ દુર્ગારામ મહેતાજીની સરળ, નિખાલસ રોજનીશી છે, જેમાં તેમની જાહેર પ્રવૃત્તિની, વિચારની અને અનુભવની રોજબરોજની નોંધ ઉપરાન્ત તા. ૨૧-૬-૧૮૪૩ થી ૩૧-૧૨-૧૮૪૪ સુધીનો 'માનવ-ધર્મસભા'ના કામકાજનો અહેવાલ છે. આત્મચરિત્ર રચવાનો સહેતુક આરંભ નર્મદે સને ૧૮૬૬માં 'મારી હકીકત લખીને કર્યો. નિખાલસ આત્મપૃથક્કરણ અને અડગ ઉગ્ર સત્યનિષ્ઠાના ગુણને લીધે નર્મદે અજાણતાં પણ, ગાંધીજીએ અનુસરેલા આત્મચરિત્રના આદર્શનું બીજ-આરોપણ કર્યું હતું. ગુજરાતની કેળવણીના ઇતિહાસની સામગ્રી માટે 'રા. બા. મોહનલાલભાઈ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન' (૧૮૭૧) બહુ ઉપયોગી છે, આત્મચરિત્ર તરીકે ઓછું. અંગ્રેજી ભણેલી અને 'સુધરેલી' શીરીન નામની પારસી બાનુએ લખેલું 'શીરીન મડમ' (૧૮૬૦) ગુજરાતી સાહિત્યમાં એક સ્ત્રીનું પ્રથમ આત્મચરિત્ર છે. લેખિકાના વિકાસવાંછું

નિખાલસ વ્યક્તિત્વના ચિત્રણની દૃષ્ટિએ આ એક ગણનાપાત્ર કૃતિ છે. અત્યાર સુધીના ગુજરાતી સાહિત્યના ઇતિહાસલેખકો તેમ જ વિવેચકો તરફથી એ ઉપેક્ષિત જ રહ્યું હતું.

૩૯ મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ એમનું 'આત્મવૃત્તાંત' ૯-૨-૧૮૮૭ના રોજ લખવું શરૂ કર્યું અને એમની જન્મતારીખ ૯-૯-૧૮૫૭ થી ૧-૬-'૮૭ સુધીનો સળંગ અહેવાલ લખી નાંખ્યો. ત્યાર પછીના ૧-૬-'૮૭થી ૨૨-૮-'૯૫ સુધીના વર્ષોના બનાવોની છૂટક નોંધ તે લખતા ગયા. મણિલાલે તેમના અવસાન-સમયે તેની હસ્તપ્રત આનંદશંકર ધ્રુવને સુપરત કરેલી. આનંદશંકર પાસે લગભગ તેત્રીશ વર્ષ સુધી એ પડી રહી. આખરે કેટલાક સાહિત્યરસિકોના આગ્રહને વશ થઈ સને ૧૯૩૦, '૩૧ અને '૩૨ માં આનંદશંકરે તેમના 'વસંત'માં મણિલાલના અંગત જીવનનો કેટલોક ભાગ ખંડિત સ્વરૂપે વ્યક્તિઓના નામો અને તેમની આસપાસની કેટલીક વિગતો કાઢી લઈ પ્રગટ કર્યો હતો, પરન્તુ એકાએક એનું પ્રકાશન એમણે અટકાવી દીધું હતું. આ પ્રગટ તેમજ બાકીના અપ્રગટ ભાગની હાથનકલ હાલ આનંદશંકર ધ્રુવના કુટુંબીજનો પાસે છે. સરળ, સ્વાભાવિક ઘરગથ્થુ શૈલીમાં લખાયેલ આ 'આત્મવૃત્તાંત'માં મણિલાલ નર્મદ કરતાં સત્યનિષ્ઠાની બાબતમાં એક ડગલું આગળ વધે છે. ગુજરાતી આત્મચરિત્ર-સાહિત્યનું આ બીજું સીમાચિહ્ન છે.

૪૦ નારાયણ હેમચન્દ્ર-કૃત 'હું પોતે' (૧૯૦૦), ગણપતરામ રાજારામ ભટ્ટ-રચિત 'મારો વૃત્તાંત' (૧૯૦૭) અને ભાઈશંકર નાનાભાઈ ભટ્ટ-લિખિત 'મારા અનુભવની નોંધ' (૧૯૧૨) ખાસ નોંધપાત્ર કૃતિઓ નથી.

૪૧ હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા (૧૮૪૯-૧૯૩૧) અને વાડીલાલ મોતીલાલ શાહ (૧૮૭૮-૧૯૩૦)નાં આત્મચરિત્રો લખાયાં હોવા છતાં આજ દિન સુધી તેમનું પ્રકાશન થયું નથી. જો આ બંને કૃતિઓ પ્રગટ થાય તો એ ગુજરાતી સાહિત્યની એક મોટી સેવા ગણાશે.

આંતરરાષ્ટ્રીય કૃતિ :

૪૨ ગુજરાતી આત્મચરિત્ર-સાહિત્યના વિકાસમાં સર્વોત્તમ હિસ્સો મોહનદાસ કરમચંદ ગાંધીએ 'સત્યના પ્રયોગો' (૧૯૨૭) લખી આપ્યો છે. આ આત્મચરિત્રનું પ્રયોજન આધ્યાત્મિક છે, ઐહિક નહિ; ગાંધીજીનો આશય સત્યને એમના જીવનની પ્રેરક, શાસક અને નિયામક શક્તિ તરીકે સ્થાપવાના એમણે કરેલા પ્રયત્નોનો—પ્રયોગોનો ઇતિહાસ આપવાનો છે. આ યુગના એક વ્યક્તિવિશેષે સત્યના અવલંબન દ્વારા સાધેલા આધ્યાત્મિક વિકાસની આ કથા છે.

૪૩ ગાંધીજીનાં અચળ સત્યનિષ્ઠા, વિરલ સંયમ અને વ્યક્તિત્વના બાહ્યાન્તર સૂક્ષ્મ નિરીક્ષણને કારણે 'સત્યના પ્રયોગો' ગુજરાતી સાહિત્યનું સર્વોત્તમ આત્મચરિત્ર છે એટલું જ નહિ, પણ તેમના એ તીવ્ર સંવેદનશીલ, સત્યનિષ્ઠ, સંયમશીલ વ્યક્તિત્વ અને મન-વચન-કર્મથી નિર્વિકાર તેમ જ રાગદ્વેષરહિત બની આત્મશુદ્ધિને પંથે જવાના અવિશ્રાન્ત પ્રયાસના વિશ્વસનીય વૃત્તાન્ત તરીકે વિશ્વસાહિત્યમાં એ બહુ ઊંચું સ્થાન લેશે.

૪૪ આત્મચરિત્રના એક કલાત્મક નમૂના તરીકે પણ એની સિદ્ધિ ઓછી નથી. ગાંધીજીના કથનમાં વક્તૃત્વની છાંટ છે. આછો ચતુર વિનોદ, લોકબોલીની તળપદી ઉક્તિઓ,

ઉપમા, રૂપક, વિરોધાભાસ, વ્યંગ્ય, સુયોગ્ય શબ્દવિન્યાસ અને સૂત્રાત્મકતા ગાંધીજીની શૈલીની અસરકારકતામાં ઓર વધારો કરે છે. વૈવિધ્ય અભાવને લીધે ગાંધીજીના લખાણમાં કેટલીક વાર વિરસતા—નીરસતા પણ આવે છે; સૌન્દર્યને ભોગે સાદગી અને સત્ય સમૃદ્ધ થતાં લાગે છે.

આ 'સત્યના પ્રયોગો'ની સૌથી મોટી ઊણપ તો એ છે કે સંકલ્પ અને સિદ્ધિ વચ્ચેનું અંતર ગાંધીજી બતાવતા નથી. કોઈ એક પ્રસંગ બન્યો અને તેને પરિણામે એમણે જે નિશ્ચય કર્યો તથા તેનું પાલન કરી એમણે જે સફળતા મેળવી તેનું વર્ણન એમાં આવે છે. એ નિશ્ચય કરતાં પહેલાં તેમને જે માનસિક ગડમથલ અનુભવવી પડી, તેમજ સિદ્ધિ પામતાં જે શ્રમ ઉઠાવવો પડ્યો, મુસીબતો વેઠવી પડી, અને આત્મબળ કેળવવું પડ્યું એનું વર્ણન-વિવરણ એમાં ક્યાંય મળતું નથી.

ચરિત્રસામગ્રીભર્યા બે વ્યાખ્યાન-સંગ્રહો

૪૫ 'અર્ધ શતાબ્દિના અનુભવબોલ' અથવા 'એક ગુર્જર આત્માની ઘડતરકથા' (૧૯૨૭) કવિ નહાનાલાલે એમની સુવર્ણ જયંતી અવસરે કરેલાં આત્મકથાત્મક સાત વ્યાખ્યાનોનો સંગ્રહ એમની આછી ઘડતરકથા તરીકે એમના અભ્યાસીઓને અને ભાવિ ચરિત્રકારોને ઉપયોગી નીવડશે. આવી જ બીજી કૃતિ 'પંચોતેરમે' (૧૯૪૬)માં બળવંતરાય ક. ઠાકોરના પંચોતેરમા વર્ષની ઊજવણી વખતે પ્રત્યુત્તરરૂપે તેમણે આપેલા સાત પ્રવચનો અને આપવીતી લેખે તેમણે ઉમેરેલી મિતાક્ષરી નોંધ છે. આ 'મિતાક્ષરી નોંધ' ઠાકોરના સ્પષ્ટભાષી, બુદ્ધિવાદી, નીડર, નિખાલસ, કડક અને કોમળ વ્યક્તિત્વનો આંશિક ખ્યાલ આપે છે અને વ્યક્તિલેખે એમની કેટલીક વિલક્ષણ લાક્ષણિકતાઓ છતી કરી આપે છે. આ નોંધો અને પ્રવચનોની શૈલી બ. ક. ઠાકોરની લાક્ષણિક ગદ્યશૈલીની બધી નહિ તો ઘણીખરી છટાઓ દેખાડે છે. 'પંચોતેરમે'નાં વ્યાખ્યાનો અને 'મિતાક્ષર નોંધ' બ. ક. ઠાકોરના ચરિત્રકારને ઘણી કીમતી સામગ્રી પૂરી પાડશે એ નિઃશંક છે.

બાળવયનાં સંસ્મરણો :

૪૬ કાકાસાહેબ (દત્તાત્રય બાળકૃષ્ણ) કાલેલકરે 'સ્મરણયાત્રા' (૧૯૩૪)માં એમના બાલ્ય અને શૈશવના અનેકવિધ અનુભવોની સભાષ્ય સ્મરણકથા નિખાલસતાથી રજૂ કરી છે. અનુભવસમૃદ્ધિ, સૂક્ષ્મ અવલોકનશકિત, મર્મગ્રાહી દૃષ્ટિ, ચિંતનશીલતા, પ્રસન્નતા વગેરે કાકાસાહેબના વ્યક્તિગુણો તેમ જ પ્રવાહિતા, મધુરતા, સુબોધકતા, રમ્ય અલંકારો તથા શબ્દપ્રયોગો, ટૂંકામાં કહીએ તો શબ્દ અને અર્થની રસાત્મકતા 'સ્મરણયાત્રા'નાં આકર્ષક તત્ત્વો છે. એના જોટાની કૃતિ ગુજરાતી સાહિત્યમાં વિરલ જ છે.

તનસુખ ભટ્ટનું 'મેં પાંખો ફફડાવી' (૧૯૪૬) અને ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈનું 'નાના હતા ત્યારે' (૧૯૪૬) બાળપણ તેમ જ કિશોર વયનાં સંસ્મરણો છે. આ બંને લેખકો ઉપર કાલેલકરની શૈલીની અસર છે.

૪૮ 'સ્મરણયાત્રા' અને 'મેં પાંખો ફફડાવી' કરતાં કંઈ જુદા જ પ્રકારનાં બાલવયનાં સ્મરણો પ્રભુદાસ ગાંધીના 'જીવનનું પરોઢ' (૧૯૪૮)માં મળે છે. આ કૃતિ તેમાંની ગાંધીજી

વિશેની માહિતી, લેખકની શિક્ષણવિષયક વિચારસરણી અને નિરૂપણની રસાળ શૈલીને લીધે ગુજરાતી આત્મચરિત્રસાહિત્યમાં ઘણું મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરે છે.

૪૯ 'વનાંચલ' (૧૯૬૮)માં જયંત પાઠક પોતાની જનમભોમ હાલની સંસ્કૃતિની ભીંસમાં જકડાઈ જઈ, ફસાઈ પડી તે પહેલાંનાં એનાં, પોતાની બાળવયનાં સ્મરણોનું આનંદ-પર્વ ઉજવતાં, એની પ્રકૃતિને અને આદિવાસી પ્રજાને કવિતામય, વિષાદઘેરી અને મમતાભરી ભાવાંજલિ અર્પે છે એ એની આગવી વિશેષતા છે.

સ્ત્રીઓનાં ચરિત્ર

૫૦ 'શીરીન મડમ' (૧૮૬૦) પછી ગુજરાતી સાહિત્યમાં શારદાબહેન મહેતાનું 'જીવનસંભારણાં' (૧૯૩૮), કનુબહેન (કનકલક્ષ્મી) દવેનું 'મારી જીવનસ્મૃતિ તથા નોંધ-પોથી' (૧૯૩૮) અને ગંગાબહેન પટેલનું 'સ્મૃતિ-સાગરને તીરે' (૧૯૬૪) મળી ચાર જ સ્ત્રીઓનાં આત્મવૃત્તાન્ત પ્રગટ થયાં છે.

૫૧ 'શીરીન મડમ' પછી આશરે અડધી સદી બાદ લખાયેલું ગુજરાતી સન્નારીનું બીજું આત્મવૃત્તાન્ત શારદાબહેન સુમન્ત મહેતાનું 'જીવનસંભારણાં' ગુજરાતી આત્મચરિત્ર-સાહિત્યની એક જુદી તરી આવતી કૃતિ છે. એમાં શારદાબહેનના આત્મવિકાસના આછા ઇતિહાસ સાથે તત્કાલીન સામાજિક, રાજકીય અને સ્ત્રીજાગૃતિવિષયક વાતાવરણનો વિગતવાર અહેવાલ આપવામાં આવ્યો છે એ એની મોટી વિશેષતા ગણાશે. એકંદરે આત્મચરિત્ર કરતાં ગુજરાતમાં નૂતન યુગની બદલાતી નારીશિક્ષણની લોકભાવના અને લોકવિચારના પરિવર્તનના પ્રમાણભૂત અહેવાલ તરીકે આ 'જીવનસંભારણાં' ઘણું ઉપયોગી પુસ્તક નીવડશે.

૫૨ આ પછી કનુબહેન દવેએ 'મારી જીવનસ્મૃતિ તથા નોંધપોથી'માં પોતાનાં બાળપણ અને શાળાજીવનનાં થોડાંક પણ લગ્નજીવનનાં અને સાહિત્યજીવનનાં સંસ્મરણો વિસ્તારથી લખ્યાં છે.

૫૩ 'સ્મૃતિસાગરને તીરે'માં (૧૯૬૪) મુંબઈનાં વિખ્યાત સામાજિક અને રાષ્ટ્રીય કાર્યકર્તા શ્રીમતી ગંગાબહેન ગોરધનભાઈ પટેલે પોતાના જીવનની પહેલી પચીસીમાં સને ૧૮૯૨થી ૧૯૧૭ સુધીનાં સંસ્મરણો નિરૂપ્યાં છે. તેમણે પ્રસંગોપાત્ત પોતાના યુગનું ચિત્ર આલેખતાં પોતાની ચરોતરની પાટીદાર જ્ઞાતિના રીતરિવાજનું અને લોકમાનસનું આબેહૂબ વર્ણન કર્યું છે. શેઠ નાનજીભાઈ કાળીદાસ કૃત 'મારા જીવનની અનુભવકથા'ની જેમ ગંગાબહેન પટેલ-રચિત આ 'સ્મૃતિસાગરને તીરે' પણ એની ઘરગથ્થુ, સાદી, પાયાની ગુજરાતી ભાષા માટે ભાષાશાસ્ત્રના અભ્યાસીઓને સ્વાભાવિક જીવતી ગુજરાતી ભાષાનો મહત્ત્વનો દસ્તાવેજી પુરાવો પૂરો પાડશે.

૫૪ કનૈયાલાલ મુનશીનાં માતુશ્રી તાપીલક્ષ્મીની આપકથા 'જીજીમાની આત્મકથા' હજુ ગ્રંથસ્થ થઈ નથી.

સાહિત્યકારોનું સમૃદ્ધ પ્રદાન

૫૫ કનૈયાલાલ મુનશીએ 'અડધે રસ્તે' (૧૯૪૨) 'સીધાં ચઢાણ' ૧-૨ (૧૯૪૩) અને 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' (૧૯૫૩,) એમ ચાર પુસ્તકોમાં સને ૧૮૮૭ થી ૧૯૨૬ સુધીનાં

તેમનાં ૩૯ વર્ષનું વૃત્તાન્ત આશરે ૧૧૦૦ પાનામાં રજૂ કર્યું છે. મુનશીની આ કૃતિઓ વાંચતાં ચરિત્ર નીરસ ઇતિહાસ કે શુષ્ક શાસ્ત્ર મટી જઈ સર્જનાત્મક સાહિત્યરચના કેવી રીતે બની શકે તેની પ્રતીતિ થાય છે.

૫૬ આ ચારેય પુસ્તકોમાં મુનશીની કારકિર્દીનું અને એમના આત્મ-ઇતિહાસનાં વિવિધ પાસાંનું દર્શન થાય છે. મુનશીએ જેટલા પ્રમાણમાં તેમની ઐહિક પ્રગતિનું ગૌરવાન્વિત ચિત્ર દોર્યું છે તેટલા પ્રમાણમાં તેમના આધ્યાત્મિક વિકાસની કથા તેમણે આપી નથી; સમગ્ર ધ્વનિ તો બહુધા આત્મગૌરવનો જ છે.

૫૭ 'અડધે રસ્તે'માં મુનશીએ જે કથામય અને કલાત્મક રીતે પોતાનો ક્રમબદ્ધ વિકાસ આલેખ્યો છે તેવું તેઓ 'સીધાં ચઢાણ' કે 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' કરી શક્યા નથી. 'સીધાં ચઢાણ'નું સ્વરૂપ સવિશેષ સંસ્મરણાત્મક થઈ ગયું છે. 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' આત્મચરિત્ર, પત્રો અને રોજનીશીનું જટિલ સંમિશ્રણ છે, જેણે કૃતિમાં પ્રમાણભૂતતા આણી છે પણ એના કલાતત્ત્વને હાનિ પહોંચાડી છે. એકંદરે પ્રસંગોને બહલાવીને સજીવ કરી મૂકતી સર્જક શક્તિ, વિનોદ, વ્યંગ અને વૈવિધ્યભર્યાં સુરેખ વ્યક્તિચિત્રો, સરળ સુબોધ સચોટ તેમ જ વાસ્તવિક અને કાલ્પનિક જગત એકાકાર થઈ જતાં લાગે તેવી રસૈકલક્ષી નિરૂપણશૈલીને લીધે 'અડધે રસ્તે,' 'સીધાં ચઢાણ' અને 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' ગુજરાતી સાહિત્યમાં નવલકથા જેવાં આકર્ષક આત્મચરિત્રો તરીકે આવકારપાત્ર બની રહેશે.

૫૮ 'આથમતે અજવાળે' (૧૯૪૪)માં ધનસુખલાલ મહેતા પોતાનાં બાલ્યકાળ, કિશોરવય અને યુવાવસ્થા તરફ સંસ્મરણપ્રધાન મનોદશામાં દૃષ્ટિપાત કરી ભૂતકાળનું પુનર્દર્શન કરે છે. ચરિત્રનાયકના વ્યક્તિત્વના વિકાસ સાથે એમની સાહિત્યપ્રવૃત્તિનો ઇતિહાસ અને મુંબઈની ગુજરાતી અર્વાચીન રંગભૂમિનો પણ પરિચય અહીં ઋજુ, રસિક, રુચિર પણ ચમક વિનાની શૈલીમાં મળે છે.

૫૯. 'જીવનપંથ' (૧૯૪૯) અને 'જીવનરંગ' (૧૯૫૬)નો મોટો ભાગ ધૂમકેતુની વિદ્યાર્થી અવસ્થાનાં સંસ્મરણો રોકે છે અને તેમનો જીવનવિકાસ તેમ જ સાહિત્યિક ઘડતર દર્શાવે છે. ક. મા. મુનશીની જેમ ધૂમકેતુને પણ બ્રાહ્મણત્વનું અભિમાન કૌટુંબિક વારસારૂપે મળેલું છે. ધૂમકેતુની પ્રકૃતિ બાલવયથી કલ્પનાશીલ હોવા છતાં એ અંતર્મુખ થાય છે ત્યારે સાહિત્ય તરફ વળે છે, અને બહિર્મુખ થાય છે ત્યારે પ્રકૃતિ તરફ. ધૂમકેતુની આસપાસ ગૂંથાયેલી વ્યક્તિસૃષ્ટિ વિશાળ, વિલક્ષણ અને વૈવિધ્યભરી છે. 'જીવનપંથ' અને 'જીવનરંગ' સંભારાશે તો ધૂમકેતુના જીવનવિકાસ અને સાહિત્ય-ઉપાસનાના પુરુષાર્થની પ્રેરક કથા તરીકે જ.

૬૦ ધૂમકેતુ પછી રમણલાલ દેસાઈએ એમનાં સંસ્મરણો 'ગઈકાલ' (૧૯૫૦) અને 'મધ્યાહ્નનાં મૃગજળ' (૧૯૫૬)માં લખ્યાં છે. આ સંસ્મરણો ચિંતનપ્રધાન વધારે છે. આ કૃતિઓ સરી જતા જૂના ગુજરાતનો નવા યુગને ખ્યાલ આપવા અને ત્યારના અને આજના વાતાવરણમાં કેવો ફરક પડી ગયો છે તે જાણવા તથા એ જમાનામાં પણ ન વીસરવા જેવું કંઈક હતું એ સમજવા અભ્યસનીય ગણાવી જોઈએ.

૬૧ ચંદ્રવદન મહેતાકૃત 'બાંધ ગઠરિયાં'-૧-૨ (૧૯૫૪), 'છોડ ગઠરિયાં' (૧૯૫૫)-'સફર ગઠરિયાં' (૧૯૫૬) અને 'રંગ ગઠરિયાં' (૧૯૬૫)ને સળંગસૂત્ર આત્મચરિત્ર કહેવા કરતાં એમના જીવનનાં વીતેલાં વર્ષોની રસળતી શૈલીમાં નિરૂપાયેલી સ્મરણકથા ગણવી વિશેષ ઉચિત છે. ૭ દશકા જેટલા સમયમાં ચંદ્રવદને જે કંઈ જોયું, ખોયું, જાણ્યું, માણ્યું, પોતે અથડાયા, કુટાયા, ભૂલો કરી અને તેથી જીવનને જોવાની-સમજવાની તેમને જે કંઈ શીખ મળી તેની વિશ્રંભકથા તેમણે આત્મીય ભાવે, મોકળે મને અદ્‌ભુત નિખાલસતાથી તટસ્થતાથી વાંચકોને કહી છે; અને પોતાને જીવતાં આવડ્યું કે નહિ તેનું પરિણામ નક્કી કરી જવાબ આપવાની વાચકને વિનંતી કરી છે. ચંદ્રવદન મહેતાની શ્રદ્ધાળુતા, મહાનુભાવિતા, સહૃદય સત્યદર્શિતા અને શુદ્ધ કલાભક્તિને લીધે આ ગઠરીઓની સંપત્તિ સદાસર્વદા સૌ કોઈને આકર્ષશે.

ગાંધીજીની આસપાસ

૬૨ સ્વ. મથુરાદાસ ત્રિકમજીએ તેમનાં આંતર જીવનની એકવીસ વર્ષની વ્યથાકથા 'આત્મનિરીક્ષણ'માં (૧૯૫૩) ગાંધીજીના સાન્નિધ્યને પરિણામે તેમને કેવું જીવનબળ મળ્યું તે બતાવ્યું છે. દાદાસાહેબ—ગણેશ વાસુદેવ માવળંકરે ગાંધીજી સાથેના પોતાના કેટલાક જીવન-પ્રસંગો 'સંસ્મરણો'માં (૧૯૫૪) આત્મસંતોષને ખાતર લખ્યા છે. દાદાસાહેબનાં આ સંસ્મરણો ગાંધીજી સાથેના એમના સંબંધ પૂરતા મર્યાદિત છે, પણ એ જ કારણે તેનું વાચન ગાંધીને પણ વિશેષ જાણવા ઓળખવા માટે ઉપયોગી થઈ પડે એમ છે.

૬૩ લોકોત્તર અસામાન્યતા વિનાનાં માનવીઓની આત્મકથા માનવીનો અભ્યાસ કરવામાં કેવી મૂલ્યવાન થઈ પડે છે તે 'નવચેતન'ના તંત્રી ચાંપશી વિ. ઉદ્દેશીનું આત્મચરિત્ર 'સ્મૃતિ-સંવેદન' (૧૯૫૪) બતાવે છે.

કેળવણીકારોનું આત્મકથન

૬૪ 'ઘડતર અને ચણતર' (ભાગ: ૧-૨, ૧૯૫૪-૫૯) એક સંનિષ્ઠ કેળવણીકાર નાનાભાઈ ભટ્ટનાં—નૃસિંહપ્રસાદ કાળિદાસ ભટ્ટનાં શ્રુત, શીલ અને પ્રજ્ઞાના વિકાસની કડક આત્મ-નિરીક્ષણપ્રધાન તટસ્થ અનુભવકથા શિક્ષકો, સમાજસેવકો અને આત્મવિકાસ કરવા ઇચ્છતા સૌ કોઈને આકર્ષે તેવી રોચક અને બોધક છે.

૬૫ 'મારી દુનિયા'માં (૧૯૭૦) 'સ્નેહરશ્મિ' પોતે કિશોરકાળ દરમ્યાન જે જોયું, માણ્યું તે મહદંશે શૈક્ષણિક, સાહિત્યિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ નોંધ્યું છે. એમાં 'સ્નેહરશ્મિ'નાં કવિહૃદય અને શિક્ષક-આત્માનું દર્શન થાય છે, પણ એમાં ઊંડું આત્મનિરીક્ષણ કે મંથન નહિવત્ છે. કાલેલકરની 'સ્મરણયાત્રા'માં બન્યું છે તેમ 'મારી દુનિયામાં' પણ સંસ્મરણો બાળ અને કિશોર વયનાં છે કિન્તુ તે વિશેનું ભાષ્ય-ચિંતન પરિપુષ્ટ વયનું છે.

ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ

૬૬ શેઠ નાનજીભાઈ કાળિદાસની 'મારા જીવનની અનુભવકથા' (૧૯૫૫)નું સૌરાષ્ટ્રના એ આપબળે જ આગળ વધેલા સાહસિક, કર્મવીર વેપારીએ પરદેશમાં વ્યાપારનો વિકાસ કેવી રીતે કર્યો તેના ઇતિહાસ તરીકે તો દસ્તાવેજી મૂલ્ય છે જ. તે ઉપરાંત અતિ સરળ,

તદ્દન ઘરગથ્થુ, પાયાની, સાદી, સ્વાભાવિક બોલચાલની જીવતી ગુજરાતી ભાષામાં આ અનુભવોનું કથન સચવાઈ રહ્યું છે એ ભાષાના અભ્યાસની દૃષ્ટિએ એક અત્યંત મહત્ત્વની ઘટના છે.

ઇન્દુલાલ યાજ્ઞિકનું પ્રદાન

૬૭ ઇન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિકે છેલ્લી અડધી સદીના ગુજરાતના સર્વાંગી વિકાસનો કડીબદ્ધ ઇતિહાસ આપવાનો પ્રયાસ એમની 'આત્મકથા'ના ચાર ભાગમાં ['જીવનવિકાસ' (૧૯૫૫), 'ગુજરાતમાં નવજીવન' (૧૯૫૫), 'કારાવાસ' (૧૯૫૬) અને 'જીવનસંગ્રામ' (૧૯૬૯)] કર્યો છે. આમ કરતા ઇન્દુલાલે પોતાના સંયોગ અને માનસના પરસ્પર આઘાત અને પ્રત્યાઘાતની કહાણી જરા ઝીણવટથી રજૂ કરી છે. 'આત્મકથા'નું આયોજન સમયક્રમાનુસારી અને સુવ્યવસ્થિત છે, પણ કેટલીક સુદીર્ઘ ચિંતનકણિકાઓને લીધે એનો પથારાટ વધી ગયો છે.

૬૮ ઇન્દુલાલ યાજ્ઞિકનું અસામાન્ય ભાષા-પ્રભુત્વ ઇતિહાસને પણ રસિક વાઙ્મય બનાવી દેતી એમની શૈલીની ઓજસ્વિતા, બલિષ્ઠતા અને હૃદયંગમતા આ 'આત્મકથા'ને ગુજરાતી સાહિત્યમાં ઊંચું સ્થાન અપાવે છે; એટલું જ નહિ, પણ ગયા લગભગ અર્ધા સૈકાના ગુજરાતની સાંસ્કૃતિક તથા વિકસતા રાજકીય જીવનની સળંગસૂત્ર તવારીખ તરીકે એનું દસ્તાવેજી મૂલ્ય સુનિશ્ચિત છે.

ઇતર કૃતિઓ

૬૯ ભાઈલાલભાઈ ઘાભાઈ પટેલે—'ભઈકાકા'એ સને ૧૯૨૩થી '૩૧ સુધીના વર્ષોમાં પસંદ કરાયેલા નેજનેર તરીકે પોતે જે કામ કર્યું તેના સંસ્મરણો 'સફરબરાજમાં આઠ વર્ષ' (૧૯૫૪)માં તેમની લાક્ષણિક અને જુસ્સાદાર શૈલીમાં લખ્યાં છે. યોજનાઓના આ જમાનામાં તેમનો ઝડપી અને સસ્તો અમલ કેવી રીતે કરી શકાય તે જાણવા માટે આ સ્મરણો બહુ ઉપયોગનાં છે.

૭૦ 'દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનાં સંસ્મરણો' (૧૯૫૬) મુખ્યત્વે હકીકતપ્રધાન અને પરલક્ષી છે.

મણીલાલ છોટાલાલ પારેખ 'એક ભાગવતની આત્મકથા' (૧૯૬૪)માં પોતાના આધ્યાત્મિક વિકાસનું દર્શન કરાવતાં ખ્રિસ્તી મિશનોના દંભનો પડદો ચીરે છે.

૭૧ આજથી અર્ધી સદી પહેલાંના સૌરાષ્ટ્ર-ગુજરાતના જીવનનાં સચોટ સ્મૃતિચિત્રો રજૂ કરતાં રવિશંકર મ. રાવળના 'આત્મકથાનક' (૧૯૬૭)નું સામાજિક ઇતિહાસની દૃષ્ટિએ પણ ઘણું મૂલ્ય છે.

૭૨ શિવનંદન કાશ્યપ-સંપાદિત 'વિનાયકની આત્મકથા' (૧૯૬૯) વિજયરાય ક. વૈદ્યનાં ખાસ કરીને પહેલાં ચાલીશ વર્ષની (૧૮૯૭-૧૯૩૭) આપકથા છે. વિજયરાય પોતાના ઉચ્ચ શિક્ષણ દરમ્યાન અભ્યાસે અને ઇતર વાચને તેમનાં મન, હૃદય અને ચારિત્ર્યના વિકાસમાં જે કાયમી અસર કરી તેનો ખ્યાલ આપે છે. પછી પોતે 'ચેતન', 'હિન્દુસ્તાન', 'ગુજરાત'

અને 'કૌમુદી' જેવાં સામયિકો દ્વારા હજુ પણ બેકદર રહેલા ગુજરાતની જે અપૂર્વ સાહિત્યસેવા કરી-કરાવી તેનો સવિગત સવિસ્તાર સમીક્ષાત્મક પરિચય આપતાં દુરાન્વયી, બેહૂદી અને ક્લિષ્ટ શૈલીમાં પોતાનો અપરંપાર મહિમા ગાય છે. ઈ. સ. ૧૯૨૦-૩૦ના દશકાના શિક્ષિત ગુજરાતી યુવાનો કેવા સહૃદય સક્રિય સાહિત્યસેવી હતા અને પોતે વાંચ્યું-માણ્યું તેનો સમાજને કેવો આસ્વાદ કરાવતા તેના આંશિક અહેવાલ તરીકે 'વિનાયકની આત્મકથા'નું મૂલ્ય એક દસ્તાવેજી સીમાચિહ્ન તરીકે ઓછું નથી.

૭૩ ઉપરની કૃતિઓના અવલોકન પરથી સમજાશે કે ગયાં સો એક વર્ષમાં મુખ્યત્વે સાહિત્યસેવકોએ જ આત્મચરિત્રના વાઙ્મયને સમૃદ્ધ કર્યું છે. બીજાઓએ આત્મચરિત્ર બહુ ઓછાં લખ્યાં છે. બહુજનસમાજને આકર્ષણ પણ સાહિત્યકારોનાં આત્મચરિત્રનું જ રહ્યું છે એટલી મહત્ત્વની હકીકત આમાંથી બહાર ઉપસી આવે છે.

૭૪ એકંદરે ગત સો વર્ષમાં આત્મચરિત્રનો વિકાસ સંખ્યામાં અને ગુણવત્તામાં ખૂબ સંતોષકારક છે. આત્મચરિત્રની શરૂઆત પણ નર્મદે જ 'મારી હકીકત' લખીને કરી તે પછી મણિલાલ ત્રિવેદી, દ. બા. કાલેલકર, ક. મા. મુનશી, પ્રભુદાસ ગાંધી, ચંદ્રવદન મહેતા, ઇન્દુલાલ યાજ્ઞિક વગેરેએ એના વિકાસમાં મુખ્ય અર્પણ કર્યું છે. ગાંધીજીએ તો 'સત્યના પ્રયોગો' રચી માત્ર ગુજરાતી સાહિત્યને જ નહિ, પણ સમસ્ત વિશ્વને એક ઉત્તમ આત્મચરિત્રની ભેટ ધરી છે.

ડાયરી

૭૫ જીવનચરિત્ર અને આત્મચરિત્રને ઉપકારક એવી સામગ્રી રેખાચિત્રો, સંસ્મરણો, જીવનરેખા, પત્રો અને ડાયરી–રોજનીશી વગેરે છે. ગુજરાતી ડાયરી–સાહિત્યમાં અત્યંત મહત્ત્વનું પ્રદાન કરીને ગુજરાતના રોજનીશી–સાહિત્યને જગતના સાહિત્યમાં ગૌરવવંતું સ્થાન અપાવનાર 'મહાદેવભાઈની ડાયરી'ના દસ ભાગ (૧૯ થી ૧૯૭૦) છે. 'મહાદેવભાઈની ડાયરી'નો ફલક અત્યંત વિશાળ છે. એમાં ગાંધીજીના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવેલાં નાનાં મોટાં માણસોની વિચારસરણીની કે મનોમંથનની કયાંક ટૂંકી તો કયાંક વિસ્તૃત સમીક્ષા મળે છે. ગાંધીજીનું સુરેખ પ્રતિબિંબ એમાં ઝિલાયું છે. ગાંધીજી અને સરદારના ગૌરવપૂર્ણ સ્વભાવનું એમાં દર્શન કરાવવામાં આવ્યું છે. ગાંધીજીની મહાનુભાવિતાની સાથે સાથે સરદારની ગાંધીજી પ્રત્યેની નિષ્ઠા અને માતૃવત્ સંભાળ તેમ જ તેમના નર્મયુક્ત વિનોદી સ્વભાવ વગેરેનું પણ આ રોજનીશીના ગ્રન્થોમાં આલેખન થયું છે. ગાંધીજીની વિવિધ પ્રવૃત્તિઓનું યથાતથ ચિત્ર તો તેમાં મળે જ છે એથી એનું તવારીખી મહત્ત્વ જેવું તેવું નથી.

૭૬ મહાદેવભાઈની નમ્રતા, પ્રેમાળતા, ગાંધીજી પ્રત્યેની નિષ્ઠા અને એમને ચરણે એમના જ કાર્યોમાં આત્મવિલોપન કરવાની તથા એ દ્વારા જીવનસાર્થક્ય પામવાની ઉચ્ચ ભાવના એમાં તરી આવે છે. મહાદેવભાઈની વિનમ્રતાથી એમની શૈલી વિશેષ શોભી ઊઠે છે. આત્મપ્રશંસાના મલિન વહેણથી કે પોતાને વિશેના ઉલ્લેખોની નિરુપયોગી વિગતોથી એ કદી દૂષિત બનતી નથી. મહાદેવભાઈના વિશાળ અને મર્મગ્રાહી વાચનનો આ રોજનીશીના ગ્રંથો પૂરાવો છે. આ ગ્રંથો રોજનીશીનો એક આદર્શ પૂરો પાડે છે.

૭૭ 'નરસિંહરાવની રોજનીશી' (૧૯૫૩) નરસિંહરાવ દિવેટીયાના જીવનનાં આશરે પચાસેક વર્ષનો (૧૮૯૨-૧૯૩૫) વિગતપ્રચુર, ચોકસાઈપૂર્ણ અહેવાલ છે. આ રોજનીશી નરસિંહરાવના તલસ્પર્શી સાહિત્યવાંચન, સૂક્ષ્મ ગંભીર અવલોકન વગેરે ટેવોનું દર્શન કરાવે છે. તત્કાલીન પ્રચલિત સાહિત્યપ્રવાહો, વિચારધારાઓ, મતાન્તરો અને લેખક જેમના સંપર્કમાં આવ્યા તેવા મહાનુભાવોની લાક્ષણિકતાઓ પણ એ વર્ણવે છે. આવા પરલક્ષી દર્શનની સાથે સાથે નરસિંહરાવનાં સ્વભાવલક્ષણોનો યથાતથ પરિચય કરાવતી હોવા છતાં આ રોજનીશી વધુ પડતી અંગત વિગતોથી શુષ્ક બની છે. અને તેમાં નરસિંહરાવના ગૌરવપૂર્ણ વ્યક્તિત્વને શોભાવતી તટસ્થતા, આત્મનિરીક્ષણ અને અંતર્મુખતાનો અલ્પ ખ્યાલ મળે છે. આ રોજનીશી નરસિંહરાવના ચરિત્રકારને અમૂલ્ય સામગ્રી પૂરી પાડશે.

૭૮ ગોવર્ધનરામ ત્રિપાઠીની 'સ્કેપ-બુક'નું સ્મરણ કરાવતી પ્રો. ત્રિભુવનદાસ ગજ્જરની અંગ્રેજી ડાયરી મુંબઈમાં તેમના દીકરા પાસે આ જ સુધી અપ્રગટ પડી રહી છે. ભોલાનાથ સારાભાઈ દિવેટિયાની ફારસીમાં લખાયેલી ડાયરીનો તેમ જ દાદાસાહેબ ગણેશ વાસુદેવ માવલંકરની મરાઠી 'રોજનીશી'નો ગુજરાતી અનુવાદ કયારે પુસ્તકરૂપે પ્રગટ થશે ?

ગુજરાતી શુદ્ધ સ્વરો

દુષ્યન્ત પંડ્યા

૧ નાદયંત્રનાં જુદાં જુદાં અંગોના પારસ્પરિક કાર્યવ્યાપાર દ્વારા વાચિક ધ્વનિઓ ઉત્પન્ન થાય છે. આ ધ્વનિઓનું વ્યવસ્થાતંત્ર એટલે ભાષા. ફેફસાંમાંથી નીકળી નાદતંત્રીઓ વાટે વહેતો હવાનો પ્રવાહ જીભની મધ્યમાંથી વહી, કશા ખાસ ઘર્ષણ કે અવરોધ વિના મોઢામાંથી પસાર થાય ત્યારે જે વાચિક ધ્વનિઓ ઉત્પન્ન થાય તેમને **સ્વર** કહેવાય છે. એ રીતે પસાર થતા હવાના પ્રવાહને મોઢામાં કશો અવરોધ આવતાં કે કશું ઘર્ષણ થતાં, જે ધ્વનિઓ ઉત્પન્ન થાય તેમને **વ્યંજન** કહેવામાં આવે છે. આ વર્ગીકરણ સગવડ ખાતર કરેલું છે; બંને વચ્ચે ઘેરી ભેદરેખા નથી.[૧] સ્વરો અને વ્યંજનો ધ્વનિઓ છે અને અ, આ, ઇ, ઈ, કે ક્, ખ્, ગ્, ઘ્, આદિ અક્ષરો ધ્વનિઓને ઓળખવા માટે વપરાતી સંજ્ઞાઓ છે. આપણે અહીં કેવળ ધ્વનિઓનો —સ્વર ધ્વનિઓનો—વિચાર કરવાનો છે આપણને સૌને પરિચિત એવી સંજ્ઞાઓની મદદ આપણે જરૂર લઈશું પણ એની મર્યાદામાં બંધાઈ રહીશું નહિ.

૨ સ્વરોના ઉચ્ચારણમાં—

(૧) જીભની ઊંચાઈ,

(૨) જીભનો ઊંચો થયેલો ભાગ,

(૩) હોઠની સ્થિતિ,

(૪) જડબાનું ખુલ્લાપણું અને

(૫) સ્વરનળીની સ્થિતિ.

અગત્યનો ભાગ ભજવે છે. સ્વરો ઉચ્ચારતી વખતે સ્વરતંત્રીઓ આંદોલિત થતી હોય છે અને તાળવું ઊંચું થયેલું હોય છે. જીભનું ટેરવું સામાન્ય રીતે નીચલા દાંતના મૂળથી જરા પાછળ રહેતું હોય છે.[૨]

૩ સ્વર ધ્વનિઓનો ઉચ્ચાર કરતી વખતે મોઢું કેટલું ખુલ્લું રહે છે તેને જીભની ઊંચાઈ સાથે સંબંધ છે. સ્વરોચ્ચારણ કરતી વખતે જીભનો અગ્ર, મધ્ય કે પૃષ્ઠ ભાગ ઉચ્ચ, મધ્ય કે નિમ્ન સ્થાને હોઈ શકે. 'ખા' અને 'ખો'ના ઉચ્ચાર કરતાં અને એ બંને ઉચ્ચારણો કરતી વખતે અગાઉ નિર્દેશેલાં બધાં અવયવોની સ્થિતિનું અવલોકન કરતાં જણાશે કે 'ખા'

---

૧ W. G. Moulton : The Sound of English and German (1963), P. 6.

૨ ગુજરાતી સ્વરોના આવિષ્કારમાં ligamental voice પણ અગત્યનો ભાગ ભજવે છે. જુઓ J. C. Catford Phonation Types (In Honour of Daniel Jones, પૃ. ૩૬)

ઉચ્ચારતી વખતે જીભ એકદમ ઊંચી થયેલી અને એનો અગ્ર ભાગ ઊંચો થયેલો હોય છે; હોઠ જરા ખુલ્લા, સ્વાભાવિક સ્થિતિમાં જ પણ જરા બાજુ પર ખેંચાયેલા હોય છે; જડબા જરા ખુલ્લાં હોય છે; સ્વરનળી સાંકડી અને ખેંચાયેલી હોય છે. 'ખો' ઉચ્ચારતી વખતે આ જ અવયવો જુદી સ્થિતિમાં હોય છે. જીભ ઊંચી થયેલી હોય છે પણ એનો પૃષ્ઠ ભાગ એકદમ ઊંચો થયેલો હોય છે, હોઠ વધારે ખુલ્લા, ગોળાકાર ધારણ કરતા અને સ્વાભાવિક સ્થિતિમાં હોય છે; જડબાં 'ખી'ની તુલનાએ વધારે ખુલ્લાં અને સ્વરનળી સ્વાભાવિક સ્થિતિમાં હોય છે. આમ 'ઈ' અને 'ઓ' સ્વરના ઉચ્ચારણમાં સ્થાન પ્રયત્નના કેટલાક તફાવતો ભેદક છે. જીભનો કયો ભાગ ઊંચાઈના કયા બિંદુએ પહોંચે છે એના પરથી આ ભેદ નિર્માણ થાય છે. જીભના ત્રણ ભાગો—અગ્ર, મધ્ય અને પૃષ્ઠ—અને ઊંચાઈનાં ત્રણ બિંદુઓ—ઉચ્ચ, મધ્ય અને નિમ્ન—ને લક્ષમાં લેતાં નવ ઉચ્ચારણસ્થાનો પ્રાપ્ત થશે.

	અગ્ર	મધ્ય	પૃષ્ઠ
ઉચ્ચ			
મધ્ય			
નિમ્ન			

પરંતુ ઉચ્ચારણ કરતી વખતે ભાષક કંઈ આ નવ બિંદુઓને ચુસ્તપણે વળગી રહેતો નથી, પણ આગળપાછળ કે ઉપરનીચે ભમ્યા કરે છે. આ રીતે જોતાં સ્વરોની સંખ્યા, સિદ્ધાન્તની ભૂમિકાથી જોતાં, અમર્યાદ જણાશે. આમ છતાં, ગુજરાતી ભાષકોનો મોટો ભાગ જે સ્વરોનો વિનિયોગ કરે છે તેમને વર્ણવવાનો પ્રયાસ અહીં કરવામાં આવ્યો છે.

૪ આ વર્ગીકરણ ઉપરાંત સ્વરોનાં બીજાં લક્ષણો પણ નોંધવાં જોઈએ. 'ખર' અને 'ખાર'માંના આદિ સ્વરોના ઉચ્ચારણોમાં સમય-કાલ-એકસરખો લાગતો નથી. 'કિસમિસ' અને 'ફોડી'ના આદિ સ્વરોના કાલમાનમાં ફરક સ્પષ્ટપણે વરતાય છે. 'કોકિલા' અને 'વકીલ'માંના મધ્ય સ્વરોના કાલમાનમાં પણ એ ફરક છે. આ જોડકાઓના પ્રથમ શબ્દોમાંનો ઉલ્લેખિત સ્વર 'હ્રસ્વ' કે 'લઘુ' અને બીજા શબ્દોમાંનો ઉલ્લેખિત સ્વર 'દીર્ઘ' કે 'ગુરુ' તરીકે ઓળખાય છે. કેટલીક વાર ભાષક ઇચ્છાનુસાર 'ઠી...ક,' 'વા...રુ' 'ભાનૂ...' ઇત્યાદિ ઉચ્ચારણોને લંબાવે છે. પરિણામે કાલમાનની કોટિઓ ઘણી સંભવી શકે છે. પરંતુ સામાન્ય રીતે હ્રસ્વ-દીર્ઘ કરતાં વધારે ભેદ રાખવામાં આવતો નથી.

૫ સ્વરોચ્ચારણ કરતી વખતે જીભના સ્નાયુઓ કે હોઠ કેટલા તંગ રહે છે તે પણ જાણવું જરૂરી છે. સામાન્ય રીતે દીર્ઘ ઉચ્ચારણો કરતી વખતે કે કોઈ શ્રુતિ પર ભાર મૂકતી વખતે સ્નાયુઓ થોડા તંગ કે ખેંચાયેલા રહે છે.

૬ શુદ્ધ ગુજરાતી સ્વરો નીચે પ્રમાણે છે :

અગ્ર	મધ્ય	પૃષ્ઠ
ઈ	ં અ	ઊ
ઇ	અ	ઉ
એ	અ્	ઓ
ઍ	આ	ઑ

અન્ય રીતે રજૂ કરતાં આ સ્વરોને નીચે પ્રમાણે ગોઠવી શકાય :

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
ઈ	ઇ	એ	ઍ	ં અ	અ	અ્	આ	ઊ	ઉ	ઓ	ઑ
i	l	e	ɛ	ɔ̃	ɔ	ʌ	a	u	U	o	O

અહીં ત્રણમાંની ઉપલી હારમાં સ્વરોનો ક્રમ આપ્યો છે, વચલીમાં એ સ્વરો માટે ગુજરાતીમાં વપરાતી–કે વાપરવાની–સંજ્ઞાઓ દર્શાવી છે અને નીચલી હારમાં ડૉ. પાઇકને અને હૉકેટને[૩] અનુસરીને Phonetic સંજ્ઞાઓ આપી છે.

૭ કીડી અને કિસમિસમાંના આદિ સ્વરોનાં ઉચ્ચારણોનો તફાવત જોતાં જણાશે કે 'ઈ' । i । ઉચ્ચારતી વખતે

(૧) જીભ સ્વરોચ્ચારણમાં શક્ય તેટલી ઊંચાઈએ હોય છે;

(૨) જીભનો અગ્ર ભાગ ઊંચો થયેલો હોય છે;

(૩) હોઠ સ્વાભાવિક સ્થિતિમાં, પણ જરા બાજુ પર ખેંચાયેલા;

(૪) જડબાંનું વલણ સંવૃત;

(૫) સ્વરનળી થોડી તંગ અને સંવૃત.

બી, જી, બીર, મસીદ, નજીક, વકીલ વગેરે ઉચ્ચારતી વખતે અરીસામાં જોવાથી અને આંગળીઓ ગળે મૂકવાથી હોઠની, જડબાની અને સ્વરનળીની સ્થિતિનો ખ્યાલ આવી જશે. ઈ । i । ની ઉપસ્થિતિ શબ્દના આદિ અને મધ્ય સ્થાને જોવા મળે છે, પણ ભાર દર્શાવવા માટે કે સંબોધનોને બાદ કરતાં અન્ય સ્થાને ઈ । i । ઉચ્ચારણ સામાન્ય નથી. ચણોઠી, કુલવડી, પારેવડી, આંગળી, સૂરતી, કાઠિયાવાડી, ગાડી, ચરોતરી ઇત્યાદિમાં સામાન્ય વાતચીતમાં સામાન્ય રીતે ઈ । i । ને સ્થાને ઇ । l । સાંભળવા મળે છે. સૌરાષ્ટ્રના કેટલાક પ્રદેશોમાં આદિ અને મધ્ય સ્થાને પણ ઇ । l । નું વલણ જોવા મળે છે. અમદાવાદ રાજકોટનાં રેડિયો-મથકોએથી પ્રસારિત થતા વાર્તાલાપો સાંભળવાથી આ વાતની પ્રતીતિ થશે. સાનુનાસિક સ્વર તરીકે ઈ । i । આવે છે; ઉદા. : ભીંત, ઈંટ, વીંટી, ખીંટી, છીંટ વગેરે.

---

૩ 'ɔ સંજ્ઞા હૉકેટને અનુસરીને અપાયેલી છે [જુઓ વી. ૪ની પાદટીપ] બીજી સંજ્ઞાઓ માટે Kenneth Pike; Phonemics (1956) : P. 5.

૮ ɪ । l । ઉચ્ચારતી વખતે

(૧) જીભ ઈ । i ।ના ઉચ્ચારણ વખતે હોય છે તેના કરતાં ઓછી ઊંચાઈએ હોય છે;

(૨) જીભના અગ્રનો પૃષ્ઠ ભાગ ઊંચો થયેલો હોય છે;

(૩) હોઠ ખુલ્લા અને સ્વાભાવિક સ્થિતિમાં;

(૪) જડબાનું વલણ ઈ । i ।ની તુલનાએ ઓછું સંવૃત, સ્વાભાવિક;

(૫) સ્વરનળી સ્વાભાવિક સ્થિતિમાં.

ઉદા.: મિસરી(રિ), કિરમજી(જિ), ફિરોજશા, ખિમરાણું, મંજિલ, વહિવટ, વહિવંચો, પરિમલ, રતિલાલ, ઉમરિગર વગેરે. આ દૃષ્ટાંતો પરથી જણાશે કે ɪ । l ।ની ઉપસ્થિતિ શબ્દને આદિ, મધ્ય તથા અન્ય સ્થાને જોવા મળે છે. સામાન્ય સંજોગોમાં 'મિસરી' અને 'કિરમજી'નો અંત્ય સ્વર ɪ । l । છે, ઈ । i । નહિ.

નોંધ: (૧) ડૉ. પ્ર. પંડિતે જંક્ચર (Juncture)ની ચર્ચા કરતાં જણાવ્યું છે કે "જંક્ચર પહેલાંનો આગલો અક્ષર સમગ્ર રીતે મંદ ગતિવાળો બને છે."..."ગુજરાતીનો દરેક સ્વર, જો જંક્ચર પહેલાં હોય તો એ દીર્ઘ છે, અન્યત્ર હ્રસ્વ છે."[૪]

ડૉ. પંડિતે શ્રીધર + સુખલાલ અને શ્રી + ધરસુખલાલનું ઉદાહરણ આપ્યું છે. પણ ભાઈશ્રી + ધરસુખલાલ, ભાઈશ્રી + પ્ર (પાંચ) ઈ.માં જંક્ચરની અસર નથી જોવા મળતી. એમણે પણ નોંધ્યું છે કે "ગુજરાતી બોલચાલમાં ઘણી વાર 'ઊડીને' જેવી ઉક્તિમાં 'ને' પહેલાં જંક્ચર નથી પણ હોતું અને એથી એની પહેલાંના 'ઈ'ની દીર્ઘતા નહીંવત્ બની જાય છે." એમનું આ વિધાન એમના પૂર્વ વિધાનની વ્યાપકતા નહિવત્ બનાવી દે છે.

(૨) ડૉ. પંડિતે કાલમાનને સ્વરનું ભેદક લક્ષણ ગણ્યું નથી અને હ્રસ્વદીર્ઘ 'ઇ-ઈ' વચ્ચે ભેદ ગણ્યો નથી, જો કે નોંધ (૧)માં જણાવ્યા પ્રમાણે જંક્ચર હ્રસ્વત્વ-દીર્ઘત્વનો ભેદ નિર્માણ કરે છે એમ પણ એમણે કહ્યું છે. પરંતુ આવો વિરોધ કે વિરોધાભાસ અસ્વાભાવિક નથી, કારણ કે બે સ્વરોનાં લક્ષણોની ભેદરેખા બે વ્યંજનો વચ્ચેની ભેદરેખા જેટલી ઘેરી નથી.[૫] આમ છતાં, લેરિંગોસ્કોપ, પેલેટોગ્રામ, ફોટોગ્રાફ તથા એક્સ-રેની મદદથી ઈ । i । અને ɪ । l । વચ્ચેનાં ભેદક લક્ષણો ભાષાવૈજ્ઞાનિકોએ નોંધ્યાં છે.

(૩) ગુજ. હ્રસ્વ ɪ । l । ને અંગ્રેજીના Short i[૬] સાથે સરખાવી જોઈએ. બિલ, પિન, વિલ, હિલ, વગેરે ગુજ. ઉચ્ચારણો સાથે એ જ શબ્દોનાં અંગ્રેજી ઉચ્ચારણો સરખાવતાં જણાશે કે અંગ્રેજી Short iની તુલનાએ ગુજ. ઈ । l । ઓછા પ્રયત્નવાળો, પૃષ્ઠતર અને નિમ્નતર છે.

---

૪ 'ગુજ. ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન' (૧૯૬૬): પૃ. ૧૦૫-૧૦૭

૫ D. B. Fry: Experimental Evidence for the Phoneme (In Honour of Daniel Jones–માં; પૃ. ૬૭).

૬ D. Jones; An Outline of English Phonetics (1956) :પૃ. ૬૭.

૯ એ ।e। ઉચ્ચારતી વખતે

(૧) જીભ મધ્ય ઊંચાઈ એ હોય છે;

(૨) જીભનો અગ્ર ભાગ ઊંચો થયેલો હોય છે;

(૩) હોઠ ધ ।l। ઉચ્ચારતી વખતે હોય છે તેના કરતાં જરા-પણ જરાક જ-વધારે પહોળા;

(૪) જડબાંનું વલણ મધ્યમ, પણ ધ ।l। વખતે હોય છે તેના કરતાં થોડું વિવૃત;

(૫) સ્વરનળી ધ ।l। ના ઉચ્ચારણ વખતે હોય છે તેના કરતાં વધારે પહોળી, ખાસ તંગ નહિ.

એ ।e। ઉચ્ચારણ ગુજરાતમાં સર્વત્ર સાંભળવા મળે છે. એ ।e। ની ઉપસ્થિતિ શબ્દને આદિ, મધ્ય અને અંત ત્રણેય સ્થાનોએ હોય છે; ઉદા. : એ, તે, જે; જેલ, મેલ, મહેલ, ઉવેલ, ઉછેર, ઉછરે, અમરવેલ, અડવાણે, ડુંગરિયે વગેરે.

નોંધ : રેડિયો પર સાંભળવા મળતાં ઉચ્ચારણોમાં કેટલાક ભાષકો 'એ' ।e।નો હ્રસ્વ ઉચ્ચાર કરતાં સંભળાય છે, જે અંગ્રેજીના ।e। સ્વરના ઉચ્ચારણને મળતો આવે છે. 'પેન', 'બેડ-રૂમ', 'બેલ', 'વેલ્કમ' આદિમાંના 'એ'નો ગુજરાતી ઉચ્ચાર હ્રસ્વ નથી કરવામાં આવતો. આમાં Pen, bedroom, bell, welcome આદિમાંનો ।e। હ્રસ્વ છે. બંને ।e। ઉચ્ચારણોની તુલના કરતાં જણાશે કે ગુજરાતી 'એ'ની સરખામણીએ અં. ।e।નો ઉચ્ચાર કરતી વખતે જીભનો અગ્રતમ ભાગ વધારે ઊંચો થયેલો હોય છે.

૧૦ ઍ ।ɛ। ઉચ્ચારતી વખતે

(૧) જીભ પૂરી ખુલ્લી હોય છે;

(૨) જીભનો અગ્ર ભાગ ઊંચો થયેલો હોય છે;

(૩) હોઠ એ ।e। ઉચ્ચારતી વખતે હોય છે તેના કરતાં વધારે પહોળા; છેડા કોઈક વાર જરા તંગ;

(૪) જડબાંનું વલણ એ ।e।ના કરતાં વધારે વિવૃત;

(૫) સ્વરનળી એ ।e।ના કરતાં વધારે પહોળી અને વધારે તંગ.

એ ।e। અને ઍ ।ɛ।નાં ઉચ્ચારણોમાં અગત્યનો તફાવત જીભના ટેરવાના સ્થાનનો છે. એ ।e। ઉચ્ચારતી વખતે જીભનું ટેરવું નીચેના દાંતના ઉપલા છેડા નજીક હોય છે ત્યારે ઍ ।ɛ। ઉચ્ચારતી વખતે ટેરવું નીચલા દાંતના મૂળ નજીક હોય છે. ઍ ।ɛ।ની ઉપસ્થિતિ શબ્દના આદિ અને મધ્ય સ્થાનોએ જોવા મળે છે, અંત્ય સ્થાને નહિ. સાનુનાસિક તથા મર્મયુક્ત સ્વર તરીકે પણ ઍ ।ɛ। જોવા મળે છે. ગુજરાતીમાં વિવૃત ઍ (અને ઑ)ની ચર્ચા નરસિંહ-રાવે સવિસ્તર કરી છે ને ક્યાં ક્યાં ઍ ।ɛ। સંભવી શકે તે જણાવ્યું છે. ઉદા. જૅ જે ('જય જય'ના અર્થમાં), મૅલ, મૅર, નૅળ, પૅસવું, પૅઠો, ભૅંસ, ખૅંચ, ફૅંટો, ઍંટ, મૅંઢો, પ્હૅરણ, મ્હૅમાન, વ્હૅલ, વ્હૅલો વગેરે.

નોંધ : (૧) સૌરાષ્ટ્રના હાલાર અને મધ્ય સૌરાષ્ટ્ર પ્રદેશોમાં તથા કચ્છના કેટલાક ભાગમાં એ ।ɛ। ઉચ્ચારણ સાંભળવા મળતું નથી. આ પ્રદેશોમાં એ ।ɛ।નું સ્થાન એ ।e। લે છે.

(૨) આ એ ।ɛ। ઉચ્ચાર અં. મૅચ્, પૅડ્, બૅગ્ ઇ.માં સાંભળવા મળે છે.

(૩) પટેલ, તવેથો, કચેરી આદિમાં એ ।e। ઉચ્ચારાય છે. ડૉ. પંડિતે એ ।ɛ। (પટેલ, તવેથો, કચેરી) નોંધ્યો છે.[૭]

(૪) એ (અને ઓ)ની અવળી માત્રાની સંજ્ઞા શ્રી નરસિંહરાવને અનુસરીને સ્વીકારેલી છે.

૧૧-૧ ક્રમાંક ૫, ૬ અને ૭ના °અ ।°ə।, અ ।ə। અને ૠ ।ʌ। સ્વરોની ચર્ચા કરતાં પહેલાં 'અ'નાં ભિન્ન ભિન્ન ઉચ્ચારણો વિશે સ્પષ્ટતા કરવી જરૂરી છે. ગુજરાતીમાં "શાંત અ"-ની ચર્ચા આરંભાઈ ત્યારથી 'અ'નાં વિભિન્ન ઉચ્ચારણો વિશે આપણે જાગ્રત થઈ ચૂક્યા છીએ એમ સ્વીકારવું જોઈએ. 'અ'ના અમુક ઉચ્ચારણને 'હ્રસ્વ અ' તરીકે પણ ઓળખાવાયો છે.

૧૧-૨ 'અ'ના ભિન્ન ભિન્ન ઉચ્ચારણોનાં કેટલાંક ઉદાહરણો જોઈએ. ગર, પર, જજ, હજ, પણ, ગઢ, ચડ, તપ, ગમ, લખ, કર, વટ આદિ દ્વિવર્ણ શબ્દોના બંને વર્ણોમાં 'અ' સ્વર છે, પણ બંનેનાં ઉચ્ચારણોમાં ફરક છે. આ–અને આવા–બધા શબ્દોનો અંત્ય 'અ' જે રીતે ઉચ્ચારાય છે તે જ રીતે કામ, ધામ, માર, ખેલ, બાપ, લાખ, કટક, અટક, અજગર, અહમદનગર, ઉછરંગ, નવરંગ, લપડાક, અમદાવાદ આદિ કોઈ પણ અકારાન્ત શબ્દનો 'અ' ઉચ્ચારાય છે. મરાઠી ભાષકો 'હિંદ (માતા)'માંનો 'દ' જે રીતે ઉચ્ચારે છે તેના કરતાં ગુજરાતી 'હિંદ'માંનો 'દ' જુદી રીતે ઉચ્ચારાય છે; મ. hindʌ–ગુજ. hind·ə. અંગ્રેજી ભાષાનાં ઉચ્ચારણો સાથે પણ તુલના કરી જોઈએ. tap, bell, spring, jam ઇ. ઉચ્ચારણો વ્યંજનાંત છે, એમના અંત્ય પ્ ।p।, લ્ ।l।, ગ્ ।g।, મ્ ।m। ઉચ્ચરાય છે તે રીતે ગુજરાતી બાપ, ખેલ, નવરંગ, ધામ આદિના પ્ ।p।; લ્ ।ગ્। ।g।, મ્ ।m। નથી ઉચ્ચારાતા. come up, come up hereમાંનો પ્ ।p। ઉચ્ચારાય છે તેના કરતાં "તારા બાપને કહે"માંનો 'પ' જુદી રીતે જ ઉચ્ચારાય છે. અં. પ્ ।P। શુદ્ધ વ્યંજન છે, ગુજરાતી 'પ' સ્વરાંત છે. એમાંનો 'અ' સ્વર કેટલો હ્રસ્વ છે તે જુદી વાત છે.

૧૧-૩ નીચેના કોઠામાંની બંને બાજુઓના શબ્દોનાં ઉચ્ચારણો તપાસીએ :

ક	ખ
મખમલ	જખ્મી
મલમલ	ફિલ્મ, ઇલ્મ, ગુલ્મ
ઝરમર	મર્મર
ગરનાળું, ગિરનાર	કર્નલ, બર્નર
ગીરતણાં (જંગલ)	નર્તન, વર્તન
છાસમાં (માખણ)	ચાણસ્મા, આસ્માન

૭ ગુજ. ભા. ધ્વ. સ્વ. અને ધ્વ. ૫ : પૃ. ૧૦૯

જેતલસર	અલ્સર
મંગલપુર	કલ્પના, અલ્પના
વિનતી, ણિનતી	અન્તર, મન્તર
મરજી, અરજી	સર્જન, માર્જિન
અરવિંદ, હરવિદ્યા	પૂર્વ, સર્વ
માલવા, વલ્વલે	ણુલ્વર, વલ્વન, ણિલ્વપત્ર
પદમા (ડાસી)	પદ્મ

આ કોઠામાંની ક અને ખ યાદીમાંના શબ્દો જોતાં જણાશે કે 'ક'માં જે વ્યંજનો વિભક્ત છે તે ખમાં સંયુક્ત છે. બંને યાદીઓમાંના સમાન—પણ એકમાં વિભક્ત અને બીજીમાં સંયુક્ત—વ્યંજનોવાળા શબ્દોનાં ઉચ્ચારણો તપાસતાં જણાશે કે બંને ઉચ્ચારણો વચ્ચે ભેદ છે. 'ફિલ્મ'માંનો લ્, જખ્મી'માંનો 'ખ્', કે 'કર્નલ'માંનો 'ર્' જે રીતે ઉચ્ચારાય છે તે રીતે 'મલમલ'માંના 'લ', 'મખમલ'માંનો 'ખ' કે 'ગરનાળા'નો 'ર' ઉચ્ચારાતા નથી. બધા ગુજરાતી ભાષકોમાં આ ભેદ સમાન અંશે સ્પષ્ટ ન હોય—કોઈ પણ સ્વર વિશે એમ હોવા સંભવ નથી—તો વત્તેઓછે અંશે એ રહેલો છે જ. કેટલાક ભાષકો આ તફાવત જાળવતા નથી એ હકીકત સ્વીકારવામાં વાંધો નથી, પણ સામાન્ય વલણ એવું નથી.

૧૧-૪. નીચેનાં શબ્દગુચ્છોમાં 'ક', 'ર' અને 'લ'નાં ઉચ્ચારણો અનુક્રમે તપાસી જોઈએ:

મરક	મકર	કમલ
મકર	મરક	કલમ
કરમ	રકમ	લસણ

પહેલા ગુચ્છના શબ્દોનું ઉચ્ચારણ કરતી વખતે પ્રત્યેક શબ્દોમાંના 'ક'ના ઉચ્ચારણ પર ધ્યાન કેન્દ્રિત કરતાં જણાશે કે 'મરક'માંનો 'ક'—વાસ્તવિક રીતે તો એ 'ક'માંનો 'અ'—અગ્રોચ્ચારિત છે જ્યારે 'કરમ'ના 'ક'માંનો 'અ' પૃષ્ઠોચ્ચારિત છે. 'મકર'ના 'ક'નો 'અ' મધ્યમ છે. આપેલા ક્રમમાં જ શબ્દો ઉચ્ચારવાથી જણાશે કે જીભની ઊંચાઈ 'મરક'થી 'કરમ' તરફ જતાં ઘટતી જાય છે અને ઉચ્ચારણસ્થાન પૃષ્ઠતર થતું જાય છે. બીજા ગુચ્છમાં 'ર'નાં અને ત્રીજામાં 'લ'નાં ઉચ્ચારણો તપાસી જોતાં પણ આ હકીકતનું સમર્થન થશે. 'અ'નું ઉચ્ચારણ નક્કી કરનારું એક ઘટક શબ્દમાં 'અ'નું સ્થાન છે. શબ્દમાંના 'અ'ના સ્થાનને અનુલક્ષી 'અ'નું ઉચ્ચારણ પૃષ્ઠનિમ્ન કે અગ્રોચ્ચ-કે મધ્યમ-થાય છે. કમલ-કમાલ, નગર-નગારું, ફરસ-ખરાસ વગેરે શબ્દજોડકાંઓના આદિ 'અ'નું ઉચ્ચારણ તપાસતાં જણાશે કે આ ।a। પૂર્વેનો 'અ' પૃષ્ઠનિમ્ન નહિ પણ મધ્ય-મધ્ય છે. 'અમસ્તું,' 'વિભક્તિ,' 'અગસ્ત્ય' વગેરેમાં જોડાક્ષર પૂર્વેનો 'અ' પૃષ્ઠનિમ્ન છે. 'ફેંકત,' 'વેંકટ,' 'ગોરસ' આદિમાંનો મધ્યસ્થ 'અ' પણ પૃષ્ઠનિમ્ન છે. કલમ-કલમી, રમત-રમતારામ, કપટ-કપટી વગેરે જોડકાંઓમાંના 'લ', 'મ', 'પ'નાં ઉચ્ચારણોમાંનો તફાવત મધ્યસ્થ 'અ' પછીના-દીર્ઘ-

સ્વર પર આધારિત હોય તેવું જણાય છે. અનાદિ 'અ' પછી દીર્ઘ સ્વર આવતો હોય તો 'અ'નું ઉચ્ચારણ અગ્રોચ્ચ હોય છે. આમ ગુજરાતીમાં 'અ'નાં ત્રણ ઉચ્ચારણો છે; તેમને આપણે °અ ।°ɔ।,૮ અ ।ɔ। અને અ ।ʌ। રૂપે દર્શાવી શકીએ.

૧૧-૫ પ્રથમ આપણે અ ।ɔ।નું ઉચ્ચારણ કેવી રીતે થાય છે તે જોઈએ.

અ ।ɔ। ઉચ્ચારતી વખતે—

(૧) જીભ મધ્ય ઊંચાઈએ હોય છે;

(૨) જીભનો મધ્ય ભાગ ઊંચો થયેલો હોય છે;

(૩) હોઠ થોડા ખુલ્લા અને સ્વાભાવિક સ્થિતિમાં;

(૪) જડબાં જરા ખુલ્લાં, મધ્યમ ખુલાવટ;

(૫) સ્વરનળી સ્વાભાવિક સ્થિતિમાં.

'અ'ના ઉચ્ચારણના આ વર્ણન પરથી જણાશે કે સ્વરતંતુઓના આંદોલનને બાદ કરતાં અન્ય ઉચ્ચારણઅવયવો આંદોલિત વાયુને પસાર થવા દેવા સિવાય કશું કાર્ય કરતા નથી. આથી 'અ'ને પ્રાચીન ભારતીય વૈયાકરણોએ 'વિશુદ્ધ સ્વર' તરીકે ઓળખાવ્યો છે અને, પાશ્ચાત્ય ભાષાવૈજ્ઞાનિકોએ એને neutral vowel[૯] કહ્યો છે. 'અ'ની ઉપસ્થિતિની ચર્ચા અગાઉ થઈ ગઈ છે. અહીં એટલું ઉમેરીએ કે મર્મરયુક્ત અને સાનુનાસિક સ્વર તરીકે અ ।ɔ। આવે છે, એ આદિસ્થાને હોય તો પણ. ઉદા., મહિયર, મહિયારી, સહિયારું, લહિયો, કહેવું, સહેવું, સહેલ, કંગન, ચંદન, અંજીર, સંજય વગેરે.

૧૧-૬ 'અ ।ં ɔ। ઉચ્ચારતી વખતે જીભનો મધ્યાગ્ર કામે લગાડવામાં આવે છે અને જીભનું ટેરવું અ ।ɔ। વખતે હોય છે તેના કરતાં જરા ઊંચું થયેલું હોય છે. બાકી બધું અ ।ɔ। પ્રમાણે હોય છે. 'અ ।ં ɔ।નું ઉચ્ચારણ અતિ દ્રુત હોય છે. અંગ્રેજી Rosalind। rɔzəlind।, melody । melədi। જેવા શબ્દોમાં 'અ' ।ɔ।ના કરતાં 'અ। ં ɔ।ને મળતું ઉચ્ચારણ છે. D. Jonesના જણાવ્યા પ્રમાણે[૯] its exact value is difficult to observe or describe.[૧૦]

૧૧-૭ અ ।ʌ। ઉચ્ચારતી વખતે

(૧) જીભ અ ।ɔ। કરતાં જરા વધારે પણ મધ્ય ઊંચાઈએ હોય છે;

(૨) જીભના મધ્યભાગનો પૃષ્ઠભાગ ઊંચો થયેલો હોય છે;

(૩) હોઠ 'અ'ના ઉચ્ચારણ વખતે હોય તેના કરતાં જરા વધારે ખુલ્લા; વલણ સામાન્ય રીતે સ્વાભાવિક તરફ; ક્વચિત્–સ્વરભાર હોય ત્યારે–જરા તંગ;

---

૮ C. F. Hockelt : A manual of Phonology (1955), P. 32.

૯ D. Jones : An Outline of English Phonetics (1956) : P. 93

૧૦ એજન : પૃ. ૯૨.

(૪) 'અ'ના ઉચ્ચારણ વખતે હોય છે તેના કરતાં જડબાં થોડાં વધારે ખુલ્લાં;

(૫) સ્વરનળી સ્વાભાવિક સ્થિતિમાં;

(૬) 'અ'ના ઉચ્ચારણ વખતે હોય છે તેના કરતાં જીભનું ટેરવું જરા પાછળ ખેંચાયેલું.

નોંધ : (૧) ગુજરાતીમાં વપરાતા કેટલાક અંગ્રેજી શબ્દોની ઉચ્ચારણદૃષ્ટિએ તુલના કરવી રસદાયક થશે. અં. cut । kʌt ।, mutton । mʌtn ।, wonder । wʌndə । વગેરે જે રીતે ઉચ્ચારાય છે તેમાં અને તેમનાં ગુજરાતી ઉચ્ચારણોમાં–કટ, મટન, વંડર–જે ફરક જોવા મળે છે તેનું કારણ અંગ્રેજીનું એક અગત્યનું ભેદક લક્ષણ સ્વરભાર, stress, છે. અં. gentleman । dzentlmən । ગુજરાતીમાં વિવિધ રૂપો ધારણ કરે છે, પણ એ દરેકમાં ઉત્તરપદ મેન । men । કે મૅન । m ɛ n । બની જાય છે.

(૨) શબ્દાન્તે આવતા 'અ' । id ।નું ઉચ્ચારણ શ્રી સિદ્ધેશ્વર વર્માએ non-accoustic articulation કહ્યું છે તે પ્રકારના ઉચ્ચારણને મળતું આવે છે (શ્રી વર્માનો In Honour of Daniel Jonesમાંનો Syllabication in the Kashmiri Language, P. 471); એ બોલાય છે પણ શ્રુતિગોચર નથી.

૧૨ આ । a । ઉચ્ચારતી વખતે

(૧) જીભ નિમ્ન સ્થાને હોય છે;

(૨) જીભના મધ્ય ભાગનો અગ્રભાગ જરા ઊંચો થયેલો હોય છે;

(૩) હોઠ 'અ' વખતે હોય છે તેના કરતાં વધારે ખુલ્લા પણ સ્વાભાવિક સ્થિતિમાં;

(૪) જડબાં 'અ' વખતે હોય છે તેના કરતાં વધારે ખુલ્લાં;

(૫) સ્વરનળી જરા ખેંચાયેલી;

(૬) જીભ પૂરી પથરાયેલી.

આ । a ।ની ઉપસ્થિતિ શબ્દમાં કોઈ પણ સ્થાને હોઈ શકે છે. કાળું, કામ, કાજ, ધોળા, ઢસા, ધમાલ, સમાલ, નવરા, તવરા, વડાળા, હડિયાણા, વઢવાણ, વિરમગામ વગેરે. એક જ શબ્દમાં એકબીજાની નજીક એક કરતાં વધારે 'આ' । a । આવે તો તેમાંનો પહેલો 'આ' એની પછીના 'આ'ની અપેક્ષાએ હ્રસ્વ બને છે. બાવાજી, નારાજી, તારાજી, બાફાબાફ, કાપાકાપી, જાફરાબાદ વગેરે. આ ઉચ્ચારણપ્રક્રિયાનાં ઉદાહરણો છે. 'આ' સાનુનાસિક અને મર્મરયુક્ત સ્વર તરીકે આવી શકે છે; ઉદા. : માંગ, ડાંગ, લાંગ, વાંભ, લાંબું, ઘ્હારું, પ્હાડ, બ્હાર, વ્હાલ વગેરે.

નોંધ : આ । a । ના હ્રસ્વ સ્વરૂપની વાત અહીં કરી છે તો ગુજરાતીમાં ક્વચિત્ જોવા મળતું તેનું વધારે દીર્ઘ ઉચ્ચારણ પણ આપણે નોંધવું જોઈએ. હારા, રામ, હાય, વારુ ઇત્યાદિમાં । a । નહિ પણ । ɑ । ઉચ્ચારાય છે. જે અંગ્રેજી far, part, calm ઇત્યાદિના । ɑ । ને મળતો આવે છે. D. Jones એને માટે ɑ : સંજ્ઞા પ્રયોજે છે.

૧૩ ઊ । u । અને ઉ । U । ના ઉચ્ચારણમાં ઈ-ઇ ઉચ્ચારણોની માફક સ્થાન પ્રયત્નનો અને કાલમાનનો તફાવત છે. અમૂલ–અમુલખ, તૂટ–તુળજા, કૂડ–કુળ ઇત્યાદિ શબ્દયુગ્મોમાં 'ઊ' અને 'ઉ' વચ્ચેનો તફાવત જોઈ શકાય છે. 'ઊ' । u । ઉચ્ચારતી વખતે

(૧) જીભ લગભગ બેઠેલી હોય છે, વચ્ચેથી વળેલી અને બાજુઓએ જરા ઊંચી થયેલી;

(૨) જીભનો પૃષ્ઠ ભાગ ઊંચો થયેલો હોય છે;

(૩) હોઠ ગોળાકાર ધારણ કરે છે તથા થોડા તંગ હોય છે. આ બંને વલણોની માત્રા અંગ્રેજી ઊ । u । કરતાં ઓછી હોય છે;

(૪) જડબાં 'ઈ' વખતે હોય છે તેના કરતાં જરા વધારે ખુલ્લાં;

(૫) સ્વરનળી સ્વાભાવિક સ્થિતિમાં.

ઊ । u । ની ઉપસ્થિતિ શબ્દના આદિ અને મધ્યમાં ગુજરાતમાં લગભગ સર્વત્ર જોવા મળે છે. જો કે 'ઊ'ને સ્થાને 'ઉ' ઉચ્ચારવાનું વલણ પણ સામાન્યપણે જોવા મળે છે. 'ઈ' । i । ના ઉચ્ચારણ સંબંધમાં જણાવ્યા પ્રમાણે સૌરાષ્ટ્રના કેટલાક પ્રદેશોમાં તથા કચ્છમાં 'ઊ'નું સ્થાન 'ઉ' લેતો સાંભળવા મળે છે. આદિમધ્ય 'ઊ'નાં ઉદાહરણો : લૂ, જૂ ૩, ખૂબ, મૂક, મૂલ, નમૂનો, ખેડૂત, મજૂર, સમૂહ, આખેદૂબ વગેરે. ભારદર્શક કે સંબોધનાત્મક ન હોય તેવો અંત્ય 'ઊ' । u । સામાન્ય નથી.[૧૧] રેડિયો પર બોલતા જુદા જુદા વક્તાઓને સાંભળતાં આબરુ, રુબરુ, રજુ વગેરે ઉચ્ચારણો સામાન્ય રીતે સાંભળવા મળે છે. મુક, ચુપ, ખેડુત ઇત્યાદિ ઉચ્ચારણો પણ ઘણી વાર સાંભળવા મળ્યાં છે. સાનુનાસિક અને મર્મરયુક્ત સ્વર તરીકે 'ઊ' આવે છે; ઉદા. : ઊંટ, ખૂંટ, ચૂંટ, સૂંઠ, ઊંડ (એ નામની નદી), મૂંડ, મૂહૂરત, ઊંહ વગેરે.

૧૪ ઉ । U । ઉચ્ચારતી વખતે

(૧) 'ઊ' ઉચ્ચારતી વખતે હોય છે તેના કરતાં જીભ જરા વધારે ઊંચી; લગભગ સ્વાભાવિક સ્થિતિમાં;

(૨) જીભનો પૃષ્ઠાગ્ર ભાગ ઊંચો થયેલો હોય છે;

(૩) હોઠ ગોળાકાર ધારણ કરે છે પણ વલણ સ્વાભાવિક તરફનું વધારે; હોઠ જરા પણ તંગ નહિ;

(૪) 'ઊ' બોલતી વખતે હોય છે તેના કરતાં જડબાં જરા વધારે ખુલ્લાં, સ્વાભાવિક સ્થિતિમાં.

(૫) સ્વરનળી સ્વાભાવિક સ્થિતિમાં.

---

૧૧ આ વલણ શ્રી સુંદરમ્, શ્રી રાજેન્દ્ર શાહ, પ્રા. સુરેશ દલાલ, આચાર્ય અમૃતલાલ યાજ્ઞિક વગેરેનાં તથા રેડિયો પરથી જુદા જુદા બીજા ભાષકોનાં ઉચ્ચારણોમાં આ લેખકે નોંધ્યું છે.

'ઉ'ની ઉપસ્થિતિ શબ્દમાં બધાં સ્થાનોએ હોય છે. ઉદા., ઉપર, ઉદર, ઉગરવું, અમુક, તમુક, ધતુરો, બકુલા, વિદુર, બાબુ, સાબુ,[૧૨] વગડાઉ, દાઉ, ઉડાઉ વગેરે. અનુનાસિક અને મર્મરયુક્ત સ્વર તરીકે 'ઉ' આવે છે. ઉદા., ઉંદર, ચુંદરિયો, સુંદર, ચુંદડી, ખુંગણ, મુંગણી (એ નામનું ગામ), મુંજસર, મુંડિયો, લુહાર, સુહાસ, કુહાડી વગેરે.

નોંધ : અંગ્રેજી ઉ ।U। અને ઉ ।u। ઉચ્ચારણો ગુજરાતી 'ઊ-ઉ' સાથે સરખાવતાં જણાશે કે અંગ્રેજીના બંને ઓષ્ઠ્ય સ્વરો ગુજરાતી ઓષ્ઠ્ય સ્વરોની તુલનાએ હ્રસ્વ છે. અં. June, rule, blue, tube, put, book, good વગેરે ઉચ્ચારણોને ગુજરાતી જૂન, રૂલ, બ્લ્યૂ ટ્યુબ, પુટ, બુક, ગુડ વગેરેની સાથે સરખાવી જોતાં જણાશે કે અંગ્રેજી સ્વરોનાં ઉચ્ચારણમાં કાલમાન ઓછું છે.

૧૫ ઓ ।o। ઉચ્ચારતી વખતે—

(૧) જીભ લગભગ પૂર્ણ ઊંચાઈએ હોય છે;

(૨) જીભનો પૃષ્ઠભાગ ઊંચો થયેલો હોય છે;

(૩) હોઠ ખૂલતા ને ગોળાકાર વલણ ધારણ કરતા;

(૪) જડબાં 'ઉ' વખતે હોય છે તેના કરતાં વધારે ખુલ્લાં;

(૪) સ્વરનળી સ્વાભાવિક સ્થિતિમાં.

ઓ ।o।ની ઉપસ્થિતિ બધાં સ્થાનોએ જોવા મળે છે. ઉદા. : જોર, તોર, થોર, બોર, દોડ, ચંડોળ, ઘોડો, ગધેડો ઉંદરડો, વડોદરા, રસોઇયો, સાઠોદરો વગેરે.

નોંધ : સામાન્ય રીતે ગુજરાતી ઓ ।o। જોન્સે[૧૩] નોંધેલા ।o।ના કરતાં વધારે દીર્ઘ છે. અં. ।o।નું ઉચ્ચારણ હ્રસ્વ છે,[૧૪] ઉદા., dog, not, want, what વગેરે. કેટલાક ગુજરાતી ભાષકો પણ આવા હ્રસ્વ ઉચ્ચારણ તરફનું વલણ ધરાવે છે. અં. ।o।ના ઉચ્ચારણમાં હોઠનું વર્તુળાકાર જેટલું આવશ્યક લક્ષણ છે તેટલું ગુજ. ઓ ।o।માં નથી.

૧૬ ઔ ।O। ઉચ્ચારતી વખતે

(૧) જીભ પૂર્ણ ઊંચાઇએ હોય છે;

(૨) જીભનો પૃષ્ઠતમ ભાગ ઊંચો થયેલો હોય છે;

---

૧૨ ડૉ. એમ. એસ. પટેલ અને શ્રી જે. જે. મોદીને મતે આપણે ભલે લખીએ 'બાબુ', 'સાબુ' પણ ઉચ્ચારીએ છીએ. 'બાબૂ', 'સાબૂ' [જુઓ The Vowel System of Gujarati (1961) પૃ. ૨૧]

૧૩ An Outline of Eng. Phonetics, p. 77.

૧૪ ડૉ. પંડિતે ।o। સંજ્ઞા નિશ્ચિત ઓ માટે પસંદ કરી છે. જુઓ ગુજ. ભા. હ્રસ્વ. અને હ્રસ્વ., પૃ. ૧૦૫.

૧૫ 'ગુજ. ભાષા અને સાહિત્ય': પ્રથમ ભાગ, પૃ. ૧૨૩-૧૭૭ (શ્રી નરસિંહરાવના મૂળ ગ્રંથનો શ્રી રામપ્રસાદ બક્ષીએ કરેલો અનુવાદ).

(૩) હોઠ 'ઓ' ।o। ઉચ્ચારતી વખતે હોય છે તેના કરતાં વધારે ખુલ્લા, ગોળાકાર વલણ નહિવત્;

(૪) જડબાં 'ઓ' વખતે હોય છે તેના કરતાં વધારે ખુલ્લાં;

(૫) સ્વરનળી જરા પહોળી અને થોડી તંગ.

'ઑ' ઉચ્ચારણ વિશે, 'ઍ' ઉચ્ચારણની માફક, શ્રી નરસિંહરાવે વિસ્તારથીલખ્યું છે તે જિજ્ઞાસુએ જોઈ લેવા વિનંતી છે.[૧૫] ઑ ।O।ની ઉપસ્થિતિ શબ્દના આદિ સ્થાને અને ટૂંકા શબ્દોમાં મધ્ય સ્થાને જોવા મળે છે. અંત્ય સ્થાને અને લાંબા શબ્દોમાં તે સામાન્ય રીતે સાંભળવા મળતો નથી. ઉદા., ભૉ, મૉજ, સૉ, કૉદાળી, કૉલ, પૉર, કૉડું, રૉફ, ચૉરસ, ગૉળ, ચૉરી, ચણોઠી, પનોતી, છંટોણી વગેરે.

સાનુનાસિક સ્વર તરીકે ઑ ।O। જ આવે છે. ઓ ।o। નહિ. ઉદા., ભૉંક, ધૉંક, હૉંચી, હૉંસો, લૉંદો, ધોંચી (ક્રિયાપદનું રૂપ તથા 'ધાંચી'નું ચરોતરી ઉચ્ચારણ) પૉંક વગેરે.

મર્મરયુક્ત સ્વર તરીકે ઓ ।o। તથા ઑ ।O। બંને આવી શકે છે; ઉદા. : હોડ, વ્હોરવું, મ્હોરું, મ્હોર, પ્હોર, હો, હોળવું, હોળાળો વગેરે.

નોંધ : ગુજરાતી ઓ ।o। ઓ ।o।ની તુલનાએ વધારે દીર્ઘ છે. કદાચ એની દીર્ઘતાનું કારણ એનું વિવૃતત્વ છે. અંગ્રેજી ।o। અને ।o। બંને સંવૃત છે.

---

૧૫ 'ગુજ. ભાષા અને સાહિત્ય': પ્રથમ ભાગ, પૃ. ૧૨૯-૧૭૭ (શ્રી નરસિંહરાવના મૂળ ગ્રંથનો શ્રી રામપ્રસાદ બક્ષીએ કરેલો અનુવાદ.)

જુવાર

બાપાલાલ ગ. વૈદ્ય

સંસ્કૃત નામો. સકલ ગ્રન્થોમાંથી તારવીને અત્રે આપવામાં આવ્યાં છે.

જૂર્ણાવ્હ, જૂર્ણાવ્હા-જૂર્ણ, યવનાલ, યાવનાલ યોનલ, જૂર્ણાવ્હય, દેવધાન્યં, જોન્નાલા, બીજપુષ્પિકા. જૂનલ, નલ, ચૂર્ણ્યાવ્હ, જુહુલ, જુનુલઃ, પુષ્પબીજક, પવનાલ, પવનાલક, દીર્ઘનાલ, શિખરી, વૃત્તતણ્ડુલઃ, દીર્ઘશર, ક્ષેત્રેક્ષુ, ઇક્ષુપત્રક, ઇત્યાદિ.

ચરક સંહિતામાં ફક્ત જૂર્ણાવ્હ શબ્દ જ છે. યવનાલ કે યાવનાલ નથી. સૂત્રસ્થાન. અ. ૨૧–૨૫ અને સૂ. ૨૭–૧૭ બે જ ઉલ્લેખો છે.

'જૂર્ણાવ્હ = **જોનાર** इति ख्यातः।' ચરક ટીકાકાર ચક્રપાણિદત્ત. કુધાન્ય વર્ગમાં એની ગણત્રી ચરકમાં થયેલી છે.

સૂ. ૨૧માં મેદોહર તરીકે અન્ય ધાન્યો સાથે ઉલ્લેખ છે.

સુશ્રુત સંહિતામાં જૂર્ણાવ્હ કે જૂર્ણ શબ્દો નથી. બે વખત યવનાલ-યાવનાલનો ઉલ્લેખ છે. ક-સ્થા - ૭–૧૬ મૂષિકકલ્પમાં અને ગુલ્મ ચિકિત્સામાં ઊ. ૪૨/૪૦. અને અહીં બંને સ્થળે યવનાલનો ક્ષાર વપરાયો છે. ધાન્ય વર્ગમાં ઉલ્લેખ જ નથી. એ બતાવે છે કે સુશ્રુતના પ્રતિસંસ્કાર વખતે જુવાર જાણીતી ન હતી—ન હશે.

વાગ્ભટના બંને ગ્રન્થોમાં જૂર્ણાવ્હ-જૂર્ણ છે, યાવનાલ નથી. વાગ્ભટ ચરકના અનુયાયી હોવાથી ચરકનું જ અનુકરણ કરે છે.

અષ્ટાંગ હૃદયના બંને ટીકાકારો **અરુણદત્ત** (ઈ. સ. ૧૨૨૦) અને **હેમાદ્રિ** (ઈ. સ. ૧૨૬૦) જૂર્ણનો પરિચય આપે છે. અરુણદત્ત ફક્ત 'જૂર્ણો યાવનાલઃ' આટલું જ આપે છે જ્યારે હેમાદ્રિ "जूर्णः तृणधान्य विशेषः दक्षिणापथे **जोन्धलक** इति प्रसिद्धः।" આવો પરિચય આપે છે. મરાઠીમાં આજે પણ જુવાર માટે શબ્દ જોન્ધલા **પ્રચલિત** છે જ. ચરકના અન્ય ટીકાકાર શિવદાસ સેને જૂર્ણાવ્હનો પરિચય **જૂર્ણાવ્હા** तृणधान्यविशेषा दक्षिणापथे **योर्णकं** इति प्रसिद्ध इत्यरुण इति शिः।" આવો આપ્યો છે. અર્થાત્ યોર્ણક નવો શબ્દ આપ્યો છે.

ભેલ સંહિતા (કલકત્તા યુનિવર્સિટીએ છપાવેલ પ્રત)માં **યાવનાળ** છે. જૂર્ણાવ્હ નથી. અહીં ન્નો ળ કરેલો છે. સંસ્કૃતમાં ળ શોધ્યો જડે એમ ન હોવા છતાં અહીં **યાવનાળ** જોઈ આશ્ચર્ય થાય છે. મને અશુદ્ધિ જ લાગે છે. ભેલ સંહિતા ખંડિત રૂપમાં જ પ્રાપ્ત થયેલી છે, બીજી પ્રતો મળે નિર્ણય થાય.

અમરકોશમાં જૂર્ણ કે **યાવનાલ** નથી.

નરહરિકૃત રાજનિઘણ્ટ (ઈ. સ. ૧૪૫૦)માં ઉલ્લેખ છે :

यावनालोऽथ नदीजः दृढत्वग्वारिसंभवः ।
यावनालानिभश्चैव खरपत्रः षडाह्वयः ॥

અર્થાત્ નદીમાં થતો જુવાર જેવો છોડ તેનું આ વર્ણન છે. ખેતીથી થતી જુવારનો લેખકને ખ્યાલ છે જ કારણ 'यावनालनिभः' (જુવાર જેવો જ)–સૂચવે છે. પરંતુ ઉપરનું વર્ણન જોતાં અહીં શરમૂલ લાગે છે : ('यावनालशरमूलमीषन्मधुररुच्यकम् ।')

મદનપાલ નિઘંટુ (ઈ. સ. ૧૩૭૪)ના ધાન્યાદિવર્ગમાં જુવાર છે :—

यावनालो देवधान्यं जूर्णाव्हो जूनलो नलः ।
यवनालः स्वादुशीतो वातलः कफपित्तजित् ॥

રાજનિઘંટુમાં જુવારમાંથી બનતી સાકર **यावनाली**(शर्करा विशेषः)નો ઉલ્લેખ છે.

यावनाली हिमोत्पन्ना हिमानी हिमशर्करा ।
क्षुद्रशर्करिका क्षुद्रा गुडजा जलबिन्दुजा ॥

રા. નિ. કારે જૂર્ણાનો અન્યત્ર ઉલ્લેખ કરેલો છે જ. (જુઓ ધન્વન્તરિ નિઘણ્ટુ સહિત રાજનિઘંટુ (આનંદાશ્રમ-પૃ. ૨૨૯). અહીં લેખક જુવારની ભિન્ન જાતો દર્શાવે છે. જુઓ :—

*धवलो यावनालस्तु पाण्डुरः तारतण्डुलः ।
नक्षत्राकृतिविस्तारो वृत्तो मौक्तिकतण्डुलः ॥
धवलो यावनालस्तु गौल्यो बल्यः त्रिदोषजित् ।
तुवरो यावनालस्तु कषायोष्णो विशोफकृत् ।
संग्राही वातशमनो विदाही शोषकारकः ॥
शारदो यावनालस्तु श्लेष्मदः पिच्छलो गुरुः ।
शिशिरो मधुरो वृष्यो दोषघ्नो बलपुष्टिदः ॥
सस्क्त यावनालोहि **लोहितः** तुवरधान्यश्च ॥

આ જ શ્લોકો કતોભટ્ટે તેમના **निघंट संग्रह** (ઈ. સ. ૧૮૯૩ સંવત્ ૧૯૪૯)માં ઉતાર્યા છે. આ જ શ્લોકો રઘુનાથ ગણેશ નવહસ્તાએ પોતાના "**भोजनकुतूहल**" નામના ગ્રન્થમાં (ઈ. સ. ૧૮૦૩) ઉતાર્યા છે. ભોજનકુતૂહલમાં **यावनाल गुड**નો ઉલ્લેખ છે :—

स्याद्यावनालरसपाकभवो गुडोऽयं
क्षारः कषायमधुरः कफवातहारि ।
पित्तप्रदः सततमेष निषेव्यमाणः
कंडूतिकुष्ठजननोऽस्रविदाहदायी ॥

---

*કતોભટ્ટ ધવલ જાત માટે ધોળીજાર, તુવર યાવનાલ માટે ગુગલો અને રાતી જાત માટે રાતી શબ્દો વાપરે છે. ગુગલો જાત સૌરાષ્ટ્રમાં થતી હશે અને તેમણે જોઈ હશે.

શોઢલ[1] કૃત **गुणसंग्रह** નામના નિઘંટમાં એક વિશેષતા એ છે કે જુવારની એમણે ઘણી જાતો દર્શાવેલી છે અને શૂકધાન્ય અને શિમ્બ ધાન્ય વર્ગોની વચમાં **जूर्णावर्ग** જુદો રાખેલો છે. આ વર્ગમાં નીચેની જાતો ગણાવી છે:—

ललिता क्रोष्टुपुच्छा च **श्रीखण्डी** च **सुगन्धिका**
कृष्णा भाद्रपदी चान्या **श्वेता मंडा** च जूर्णका
शक्तिकाकुब्जिकाद्याश्च बहव्या जूर्णाव्हजातयः ॥

ललिताख्या वरा तासु न च मारुतकोपनाः ।
तद्वत् शृगालपुच्छी च **मृद्वी जीवातिकुब्जकाः** ॥

तद्वत् **महासुगन्धा** च परं तिस्रोऽतिवातलाः ।
(इति जूर्णावर्गः)

બીજા કોઈએ આવી રીતે જુવારની જાતો વર્ણવી નથી.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના **देशीनाममाला** (ઈ. સ. ૧૦૮૯–૧૧૭૩)માં નીચેના ઉલ્લેખો જુવાર વિષે ધ્યાનાર્હ છે:—

પૃ. ૧૫૧ जोवारीय जोण्णलिआ ॥ ५ ॥

जोण्णलीआ जोवारी । धान्यम् । **जोवारी** शब्दोऽपि देश्य एव । यथाचलजोइ अजोइं गणमिकिखअ **जोण्णलीअ** कारणं कालं । कासय वहूअ हरिसा उफ्फुलय जोअणाहुन्ति ॥ ४२ ॥

जोण्णालिआ પેઠે जोवारी પણ देश्य શબ્દ છે એ આનો અર્થ છે.

પં. હેમચંદ્રના **अभिधान चिन्तामणि** નામના કોષમાં भूमिकाण्डमां यवनालस्तु योनलः ।

जूर्णाव्हयो देवधान्यं जोन्नाल बीजपुष्पिका ॥ २४४ ॥

આની ઉપર હેમચંદ્રની ટીકા નીચે મુજબ છે.

यवस्य इव नालमस्य यवनालः ॥ ९ ॥
यूयते योनलः "मुरल" (उणा ४७४)
इत्यले निपात्यते । २ ।
'जरैचि जरायां' जूर्यते जूर्णः डीयश्व्यैदितः ॥ ४ ॥ ४ ॥ ६१ ॥
इतिक्तस्य नत्वम् । जूर्ण इत्याव्हयो यस्य **जूर्णाह्वयः** ॥ ३ ॥
देवप्रियधान्यं देवधान्यं जनाद नालमस्या जोन्नाला पृषोदरादित्वात् ॥ ५ ॥
बीजाकारं पुष्पमस्य बीजपुष्पिका ॥

---

१ શોઢલ ગૂજરાતના રાયકવાડી બ્રાહ્મણ હતા. આ નિઘંટુ છપાવવા જેવો છે. ભાંડારકર રીસર્ચ ઇન્સ્ટીટ્યુટમાં મેં હસ્તલિખિત પ્રત જોઈ છે.

આ જ લેખકના સટીક **નિઘણ્ટુશેષ**[1] નામના નિઘંટુમાં ઉપર મુજબ (૨૪૪) બધું આપ્યું છે. વધારામાં ફક્ત एतस्य लोके "जुवारि" इति प्रसिद्धिः । એટલું એના ટીકાકાર પોતાની ટીકામાં ઉમેરે છે. હેમચંદ્રની ટીકા જ આ ટીકાકારે ઊતારી છે. **અમરકોષમાં યવનાલ** કે **જૂર્ણાહ્વ**નો ઉલ્લેખ નથી એ ખાસ ધ્યાન ખેંચે છે. અમરકોષ જોવામાં આ શબ્દ કેમ નહિ એ એક **પ્રશ્ન** છે.

यादवप्रकाश પોતાના વૈજયન્તી કોષમાં **यावनालस्तु योनलः**। भूमिकाण्ड, वैश्याध्याय, ५६.

આ જોતાં લાગે છે કે હેમચંદ્રાચાર્યે વૈજયન્તી (ઈ. સ. ૧૦૫૦) ઉપરથી અભિધાન ચિંતામણિમાં (હેમચંદ્ર ઈ. સ. ૧૦૮૯-૧૧૭૩) ઉતારો કર્યો જણાય છે.

પ્રો. પી. કે. ગોડે **तिलोयपन्नत्ती** (ત્રિલોકપ્રજ્ઞાપ્તિ) નામના ઈ. સ. પાંચમી સદીના પુસ્તકમાંથી નીચેનો ઉતારો કરી **યવનાલ** એ સંસ્કૃત શબ્દ **પ્રાકૃતમાં જમણાલ** બની ગયો છે તે બતાવે છે :—

"जमणाल वल्ल तुवरी तिलजवगोधूम्ममास पहुदीहिं ॥
सव्वेहिं सुधण्णेहिं पुराइं सोहंति भूमीहिं ॥ १३३ ॥

આનું હિંદી ભાષાન્તર ભાષાન્તરકારે આ પ્રમાણે આપ્યું છે :—

"यवनाल (जुवार) वल्ल, तुवर, तिल, जौ, गेहूं और उडद इत्यादिक समस्त उत्तम धान्यों से युक्त भूमियों द्वारा वे नगर शोभा को प्राप्त है" ॥

સંવત ૧૬૮૦ (ઈ. સ. ૧૬૨૪)માં સાધુ સુંદરગણિ કૃત **धातुरत्नाकर**[2] નામનો જૈન કોષ પ્રસિદ્ધ થયેલો છે. એમાં નીચેનો ઉલ્લેખ જોઈએ :—

"जोन्नाला यवनालश्च जूर्णा जूर्णिः = शणः = सणः ।" २६७ ॥

(चतुर्थ काण्ड)

કેશવસ્વામી કૃત "नानार्थवार्णव-संक्षेप" કોષમાં (ઈ. સ. ૧૨મી સદી) નીચે પ્રમાણે જુવારનો ઉલ્લેખ છે. આમાં **यावनाल** અને **जोन्नाला** બન્ને નામો છે :—

"यावनालाख्य धान्ये तु जोन्नाला स्त्री त्रिषुत्वद" । ८११ ।

સોમેશ્વરકૃત **मानसोल्लास**[3] નામના સંસ્કૃત ગ્રન્થ (ઈ. સ. ૧૧૧૬-૧૧૨૭)માં 'मृगया विनोद' નામના પ્રકરણમાં નીચેનો ઉલ્લેખ છે. આમાં હરણાંને જુવારનાં કણસલાં ખવડાવવાનો ઉલ્લેખ છે :—

---

૧ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ તરફથી મુનિશ્રી પુણ્યવિજયજીએ વાચનાચાર્ય શ્રી વલ્લભગણિ વિનિર્મિતા ટીકા સાથે આ ગ્રન્થ નિઘણ્ટુશેષ પ્રસિદ્ધ કરી મહાસેવા બજાવી છે.

૨ શોલાપુરના જૈન સંસ્કૃતિ સંરક્ષક સંઘ તરફથી આ પ્રાકૃત ગ્રન્થ તેના હિંદી ભાષાન્તર સાથે ડૉ. એ. એન. ઉપાધ્યે અને પ્રો. એચ. એલ. જૈનના તંત્રીપદે ૧૯૪૩માં પ્રસિદ્ધ થયો છે.

૩ વડોદરા પ્રાચ્ય વિદ્યામંદિર તરફથી આ ગ્રન્થ ૧૯૩૯માં ચાર વૉલ્યુમમાં પ્રસિદ્ધ થએલો છે.

"कणिशं यावनालस्य क्रमशश्चारयेन्मृगान्" ॥ (વૈ. ૨)

('कणिशे सस्यशीर्षकम्' (નિ. શેષ) ટીકાકાર વલ્લભગણિ ટીકામાં કહે છે કે લોકે 'कणखडा' इति 'प्रधान सिरा' इत्यर्थः ॥ कणति वातेन इति कणिशम् ।)

આમ ચરકથી માંડી ૧૨મા સૈકા સુધીના વિવિધ ઉલ્લેખો જોઈ ગયા પછી હવે અંગ્રેજી પુસ્તકોમાંથી જુવાર સંબંધી જે માહિતી છે તે જોઈશું:

A. F. Swanson અને Laude "Varieties of Sorghum Kansas" [Kansas State College of Agriculture Bulletin No. 266 (1934)]માં નીચેની માહિતી છે.

૧ Holcus Sorghum (જુવારનું જૂનું લેટીન નામ) વિષુવવૃત્ત નજીકના આફ્રિકા અને એશિયા ખંડનું વતની છે.

૨ ઇજિપ્તની ઈ. સ. પૂ. ૨૨૦૦ જેટલી એક જૂની કબરમાંથી જુવાર મળી છે.

૩ બાઇબિલ (Book of Ezekeil)માં 'Dochan' શબ્દ છે અને એનું ભાષાન્તર millet (મીલેટ) એવું કરવામાં આવ્યું છે પરંતુ આ લેખક માને છે કે આ Sorghum (સૉર્ઘમ)-જુવાર-લાગે છે.-મીલેટ નથી.

૪ જુવાર(Sorghum)નું વાવેતર એશિયામાં-ખાસ કરી હિંદુસ્તાનમાં-બહુ પ્રાચીન કાળથી થાય છે.

૫ ચીનમાં ઈ. સ.ની ત્રીજી સદી જેટલા પ્રાચીન સમયમાં જુવારનું વાવેતર થતું હતું. પરંતુ ચીનમાં જુવાર પરદેશથી આયાત થએલી છે.

"Dictionary of Economic Products of India" (Vol. VI Part III, Page 291)માં Sorghum (જુવાર) વિષે લંબાણથી માહિતી આપવામાં આવી છે. જેનો સાર નીચે આપવામાં આવે છે:

૧ ખેતી કરાય છે એ જુવારનો વિકાસ હિંદમાં થયો છે.

૨ સર વૉલ્ટર ઇલિયટ કહે છે કે જુવારનું સંસ્કૃત નામ જોતાં એ **यवन** સાથે સંબંધ ધરાવે છે. યવનનો અર્થ મોટે ભાગે ગ્રીક-મુહમદન એવો થાય છે જેનો અર્થ 'અજાણ્યો' થાય છે. એનું પર્સિયન નામ 'જવાર-ઈ-હિંદી' વધુ સ્પષ્ટ છે. આ નામ સૂચવે છે કે જુવાર હિંદમાંથી પર્સિયામાં ગઈ છે.

૩ ડીન્કેન્ડોલ માને છે કે સંસ્કૃતમાં જુવારનું નામ જોવામાં નથી એટલે એનું માદરેવતન શોધવું મુશ્કેલ તો છે જ.

૪ કેટલાક લોકોએ જુવારનું સંસ્કૃત નામ Zurna or Zura આપ્યું છે. પરંતુ આ શબ્દો તો ખરી રીતે અરબી શબ્દ 'Dhura'માંથી પડ્યા છે. આ અરબી શબ્દ ઇજિપ્તની અને હીબ્રુ ભાષામાં ગયો છે. આ બધું બતાવે છે કે આર્યોના આગમન પહેલાં હિંદમાં ત્યાંના

અસલ વતનીઓ અનાર્યો જુવાર વિષે જાણુતા અને ખેતી કરતા. સંસ્કૃતના શિષ્ટ સાહિત્યમાં આના ઉલ્લેખો મળતા નથી એટલા ઉપરથી એમ માની લેવું કે તે હિંદમાં સાવ અજ્ઞાત હતી એ ઠીક નથી. ધાર્મિક વિધિઓ સાથે એનો સંબંધ, એની ખેતી અને અનેક જાતોનો સંબંધ જોતાં જુવાર હિંદની જ ગણુવી જોઈએ.

૫ 'History of Bible Plants'ના લેખક સ્મીથ એમ બતાવવા પ્રયાસ કરે છે કે જુવારના સાંઠા એ જ સેંટ મેથ્યુનું Reed હતું અને એનાં કણુસલાં ઘણું કરી સેન્ટ જહોનનાં Hyssop હતાં. Hyssop (હીબ્રુનું Esob) આ જોતાં તો પેલેસ્ટાઇનમાં જુવારની ખેતી યા વાવેતર બહુ પ્રાચીન ગણાય.

કેટલાક લેખકો ઈટાલીમાં જુવાર થતી જણાવે છે પરન્તુ અન્યના મતે ઈટાલીમાં જુવાર હિંદમાંથી ગઈ છે.

અબુલ ફઝલની "આઇન-ઈ-અકબરી"માં "જુવારિ"નું વર્ણન નીચે મુજબ છે:— "ખાનદેશમાં જુવારિનું વાવેતર મુખ્યત્વે થાય છે. અહીં એના વર્ષમાં ત્રણ પાક લેવાય છે. જુવારિના ડાંડા એટલા તો મીઠા હોય છે કે જાણે કોઈ સ્વાદિષ્ટ ફલ ખાતા હોઈએ એમ લાગે છે." આપણે ઉપર यावनाली (शर्करा) અને यावनाल गुडના ઉલ્લેખો જોઈ ગયા છે. જુવારનો સાંઠો ખૂબ જ મીઠો હોય છે. સંભવ છે એમાંથી ગોળ અને ખાંડ પહેલાં બનતાં હશે.

જુવારના ડાંડાને ગુજરાતીમાં 'કડબ' કહેવામાં આવે છે. બંગાલીમાં જુવારનું એક નામ 'કુરબી' છે જે કડબ જેવું જ છે.

છોડવાઓનો ઇતિહાસ ખૂબ મહેનત માગે છે તેમ સમસ્ત ભાષાઓનું જ્ઞાન તેમ જ સમૃદ્ધ પુસ્તકાલયો માગે છે. આ નમ્ર પ્રયાસ વિદ્વાનોને આ દિશામાં પ્રેરવા માટે જ છે.

જુવારનાં નામો

સંસ્કૃત નામો તો આપણે ઉપર જોઈ ગયા છે. બીજાં થોડાંક નામો આપું છું. ઇંડિયન મેડિસિનલ પ્લાન્ટસ: કીર્તિકર અને બાસુ: નવી આવૃતિમાં જવારનાં પ્રત્યેક ભાષાનાં નામો, જેને શોખ હોય તેમણે જોવા જેવાં છે.

પનેરા-જુઆર (હિંદી)

જુયારા-જોયાર, કુરબી. (બંગાલી)

જુવાર,-જર જવાર, સુંઢિયું. (જુવારની જ જાત છે) (ગુજ.)

ચોલમ્ (તામીલ) जीवकचिन्तामणि (ઈ. સ. ૮) નામના પ્રાચિન ગ્રંથમાં "ધનુગુ" તામીલ નામ છે.

જોલા (કન્નડ)

જોન્નલુ (તેલુગુ)

જવાર-જવાર જવારી-તુર્કી-મનિ-અફઘાનિસ્તાન

ધુરા-ધુરત. જુરા. (અરબી)

જોન્ધલા, જુવારિ (મરાઠી)

પ્યૌંગ (બર્મા)

જોઆર-જુનાલી (કુમાઉં)

કાફીર કૉર્ન (દક્ષિણ આફ્રિકા)

સોર્ગો (રૂસિયન) ·

માલ્હો (પોર્ચુગીઝ)

Broom Corn, Great millet, Indian millet (English) Sorghum vulgare Pero. (લેટીન અથવા વૈજ્ઞાનિક નામ)

સોર્ઘમ (જર્મન)

સોર્ઘો, મીલેટ દ તર્કી, સોર્ઘો દ આફ્રિકુ-(ફ્રેંચ)

હેમચંદ્રાચાર્યે આપેલી નિરુક્તિ **'यवस्य इव नालमस्य इति यावनालः'** કેટલે અંશે સાચી છે એ ભાષાશાસ્ત્રીઓ માટે વિચારણીય છે. જવના નાલ સાથે આનો મેળ ખાતો નથી. એટલે યવન ઉપરથી યાવનાલ પડયું છે એ માનવા ઘણા લલચાય છે. યવનાલ ઉપરથી પ્રાકૃત જમણાલ થયું છે. જોન્ધલક, જુવારિ, જોન્નાંલા, યોનલ વગેરે પ્રાકૃત નામોનો ઉપર ઉલ્લેખ આપણે જોયો છે.

શિવદાસ સેને યોર્ણક એવો પરિચય કરાવ્યો છે જ્યારે બિનોદ લાલ સેન યવનાલનું પવનાલ સંસ્કૃત કરે છે અને જુહુલ, જુલુન, પુષ્પબીજક, પવનાલક વગેરે નામો આપે છે. બંગાલીઓ કંઈક નવું બતાવવાના ઉત્સાહમાં આમ કરતા લાગે છે.

ભાવપ્રકાશકાર જુવારના ગુણોમાં अवृष्य (પુરુષાતન ઓછું કરનાર) આપે છે જ્યારે રાજનિઘંટુકાર ધોળી જુવારને बल्यः tonic બલપ્રદ અને ત્રિદોષહર ગણાવે છે. આમ ગુણ-વર્ણનમાં પણ ઘણું વૈચિત્ર્ય જોવામાં આવે છે.

જુવારની ધાણી વિષે કોઈએ કંઈ કહ્યું નથી એ નવાઈ છે. સંસ્કૃતમાં धाना શબ્દ છે તે ઉપરથી **ધાણી** શબ્દ પડ્યો લાગે છે. धाना એટલે જવની ધાણી=(भृष्ट यवः) પરન્તુ પાછળથી બધાં ધાન્યની ધાણીઓ માટે એ શબ્દ પડ્યો લાગે છે. કતોભટ્ટ જુવારની ધાણીનો ઉલ્લેખ કરે છે :—

" धाना विष्टंभिनी रूक्षा तर्पिणी लेखनी गुरुः । इति वाग्भटः । "

ગુજરાતીમાં લખે છે—" જારની ધાણી વાયુકર્તા છે, તૃપ્તિ કરે છે, વિશેષ ખાય તો પેટ ચઢે છે ને પછે ઝાડો થાય છે. " પૃ. ૬૫૭

જુવારની ધાણીના આ ગુણ બરાબર નથી. જુવારની ધાણી એક સ્વાદિષ્ટ ખાદ્ય છે. હાંસોટ(ભરુચ)માં બારેમાસ ધાણી ખાવાનો ચાલ છે અને એ ખાધા સિવાય કેટલાને ચેન જ નથી પડતું. પચવામાં હલકી છે. વાગભટે 'ગુરુ' કહ્યું છે તે ઠીક નથી.

Sorghum સૉર્ઘમ નામ હિંદી નામ Sorghi ઉપરથી પડયું છે એમ બ્રાઉન[1] લખે છે. ચાઈનીઝ સુગરકેનનું નામ છે 'Sorghum saccharatum' (Sweet Sorghum). કાસડાની ખેતીમાંથી જેમ કાલક્રમે શેરડી થઈ તેમ જુવાર અને આ મીની શેરડી બન્ને ભાઈબિહેન પણ ખેતીને લઈને જ રૂપાંતરિત થયાં લાગે છે.

ઉપસંહાર

૧ વેદ કે સંહિતાઓમાં જુવારનો ઉલ્લેખ નથી.

૨ ચરક સંહિતામાં સૌ પ્રથમ ધાન્યવર્ગમાં जूर्ण, जूर्णाह्व મળે છે. यवनाल કે यावनाल ચરકમાં નથી. ચરકમાં કોઈ વૈદ્યકીય ઉપયોગ આનો નથી.

"श्वदंष्ट्रा यावनालश्च द्वौ क्षारौ शीतलौ स्मृतौ ।

भोजनविधीयं अध्याय p. 48 (Calcutta University) मेलसंहिता.

યાવનાલનો ક્ષાર શીત છે.

બીજા ક્ષારો ઊષ્ણતીક્ષ્ણ છે.

૩ સુશ્રુત સંહિતામાં 'यावनाल क्षार' (ક. ૭-૧૬ અને ઊ-૪૨-૪૦) વપરાયો છે. સુશ્રુત સિવાય ક્ષારનો ઉલ્લેખ અન્યત્ર જોવામાં નથી આવ્યો. સુશ્રુતના ધાન્યવર્ગમાં જુવાર નથી.

૪ વાગ્ભટ (બંને ગ્રન્થો)માં जूर्ण जूर्णाह्व છે, यवनाल यावनाल નથી, કારણ વાગ્ભટ ચરકાનુસારી છે.

૫ રાજનિઘણ્ટુએ સૌ પહેલાં જુવારની ખાંડ 'यावनाली' શર્કરા ઉલ્લેખી છે.

૬ ભોજન कुतूहलમાં ગોળનો ઉલ્લેખ છે, અન્યત્ર નથી.

૭ રાજનિઘંટુકારે જુવારની જાતોનો ઉલ્લેખ કર્યો છે પરંતુ ગુજરાતના શોઢલે તેના નિઘંટુમાં જુવારની ઘણી જાતોનો ઉલ્લેખ કરેલો છે એ ધ્યાન ખેંચે છે.

૮ ટીકાકારોએ એનો પરિચય "तृण धान्यविशेष" અને દેશી નામો – દક્ષિણનાં પ્રચલિત નામો આપ્યાં છે.

૯ 'આઈ-ની અકબરી'(અબુલફઝલ)માં જુવારનો ઉલ્લેખ છે. એ જુવારના સાંઠાની મીઠાઈ જેવી મધુર મીઠાશની વાત કરે છે. બીજા કોઈ એ આ વાત કહી નથી.

વૉટે જુવાર આફ્રિકાની મૂળ વતની બતાવી છે.

અન્ય વિદ્વાનો જુવારનું વતન હિંદ ગણાવે છે.

અમરકોષમાં જુવારનો ઉલ્લેખ નથી એ નવાઈ જેવું છે.

માનસોલ્લાસે જુવારનાં કણસલાં (कणिषं) હરિણોને ખવડાવવા લખ્યું છે. કણસલાંનો ઉલ્લેખ ફક્ત અહીંયાં જ મળે છે.

---

1 A Handbook of Trees Shrubs and Herbaceus Plants.

લેટીન નામ Sorghum (સૉર્ઘમ્) હિંદી નામ સોર્ધી ઉપરથી પડયું છે એમ બાઉને કહ્યું છે. પરંતુ સોર્ધી નામ કયાંય વાંચવામાં નથી આવતું.

૧૦ મિસ્રની કબરમાંથી ઈ. સ. પૂ. ૨૨૦૦ જેટલા જૂના વખતમાં જુવાર મળી છે એમ એક વિદ્વાને કહ્યું છે.

૧૧ બાઇબલમાં જુવારનો ઉલ્લેખ છે.

૧૨ પ્લીનીના વખતમાં રોમમાં જુવાર દાખલ થઈ એમ એક ઇતિહાસકાર માને છે.

૧૩ ચીનમાં જુવાર હિંદમાંથી ગઈ છે.

૧૪ હેમચન્દ્રાચાર્યે यवनालનો જે પરિચય આપ્યો છે તે બરાબર છે? દેશી નામોમાં 'જુવારિ' વગેરે નામો દર્શાવ્યાં છે.

૧૫ કનડના એક શિલાલેખમાં જુવારનો ઉલ્લેખ છે.

૧૬ શિવદાસ સેને યોગીક જ્યારે બિનોદલાલ સેને पवनाल જેવાં તદ્દન નિરાળાં નામો આપ્યાં છે.

૧૭ કોરોમંડલ નામ 'Ciola mandala' ઉપરથી પડયું છે એમ કર્નલ ડ્રુરી કહે છે. આ ચ્યોલા મંડલનો અર્થ ચોલમ્નો પ્રદેશ એવો છે જ્યમ મલબાર મલયાલ ઉપરથી પડયું છે તેમ—મલયાલનો અર્થ ડુંગરોનો પ્રદેશ એવો થાય છે.[1]

સંદર્ભ ગ્રન્થો

ચરકસંહિતા—चक्रपाणिदत्त ટીકા વાળી; નિર્ણય સાગર પ્રેસ.

સુશ્રુત સંહિતા—કલ્હણની ટીકાવાળી. ,, ,,

અષ્ટાંગ સંગ્રહ—ઇન્દુ ટીકાવાળું,

અષ્ટાંગ હૃદય—અરુણદત્ત અને હેમાદ્રિ બેટીકાવાળું, પરાડકર શાસ્ત્રીનું.

ભેલસંહિતા—કલકત્તા યુનિવર્સિટી.

કાશ્યપ સંહિતા—નેપાલ રાજગુરુ હેમરાજસંપાદિત (નિ. સા. પ્રેસ)

મદનપાલ નિઘંટુ

ધન્વન્તરીય નિઘંટુ સહિત રાજનિઘંટુ: આનંદાશ્રમ, પુણા.

શોઢલકૃત 'गुणसंग्रह' નિઘંટુ (હસ્તલિખિત પ્રતમાંથી).

કતોભટ્ટનો નિઘંટસંગ્રહ.

હેમચંદ્રાચાર્યકૃત 'अभिधानचिन्तामणि.'

,, ,, 'નિઘંટુશેષ'

,, 'દેશીનામમાલા'

1 Useful Plants of India by Col. Drury, p. 401.

સોમેશ્વર કૃત ' માનસોલ્લાસ '.

બિનોદલાલ સેન કવિરાજનો आयुर्वेदविज्ञानम् '

યાદવપ્રકાશનો ' वैजयन्ती कोष. '

Studies in the History of Indian Plants. Antiquity of Jawār or Jondhla (Holcus Sorghum) from B. C. 2000 to A. D. 1850. (Dr. B. C. Law Commemoration, Vol. Part 1)

Watt's Dictionary of the Economic Products of India, Vol. VI, Part III.

Indian Medicinal Plants, Vol. IV, p. 2723.

Useful Plants of India, Colonel Drury, 1873.

આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી


ભોગીલાલ જ. સાંડેસરા

આગમપ્રભાકર પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ તા. ૧૪મી જૂન ૧૯૭૧ને રોજ મુંબઈ મુકામે, ૭૫ વર્ષની વયે કાલધર્મ પામ્યા, એ ઘટના સમસ્ત ભારતીય વિદ્વત્સમાજ માટે અને ભારતીય વિદ્યાના દેશી-વિદેશી ઉપાસકો માટે ભારે આઘાતરૂપ છે. તેઓ એક જૈન સાધુ હતા, પણ એમના અવસાનથી પડેલી ખોટ કેવળ જૈન સમાજની નથી, પણ સમસ્ત વિદ્વજ્જગતની છે. સને ૧૯૬૯માં તેઓને વડોદરા ખાતે અર્પણ થયેલ 'જ્ઞાનાંજલિ' શીર્ષક અભિવાદન-ગ્રન્થમાં ભારત અને વિદેશના વિદ્વાનોએ તેમને અર્પેલી માનાંજલિઓ અને તાજેતરમાં ભારતનાં જુદાં જુદાં નગરોમાં મળેલી બહુસંખ્ય શોકસભાઓ એના પ્રત્યક્ષ પ્રમાણરૂપ છે. તા. ૧૫મી જૂને પ્રાચ્ય વિદ્યામન્દિરમાં પસાર થયેલો શોકપ્રદર્શક ઠરાવ નીચે મુજબ છે:

વડોદરા યુનિવર્સિટીના પ્રાચ્ય વિદ્યામન્દિર, સંસ્કૃત વિભાગ, ગુજરાતી વિભાગ તથા આર્કિયોલૉજી વિભાગના અધ્યાપકો, સંશોધકો, કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓની આ સંયુક્ત સભા તા. ૧૪-૬-'૭૧ની રાત્રે મુંબઈ મુકામે આગમપ્રભાકર પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ કાળધર્મ પામ્યાના સમાચાર જાણીને ઊંડા શોકની લાગણી અનુભવે છે. અર્ધશતાબ્દી કરતાં યે વધુ સમયથી પૂજ્ય મુનિશ્રીએ એમનું જીવન જ્ઞાનભક્તિને સમર્પ્યું હતું. એમના દાદાગુરુ પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજના સમયથી ચાલતી આવેલી જ્ઞાનભંડારોના ઉદ્ધારની પરમ્પરાને તેમણે વધુ ને વધુ દીપાવી હતી. ગુજરાત અને રાજસ્થાનના અનેક પ્રાચીન પુસ્તકભંડારોનો સમુદ્ધાર કરવા ઉપરાન્ત તેમણે પોતે ગ્રન્થલેખન અને સમ્પાદનનાં અનેક કાર્યો કર્યાં હતાં. આપણા દેશના તેમ જ પરદેશના અનેક વિદ્વાનોને ભારતીય વિદ્યાનાં વિવિધ ક્ષેત્રોમાં મૌલિક કાર્ય કરવા માટે તેમના તરફથી ઉદાર ભાવે સહાય અને માર્ગદર્શન મળ્યાં કરતાં હતાં. છેલ્લાં કેટલાંક વર્ષો થયાં જૈન આગમોની સમીક્ષિત વાચનાનું ભગીરથ કાર્ય મુનિશ્રીએ હાથ ધર્યું હતું તથા તે વાચનાના કેટલાક ગ્રન્થો અત્યાર સુધીમાં પ્રગટ થઈ ગયા છે.

પ્રાચ્ય વિદ્યામન્દિર સાથે તેમનો અને તેમના ગુરુઓનો અત્યન્ત નિકટનો સંબંધ હતો. સદ્‌ગત ચીમનલાલ દલાલે પૂજ્ય પ્રવર્તકજી મહારાજની સહાયથી પાટણના ભંડારોની તપાસ કરી અને એને પરિણામે જ ગાયકવાડ ઓરિયેન્ટલ સિરીઝનો આરમ્ભ થયો. રામાયણના સંશોધનકાર્યમાં પણ મુનિશ્રી તરફથી હસ્તપ્રતોની સહાય મળતી રહી છે. આજ દિન સુધી પ્રાચ્ય વિદ્યામન્દિરનાં સંશોધન અને પ્રકાશનનાં વિવિધ કાર્યોમાં તેમનો સહકાર સતત મળ્યાં કર્યો છે. આવા પરમ સાત્ત્વિક વિદ્વાન અને સંતપુરુષના સ્વર્ગવાસથી ભારતીય વિદ્યાના ક્ષેત્રે કદી ન પુરાય એવી ખોટ પડી છે. કાળધર્મ એ તો પ્રકૃતિનો સ્વભાવ છે, પણ મુનિશ્રીનું જીવનકાર્ય આ ક્ષેત્રના સર્વ કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓને પ્રેરણારૂપ થશે એ નિશ્ચિત છે.

પૂજ્ય મહારાજશ્રી સાથે મારો સંબંધ છેલ્લાં ચાળીસ વર્ષનો હતો. સને ૧૯૩૧ના મે માસમાં પાટણમાં મુનિશ્રી જિનવિજયજીએ તેમને શિષ્ય તરીકે મારી સોંપણી કરી. સંશોધનના ક્ષેત્રમાં મહારાજશ્રીએ મારો પ્રથમ પ્રવેશ કરાવ્યો, એ માટે અનેકવિધ સગવડો આપી અને



આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ

જન્મ :
સં. ૧૯૫૨ : કારતક સુદ ૫
(જ્ઞાનપંચમી)

કાલધર્મ :
સં. ૨૦૨૭ : જેઠ વદ ૬

એક નવીન વિદ્યાર્થી માટે જોઈતી તમામ અનુકૂળતા તેમણે અને તેમના ગુરુદેવોએ વાત્સલ્યપૂર્વક કરી આપી. એ સંબંધ ઉત્તરોત્તર ગાઢ બનતો ગયો અને તેમના તરફથી અનેક કાર્યોમાં સલાહ, સહકાર અને માર્ગદર્શન સતત મળતાં રહ્યાં. એ ઋષિઋણ કદી ભુલાય એમ નથી. ગુજરાત વિદ્યાસભાના ભો. જે. વિદ્યાભવન તરફથી 'જૈન આગમસાહિત્યમાં ગુજરાત' વિષે ગ્રન્થ તૈયાર કરવાનું તેમને સોંપાયું હતું, પણ સને ૧૯૪૩માં વિદ્યાભવનમાં મારી નિયુક્તિ થતાં તેમની દેખરેખ નીચે એ ગ્રન્થ તૈયાર કરવાનું મારે ભાગે આવ્યું હતું એ બદલ ધન્યતા અનુભવું છું.

પણ આ તો કંઈક અંગત વાત થઈ. પ્રાચ્ય વિદ્યામન્દિરના કાર્યનો પ્રારંભ પાટણના ગ્રન્થભંડારમાંથી મહારાજશ્રી અને તેમના ગુરુઓની સહાયથી પ્રાપ્ત થયેલી સામગ્રીથી થયો હતો. રાજશેખરકૃત 'કાવ્યમીમાંસા' એ ગાયકવાડ ઓરિયેન્ટલ સિરીઝનું પ્રથમ પુષ્પ. એની હસ્તપ્રત પાટણ ભંડારની છે. એ પછી એ જ સિરીઝમાં પ્રગટ થયેલા અનેક વિરલ ગ્રન્થોની મૂળ પોથીઓ પાટણમાંથી મળેલી છે. જુદા જુદા ગ્રન્થભંડારો તપાસતી વખતે પોતાના પરિચિત વિવિધ અભ્યાસીઓને ઉપયોગી થાય તેવી સામગ્રીનું મહારાજશ્રી ધ્યાન રાખતા અને ઉદાર ભાવે તેમને એ ધીરતા. મૂલ્યવાન હસ્તપ્રતોનો તેમનો પોતાનો સંગ્રહ વિશાળ હતો. તેમની જ પ્રેરણાથી શેઠ કસ્તુરભાઈ લાલભાઈ એ અમદાવાદમાં સ્થાપેલા ભારતીય સંસ્કૃતિ વિદ્યામન્દિરને તેમણે તે ભેટ આપ્યો હતો. એ સંગ્રહની સૂચિ પણ પ્રગટ થયેલી છે.

ગુજરાતી, હિન્દી અને સંસ્કૃતમાં મહારાજશ્રીએ લખેલા, ગ્રન્થસ્થ કરવા લાયક સર્વ લેખો ઉપર્યુક્ત 'જ્ઞાનાંજલિ' ગ્રન્થમાં મુદ્રિત થયા છે. પણ સને ૧૯૧૭માં તેમનું પ્રથમ સંપાદન રામચન્દ્રકૃત 'કૌમુદીમિત્રાણંદ' નાટક પ્રગટ થયું ત્યાર પછી એમનાં અનેક સંસ્કૃત-પ્રાકૃત સંપાદનો અને પુસ્તકો બહાર પડ્યાં છે, જેની સંપૂર્ણ યાદી 'જ્ઞાનાંજલિ'માં આપવામાં આવી છે. જે સમયે જૈન સમાજમાં છેદસૂત્રોના પ્રકાશનનો રૂઢિથી નિષેધ હતો તે સમયે તેઓશ્રીએ પોતાના ગુરુ મુનિશ્રી ચતુરવિજયજીના સહકારમાં 'બૃહત્ કલ્પસૂત્ર' નામે છેદસૂત્રના છ ગ્રન્થો નિર્યુક્તિ ભાષ્ય અને ટીકા સાથે સંપાદિત કર્યા હતા તે વસ્તુ એમની વિશુદ્ધ જ્ઞાનભક્તિની દ્યોતક છે. 'વસુદેવ-હિંડી' અને 'અંગવિજ્જા'નાં તેમનાં સંપાદનો પ્રાકૃત ભાષા-સાહિત્યના ક્ષેત્રમાં શકવર્તી છે. 'ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને લેખનકલા' એ 'જૈન ચિત્રકલ્પદ્રુમ'માં છપાયેલો લેખ હોવા છતાં વિસ્તારમાં એક પુસ્તક જેટલો છે; જૈન ગ્રન્થભંડારોની પરંપરા વિષે તે સૌથી પ્રમાણભૂત પુસ્તક છે. અમદાવાદમાં સને ૧૯૫૯માં મળેલા, વીસમા ગુજરાતી સાહિત્ય સંમેલનના ઇતિહાસ-પુરાતત્ત્વ વિભાગના પ્રમુખપદેથી તેમણે આપેલું વ્યાખ્યાન એ પુસ્તકની પૂર્તિરૂપ છે. છેલ્લાં પચીસેક વર્ષથી જૈન આગમ સાહિત્યની સમીક્ષિત વાચનાની મહાભારત યોજના મહારાજશ્રીનું જીવનકાર્ય બની હતી. એ માટે જ તેમણે કપરા ઉનાળામાં ગુજરાતથી જેસલમેરનો પગપાળો પ્રવાસ ખેડ્યો હતો અને દોઢ વર્ષ સુધી ત્યાં રહ્યા હતા. આગમ-વાચનાના કાર્ય માટે જે નવીન સામગ્રી તેમણે મેળવી હતી અને મૌલિક વિચારો કર્યા હતા એનો અર્ક સને ૧૯૬૧માં શ્રીનગર ખાતે મળેલ ઓલ ઇન્ડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સની એકવીસમી બેઠકના પ્રાકૃત અને જૈન ધર્મ વિભાગના પ્રમુખપદેથી તેમણે આપેલા વ્યાખ્યાનમાં રજૂ થયો હતો. ભારતના સદ્ગત રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુના પ્રમુખપદે પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટીનાં પ્રકાશનોની

યોજનામાં પણ મુખ્યત્વે તેમની સહાય કારણભૂત હતી. મહારાજશ્રીએ કરેલાં આગમ સાહિત્યનાં કેટલાંક સંપાદનો આ પહેલાં અત્યુત્તમ સ્વરૂપે બહાર પડ્યાં છે, પણ એ કાર્ય પૂર્ણ કરવા તેઓ આપણી વચ્ચે રહ્યા નહિ એ અત્યંત ખેદની વાત છે. આશા છે કે એ પૂર્ણ કરવા માટે ઉચિત યોજના થશે. આ દેશના તેમ જ વિદેશના વિદ્વાનો અને વિદ્યાર્થીઓ માટે જૈન ગ્રન્થ-ભંડારોમાંથી હસ્તપ્રતો મેળવવાનું મહારાજશ્રી મારફત શક્ય હતું. હવે એ પ્રતો કેવી રીતે મળશે? જૈન સમાજના અગ્રણીઓ દ્વારા આ માટે ઉચિત વ્યવસ્થા થાય એ બધી રીતે ઇષ્ટ છે.

પૂજ્ય મહારાજશ્રી પ્રકાંડ વિદ્વાન અને પરમ સંત હતા. એમનો જન્મ જ્ઞાનપંચમીને દિવસે થયો હતો; અને તેમણે આજીવન ઉત્કટ જ્ઞાનભક્તિ આદરી. દીર્ઘકાળની જ્ઞાનભક્તિએ તેમના નિસર્ગ-સરળ ઋજુ વ્યક્તિત્વને ખૂબ સાત્ત્વિક બનાવ્યું હતું. નામાભિધાનને અનુરૂપ તેઓ પુણ્યાત્મા હતા. મારા વિદ્યાગુરુ તેઓ હોવા છતાં થોડાંક વર્ષથી અમારી વચ્ચે સંશોધન-વિષયક વાર્તાલાપ મર્યાદિત પ્રમાણમાં જ થાય એવું અજ્ઞાત રીતે બન્યું હતું. મહારાજશ્રીનું વ્યક્તિત્વ એ કોટિએ પહોંચેલું અનુભવાતું કે એમની ઉપસ્થિતિમાં વાતાવરણ પવિત્ર થાય અને આસપાસનાં મનુષ્યોનાં માનસ પણ સાત્ત્વિક આન્દોલનો અનુભવે. આવી સ્થિતિમાં ગુરુ વાણીનો ઉપયોગ કરે તોયે શું અને ન કરે તોયે શું? **गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु छिन्नसंशयाः ।**

મહારાજશ્રી એક વ્યક્તિ નહિ, પણ સંસ્થા હતા. જૈન ધાર્મિક સમાજનાં પરંપરાગત કાર્યોમાં અનિવાર્ય રીતે ઊલટભેર સમય આપવા સાથે અધ્યયન-સંશોધનનાં, અધ્યાપનનાં, લેખનનાં, ગ્રન્થોદ્ધાર અને ભંડારોની વ્યવસ્થાનાં, સંસ્થાસ્થાપનાનાં, સંશોધન-પ્રકાશનની યોજનાઓનાં, વિદ્વાનો અને વિદ્યાર્થીઓને સહાયનાં અનેક કાર્યો તેમણે સંપૂર્ણ અનાસક્ત ભાવે કર્યાં અને કરાવ્યાં તે એમના ઓછાવત્તા પરિચયમાં આવનાર સર્વેને સદાકાળ યાદ રહેશે. પ્રો. રસિકલાલ છો. પરીખના શબ્દોમાં કહું તો, "એમના મુનિજીવનના યમ-નિયમ-સંયમથી વીર્યવાન બનેલી બુદ્ધિશક્તિ અને ધનનાં અપરિગ્રહને લઈને મળેલી ઉદારતાનો લાભ વિદ્યાક્ષેત્રને જે મળ્યો છે તે અનોખો છે." એમના સંપૂર્ણ કાર્યરત છતાં વિરક્ત જીવનમાંથી વિદ્યાના સર્વ ઉપાસકો બોધ અને પ્રેરણા મેળવે તથા એમણે ખેડેલી વિવિધ વિદ્યાશાખાઓને સવિશેષ ફલદાયી બનાવે!

ગ્રન્થાવલોકન

सत्ता : મૂળ લેખક—બર્ટ્રાન્ડ રસેલ; અનુવાદક—યશવન્ત શુકલ; પ્રકાશક : ભાષાન્તર નિધિ, ભાવનગર; ૧૯૭૦; પૃ. ૧૬ + ૩૪૨; મૂલ્ય રૂા. ૭–૫૦.

પહેલી નજરે અનુવાદ કરવાનું કામ કોઈને સરળ લાગે. અંગ્રેજી ભાષાનું જ્ઞાન હોય (અંગ્રેજીનું અહીં એક સામાન્ય ઉદાહરણ લીધું છે), માતૃભાષા ગુજરાતીની જાણકારી હોય તો અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરવાની શી કઠિનતા?—એમ કોઈને ભાસે. પરંતુ અર્થ તેમ જ ભાવવાહી અને પ્રાસાદિક અનુવાદ કરવો એ કઠિન અથવા તો કષ્ટસાધ્ય કલા છે, એમ અનુભવી પ્રમાણશે. અંગ્રેજીના જ્ઞાનમાત્રથી અનુવાદકનું કામ સરતું નથી. અંગ્રેજીની ભાષા-પ્રકૃતિથી અનુવાદક સુજ્ઞાત હોય જ અને ઉપરાંત એ ભાષા દ્વારા પ્રગટ થતી જે તે પ્રદેશની સાંસ્કૃતિક આબોહવાનો પણ અનુવાદક જાણકાર હોવો જોઈએ. પ્રસ્તુત ભાષામાં જે વિષય આલેખાયો છે તેનો એ માહિતગાર હોય તે જરૂરી છે જ; વિષય વળી રુચિ તેમ જ વિવેકપૂર્વક આત્મસાત્ કર્યો હોય તો વધુ રુડું. માતૃભાષામાં વિવિધ છટાઓપૂર્વક ભાવાભિવ્યક્તિ કે અર્થાભિવ્યક્તિ કરવાની શક્તિ અનુવાદક પાસે હોવી જોઈએ. અનુવાદકે મૂળને વફાદાર રહેવાનું છે, ગાંઠના કશા સુધારાવધારા કરવાની એને છૂટ નથી અને છતાં કોપી ટુ કોપીની યાંત્રિક ઢબે અનુવાદ કરવાનો નથી. સારા અનુવાદમાં ભાવ તથા ભાષાની સ્વાભાવિકતા પ્રતીત થવાં જ જોઈએ.

ઉપર નિર્દેશેલાં ધોરણો (Norms) અનુસારનો સારો અનુવાદ શ્રી યશવંત શુકલ પાસેથી 'सत्ता'માં આપણને પ્રાપ્ત થયો છે. 'પાવર'ના અનુવાદમાં કોઈ કોઈ સ્થળે અર્થ-ગ્રહણ કષ્ટસાધ્ય બને છે, પરંતુ એકંદરે તો અર્થની વિશદતા અને ભાષાની સ્વાભાવિકતાનો અનુભવ થયા કરે છે, એ ધ્યાનપાત્ર બાબત ગણાય. પ્રાસાદિક અનુવાદકલાનાં એક-બે દૃષ્ટાંતો હવે લઈએ : "પરાજય, જો અધૂરો રહ્યો હોય તો, રોષ અને ધિક્કાર જન્માવે છે, જ્યારે પૂરેપૂરો થયો હોય તો નિર્વેદ અને નિષ્ક્રિયતા જન્માવે છે. યુદ્ધ માટેના મૂળ હેતુઓ ગમે તેટલા ઉન્નત હોય તોપણ શસ્ત્રબળથી મેળવેલો વિજય પરાજિતો પ્રત્યે નિષ્ઠુરતા અને તિરસ્કાર પેદા કરે છે" (પૃ. ૨૮૮). ('Defeat, if it is complete, breeds rage and hatred, while if it is complete it breeds apathy and inaction. Victory by force produces ruthlessness and contempt for the vanquished, however exalted may have been the original motives for war').*

જાણે મૂળ ગુજરાતીમાં જ લખાયું હોય એવી સ્વાભાવિકતા 'सत्ता'માં ઘણે સ્થળે વરતાશે : "સામુદાયિક ઉત્સાહ પર વારી જવું એમાં દુઃસાહસ અને બેજવાબદારી છે, કેમ કે ઘાતકીપણું, યુદ્ધ, મૃત્યુ અને ગુલામી એ જ એનાં ફળ છે" (પૃ. ૩૨૨)..."આ પ્રશ્નને અમૂર્ત

વ્યાપક સિદ્ધાંતો વડે નિરૂપવાનો, એક પ્રકારના કાર્યને છાપરે ચઢાવવાનો અને બીજા પ્રકારને ઉતારી પાડવાનો પ્રયાસ મિથ્યા છે; આપણે સત્તાના ઉપયોગનો તોલ એનાં પરિણામો દ્વારા બાંધવો જોઈએ; અને તેથી સૌ પ્રથમ આપણે કેવાં પરિણામો વાંછીએ છીએ તે વિશે આપણા મનમાં પાકો નિશ્ચય કરી લેવો જોઈએ" (પૃ. ૨૯૩). આવાં બીજાં દૃષ્ટાંતો પણ આપી શકાય.

વાક્યરચનામાં સ્વાભાવિકતા ઓછી હોવાને કારણે અર્થગ્રહણ સહેજ મુશ્કેલ બનતું હોય એવું પણ કયારેક અનુભવાય છે. ઉદાહરણ તરીકે આ વાક્ય :

"શાન્તિમય સાધનો દ્વારા સમાજવાદ સિદ્ધ કરવાની આશા એ હારી બેઠો હોય અને એ સામ્યવાદી બને, નહિ કે એણે એમ માન્યું હોય કે પોતે જે ઇચ્છે છે તે આ રીતે સિદ્ધ થશે પરંતુ એમાંથી કશુંક તો સિદ્ધ થશે એમ એણે માન્યું હોય એટલા માટે" (પૃ. ૨૮૭)... 'સત્તા'ના અનુવાદમાં શરતચૂકથી કયાંક ખોટો શબ્દ નોંધાયો છે : "ગુલામી અને અર્ધગુલામીનાં અનિષ્ટો તો સુપરિચિત છે અને જ્યારે પણ કોઈ લઘુમતીને રાજકીય સત્તાનો સુરક્ષિત ઇજારો મળી જાય છે ત્યારે **લઘુમતી**નો મોટો કે વહેલો ગુલામી અથવા અર્ધગુલામીમાં અધઃપાત થયા વિના રહેતો નથી" (પૃ. ૨૯૯). ઘાટા અક્ષરોમાં જ્યાં 'લઘુમતી' છપાયું છે ત્યાં અર્થની દૃષ્ટિએ 'વધુમતી' જોઈએ (મૂળમાં પણ Majority છે.)

'સંશયવાદથી સહેજસાજ રંગાયેલો એવો ઔદાર્યભાવ વેરી મૂકવામાં આવ્યો હોય તો સામાજિક સહકાર ઓછો મુશ્કેલ બને છે' (પૃ. ૩૨૧). અહીં '...and liberty correspondingly more possible'—એટલા વાક્યખંડનો અનુવાદ કરવાનું રહી ગયું છે. શ્રી. યશવંત શુકલે 'ડેમગોગ' (Demegogue)ના અનુવાદ તરીકે 'લોકનાયક,' શબ્દ આપ્યો છે (પૃ. ૨૯૮). પરંતુ ડેમગોગ એટલે લોકનાયક નહિ, પણ ચળવળખોર 'લોકાનુચર'. (લોકાનુચર શબ્દ કવિ કાન્તે પ્રયોજ્યો છે; 'ડેમગોગી' માટે શ્રી. ઉમાશંકરે 'લોકખુશામત'નો પ્રયોગ કર્યો છે).

આવા અપવાદને બાદ કરતાં, શ્રી યશવંત શુકલની શબ્દપસંદગી સુભગ અને સમુચિત રહી છે. શ્રી યશવંત શુકલે 'સત્તા'નાં છેલ્લાં બે પ્રકરણોને ગ્રંથનાં શિરમોડરૂપે ગણાવ્યાં છે. એમાંથી શ્રી શુકલની વિવેકશક્તિની પ્રતીતિ કરાવતી અનુવાદકલાનાં ઘણાં ઉદાહરણો મળી આવે છે. ચપટ પૃથ્વીવાદી મંડળ (Falt Earth Society); રૂપાળાં કારણો (Admirable reasons); સમજાવટનું વશીકરણ (Hypnotic effect of persuasion); સત્તા બથાવી બેસવી (To seize power); યક્ષપ્રશ્ન (Dilemma); સત્તાનું મનસ્વી પ્રવર્તન (Arbitrary exercise of power); સિદ્ધાંતરૂપે (In abstract), વગેરે. અનુવાદ કરતી વખતે એક જ શબ્દની વિવિધ અર્થછાયાઓ ઝીલતા શબ્દો પસંદ કરવામાં અનુવાદકનું વિવેચકત્વ પ્રગટ થાય છે : Persecutionનો અર્થ 'ત્રાસ' કર્યો અને એક જ વાક્ય બાદ અર્થભેદે 'સતામણી' શબ્દ અનુવાદકે સ્વીકાર્યો છે (પૃ. ૩૦૨). અનુવાદમાં અભિવ્યક્તિનો 'યશવંતી મરોડ' પ્રગટ થયા વિના રહેતો નથી : '**તાત્પર્ય કે**...'; 'આમાંથી શાને અંગે સમાજે આખા સમાજરૂપે **પ્રવર્તવાની** જરૂર છે...'; '...બન્નેએ સત્તાને નાથવાનું **તાકયું છે**' (પૃ. ૨૮૬; ૩૦૧; ૩૧૦).

'અનુવાદકના બે બોલ'માં અસીમ બૌદ્ધિક તેજસ્વિતા દાખવનારા તત્ત્વજ્ઞ બર્ટ્રાન્ડ રસેલકૃત પ્રશિષ્ટ મીમાંસાગ્રંથ 'પાવર'નો સુંદર પરિચય અપાયો છે. 'બુદ્ધિની વિશદતા, તર્કની સૂક્ષ્મતા, વિચારની સર્વગ્રાહિતા અને દલીલની સાધારતા' એ બર્ટ્રાન્ડ રસેલના લખાણનો ગુણ હોય છે. વળી એમાં ભળે છે સોનામાં સુગંધની જેમ અનુપમ ગંધગુણ. 'લોકશાહીની નોંધપોથી' ગણાયેલ 'પાવર'માં સત્તાની માનસશાસ્ત્રીય આલોચના કરીને લોકશાસનનું નીતિ-શાસ્ત્ર પ્રબોધાયું છે તથા વિષયનું અશેષ નિરૂપણ કરાયું છે.

સત્તાની સાહજિક આકાંક્ષા કે આવેગને ગૃહીત માનીને ચાલવામાં બર્ટ્રાન્ડ રસેલની વાસ્તવ-દૃષ્ટિ પ્રતીત થશે. 'સત્તાને નાથી શકાય, એને નીક આપી શકાય, પણ નિર્મૂળ ન કરી શકાય...સમાજની અને સમાજવ્યવહારની અમુક રચના દ્વારા સત્તાને...નિયમવી જ જોઈએ, એ બર્ટ્રાન્ડ રસેલનો દૃઢ નૈતિક મત છે' (બે બોલ, પૃ. ૧૧). અનૂદિત વિષયને શ્રી યશવંત શુકલે રુચિપૂર્વક કેવો આત્મસાત્ કર્યો છે એની ખાતરી અનુવાદકના પ્રસ્તુત પુરોવચન દ્વારા આપણને થાય છે.

'પાવર', 'પ્રિન્સ' (મેકિયાવેલી) તથા 'મહાત્મા ગાંધી શતાબ્દીગ્રંથ'ના કેટલાક લેખોના અનુવાદો શ્રી યશવંત શુકલને ગુજરાતી ભાષાસાહિત્યના એક પ્રથમ પંક્તિના અનુવાદક તરીકે પ્રસ્થાપિત કરે છે.

દિલાવરસિંહ જાડેજા

* * *

ગાંધી તત્ત્વમીમાંસા : લેખક શાંતિલાલ મ. દેસાઈ; પ્રકાશક : બાલગોવિંદ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ-૧.; પૃ. ૨૦ + ૧૫૫; કિંમત રૂા. ૪-૫૦.

વિશ્વના મહાન મનીષી ગાંધીજીનાં જીવન અને કાર્ય વિષે છેલ્લી વીસીમાં અને ખાસ કરીને ગાંધી શતાબ્દીના ટાણે પુષ્કળ પ્રમાણમાં લખાયું છે અને હજુ પણ લખાશે; પરંતુ ગાંધીજીની વિપુલ વૈવિધ્યપૂર્ણ તત્ત્વવિચારધારા વિષે—ગાંધીજીને ફિલસૂફ ગણી શકાય કે નહીં એ પ્રશ્નને બાજુ પર રાખીને—સળંગ સંકલિત સંક્ષિપ્ત સ્વરૂપમાં સર્વગ્રાહી, શાસ્ત્રીય અન્વેષણાત્મક અભ્યાસની રીતે ગુજરાતીમાં સમીક્ષા થઈ હોવાનું જાણમાં નથી. આનંદની વાત તો એ છે કે ગાંધીજી, માનસશાસ્ત્ર અને યોગ-અધ્યાત્મ જેવા વિષયોના ઊંડા અભ્યાસી શ્રી શાંતિલાલ દેસાઈ જેવા અધિકારી વિદ્વાને 'ગાંધી તત્ત્વમીમાંસા'માં પદે પદે સત્યના મહાન શોધક મનાતા ગાંધીજીની સમગ્ર વિચારધારાને ગાંધીપ્રિય સંશોધન-દૃષ્ટિથી તપાસવા-ચકાસવાનો અને આલેખવાનો સફળ અને સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

લેખકના મતે ગાંધીજી 'દૃષ્ટા' હોઈ એમનું જીવન અંગેનું સ્પષ્ટ સત્ય-પ્રતિષ્ઠિત અને તેથી વૈજ્ઞાનિક-દર્શન ક્રિયારૂપે એમના પ્રત્યક્ષ વ્યવહારમાં અને વિચારરૂપે પ્રધાનતઃ 'હિંદ સ્વરાજ' અને 'મંગલ પ્રભાત'માં પ્રકટ થયેલું છે. આ દર્શનમંદિરનો પાયો અને શિખરકલશ 'સત્યાગ્રહ' છે, જેમાં આનુષંગિક પણ અનિવાર્ય રીતે અહિંસાનો ય સમાવેશ થઈ જતો હોય છે. એમ કહી શકાય કે સત્યાગ્રહથી શરૂ કરી સમન્વયસાધક સત્યપૂત દૃષ્ટિયુક્ત સેવાધર્મ દ્વારા સર્વોદયના ચરમ

શિખરે પહોંચવા માટેનો—વ્યક્તિ-સમષ્ટિના સર્વાંગી વિકાસ માટેનો–વિશિષ્ટ રાજમાર્ગ એટલે ગાંધીવિચાર દર્શન, સત્ય, અહિંસા અને સ્વાતંત્ર્યના ત્રિવિધ પાયા પર રચાયેલા આ દર્શનને લેખક એટલા માટે ' સર્વાંગતઃ વૈજ્ઞાનિક છતાં વિશિષ્ટ ' અને ' સતત વિકાસ-શીલ ' કહે છે કે, ગાંધીજી તર્કબદ્ધ વિચારપદ્ધતિ અને હકીકતદર્શન ઉપરાંત અંતઃપ્રેરણા-બુદ્ધિપૂત શ્રદ્ધાનો પણ ઉપયોગ કરીને આગળ વધતા હતા. સાધના, સેવા અને સતત સંશોધન માટેની ક્ષમતા ગાંધીદર્શનને સનાતન ઉપરાંત સતત પ્રગતિશીલ અને તેથી જીવંત બનાવે છે.

ગાંધીજીનું સમગ્ર જીવન માનવજાત માટે બોધપાઠ રૂપ છે. એમના વિચારો અને કાર્યો વિષે ભાગ્યે જ કોઈને—વિરોધીને પણ—સ્વલ્પ-સંદેહ કરવાનું નિમિત્ત મળે. લેખકની ગાંધીજી પ્રત્યેની નિષ્ઠા આપણા બધાની નિષ્ઠા બની રહે છે; પરંતુ લેખકે જે રીતે નાનામાં નાના વ્રતોથી માંડી ચેતનસ્વરૂપ ઈશ્વર સુધીના ગાંધીજીના પ્રત્યેક વિચાર-અંશને વૈજ્ઞાનિક કે દાર્શનિક વાઘા પહેરાવવાનો તાર્કિક પ્રયાસ કર્યો છે તે કયાંક ને કયાંક અપ્રતીતિકર લાગવાનો ભય રહે છે. લેખક પોતે જ સ્વીકારે છે તેમ રૂઢ અને એકેડેમિક અર્થમાં ગાંધીજી દાર્શનિક ફિલસૂફ ન હતા, છતાં ગાંધીજીના વિચારરાશિમાંથી ' સત્યાગ્રહી જીવનદર્શન ' ઉપસાવવાના લેખકના શ્રદ્ધેય પરિશ્રમમાં તેમનો દાર્શનિક અભિનિવેશ આગળ પડતો તરી આવે છે. તત્કાલીન સામાજિક-રાજકીય પરિસ્થિતિઓ અને પ્રશ્નોના સંદર્ભમાં પ્રજાના માર્ગદર્શન માટે ઉચ્ચારાયેલાં કે લખાયેલાં ગાંધીજીનાં કેટલાંક વિધાનો—જે સનાતન મૂલ્યો સમાં છે—તે લેખક પાતંજલ યોગસૂત્રના વિવિધ સૂત્રો સાથે સાંકળવાનો પ્રયત્ન કરે છે. એમાં એમનો આશય સન્નિષ્ઠ હોવા છતાં, અને એમાં સત્યદર્શન થતું હોવા છતાં—ઊંડો વિચાર કરનારને એમાં કદાચ દુરાન્વયના અંશો પ્રતીત થાય તો નવાઈ નહીં ! સત્-અસત્, ભાવ-અભાવનાં દ્વંદ્વ અને તેનું નિવારણ વગેરે વિવિધ સંજ્ઞાઓને પણ એના અસલ તાત્ત્વિક અર્થમાં ન ઘટાવતાં ગાંધીજીના સત્ય, અહિંસા, અસહકાર, સત્યાગ્રહ, સવિનય ભંગ, બ્રહ્મચર્ય, વગેરે સાથે ઘટાવવાનો લેખકે કરેલો બૌદ્ધિક અને તર્કસંગત પુરુષાર્થ પ્રશસ્ય છતાં સાહસ જેવો લાગે છે. એમની ચર્ચા દરમ્યાન વારંવાર એ પ્રકારનો ધ્વનિ રણકતો રહે છે કે ઋષિમુનિ-પ્રણિત ઋત કે સત્યોનું મૂલ્ય માત્ર વૈયક્તિક સ્વરાજ (મોક્ષ) પૂરતું હતું; પરંતુ આ અણુયુગના મહર્ષિએ એ સર્વનો સમષ્ટિગત શ્રેયમાં વિનિયોગ કરવાનું શીખવ્યું અને એ રીતે તેમણે જગતને પહેલી જ વાર ' નૂતન વ્યવહાર્ય ફિલસૂફી 'ની ' મોટામાં મોટી ' ' મૌલિક ' ભેટ આપી. લેખક આ પદ્ધતિએ ગાંધી તત્ત્વવિચારને ' દર્શન 'રૂપે પ્રતિષ્ઠિત કરવા ચાહે છે અને તે શુભાશયથી પ્રેરાઈને જ તેમણે તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનક્ષેત્રના જ્ઞાન અને પદ્ધતિની વિસ્તારથી ચર્ચા કરીને ગાંધીજીના ' દર્શન 'ને ' વૈજ્ઞાનિક ' ઠરાવવાનો (કે ઠસાવવાનો ?) પ્રયત્ન કર્યો છે. જૂના શબ્દોના નવા અર્થપ્રતિપાદનમાં એમના વ્યવહાર્ય ધર્મનો સમાવેશ થતો જણાય છે પરંતુ તેથી એ અર્થાન્વયની અપૂર્વતા કે મૌલિકતા સિદ્ધ થતી ગણી શકાય ?

૭મા પ્રકરણમાં લેખકે ગાંધીજીની વિચારધારાની પ્રજાજીવનના ભિન્ન ભિન્ન પ્રવાહો પર સંસ્કાર અને પ્રેરક બળરૂપે જે અસરો અંકિત થઈ છે તેનું સંક્ષિપ્ત સુરેખ શબ્દચિત્ર ઉપસાવ્યું છે. લેખકે વર્તમાન ભારતની ધર્મનિરપેક્ષતા, સામાજિકસુધારની પ્રવૃત્તિઓ, ખાદી, ગ્રામોદ્યોગ, સ્વદેશી, સ્વાવલંબન, વિકેન્દ્રીકરણ...વગેરેમાં, ધર્મ-સમાજ-અર્થકારણમાં પડેલા ગાંધીવિચારના

પ્રભાવને નિહાળ્યો છે; પરંતુ રાજકારણ પરની અસરની ચર્ચા કરતાં તેઓ ભારતની વિદેશનીતિ પર ગાંધીદર્શનની છાપ જુએ છે; ભારતની 'વિવિધતામાં રહેલી એકતા'માં ગાંધીવિચારને ભાગે છે; (એનું વિશેષ શ્રેય તો આપણી સંસ્કૃતિને ફાળે નથી જતું?); માર્ટિન લ્યુથર કિંગ જેવા—એકલદોકલ-ઉદાહરણથી તેઓ પરદેશમાં થઈ રહેલા ગાંધીવિચારવિસ્તારનું સમર્થન કરે છે; તાસ્કંદ કરારમાં તેમને (અનિચ્છાએ પણ ભારતના ભાગલા સ્વીકારનાર) 'ગાંધીજીની શીખની સીધી સફળ અસર' દેખાય છે. વર્તમાન ભારતીય રાજકારણ (કે જેમાં મોટે ભાગે અનિષ્ટ તત્ત્વો ઊભરી આવતાં જણાય છે)માં ગાંધીજીના વિચારોના સૂક્ષ્મ રીતે પડતા પ્રભાવને જોવાની લેખકની દૃષ્ટિ સાથે કેટલાક વિચારકો સંપૂર્ણ રીતે સહમત ન પણ થાય એ સંભવિત છે. આદર્શ-આશાવાદી લેખકે ભાવિ અસરોની જે આગાહી ઉચ્ચારી છે તેમાં તો સૌ કોઈ શ્રદ્ધાનો સૂર પુરાવી શકે કે,

"ગાંધીવિચારદર્શનમાં જે સનાતન વૈજ્ઞાનિક વાતો અને કથનો છે તે જ ટકનાર છે, અને તે વિજ્ઞાનશોખીન માનવતા એક યા બીજે રૂપે સ્વીકારશે એવો અંદાજ બાંધવો જરૂર વાજબી લેખાય." (પૃ. ૧૩૦)

ગાંધીજીના નિર્વાણ પછી સામ્યવાદના પ્રત્યુત્તરરૂપે સામ્યયોગને સધાવવાનું સામર્થ્ય ધરાવતી વિનોબાજીની સર્વોદયલક્ષી ભૂદાનપ્રવૃત્તિમાં લેખક ગાંધીજીના સત્યાગ્રહી જીવનદર્શનનું જ વિસ્તરણ જુએ છે. 'લોકશાહી સમાજવાદ'ને તેઓ સામ્યવાદ અને મુડીવાદના બે અંતિમો વચ્ચેના મધ્યમ માર્ગ તરીકે જ—સર્વોદયના છેવટના આદર્શને પામવાના વચલા પગથિયા તરીકે જ સ્વીકારે છે, કારણ તેમાં તેમને શાંત સૌમ્ય ક્રાન્તિકારક વિકાસ [Evolutionary Revolution]ની સંભાવના જણાય છે. વર્તમાન વેગીલા વિજ્ઞાનયુગમાં "આજની માંગ છે શાંતિની સંઘર્ષનિવારણની, શાંત ક્રાંતિની અને માનવીના ઝડપી વિકાસની." (પૃ. ૧૪૬) એટલે ક્રાંતિની ભાવનાને સંતોષવા માટે માનવનું શાંત પણ શીઘ્ર આધ્યાત્મિક પરિવર્તન અપેક્ષિત છે; અને આવી સર્વાંગી સમૂળી ક્રાંતિ કરવાની શક્તિ (લેખકના મતે જે હજુ બીજરૂપે ગુપ્તસુપ્ત પડેલી છે) માત્ર સત્યાગ્રહી જીવનદર્શનરૂપ સર્વોદયમાં જ રહેલી છે. એના સાધનરૂપે (સાધ્યરૂપે નહીં) લોકશાહી સમાજવાદના સર્વોચ્ચ વિકાસ માટે પણ લેખક મૂલ્યપરિવર્તન ઉપરાંત સત્તાના જરૂરી કેન્દ્રીકરણની અગત્યનો પુરસ્કાર કરે છે, અને એ રીતે માનવનાં સ્વભાવ અને શક્તિના ઊર્ધ્વીકરણને તથા સત્યાગ્રહ, સંયમ અને બ્રહ્મચર્ય વડે શક્તિના શુદ્ધિકરણને અનિવાર્ય લેખે છે. આ પ્રકારે નિરૂપાયેલ વિચારોમાં સાધ્યસાધનના સંબંધની દૃષ્ટિએ—થોડીક વિસંગતિ જેવું જણાય છે અથવા તો વિચારોની વધુ વિશદતાથી ચર્ચા કરવાની જરૂર જણાય છે.

આજના કટોકટીના કાળસંદર્ભમાં ગાંધીદર્શનના મૂલ્યવાન મહિમાને સરળ સુવાચ્ય શૈલીમાં રજૂ કરતો આ નાનો પણ ગૌરવપૂર્ણ ગ્રન્થ અવશ્ય પ્રેરણારૂપ નીવડે તેમ છે. લેખકે સાચું જ કહ્યું છે કે—

"જેમ રશિયા અને ચીનમાં માર્ક્સવાદનો અભ્યાસ થાય છે તેમ ભારતમાં અને સ્વતંત્ર દેશો તેમ જ દુનિયામાં ગાંધીવિચારનો અભ્યાસ થાય, તે અંગે ચિંતન અને સંશોધન થાય તો જ દુનિયામાં આ સંઘર્ષકાળમાં શાંતિનું પલ્લું નમતું થવા ઘણો સંભવ છે." (પૃ. ૧૪૮)

'અનાસક્તિ' શબ્દ બધે જ ખોટો (અનાશક્તિ) છપાયો છે જે બીજી આવૃત્તિ વખતે સુધારી લેવાય.

મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

* * *

જીવનવિચારણા : લે. ધૂમકેતુ; સંપાદકો : શ્રી અનંતરાય મ. રાવળ, શ્રી દક્ષિણકુમાર ગૌ. જોષી, પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. પૃ. ૩૯૬, મૂ. રૂ. ૮–૦૦

ધૂમકેતુ–પરિવારે 'સાહિત્યવિચારણા' પછીના 'જીવનવિચારણા' પુસ્તકમાં સ્વ. ધૂમકેતુનાં જીવનલક્ષી ચિંતન રજૂ કરતાં લખાણોને ગ્રન્થસ્થ કરી જુદા જુદા વિષયો પરની તેમની દૃષ્ટિને સમજવા માટેની એક ભૂમિકા પૂરી પાડી છે. ચાર ખંડમાં વહેંચાયેલા ૭૦ લેખોમાં અને પ્રાસંગિક નોંધોમાં રેંટિયો કે ગ્રામજીવનથી માંડીને રેડિયો કે રાષ્ટ્રપ્રેમ સુધીના અનેક પ્રશ્નોની છણાવટ જોવા મળે છે. પણ તેમાં વિષયવૈવિધ્ય હોવા છતાં તેમનું ચિંતન સપાટી પરનું જણાય છે. ગ્રામપુનર્રચના, લોકાચાર, ક્રાંતિ, કેળવણી, પત્રકારત્વ, રંગભૂમિ, સિનેમા વગેરે વિષયક તેમની હૈયાવરાળ પણ સર્વસામાન્ય સુવિદિત ખ્યાલોના પડઘા સમી છે. ઈ. સ. ૧૯૭૫ની સાલમાં પ્રસન્નકુમાર અને નિર્મળા નામનાં પાત્રો વચ્ચે થયેલા કલ્પિત પત્રવ્યવહારમાં પણ લેખક જાણે પ્રસન્નકુમારના પક્ષપાતી વકીલ બની, સમાજસુધારક નિર્મળાનાં વલણ-વર્તનની ઠેકડી ઉડાડતા હોય તેમ વિશેષ જણાય છે! મોટા ભાગના લેખો તાર્કિક શાસ્ત્રીય વિચારણાના નહીં પણ લેખકના પ્રિય અભિગમ અને અભિનિવેશની નીપજરૂપ હોવાની પ્રતીતિ થાય છે. લોકપ્રિય નવલિકાકાર–નવલકથાકાર ધૂમકેતુએ—પોતાની ધરીની આસપાસ પરિભ્રમણ કરતી પૃથ્વી સૂર્યની પણ પ્રદક્ષિણા કરે તેમ—સર્વ સામાન્ય પ્રશ્નો વિશે પણ સમય મળતાં વિચાર્યું છે. અભ્યાસીને પ્રસ્તુત પુસ્તકમાંથી ધૂમકેતુની જીવનના પ્રશ્નોને સમજવાની–વિચારવાની લાક્ષણિક દૃષ્ટિનો પરિચય મળી રહેશે.

તેમ છતાં આ લખાણો આસ્વાદ્ય કોટિનાં હોવાનો આભાસ ઊભો કરે છે તે તેમની શૈલીના પ્રતાપે. ઇતિહાસના અભ્યાસી અને નીતિમત્તાના આગ્રહી ધૂમકેતુ વિચારોને સુસ્પષ્ટ કરવા ઘણી વાર ઇતિહાસમાંથી દૃષ્ટાંતો ટાંકે છે તો ક્યારેક શબ્દોને રમાડી વિષયને વધુ રસિક બનાવે છે. વાતચીતિયા શૈલીનું એક દૃષ્ટાંત જોઈએ :

"આવી જો કોઈ સંસ્થા રચાય—કે જે શક્ય નથી—અને જો એ કામ કરે—કે જે અશક્ય છે—તો રાષ્ટ્ર આખાને એ જે સામર્થ્ય આપે, માત્ર પાંચદશ વર્ષમાં, એની પાસે તો તમામે તમામ બીજું સાધનો પાણી ભરે! (પૃ. ૧૪૯)

—આવા જ શૈલીશોખને કારણે તેમણે એક લેખનું શીર્ષક આપ્યું છે :

'સંહારો અથવા સંસ્કારો' (પૃ. ૧૮૭).

ધૂમકેતુ પ્રકૃતિએ કૌતુકપ્રિય હોવાથી આજના કેટલાક નીતિવિષયક સળગતા પ્રશ્નોનો ઉકેલ પણ અમુક ભાવનાવાદી સ્તરથી આપતા જણાય છે; પણ ક્યારેક તેઓ વ્યવહારુ બની વાસ્તવવાદી વલણ અપનાવે છે. દા. ત. 'જીવનચક્ર' લેખમાં તેઓ પ્રશ્ન પૂછે છે :

"આનો ઉપાય શો? ગાંધીજી તો જે પુરુષ પોતાની પત્ની પ્રત્યે પણ સકામ દૃષ્ટિથી જુએ તેને દોષિત ગણે છે. આ આદર્શ ખોટો નથી, પણ એ અનુભવવાક્ય એમણે સાઠ વર્ષ પછી ઉચ્ચાર્યું છે એટલો જ વાંધો છે." (પૃ. ૬૮)

શબ્દરમત કે શૈલીશોખથી મુક્ત હોવાને કારણે 'પ્રાસંગિક નોંધો'વાળો પાંચમો વિભાગ વધુ સ્વાભાવિક લાગે છે.

પ્રસ્તુત ગ્રન્થમાં વિષયાનુસાર પ્રયોજેલા પાંચ ખંડોને લીધે, ધૂમકેતુની નિર્દિષ્ટ વિષય પરની વિચારસામગ્રી એક જ સ્થળે પ્રાપ્ત થવાની સુવિધા ઊભી થઈ છે; પરંતુ કેટલાક લેખોમાં થતું પુનરાવર્તન ટાળવા લેખોની પસંદગીમાં હજુ વિવેક જળવાયો હોત તો યોગ્ય લેખાત! વળી, ધૂમકેતુના વિચારવિકાસને યથાક્રમ સમજવા માટે પ્રત્યેક લેખને અંતે તારીખ મૂકવી જોઈએ. તેમ છતાં ધૂમકેતુના જીવનવિષયક દૃષ્ટિકોણને સમજવા માટે 'જીવનવિચારણા' કીમતી પાથેય પૂરું પાડે છે.

લવકુમાર મ. દેસાઈ

* * *

બાલવાડી: ભાગ ૧: લેખક—જુગતરામ દવે; પ્રકાશક—બાલગોવિન્દ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; સુધારેલી આવૃત્તિ; પૃ. ૧૮૭, મૂલ્ય ચાર રૂપિયા.

પૂર્વપ્રાથમિક શિક્ષણને લગતું આ પુસ્તક જાણીતા બાલશિક્ષણકાર અને લોકસેવક શ્રી જુગતરામ દવેએ લખ્યું છે. આ પુસ્તકની આયોજના ત્રણ વિભાગમાં થઈ છે; એમાંથી 'બાળક' શીર્ષકના પહેલા વિભાગનું અવલોકન કરવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું છે.

બાલવાડી એ સ્કૂલ નથી, પણ એક વિશાળ કુટુંબ છે અને ત્યાં બાળકનો સર્વાંગી વિકાસ થાય તેવો પ્રયત્ન કરવામાં આવે છે. જેમ બાળક બહારથી ઘરે આવે ત્યાર પહેલાં બા તેના સ્વાગતની તૈયારીમાં પડી જાય છે તેવી જ રીતે શિક્ષિકાબહેનોએ પણ બાળકોના સ્વાગતની પૂર્વ તૈયારીઓ કરી હોવાથી બાળક બાલવાડીમાં આવે ત્યારે તેને યોગ્ય માર્ગદર્શન આપી શકાય છે. બાળકને કેવી પ્રવૃત્તિઓ કેટલી મિનિટ આપવી જોઈએ તેનું સમયપત્રક પણ શ્રી દવેએ આપ્યું છે.

બાલસ્વભાવની ખાસિયતોનું અને બાળક પુખ્ત વ્યક્તિથી કેવું જુદું છે તેનું ખૂબ જ સરળ ભાષામાં શાસ્ત્રીય વર્ણન શ્રી દવેએ કર્યું છે. એ બતાવે છે કે "Child is not the miniature man but he is quite different from the adult."

બાળકેળવણીના પ્રશ્નો જેવા કે *શિક્ષિકાઓની તાલીમ, બાલવાડીનું* સ્થળ અને ગામડામાં ગ્રામજીવનની જરૂરિયાત પ્રમાણે તેનું અનુકૂલન વગેરેની છણાવટ લેખકે વિસ્તૃત રીતે કરી છે.

બાલ આરોગ્યનો પ્રશ્ન શહેર કરતાંયે ગામડાઓમાં વિશેષ ધ્યાનપાત્ર છે; બાલવાડીને એ માટેના કાર્યક્રમોનું કેન્દ્ર બનાવી શકાય. શ્રી દવેએ બાળકોના આરોગ્ય અને રુચિને અનુરૂપ

નાસ્તાની યાદી આપી છે. દરરોજ નાહવાધોવાની તથા બફેાળા પાણીની સગવડ, આંખ, નાક, કાન તથા દાંતની સાચવણી માટેનું યેાગ્ય માર્ગદર્શન, વજન અને ઊંચાઈ, પત્રકની સાચવણી વગેરેનું મહત્ત્વ બાલશિક્ષિકા બહેનેાને લેખકે સમજાવ્યું છે.

સામાજિક સદ્‌ગુણેાના વિકાસમાં બાલવાડી કેટલેા મહત્ત્વનેા ભાગ ભજવે છે તે શ્રી દવેએ નાના નાના પણ સૂચક પ્રસંગેા દ્વારા સમજાવ્યું છે.

"બાળકેળવણીના આચાર્યો" એ પ્રકરણમાં શ્રી દવેએ યશેાદામાતા, ડૉ. મેરિયા મૉન્ટીસેારી, બાલમિત્ર ગિજુભાઈ અને પૂ. ગાંધીજીના બાળકેળવણીમાં ફાળા વિશે વિસ્તૃત ચર્ચા કરી છે.

પૂર્વપ્રાથમિક શિક્ષણ વિશે ગુજરાતીમાં જૂજ ઉત્તમ પુસ્તકેા છે. ખૂબ જ સરળ ભાષામાં લખાયેલું અને તેણું પણ ખાસ ગામડાંના વાતાવરણને ધ્યાનમાં રાખીને લખાયેલું આ પુસ્તક બાલશિક્ષિકા બહેનેાને પેાતાના કામમાં મૂલ્યવાન માર્ગદર્શન આપે છે એમ એ ક્ષેત્રની એક અધ્યાપિકા તરીકે મને લાગે છે.

"અભ્યાસી"

* * *

સાભાર સ્વીકાર

૧ **શ્રી સ્તંભતીર્થ તીર્થાવલિ :** લે. નર્મદાશંકર ત્ર્યં. ભટ્ટ; પૃ. ૨૮+૮; અમૂલ્ય.

૨ **સિદ્ધહેમગત અપભ્રંશ વ્યાકરણ :** સં. હરિવલ્લભ ચૂનીલાલ ભાયાણી; પ્ર. શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ-૪; પૃ. ૧૨૦+૫૨; મૂલ્ય : રૂા. ૭-૦૦ પૈ.

૩ **જ્ઞાતિશિરેામણિ :** લે. પાર્શ્વ; પ્ર. શ્રી આર્યરક્ષિત, પ્રાચ્યવિદ્યા સંશેાધન મન્દિર, પાલિતાણા (સૌરાષ્ટ્ર); પૃ. ૧૯૨+૧૨; મૂલ્ય રૂા. ૪-૦૦ પૈ.

૪ સ્વ. ભાસ્કરરાવ રતિલાલ ભટ્ટની **"સ્મરણિકા"** પ્ર. સ્વ. ભાસ્કરરાવ સ્મારકફંડ સમિતિ, વલ્લભવિદ્યાનગર; પૃ. ૬૩, અમૂલ્ય.

૫ **બૂંદ સમાની સબ્દમેં :** લે. ભગેશ કડકિયા; પ્ર. બાલાશિનેાર નવયુવક સંઘ, મુંબઈ; પૃ. ૧૫૨+૮; અમૂલ્ય.

૬ **પ્રતિભા અથવા અલૌકિક બુદ્ધિ પ્રકટાવવાનાં સાધનેા તથા સ્મરણશક્તિને ઉત્તમ પ્રકારની કરવાની કલા :** લે. શ્રી વિશ્વબંધુ; પ્ર. જગન્નાથ પૂજાલાલ ડૉક્ટર, શ્રી નૃસિંહ પ્રકાશન, મુંબઈ-૨૬; પૃ. ૨૩૨+૮; મૂલ્ય : રૂા. ૪-૦૦ પૈ.

૭ **અર્વાચીન ગુજરાતનું રાજકીય ઘડતર :** લે. પ્રવીણચંદ્ર પારેખ; પ્ર. સન્નિષ્ઠ પ્રકાશન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ-૧; પૃ. ૧૮૬+૪; મૂલ્ય : રૂા. ૪-૫૦ પૈ.

સ્વા ધ્યા ય

પુસ્તક ૮ : અંક ૪ ઑગસ્ટ, ૧૯૭૧

જન્માષ્ટમી વિ. સં. ૨૦૨૭

અ નુ ક્ર મ

		પૃષ્ઠાંક
૧.	ધર્મ અને તત્ત્વજ્ઞાન—જિતેન્દ્ર જેટલી ...	૩૯૬–૪૧૭
૨.	સારથિપ્રવર	૪૧૮–૪૫૨
૩.	ભગવાન શ્રીકૃષ્ણની દ્વારકા—પ્રહ્લાદ પટેલ	૪૫૩–૪૬૧
૪.	બરડા પ્રદેશમાં ત્રણ પ્રાફ્સોલંકી મંદિરો—મણિભાઈ વોરા ...	૪૬૨–૪૬૩
૫.	સિંહ સંવત—હરિપ્રસાદ શાસ્ત્રી	૪૬૪–૪૬૮
૬.	ગિરનારના એક નવપ્રસિદ્ધ પ્રશસ્તિલેખ પર દૃષ્ટિપાત—મધૂસુદન ઢાંકી	૪૬૯–૪૮૯
૭.	વડોદરાનો પીર ઘોડાનો પંદરમી સદીનો શિલાલેખ—ઝિયાઉદ્દીન એ. દેસાઈ	૪૯૦–૪૯૫
૮.	ગત સો વર્ષનું ગુજરાતી ચરિત્રસાહિત્ય—ઉપેન્દ્ર ૨. ભટ્ટ	૪૯૬–૫૧૧
૯.	ગુજરાતી શુદ્ધ સ્વરો—દુષ્યન્ત પંડ્યા	૫૧૨–૫૨૩
૧૦.	જુવાર—બાપાલાલ ગ. વૈદ્ય	૫૨૪–૫૩૩
૧૧.	આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી—ભોગીલાલ જ. સાંડેસરા	૫૩૪–૫૩૬
૧૧.	ગ્રન્થાવલોકન :	
	૧. સત્તા	૫૩૭–૫૩૯
	૨. ગાંધીતત્ત્વમીમાંસા	૫૩૯–૫૪૨
	૩. જીવનવિચારણા	૫૪૨–૫૪૩
	૪. બાલવાડી, ભાગ ૧	૫૪૩–૫૪૪




શરદી? દુખાવો? દર્દ?



રબેક્સ

નવીન વૈજ્ઞાનિક આરામદાયક ઈલાજ



રબેક્સ એટલે જ રાહત


રબેક્સ એવી અસરકારક દવા છે કે જે શરદી, દુખાવો અને દર્દ જલદીથી મટાડે છે.
રબેક્સ લાંબા અનુભવયુક્ત સંશોધનનું પરિણામ છે. એમાં ૭ આવશ્યક દવાઓ યોગ્ય પ્રમાણમાં રહેલી છે, તેથી જ તે વધુ ફાયદેશક્તિ ધરાવે છે અને સત્વર આરામ આપે છે.
રબેક્સ સુગંધિત છે અને બાળકોની કોમળ ત્વચા માટે પણ સૌમ્ય છે.
રબેક્સ લગાડવાથી બળતરા થતી નથી, હાથ પડતા નથી કે ચામડી ચીકણી થતી નથી; એ ચામડીમાં જ શોષાઈ જાય છે અને ફક્ત સુવાસ રહે છે.
બે સાઈઝમાં મળે છે —
૨૦ ગ્રામની બાટલી અને ૬ ગ્રામના ટીન.
રબેક્સ એટલે જ રાહત.

ઉત્પાદક: હોમ્પ્રો, એલેમ્બિક કેમિકલ વર્કસ કંપની લિમિટેડનો વિભાગ, વડોદરા

Approved/3794/ACW

બૅન્ક ઑફ બરોડા હવે આપશે નાણાંકિય સહાય વિચક્ષણ વિદ્યાર્થીઓ માટે.

BNP-BOB-15/76 GUJ



કોલેજના શિક્ષણ માટે, અનુસ્નાતક અભ્યાસ માટે અથવા ટેકનીકલ કે વ્યાવસાયિક વિષયોના ડિપ્લોમા અભ્યાસક્રમ માટે તેમજ વધુ તાલીમાર્થે વિદેશપ્રવાસ માટે વિદ્યાર્થીઓને હવે નાણાંકિય સહાય મળી રહેશે.

વધુ વિગતો માટે આપની નજીકની બૅન્ક ઑફ બરોડાની શાખાના એજન્ટને મળો. એ આપને તમામ જરૂરી માર્ગદર્શન આપશે.

ચિર સમૃધ્ધિનું પ્રતિક

બૅન્ક ઑફ બરોડા


વડી કચેરી : માંડવી, વડોદરા.

વિજેતા બેલડી

હોડ જીતવા માટે બેજોડ શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!


જ્યોતિ યુનિબિલ્ટ



ઉત્પાદક :

જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩

quality is our creed



everest/716a/JY g)

જ્યારે જીવન મૂલ્યો બદલાય છે....

પહેલા એમ કહેવાતું

"अष्टपुत्रा भव"

પણ—

"માત્ર બે બાળકો જ બસ છે"



જીવન તો વહેતી સરિતા છે
એને કોઈ ચોક્કસ સ્થળે સ્થગિત
કરી શકાય નહીં...
જમાનો બદલાય એમ જુના મૂલ્યો
બદલાય છે...

નવા મૂલ્યાંકન સ્વીકારી
જીવનને વિશેષ અર્થસભર બનાવો...

કુટુંબ નિયોજન

વધુ માહિતી માટે નજીકના કુટુંબ નિયોજન કેન્દ્રનો સંપર્ક સાધો

પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

		રૂ. ન.પૈ.
૧.	**પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઇપ	૮=૦૦
	વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ	૫=૦૦
૨.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં. : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા	૭=૫૦
૩.	**ભાલણકૃત નલાખ્યાન** (બીજી આવૃત્તિ)—સં. : પ્રો. કે. કા. શાસ્ત્રી	૬=૦૦
૪.	**ઉદયભાનુકૃત વિક્રમચરિત્ર રાસ**—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર	૨=૦૦
૫.	**ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી	૪=૭૫
૬.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા	૮=૨૫
૭.	**પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૧૮=૬૦
૮.	**સિંહાસન બત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ	૧૨=૦૦

સ્વ. પ્રૉ. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

૧.	**વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧**	૧=૭૫
૨.	,, ,, ,, ૨	૧=૭૫
૩.	,, ,, ,, ૩	૪=૦૦
૪.	**નિરુત્તમા**	૨=૦૦
૫.	**વિક્રમોર્વશી**—(અનુવાદ : મનનિકા સહિત)	૧=૭૦
૬.	**પ્રવેશકો, ગુચ્છ પહેલો**	૩=૫૦
૭.	,, ,, બીજો	૨=૪૦
૮.	**અંબડ વિદ્યાધર રાસ**	૩=૦૦
૯.	**મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ)	૩=૦૦
૧૦.	**આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ)	૩=૦૦
૧૧.	**નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ)	૨=૦૦
૧૨.	**પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી	૧=૫૦
૧૩.	**પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ**	૧૨=૦૦

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,

રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,

વડોદરા

શ્રી સયાજી સાહિત્યમાલા

		રૂ. ન.પૈ.
૧	**ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૨	**આપણું વિશ્વ**—શ્રી. છોટુલાઈ સુથાર	૬=૮૦
૩	**આપણી બનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ	૩=૦૦
૪	**ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક : સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર : શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક	૩=૦૦
૫	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૦=૦૦
૬	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે	૪=૨૫
૭	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૪=૦૦
૮	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ૨. કાપડિયા	૮=૫૦
૯	**માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ૨. શાહ	૮=૦૦
૧૦	**ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા	૨=૪૦
૧૧	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંજ્યા	૬=૦૦
૧૨	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા**	૭=૦૦
૧૩	**આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર	૭=૦૦
૧૪	**કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત	૫=૬૦
૧૫	**ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા	૧૨=૦૦
૧૬	**ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોમંડવાલા	૪=૫૦
૧૭	**મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—કરીમ મહંમદ માસ્તર	૧૩=૦૦
૧૮	**ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી	૧૦=૦૦
૧૯	**ગુજરાત : એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર	૧૨=૦૦
૨૦	**પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ૨. શાહ	૧૦=૦૦

પ્રાદેશિક ભાષામાં પાઠ્યપુસ્તકો

૧	**પુરાવસ્તુવિદ્યા**—ડૉ. રમણલાલ ના. મહેતા	૭=૫૦
૨	**પ્રમાણશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ	૭=૫૦
૩	**નીતિશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ	૭=૪૦
૪	**શિક્ષણના સિદ્ધાન્તો**—ડૉ. જગમોહનદાસ મોદી	૯=૫૦
૫	**આર્થિક આયોજન**—શ્રી રામુ પંડિત	૬=૦૦
૬	**વનસ્પતિશાસ્ત્ર**—ડૉ. આ. રા. ચવ્હાણ અને ડૉ. ચં. હી. પાઠક	૫=૦૦
૭	**અર્વાચીન ભારતીય કેળવણીનો વિકાસ**—ડૉ. ધનવંત દેસાઈ	૧૮=૦૦

પ્રાપ્તિસ્થાન :
યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,
વડોદરા



જૈન વિદ્યાદેવી પ્રજ્ઞપ્તિ

વિમલવસહી–આબુ

(ઈ. સ. બારમો સૈકો)

ફોટો કૉપીરાઈટ : ડૉ. ઉમાકાન્ત શાહ